સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 49 ■ વિક્રમ સંવત ૨૦૮૨
■ માર્ગશીર્ષ વદ -૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
રવિવાર, ૧૪ ડિસેમ્બર ૨૦૨૫, (૧૫ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩

મેસી આવ્યો મુસીબત લાવ્યો

# કોલકાતામાં નાક કપાયું



**મહાન ફૂટબોલર લિયોનેલ મેસીની એક ઝલક માટે હજારો રૂપિયા ખર્ચ્યા છતાં એ જોવા ન મળતાં સ્ટેડિયમમાં તોફાનોઃ કૉમનવેલ્થ ગેમ્સ યોજવાની તૈયારી કરી રહેલું ભારત લજવાયું**

કોલકાતાઃ ફૂટબૉલમાં વિશ્વ-વિજેતા આર્જેન્ટિનાની ટીમના સુકાની લિયોનેલ મેસીની ઝલક પણ અહીંના સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે જોવા નહિ મળતા પ્રેક્ષકોએ ભારે તોડફોડ કરી હતી અને આગ ચાંપવાનો પ્રયાસ પણ કર્યો હતો. આ ગેરવ્યવસ્થા માટે મુખ્ય આયોજક સતાદ્રુ દત્તાની પોલીસે અટક કરી હતી. અમુક પ્રસારમાધ્યમના અહેવાલ મુજબ આયોજકની ધરપકડ કરાઇ હતી. ફૂટબૉલનો આ સુપરસ્ટાર રવિવારે મુંબઈ આવવાનો છે. પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ગેરવ્યવસ્થા બદલ ફૂટબૉલ-પ્રેમીઓની માફી માગી હતી અને ઉચ્ચ સ્તરની તપાસ યોજવાનો આદેશ આપ્યો હતો. પશ્ચિમ બંગાળના સ્પોર્ટ્સ પ્રધાનની ધરપકડ કરવાની માગણી કરાઇ હતી.

આયોજકોએ પ્રેક્ષકોને ટિકિટની રકમનું રિફંડ આપવાની લેખિત બાંયધરી આપી હતી. અમદાવાદમાં કૉમનવેલ્થ ગેમ્સ યોજવાની તૈયારી કરી રહેલા ભારત માટે કોલકાતામાં મમતા બેનરજીના રાજમાં બનેલી આ ઘટનાથી નીચાજોણું થયું છે.

મેસી સ્ટેડિયમમાં માત્ર ૨૨ મિનિટ માટે આવ્યો (જુઓ પાનું ૨) ▸▸

- મમતા બેનરજી પણ પહોંચી ન શક્યા
- એસઆરકેએ જવાનું ટાળ્યું
- મુખ્ય આયોજકની ધરપકડ
- ફૂટબૉલર આજે મુંબઈમાં આવશે
- મમતાએ માફી માગી, તપાસનો આદેશ
- ટિકિટની રકમ રિફંડ અપાશે

**૨૨** આટલી મિનિટ જ મેસી સ્ટેડિયમમાં રોકાયો

**૧૨-૨૦** આટલા હજાર રૂપિયા ખર્ચીને લોકોએ ટિકિટ લીધી હતી

**૫૦** આટલા હજાર ચાહકો સ્ટેડિયમમાં ભેગા થયા હતા





**વ્યવસ્થા કે અવ્યવસ્થા?:** કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના ફૂટબૉલ ખેલાડી લિયોનેલ મેસી આવ્યો ખરો પણ ચાહકોન તેની ઝલક જોવા ન મળતા તેમણે તોડફોડ કરી હતી. (એજન્સી)



## આ શું ચાલી રહ્યું છે?: મેસી

કોલકાતાઃ અહીંના સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે ૩૮ વર્ષીય લિયોનેલ મેસીના ચાહકો તેને જોવા ઉત્સુક હતા ત્યારે ફૂટબૉલના આ સુપરસ્ટારે ગેરવ્યવસ્થા અંગે આયોજકો સામે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે આ શું ચાલી રહ્યું છે? હું જ્યારથી સ્ટેડિયમમાં આવ્યો છું ત્યારથી મને આમથી તેમ ચલાવાય જ છે. ભારત વતી આંતરરાષ્ટ્રીય સ્તરે ફૂટબૉલ રમનારા અને ડાયમંડ હાર્બર ઑલ સ્ટાર્સ ટીમના ખેલાડી લાલકમલ ભૌમિકે જણાવ્યું હતું કે મેસી સ્ટેડિયમમાં આવ્યો ત્યારે ખુશ હતો, પરંતુ ગેરવ્યવસ્થા જોઇને ગુસ્સે થયો હતો.

ભારતના અન્ય આંતરરાષ્ટ્રીય ખેલાડી દીપેન્દુ વિશ્વાસે જણાવ્યું હતું કે મેં મેસી અને તેની સાથે આવેલા અગ્રણી ખેલાડીઓને ખુલ્લી જીપમાં બેસાડીને સ્ટેડિયમમાં ફેરવવાનું સૂચન કર્યું હતું, પરંતુ મારી સલાહ કોઇએ માની નહોતી.

તેણે જણાવ્યું હતું કે આયોજકોએ સમજવું જોઇતું હતું કે (જુઓ પાનું ૨) ▸▸

## ‘અમને ઠગવામાં આવ્યા’

કોલકાતાઃ કોલકાતાનું સોલ્ટ લેક સ્ટેડિયમ શનિવારના રોજ ભવ્ય ઉજવણીનું સાક્ષી બનવાનું હતું, પરંતુ લિયોનેલ મેસ્સીના આગમન બાદ તેના ચાહકોના અવાજમાં ઉત્સાહના બદલે તેમની સાથે ઠગાઇ હોવાની પીડા જોવા મળી હતી.

ફૂટબોલ આઇકનનો સ્ટેડિયમ લેપ ટૂંકો કરવામાં આવ્યો અને સુરક્ષા કડક બનાવવામાં આવી એ સાથે સ્ટેન્ડ અને સોશ્યલ મીડિયા પર રોષે ભરાયેલા ચાહકોએ ગુસ્સો ઠાલવ્યો હતો. આયોજકો પર લાલઘૂમ ચાહકોએ જણાવ્યું કે અમે પૈસા ચૂકવ્યા, અમે મેસીને જોયો પણ નહીં.

સમાચાર એજન્સીઓ દ્વારા જારી (જુઓ પાનું ૨) ▸▸

## ‘મુંબઈ સમાચાર’ની ડિજિટલ ક્રાંતિ

### મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં નવી યુ-ટ્યૂબ ચેનલ લૉન્ચ કરશે




૧૯મી જાન્યુઆરીએ મલ્ટી-લેંગ્વેજ ચેનલ અને એપ્લિકેશનનું લોન્ચિંગ

મુંબઈઃ બે સદીથી પણ વધુ સમય સુધી પ્રિન્ટ ક્ષેત્રમાં ઝળહળતી સફળતા મેળવનાર ‘મુંબઈ સમાચાર’એ ગુજરાતી વેબસાઈટ અને યુ-ટ્યૂબમાં સુદ્ધાં નોંધપાત્ર ખેડાણ કર્યું છે. આ લોકલાડીલું મીડિયા હાઉસ હવે મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં નવી યુ-ટ્યૂબ ચેનલ લોન્ચ કરીને ડિજિટલ પ્લેટફોર્મ પર નવી ક્રાંતિ લાવવાની તૈયારીમાં છે.

ગુજરાતી વેબસાઈટ અને યુ-ટ્યૂબ ચેનલની સફળતા બાદ તંત્રી નીલેશ દવેના નેતૃત્વ હેઠળ ‘મુંબઈ સમાચાર’ નવી યુવા ટીમના સથવારે હવે મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાં નવી યુ-ટ્યૂબ ચેનલ ૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના લોન્ચ કરશે. આ ચેનલ પર રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ, સ્પોર્ટ્સ, ફિલ્મી દુનિયા અને વેપાર-વાણિજ્ય ક્ષેત્રના નિષ્ણાતોના અનુભવોને રસપ્રદ અંદાજમાં રજૂ કરવામાં આવશે.

મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાને મહત્ત્વ આપીને ‘મુંબઈ સમાચાર’ મરાઠી ભાષામાં યુ-ટ્યૂબ ચેનલ લોન્ચ કરશે. રાષ્ટ્રભાષા હિન્દી અને અંગ્રેજી માટે એક નવું પ્લેટફોર્મ ઊભું કરીને ‘મુંબઈ સમાચાર’ ડિજિટલ ક્ષેત્રે ક્રાંતિ લાવશે.

૧૯મી જાન્યુઆરી, ૨૦૨૬ના ‘મુંબઈ સમાચાર’ની એપ્લિકેશન લોન્ચ કરવામાં આવશે. આ પહેલનો હેતુ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, સ્પોર્ટ્સ, ફિલ્મ અને વેપાર-વાણિજ્યના સમાચારને એઆઈ અને ફેક ન્યૂઝના યુગમાં પણ વિશ્વસનીયતા સાથે રજૂ કરવાનો છે. ■

## કેરળમાં કમળ ખીલ્યું

### ભાજપનો તિરુવનંતપુરમ નગરપાલિકામાં ભવ્ય વિજય, દક્ષિણના રાજ્યની અનેક મ્યુનિસિપાલિટી, પંચાયતોમાં ભગવો લહેરાયો

તિરુવનંતપુરમઃ કેરળના પાટનગરની નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપે ૧૦૧ વૉર્ડમાંથી પચાસ વૉર્ડ જીતી લેતા તિરુવનંતપુરમની કોર્પોરેશન પરના ડાબેરીઓના ૪૫ વર્ષ જૂના શાસનનો અંત આવ્યો છે. દક્ષિણના આ રાજ્યની અનેક મ્યુનિસિપાલિટી, ગ્રામ પંચાયતો અને બ્લૉક પંચાયતો પર ભગવો લહેરાયો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તિરુવનંતપુરમ નગરપાલિકાની અને કેરળની અન્ય મ્યુનિસિપાલિટી તેમ જ ગ્રામ અને બ્લૉક પંચાયતોની ચૂંટણીમાં ભાજપના ભવ્ય વિજય બદલ પક્ષના કાર્યકરોને અભિનંદન આપ્યા હતા અને એક મોટી સિદ્ધિ ગણાવી હતી. તેમણે કેરળના મતદારોનો આભાર પણ માન્યો હતો.

કેરળ વિધાનસભાની ૨૦૨૬માં યોજાનારી ચૂંટણી ઉપર તિરુવનંતપુરમ નગરપાલિકા અને અન્ય મ્યુનિસિપાલિટી તેમ જ પંચાયતોની ચૂંટણીની અસર થવાની અને ભાજપ દક્ષિણ ભારતમાં પગપેસારો કરવામાં સફળ થવાની આશા રખાય છે.

તિરુવનંતપુરમ નગરપાલિકાની ચૂંટણીમાં અપક્ષના બે ઉમેદવાર પણ જીત્યા છે. આમ છતાં, ભાજપને નિર્ણાયક બહુમતી માટે એક બેઠક ઓછી મળી છે.

તિરુવનંતપુરમ નગરપાલિકાના ૧૦૧ વૉર્ડમાંથી (જુઓ પાનું ૨) ▸▸

**થૅન્ક યુ, તિરુવનંતનપુરમ! તિરુવનંતપુરમમાં ભાજપ-એનડીએને મળેલો જનાદેશ કેરળના રાજકારણમાં નિર્ણાયક ક્ષણ છે.**

**- વડા પ્રધાન નરેન્દ્ર મોદી**

## ડાબેરીઓનાં સૂપડાં સાફ

તિરુવનંતપુરમઃ આગામી ૨૦૨૬ વિધાનસભા ચૂંટણી પહેલાં ઉત્સાહ વધારે એવા દેખાવમાં કેરળની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીમાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)નું વર્ચસ રહ્યું હતું. કૉંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફએ કેરળના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં નિર્ણાયક વિજય મેળવ્યો હતો. શાસક પક્ષ લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ)બીજા સ્થાને રહ્યો હતો. ભાજપે દાયકાઓથી ડાબેરીના હાથમાં રહેલી તિરુવનંતપુરમની પાલિકામાં વિજય મેળવ્યો હતો. શનિવારે (જુઓ પાનું ૨) ▸▸

હાથે કર્યાં, હૈયે વાગશે

## એચ-વનબી વિઝાની ફીના મામલે ૧૯ રાજ્યનો ટ્રમ્પ-તંત્ર સામે કેસ

ન્યૂ યોર્ક/ વૉશિંગ્ટન :અમેરિકન ૧૯ રાજ્યે એચ-વનબી વિઝા માટે એક લાખ ડૉલરની ‘ગેરકાયદે’ ફી લાદવા બદલ ટ્રમ્પ વહીવટીતંત્ર સામે કેસ કર્યો છે. આ રાજ્યોએ ચેતવણી આપી છે કે આ ફીને લીધે આરોગ્ય, શિક્ષણ અને ટેક્નોલોજી જેવાં ચાવીરૂપ ક્ષેત્રોમાં કામદારોની અછત વકરી જશે. ન્યૂ યોર્ક એટર્ની જનરલ લેતિતિયા જેમ્સ અને બીજા ૧૮ રાજ્યના એટર્ની જનરલે મેસાચ્યુસેટ્સ જિલ્લા અદાલતમાં કેસ માંડ્યો છે. આ રાજ્યોનું કહેવું છે કે કાનૂની સત્તા કે યોગ્ય પ્રોસિજર વિના એચ-વનબીની ફીમાં જંગી વધારો કરવામાં આવ્યો છે.

રાજ્યોના સમૂહે દલીલ કરી હતી કે નવી ફીનો પ્રોગ્રામ સરકાર અને બિન નફાકારક માલિકો માટે પહોંચ બહારનો હશે . આ સરકાર (જુઓ પાનું ૨) ▸▸

## ‘ભારત પરના ટૅરિફ હટાવો’

### અમેરિકાના ત્રણ વગદાર સાંસદોએ કૉંગ્રેસમાં ઠરાવ રજૂ કર્યો

ન્યૂ યોર્ક /વૉશિંગ્ટન : અમેરિકાના ત્રણ વગદાર સંસદસભ્યોએ કૉંગ્રેસમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના વહીટીતંત્રે લાદેલા ટૅરિફનો અંત આવે એવો ઠરાવ રજૂ કર્યો છે. આ સંસદસભ્યોએ કહ્યું છે કે આ દિલ્હી તરફની ‘ બેજવાબદાર ટૅરિફ વ્યૂહરચના’ છે અને બિનઉત્પાદક છે જે મહત્ત્વની ભાગીદારીને નબળી બનાવે છે. આ ત્રણ સાંસદો નોર્થ કેરોલિનાના ડેબ્રા રોસ, ટેક્સાસના માર્ક વેસે અને ઈલિનોઈના રાજા કૃષ્ણમૂર્તિ છે. આ ત્રણેય (જુઓ પાનું ૨) ▸▸

## નક્સલવાદ ઝેરી સાપ, એનાથી કોઈને ફાયદો નહીંઃ અમિત શાહ

રાયપુરઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે કહ્યું કે નક્સલવાદ કોઈને ફાયદો નથી આપતો - ન તો હથિયાર ઉપાડનારાઓને કે ન તો સુરક્ષા કર્મચારીઓને, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ફક્ત શાંતિ જ વિકાસનો માર્ગ મોકળો કરી શકે છે.

નરેન્દ્ર મોદી સરકારના ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં નક્સલવાદનો અંત લાવવાના સંકલ્પને પુનરાવર્તિત કરતા, તેમણે કહ્યું કે કેન્દ્રએ છત્તીસગઢના બસ્તર વિભાગને, જેમાં સાત જિલ્લાનો સમાવેશ થાય છે, આગામી પાંચ વર્ષમાં દેશનો સૌથી વિકસિત આદિવાસી પ્રદેશ બનાવવાનો નિર્ણય લીધો છે.

રાજ્યના બસ્તર જિલ્લાના મુખ્ય મથક, જગદલપુરના ઇન્દિરા પ્રિયદર્શિની સ્ટેડિયમ ખાતે બસ્તર ઓલિમ્પિક ૨૦૨૫ (જુઓ પાનું ૨) ▸▸

## શિવકુમાર છઠ્ઠી જાન્યુઆરીએ કર્ણાટકના સીએમ બનશે?

બેંગ્લૂરુ : કોંગ્રેસના ધારાસભ્ય એચ. એ. ઇકબાલ હુસૈને શનિવારે દાવો કર્યો હતો કે નાયબ મુખ્ય પ્રધાન ડી. કે. શિવકુમાર ૬ જાન્યુઆરીએ કર્ણાટકના મુખ્ય પ્રધાન બનશે, જે હાલના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયાનું સ્થાન લેશે.પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે ૯૯ ટકા શક્યતા છે કે તેઓ છઠ્ઠી જાન્યુઆરીએ મુખ્ય પ્રધાન બનશે.

તારીખના મહત્ત્વ વિશે પૂછવામાં આવતા, હુસૈને કહ્યું કે, મને ખબર નથી. આ ફક્ત એક રેન્ડમ નંબર છે. બધા આ કહી રહ્યા છે. તે કાં તો છ જાન્યુઆરી હોઈ શકે છે કે આઠમી આ બે તારીખ છે. હુસૈન ખુલેઆમ શિવકુમારને મુખ્ય પ્રધાન બનાવવાની માગ કરી રહ્યા છે અને એક દિવસ પહેલા પણ જાહેરમાં પોતાની આ ઇચ્છા વ્યક્ત કરી હતી. દરમિયાન, કેન્દ્રીય રેલવે રાજ્ય પ્રધાન અને ભાજપના સાંસદ વી. સોમન્નાએ કહ્યું હતું કે તેઓ મુખ્ય પ્રધાનપદ માટે કર્ણાટકના ગૃહ પ્રધાન જી. પરમેશ્વરને સમર્થન આપી રહ્યા છે.

રાજ્યમાં મુખ્ય પ્રધાનપદ અંગે તેમની વચ્ચે ચાલી રહેલા ઝઘડા વચ્ચે સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન શિવકુમાર ૧૪ ડિસેમ્બરે દિલ્હીમાં કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવાના છે.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા
### તા. ૧૪-૧૨-૨૦૨૫ થી તા. ૨૦-૧૨-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ તા. ૧૬મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે. મંગળ ધનુ રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. બુધ વૃશ્ચિક રાશિમાં શીઘ્ર ગતિએ માર્ગીભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. શુક્ર માસાન્તે તા. ૨૦મીએ વૃશ્ચિકમાંથી ધનુ રાશિમાં પ્રવેશે છે. શનિ મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. તા. ૧૪મીએ ચંદ્ર તુલા રાશિમાં, તા. ૧૭મીએ વૃશ્ચિકમાં, તા. ૧૯મીએ ધનુ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં વેપારના કામકાજ અનુકૂળ બની રહેશે. નોકરીના સ્થળની બદલી શક્ય છે. તા. ૧૪, ૧૫, ૨૦ કાર્યક્ષેત્રે સફળતા દર્શાવે છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નબળા સ્વાસ્થ્યમાં સુધારો થશે. નાણાંની આવક જળવાઈ રહેશે. ખર્ચ પણ અધિક જણાય છે. મહિલાઓને સંતાનના શૈક્ષણિક જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. તા. ૧૫, ૧૭મીએ વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિમાં સફળતા જણાશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૧૮ શુભ જણાય છે. મિલકતના, વાહનના નિર્ણયો લઈ શકશો. પરિવારમાં પરસ્પર સંપ એક વાક્યતા જણાશે. પરિવાર માટે મહિલાઓને અપેક્ષિત ચીજવસ્તુઓની ખરીદી માટે સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં સ્વતંત્રપણે નિર્ણયો લેવા માટે અનુકૂળતા જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે આ સપ્તાહમાં ધાર્યા મુજબનું લે-વેચનું કામકાજ સફળ જણાય છે. નોકરીમાં તા. ૧૬, ૧૮ શુભ પુરવાર થશે. નોકરીના સહકાર્યકરોમાં યશ મેળવશો. ભાઈ-બહેનો સાથેના આર્થિક વ્યવહાર, મતભેદોનો ઉકેલ ઈત્યાદિ સફળ બની રહેશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. મહિલાઓ મદદનીશ નોકર પ્રાપ્ત કરશે. પતિનો સહયોગ કાર્યક્ષેત્રે મેળવશો. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા શૈક્ષણિક કામકાજના પ્રારંભ માટે સફળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજમાં સફળતા જણાશે. નોકરીના કામકાજ માટેનો પ્રવાસ સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૪, ૧૯, ૨૦ શુભ પુરવાર થશે. કારોબાર માટે, વેપાર માટે મિત્રો સલાહકારો ઈત્યાદિ મેળવશો. મહિલાઓને પરિવારની પ્રાસંગિક પ્રવૃત્તિમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે પ્રોત્સાહન, માર્ગદર્શનમાં મદદ પ્રાપ્ત થતી જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજાર માટે આ સપ્તાહના ગોચરફળ શુભ જણાય છે. તા. ૧૪, ૧૫, ૧૬ નોકરી માટે યશસ્વી પુરવાર થશે. વ્યક્તિગત મૂંઝવણો દૂર થવાથી નોકરીમાં ઉત્સાહ, આત્મવિશ્વાસ અનુભવશો. મિલકતનો નિર્ણય લઈ શકશો. વેપારની નાણાંની આવકની વૃદ્ધિ થશે. કુટુંબમાં યશ, એક વાક્યતા, સંપનો અનુભવ મહિલાઓને પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ પરીક્ષાના સફળ પરિણામો અનુભવશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને લે-વેંચના વેપાર સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૧૯ શુભ જણાય છે. નોકરીમાં છુપા હરીફોની ઓળખ થશે. જવાબદારીઓ, ફરજો પરત્વે આંખ આડા કાન કરવા નહીં. નાણાંની આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળતાનો અનુભવ થશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું આ સપ્તાહનું કામકાજ લાભદાયી પુરવાર થશે. તા. ૧૭, ૧૯, ૨૦ નોકરીક્ષેત્રે શુભ જણાય છે. નોકરીમાં નવા કામકાજ, જવાબદારી સંભાળવાની તક મેળવશો. કારોબારની નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કુટુંબીજનોનો સુખદ અનુભવ થશે. ભાઈ-બહેનો સાથેનો મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનના વિષયો માટે યોગ્ય અપેક્ષિત સાધનો, સવલતો પ્રાપ્ત થતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં સતર્કતા દાખવવી જરૂરી છે. વ્યાપારમાં સટ્ટો ટાળવો જરૂરી છે. નોકરી માટે તા. ૧૮, ૨૦ શુભ જણાય છે. રાજકારણ, સામાજિક પ્રવૃત્તિઓ કુટુંબ, રાષ્ટ્રની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ જાતકોને શુભ ગોચરની અનુભૂતિ થશે. મિલકતના નિર્ણયોમાં સાવધાની દાખવવી જરૂરી છે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે-વેચના દૈનિક સાપ્તાહિક વેપારના અને રોકાણના નિર્ણયોમા સ્વતંત્રપણે નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૬ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો તા. ૧૬, ૧૭, ૧૮મીએ શુભ પુરવાર થશે. નાણાં આવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનના જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ કરી શકશે.

મકર (ખ, જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લેવડદેવડના નિર્ણયો સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૪, ૧૫, ૧૮, ૧૯ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીના નાણાંની વસૂલી શક્ય છે. મિલકત વાહન ખરીદશો. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ પૂર્ણ થઈ શકશે. મહિલાઓને પરિવારજનો માટેની કિંમતી ચીજોની ખરીદી તથા પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓ ઉચ્ચ પરીક્ષાના સફળ પરિણામો અનુભવશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરી માટે તા. ૧૮, ૧૯ શુભ જણાય છે. નોકરીના હસ્તગત કામોમાં ફેરબદલી જણાય છે. ભાઈ-બહેનો સાથેના બગડેલા સંબંધો સુધરશે. ભાગીદારની મદદ મેળવશો. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ શાળા કોલેજના અભ્યાસમાં નિયમિતતા અને પ્રગતિ જાળવી શકશો.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણના નિર્ણયો સ્વપ્રયત્ને, સ્વતંત્રપણે સફળ પુરવાર થશે. નોકરીમાં યશ મેળવશો. નોકરી માટે તા. ૧૮, ૨૦ શુભ જણાય છે. પ્રવાસ માટે આ સપ્તાહ શુભ પુરવાર થશે. કામકાજ માટે મદદનીશ નોકર મેળવશો. નાણાં વ્યવહાર સફળ પુરવાર થશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજના પ્રારંભમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબીજનો ઉપયોગી થશે.

## આજનું પંચાંગ
### દક્ષિણાયન - સૌર હેમંતઋતુ, રવિવાર, તા. ૧૪-૧૨-૨૦૨૫, ભદ્રા સમાપ્તિ

ભારતીય દિનાંક ૨૩, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ વદ-૧૦
જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૧૦
પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૯મો આદર, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
મીસરી રોજ ૨૪મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૮-૧૭ સુધી, પછી ચિત્રા
ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૧-૪૧ સુધી, પછી તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૪, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૧, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૫, સ્ટા. ટા.
મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ
ભરતીઃ સવારે ક. ૦૭-૧૮, રાત્રે ક. ૨૧-૦૫
ઓટઃ બપોરે ક. ૧૪-૧૭, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૪૦ (તા. ૧૫)
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - દસમી. ભદ્રા સમાપ્તિ ક. ૧૮-૪૯.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, ચંદ્ર-મંગળ ગ્રહદેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, પરદેશનું પસ્તાનું, નવા વસ્રો, વાસણ, આભૂષણ, મહેંદી લગાવવી, નૌકા બાંધવી, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, બાળકનું નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, પશુ લે-વેંચ.
આચમનઃ મંગળ-નેપ્ચૂન ચતુષ્કોણ ચાલબાજીવાળા, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ પૈસાનો વેડફાટ.
ખગોળ જ્યોતિષઃ મંગળ-નેપ્ચૂન ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ ચતુષ્કોણ,
ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-ધનુ, માર્ગી બુધ-વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-વૃશ્ચિક શુક્ર અસ્ત માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની
### તા. ૧૪-૧૨-૨૦૨૫ થી તા. ૨૦-૧૨-૨૦૨૫

રવિવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૧૦, વિ. સં. ૨૦૮૨, તા. ૧૪મી ડિસેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર હસ્ત સવારે ક. ૦૮-૧૭ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં રાત્રે ક. ૨૧-૪૧ સુધી, પછી તુલા રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ ક. ૧૮-૪૯.શુભ દિવસ.

સોમવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૧૧, તા. ૧૫મી ડિસેમ્બર. નક્ષત્ર ચિત્રા સવારે ક. ૧૧-૦૮ સુધી, પછી સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. ભદ્રા સમાપ્તિ ક. ૧૮-૫૦. સફલા એકાદશી (તલ), સૂર્ય મૂળ અને ધનુમાં ક. ૨૮-૧૮(તા.૧૬મી), ધનારકના કમુહૂર્તા પ્રારંભ ક. ૨૮-૧૮.સામાન્ય દિવસ.

મંગળવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૧૨, તા. ૧૬મી, નક્ષત્ર સ્વાતિ બપોરે ક. ૧૪-૦૯ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. અન્નપૂર્ણા વ્રત સમાપ્તિ, (સંક્રાંતિ પુણ્યકાળ ક. ૧૨-૩૩ પછી શુભ).

બુધવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૧૩, તા. ૧૭મી, નક્ષત્ર વિશાખા સાંજે ક. ૧૭-૧૦ સુધી, પછી અનુરાધા. ચંદ્ર તુલામાં સવારે ક. ૧૦-૨૫ સુધી, પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, વિંછુડો પ્રારંભ સવારે ક. ૧૦-૨૭, ભદ્રા પ્રારંભ ક. ૨૬-૩૨(તા.૧૮મી). સામાન્ય દિવસ.

ગુરુવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૧૪, તા. ૧૮મી, નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૦-૦૬ સુધી, પછી જયેષ્ઠા. ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. શિવરાત્રિ, વિંછુડો, ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૪૬.શુભ કાર્યો વર્જ્ય છે.

શુક્રવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૩૦, તા. ૧૯મી, નક્ષત્ર જયેષ્ઠા રાત્રે ક. ૨૨-૫૦ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં રાત્રે ક. ૨૨-૫૦ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. વૃદ્ધિ તિથિ, દર્શઅમાસ, અન્વાધાન, વિંછુડો સમાપ્તિ ક. ૨૨-૫૦. શુભ કાર્યો વર્જ્ય છે.

શનિવાર, માર્ગશીર્ષ કૃષ્ણ-૩૦, તા. ૨૦મી, નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૫-૨૧ સુધી (તા.૨૧), પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. અમાવસ્યા. ઈષ્ટિ, પાવાગઢ યાત્રા, કાલબાદેવી યાત્રા (મુંબઈ), શુક્ર ધનુમાં ક. ૦૭-૪૬. શુભ કાર્યો વર્જ્ય છે.

# વિદેશી ખતરાનો સામનો કરવા પાકિસ્તાન સજ્જઃ મુનીર

ઈસ્લામાબાદ : સંરક્ષણ દળોના અને આર્મી સ્ટાફના વડા ફીલ્ડ માર્શલ અસિમ મુનીરે શનિવારે કહ્યું હતું કે મારા દળો વિદેશી અને આંતરરાષ્ટ્રીય તત્ત્વોની ધમકીનો સામનો કરવા સજ્જ છે. મુનિરે ગુજરાનવાલા અને સિયાલકોટ ગેરિસનની મુલાકાત લીધી હતી. લશ્કરે એક નિવેદનમાં કહ્યું હતું કે મુનીરને ફોર્મેસનની ઑપરેશનની તૈયારી અને પ્રતિકાર કરવાની પહેલ વિશે જાણકારી અપાઈ હતી. મુનીરે ભારપૂર્વક જણાવ્યું હતું કે પાકિસ્તાનનું લશ્કર દેશની રાષ્ટ્રીય સ્થિરતાને તોડવા માગતા દુશ્મનની હાઈ બ્રિડ ઝુંબેશ, આતંકવાદી વિચારસરણી જેવી આંતરિક અને બાહ્ય પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

ભારતે સાત મેએ ઑપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતું અને પાકિસ્તાન અને પાકિસ્તાનના તાબા હેઠળના કાશ્મીરના આંતકવાદી માળખાને લક્ષ્ય બનાવ્યું હતું. આ ઑપરેશન ૨૬ નાગરિકની હત્યા કરનારા પહલગામ હુમલાના બદલા તરીકે કરવામાં આવ્યું હતું. (એજન્સી)

# આત્મનિર્ભરતા પર નિર્ભર હશે ભારતની ભાવિ લડાઇઃ જનરલ ચૌહાણ

હૈદરાબાદઃ દેશની ભાવિ લડાઇ શક્તિ અખંડતા, આત્મનિર્ભરતા અને નવીનતા એમ ત્રણ સ્તંભો દ્વારા સંચાલિત થશે, એમ જનરલ અનિલ ચૌહાણ શનિવારે જણાવ્યું હતું.

ડુંડીગલમાં એરફોર્સ એકેડેમીમાં કમ્બાઇન્ડ ગ્રેજ્યુએશન પરેડ(સીજીપી)ની સમીક્ષા કરનારા જનરલ ચૌહાણે કોઇપણ દેશનો ઉલ્લેખ કર્યા વિના કહ્યું કે આપણી આસપાસ ઘણીવાર આવી ઘટનાઓ જોવા મળે છે જે સંસ્થાકીય નબળાઇ અને રિએક્ટિવ એડજસ્ટમેન્ટ દર્શાવે છે.

તેમણે જણાવ્યું કે યુદ્ધ માત્ર વાક્છટાથી નહીં, પરંતુ ઇરાદાપૂર્વક કરેલા કામથી જીતવામાં આવે છે. આપણી આસપાસ આપણે ઘણીવાર એવી ઘટનાઓ જોઇએ છીએ જે સંસ્થાકીય નબળાઇઓ અને રિએક્ટિવ એડજસ્ટમેન્ટનો સંકેત આપે છે. તેનાથી વિપરીત, ભારતની તાકાત મજબૂત સંસ્થાઓ, લોકશાહી સ્થિરતા અને આપણા સશસ્ત્ર દળોની અતૂટ વ્યાવસાયિકતા પર ટકેલી છે. ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ(સીડીએસ)એ નવા કમિશન્ડ અધિકારીઓને જણાવ્યું કે તેઓ સશસ્ત્ર દળોમાં મોટા પરિવર્તનના સમયે ભારતીય વાયુસેનામાં જોડાઇ રહ્યા છે. તેમણે કહ્યું કે સંરક્ષણમાં સંકલિત માળખું, સંયુક્ત કામગીરી અને 'આત્મનિર્ભરતા'ના રાષ્ટ્રીય પ્રયાસો ભારતની લશ્કરી તાકાતનું ભવિષ્ય નક્કી કરી રહ્યા છે. નવા કમિશન્ડ અધિકારીઓની આગળની સફર જેએઆઇ, એટલે કે જય હિંદના પહેલા શબ્દથી માર્ગદર્શિત થશે, એમ તેમણે જણાવ્યું હતું.

# વેનેઝુએલા પર જમીન માર્ગે હુમલાની ટ્રમ્પની જાહેરાત

વૉશિંગ્ટન : વિશ્વમાં આઠ યુદ્ધને સમાપ્ત કરાવ્યા હોવાનો દાવો કરનારા અમેરિકાન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ખુદ જ યુદ્ધમાં કૂદયા છે. છેલ્લા બે મહિનાથી અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વચ્ચે ટ્રમ્પે હવે વેનેઝુએલા પર હુમલો કરવાની જાહેરાત કરી છે. જોકે તેમણે કોઈ તારીખ સ્પષ્ટ કરી નથી. આ અંગે ટ્રમ્પે કહ્યું કે વેનેઝુએલામાં જમીની હુમલા શરૂ થઈ રહ્યા છે. તેમણે જાહેરાતમાં કહ્યું કે અમેરિકા વેનેઝુએલામાં સમુદ્રથી જમીન સુધી તેની લશ્કરી કાર્યવાહીનો વિસ્તાર કરી રહ્યું છે. ટ્રમ્પે કહ્યું અમે જળ માર્ગે આવતા ૯૬ ટકા ડ્રગ્સ અટકાવી દીધા છે. તેમજ દરેક બોટને ઉડાવી દેવામાં આવે છે. હવે અમે જમીન પર કાર્યવાહી શરૂ કરવા જઈ રહ્યા છીએ.

અમેરિકામાં કરવામાં આવતી ડ્રગ્સની દાણચોરીને રોકવા અમેરિકાએ સપ્ટેમ્બર માસથી કેરેબિયન સમુદ્રમાં કથિત વેનેઝુએલાની ડ્રગ્સની બોટ પર ૨૦ થી વધુ હુમલા કર્યા છે. જેમાં ઓછામાં ઓછા ૮૭ લોકો માર્યા ગયા છે. આ અઠવાડિયાની શરૂઆતમાં ખાસ દળોએ વેનેઝુએલાના દરિયાકાંઠે એક ઑઇલનું મોટું ટેન્કર કબજે કર્યું હતું. તેમજ ડોનલ્ડ ટ્રમ્પ છેલ્લા કેટલાક અઠવાડિયાથી આ વાતનો સંકેત આપી રહ્યા છે. તેમજ કહી રહ્યા છે કે માદુરો ખૂબ ઓછા દિવસ માટે છે અને અમે જાણીએ છીએ કે ખરાબ લોકો ક્યાં રહે છે. જોકે, વાઇટ હાઉસે હજુ સુધી ટ્રમ્પના નિવેદનની પુષ્ટિ કરતી ઔપચારિક પ્રેસ રિલીઝ જાહેર નથી કરી. ત્યારે ટ્રમ્પના નિવેદનને ઘણા વિશ્વસનીય સ્રોતો દ્વારા ટાંકવામાં આવ્યું છે. આ ડ્રગ્સની દાણચોરી વિરુદ્ધ અમેરિકાના ચાલી રહેલા કડક પગલાંનો એક ભાગ છે.

# ઈન્ડિગોના વિમાનની ટેઇલ લૅન્ડિંગ વખતે જમીન સાથે અથડાઇઃ ૭૦ મુસાફરોનો આબાદ બચાવ

રાંચી : ઝારખંડની રાજધાની રાંચીમાં એક મોટી વિમાની દુર્ઘટના ટળી હોવાના સમાચાર સામે આવ્યા છે. શુક્રવારે સાંજે જ્યારે ભુવનેશ્વરથી આવેલી ઇન્ડિગોની ફ્લાઇટ બિરસા મુંડા એરપોર્ટ પર ઉતરાણ કરી રહી હતી, ત્યારે અચાનક વિમાનનો પાછળનો ભાગ રનવે સાથે અથડાયો હતો. આ ઘટનાને કારણે વિમાનમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો, જોકે સદ્‌નસીબે તમામ મુસાફરો સુરક્ષિત હોવાનું જાણવા મળ્યું છે.

રિપોર્ટ અનુસાર, આ ઘટના શુક્રવારે સાંજે અંદાજે ૭:૩૦ વાગ્યાની આસપાસ બની હતી. લૅન્ડિંગ દરમિયાન વિમાનની ટેઈલ રનવે સાથે અથડાતા જોરદાર ઝટકો અનુભવાયો હતો. વિમાનની અંદર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ ક્રૂ મેમ્બર્સે સમયસૂચકતાને કારણે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. એરપોર્ટ સૂત્રોએ જણાવ્યું કે, ટેલ સ્ટ્રાઇક બાદ તરત જ વિમાનની ટેકનિકલ તપાસ શરૂ કરી દેવામાં આવી હતી.

ટેકનિકલ તપાસમાં વિમાનમાં નુકસાન જોવા મળતા તેને ઉડાન માટે અયોગ્ય જાહેર કરવામાં આવ્યું છે. સુરક્ષાના કડક ધોરણોને ધ્યાનમાં રાખીને એરપોર્ટ પ્રશાસને વિમાનને તાત્કાલિક અસરથી ગ્રાઉન્ડ કરી દીધું છે. એરલાઇન્સના નિષ્ણાતોના મતે ટેઇલ સ્ટ્રાઇક એ ગંભીર બાબત છે અને તેની સંપૂર્ણ તપાસ વગર વિમાનને ફરીથી હવામાં ઉડાવવું જોખમી સાબિત થઈ શકે છે. આ અકસ્માતને કારણે રાંચીથી ભુવનેશ્વર જતી પરત ઉડાન રદ કરવી પડી હતી, જેનાથી ઘણા મુસાફરો અટવાયા હતા. એરપોર્ટ સત્તાવાળાઓ દ્વારા કેટલાક મુસાફરોને રોડ માર્ગે ભુવનેશ્વર મોકલવામાં આવ્યા હતા, જ્યારે અન્ય લોકોએ પોતાની ટિકિટ રીશેડ્યુલ કરાવી હતી. હાલમાં એરલાઇન્સ અને એરપોર્ટ ઓથોરિટી તપાસ કરી રહી છે કે આ ઘટના ખરાબ હવામાનને કારણે બની હતી કે કોઈ ટેકનિકલ ખામી કે પાઇલટની ભૂલને લીધે થઈ તેની તપાસ શરૂ છે.

## પહેલા પાનાનું ચાલુ

### કોલકાતામાં

હતો અને તેને આયોજકો, રાજકારણીઓ, પોલીસ વગેરેએ ઘેરી લીધો હોવાથી પ્રેક્ષકો તેની ઝલક પણ જોઇ નહોતા શક્યા.

સોલ્ટ લેક સ્ટેડિયમ ખાતે લિયોનેલ મેસીને જોવા માટે પ્રેક્ષકો રૂપિયા ૪,૦૦૦થી લઇને રૂપિયા ૧૨,૦૦૦ની ટિકિટ ખરીદી હતી, જ્યારે અમુક લોકોએ તો કાળાં બજારમાં ટિકિટના રૂપિયા ૨૦,૦૦૦ સુધી ચૂકવ્યા હતા.

સ્ટેડિયમમાં ૫૦,૦૦૦થી વધારે પ્રેક્ષકો આવ્યા હતા અને 'મેસી, મેસી'ના નારા લગાવતા હતા. મોહન બાગાન અને ડાયમંડ હાર્બર એફસીના ભૂતપૂર્વ ફૂટબૉલર્સ વચ્ચે ૩૫ મિનિટની એક્ઝિબિશન મૅચ યોજાઇ હતી. અનેક લોકો મેસીના માનમાં નંબર ૧૦ની જર્સી પહેરીની સ્ટેડિયમમાં આવ્યા હતા. સ્ટેડિયમના દરવાજા સવારે આઠ વાગ્યે જ ખોલી દેવાયા હતા, પરંતુ મેસી ૧૧.૩૦ વાગ્યે આવ્યો હતો. તેની સાથે બાર્સેલોના ટીમનો સાથી ખેલાડી લુઇસ સુઆરેઝ અને આર્જેન્ટિનાને વિશ્વ કપ જિતાડનારો રોડ્રિગ ડી પૉલ પણ હતો. તેઓના આગમનની સાથે રાજકારણીઓ, પોલીસ અધિકારીઓ, મહાનુભાવો અને તેઓના સહાયકોએ અગ્રણી ફૂટબૉલર્સને ઘેરી લેતા અનેક પ્રેક્ષકોને તેઓના ચહેરા પણ જોવા નહોતા મળ્યા. આવા સમયે જ સૌરવ ગાંગુલી આવ્યો હોવાની વાત ફેલાતા પ્રેક્ષકો તેની પણ ઝલક જોવા ઉત્સુક બન્યા હતા.

અભિનેતા શાહરુખ ખાન સ્ટેડિયમની બહાર નજીકમાં આવેલી વિવેકાનંદની પ્રતિમા ખાતે રાહ જોતો હતો, પરંતુ તેણે સ્ટેડિયમમાં જવાનું ટાળ્યું હતું.

મુખ્ય પ્રધાન મમતા બેનરજી પોતાના નિવાસસ્થાનેથી સ્ટેડિયમમાં જવા નીકળ્યાં હતાં, પરંતુ તેમણે પણ પાછા ફરવું પડ્યું હતું.

મેસી સ્ટેડિયમ ખાતે એક કલાક રોકાવાનો હતો, પરંતુ ભારે ધાંધલધમાલ અને અવ્યવસ્થા ઊભી થતાં તે માત્ર ૨૨ મિનિટમાં જ નીકળી ગયો હતો.

ગુસ્સે થયેલા પ્રેક્ષકો મેદાન પર બાટલીઓ અને સ્ટેડિયમમાં પ્રતિબંધિત ચીજો ફેંકવા લાગ્યા હતા, ફાઇબરગ્લાસની અનેક સીટ ઊખેડી કાઢી હતી અને પિચ તેમ જ સિન્થેટિક ટ્રેક પર ફેંકી હતી. મેસી અને મુખ્ય પ્રધાન મમતા બેનરજી જ્યાં બેસવાના હતા ત્યાં ઊભી કરાયેલી બે છત સળગાવવાનો પ્રયાસ કરાયો હતો. દરવાજા, ખેલાડીઓ માટેની ટનલ રૂફ ખાતે તોડફોડ કરાઇ હતી અને પોસ્ટર્સ ફાડવામાં આવ્યા હતા.

ગેરવ્યવસ્થાની તપાસ માટે રચાયેલી સમિતિમાં કલકત્તા વડી અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ અસિમકુમાર રાય, મુખ્ય સચિવ અને ગૃહ મંત્રાલયના એડિશનલ ચીફ સેક્રેટરીનો સમાવેશ થાય છે.

એક દર્શકે જણાવ્યું હતું કે અમે અહીં ઠંડાં પીણાંની એક બાટલીના રૂપિયા ૧૫૦થી રૂપિયા ૨૦૦, પાણીની બાટલીના રૂપિયા ૨૦૦ પણ ચૂકવ્યા હતા, પરંતુ મેસીની ઝલક પણ જોવા નહોતી મળી. (એજન્સી)

### મેસીના નામે મમતાની લૂંટમારઃ ભાજપ

નવી દિલ્હીઃ કોલકાતાના સોલ્ટ લેક સ્ટેડિયમમાં આર્જેન્ટિનાના ફૂટબોલ સ્ટાર લિયોનેલ મેસીના દેખાવ દરમિયાન થયેલી અંધાધૂંધી પર ભાજપે શનિવારે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા હતા, જેમાં વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીએ રાજ્ય સરકાર પર ઘોર ગેરવહીવટનો આરોપ લગાવ્યો હતો અને બેનરજીના રાજીનામા સહિત ત્રણ માગણીઓ કરી હતી.

વિવેકાનંદ યુવા ભારતી ક્રિડાગણમાં થયેલી અવ્યવસ્થા પર પ્રતિક્રિયા આપતા, અધિકારીએ એક્સ પર જણાવ્યું હતું કે, મમતા બેનરજી, તમને શરમ આવવી જોઈએ! યુવા ભારતીમાં 'ખેલા હોબે' સર્કસ ટીએમસી લૂંટ-મેળામાં ફેરવાઈ ગયું! આજે કોલકાતામાં કેવું દયનીય દ્રશ્ય હતું! આપણા ફૂટબોલના બંગાળી ચાહકો, બકરી લિયોનેલ મેસીની એક ઝલકનું સ્વપ્ન જોતા, ટિકિટ માટે હજારો પૈસા ખર્ચતા હતા, પરંતુ તેમના જ રાજ્યમાં તેમની સાથે બીજા વર્ગના નાગરિકો જેવો વ્યવહાર કરવામાં આવ્યો.

### ભારત પરના

ભારતની આયાત પર પચાસ ટકા ટૅરિફ લાદી છે એને રદ કરીને સંસદની સર્વોપરિતા સ્થાપિત કરવા માગે છે.

આ સંયુક્ત ઠરાવ શુક્રવારે નોર્થ કેરોલિનાના પ્રતિનિધિ ડેબ્રા રોસ, ટેક્સાસના માર્ક વીઝી અને ઇલિનોઇના રાજા કૃષ્ણમૂર્તિ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. તેનો ઉદ્દેશ્ય ઓગસ્ટ ૨૦૨૫ માં ટ્રમ્પ દ્વારા 'ઇન્ટરનેશનલ ઇમરજન્સી ઇકોનોમિક પાવર્સ એક્ટ' હેઠળ જાહેર કરાયેલ રાષ્ટ્રીય કટોકટીનો અંત લાવવાનો છે, જેણે વહીવટીતંત્રને ભારતથી આયાત કરવામાં આવતા માલ પર ટેરિફ (આયાત જકાત) માં તીવ્ર વધારો કરવાની સત્તા આપી હતી. ટ્રમ્પના આદેશ હેઠળ, ભારતીય ઉત્પાદનો પર પહેલી ઓગસ્ટથી પ્રથમ પચીસ ટકા ટેરિફ લાદવામાં આવ્યો હતો, જેના થોડા દિવસો પછી વધારાની પચીસ ટકા સેકન્ડરી ડ્યૂટી ઉમેરવામાં આવી હતી. આના કારણે ઘણી વસ્તુઓ પર કુલ ટેક્સ વધીને ૫૦ ટકા થઈ ગયો છે. વાઇટ હાઉસે આ પગલાને વ્યાજબી ઠેરવતા ભારત દ્વારા રશિયન તેલની સતત ખરીદીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે આ ખરીદી પરોક્ષ રીતે યુક્રેનમાં મોસ્કોના યુદ્ધ પ્રયત્નોને ટેકો આપે છે. (એજન્સી)

### 'અમને

કરવામાં આવેલી વીડિયો ક્લિપ્સમાં રોષે ભરાયેલા દર્શકો આયોજકો પર કાર્યક્રમને વીઆઇપી શોકેસમાં ફેરવવાનો આરોપ લગાવતા જોવા મળ્યા હતા. એક ચાહકની ફરિયાદ વાયુવેગે ઓનલાઇન ફેલાઇ હતી. તેણે કહ્યું કે માત્ર રાજકારણી અને કલાકારો મેસ્સીને ઘેરીને ઊભા હતા અને ૧૨,૦૦૦ રૂપિયા ચૂકવવા છતાં તેઓ તેનો ચહેરો પણ જોઇ શક્યા નહીં.

### કેરળમાં

ભાજપને પચાસ, લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટ (એલડીએફ)ને ૨૯, યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રંટ (યુડીએફ)ને ૧૯ અને અપક્ષને બે બેઠક મળી હતી. એનડીએને પલક્કડ મ્યુનિસિપાલિટી પરનો કબજો પણ જાળવી રાખવામાં સફળતા મળી હતી. આ નગરપાલિકામાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની યુડીએફ સાથે ભાજપની ભારે સ્પર્ધા થઇ હતી. એનડીએ દ્વારા તૃપ્પુનિત્તુરા મ્યુનિસિપાલિટી પર પણ કબજો કરાયો હતો.

કોડુન્ગલ્લુર મ્યુનિસિપાલિટીના ૪૬ વૉર્ડમાંથી ૧૮ પર ભગવો લહેરાયો હતો. ભાજપને તૃશ્શૂરની કોર્પોરેશનમાં આઠ, ગુરુવાયુર નગરપાલિકામાં બે, વડાક્કાનચેરી મ્યુનિસિપાલિટીમાં બે, કુન્નુમકુલમ સુધરાઇમાં સાત, ઇરિન્જાલકુડા મ્યુનિસિપાલિટીમાં છ અને ચાલાકુડી નગરપાલિકામાં એક બેઠક મળી હતી. (એજન્સી)

### શશી થરૂરના ગઢમાં ભાજપનો ઐતિહાસિક વિજય

તિરુવનંતપુરમઃ કેરળના તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં ભારતીય જનતા પાર્ટી(ભાજપ) સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવી છે.

જે સાંસદ શશી થરૂરનો ગઢ ગણાય છે. અહીં રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મતગણતરી શનિવારના રોજ સવારે આઠ વાગ્યે શરૂ થઇ હતી.

### ડાબેરીઓનાં

કેરળની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિપક્ષી જૂથ નિર્ણાયક વિજય તરફ આગળ વધી રહ્યું હોય તેવું લાગતું હતું, જેમાં વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા મતદારોને આકર્ષવાનો એલડીએફનો છેલ્લો પ્રયાસ દેખીતી રીતે નિષ્ફળ ગયો હતો.

આ અઠવાડિયાની શરૂઆતમાં રાજ્યમાં બે તબક્કામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રારંભિક મતગણતરી વલણો અને પરિણામો દર્શાવે છે કે યુડીએફ તરફ લોકોના અભિપ્રાયમાં નોંધપાત્ર ફેરફાર થયો છે, જેણે આકસ્મિક રીતે રાજ્યમાં છેલ્લી બે લોકસભા ચૂંટણીમાં જીત મેળવી હતી. (એજન્સી)

### નકસલવાદ

રમતગમતના સમાપન સમારોહને સંબોધતા શાહે કહ્યું કે નક્સલવાદ એક ''ઝેરી સાપ'' જેવો હતો જેણે પ્રદેશના વિકાસને અટકાવ્યો હતો, અને આ ભયનો અંત આવ્યા પછી ''વિકાસનો નવો અધ્યાય'' શરૂ થશે.

તેમણે એવા લોકોને શસ્ત્રો મૂકીને મુખ્ય પ્રવાહમાં જોડાવા અપીલ કરી જે હજુ પણ ગેરકાયદે માઓવાદીઓ સાથે સંકળાયેલા છે.

બસ્તર ઓલિમ્પિક્સનો ઉલ્લેખ કરતા, શાહે જણાવ્યું હતું કે ૭૦૦થી વધુ આત્મસમર્પણ કરનારા નક્સલી યુવાનોએ રમતગમત કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જે વિભાજન પર એકતા અને વિનાશ પર વિકાસ પસંદ કરવાના શક્તિશાળી પ્રતીક તરીકે હતો.

### શિવકુમાર

આવ્યું ત્યારે સોમન્નાએ જવાબ આપ્યો હતો કે, ''તે છોડી દો. તે ગૌણ છે. શિવકુમાર શું બનવા માંગે છે તે તેમના નસીબ પર આધાર રાખે છે. આચરણ નસીબ કરતાં પણ મોટું છે.''

રાજ્યમાં મુખ્ય પ્રધાનપદ અંગે તેમની વચ્ચે ચાલી રહેલા ઝઘડા વચ્ચે સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું કે કર્ણાટકના મુખ્ય પ્રધાન સિદ્ધારમૈયા અને નાયબ મુખ્ય પ્રધાન શિવકુમાર ૧૪ ડિસેમ્બરે દિલ્હીમાં કોંગ્રેસ સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીને મળવાના છે.

૨૨૪ સભ્યની વિધાનસભામાં કોંગ્રેસ પાસે લગભગ ૧૪૦ ધારાસભ્યની આરામદાયક બહુમતી છે.

### આ શું ચાલી રહ્યું

પ્રેક્ષકો હજારો રૂપિયા ખર્ચીને ઘણે દૂરથી ફૂટબૉલના સુપરસ્ટારને જોવા આવ્યા હતા અને તેથી યોગ્ય આયોજન કરવું જરૂરી હતું.

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ સુકાની અને ક્રિકેટ બોર્ડના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલી આ કાર્યક્રમનો અતિથિ વિશેષ હતો. મેસી સ્ટેડિયમમાંથી થોડી મિનિટમાં જ નીકળવા જતો હતો ત્યારે ગાંગુલીએ પણ તેને થોડી વધુ મિનિટ સ્ટેડિયમમાં રોકાવા વિનંતિ કરી હોવાનું કહેવાય છે.

અભિનેતા શાહરુખ ખાન મેસીને સવારે હૉટેલમાં જ મળ્યો હતો, પરંતુ સ્ટેડિયમમાંની ગેરવ્યવસ્થા જોઇને અંદર જ નહોતો આવ્યો.

પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ 'એક્સ' પર લખ્યું હતું કે હું આ કમનસીબ બનાવ માટે ફૂટબૉલના બધા ચાહકોની માફી માગું છું.

મેસીએ સ્ટેડિયમમાં પ્રવેશીને મોહન બાગાન ઑલ સ્ટાર્સ અને ડાયમંડ હાર્બર ઑલ સ્ટાર્સના ખેલાડીઓની સાથે હાથ મિલાવ્યા હતા, પરંતુ મહાનુભાવો અને રાજકારણીઓએ તેને ઘેરી લેતા તે સ્ટેડિયમમાંથી થોડી મિનિટમાં જ નીકળી ગયો હતો અને તેને કારણે ચાહકો ગુસ્સે થયા હતા અને તોડફોડ કરી હતી. (એજન્સી)

### એચ-વનબી

અને બિન નફાકારક મલિકોને શિક્ષણ, આરોગ્ય સારસંભાળ અને બીજાં ક્ષેત્રોમાં આવશ્યક સેવા પૂરા પાડતા એચ-વનટુબી કામદારો નહીં મળે. આ વિઝાને લીધે પ્રતિભાસંપન્ન ડૉક્ટર, નર્સ, શિક્ષક અને બીજા કામદારો મળે છે જે આખા દેશના સમાજની સેવા કરે છે. વહીવટીતંત્રના આ કાર્યક્રમને પાયમાલ કરવાના ગેરકાયદે પ્રયાસ ગણાવીને જેમ્સે કહ્યું હતું કે આને લીધે ન્યૂ યોર્કના લોકોને હેલ્થકેર નહીં મળે, અમારાં બાળકોનું શિક્ષણ ખોરવાઈ જશે અને અમારા અર્થતંત્રને નુકસાન થશે. હું આ અરાજકતા રોકવા અને વસાહતી કોમને લક્ષ્ય બનાવતી ક્રૂરતા સામે લડવાનું ચાલુ રાખીશ.

ટ્રમ્પે સપ્ટેમ્બરમાં જાહેરાત કરી હતી કે તેનું વહીવટીતંત્ર બધા નવા એચ-વનબી અરજદારો પર એક સમયે ભરવાની એક લાખ ડૉલરની ફી લાદશે. એટર્નીઓએ આ વધારાને ઓચિંતો અને જંગી ગણાવ્યો હતો. (એજન્સી)

# કચ્છમાં ૩.૯ની તીવ્રતાવાળા ભૂકંપના શક્તિશાળી આંચકાએ ફેલાવ્યો ગભરાટ

### ભરબપોરે માંડવી નજીક ઉદ્ભવેલા આંચકાએ જિલ્લાના ઘણા ભાગોને ધ્રુજાવ્યા: કેન્દ્રબિંદુ આસપાસના વિસ્તારોમાં તીવ્ર અનુભૂતિથી ગભરાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અસામન્ય રીતે લાંબું ચોમાસુ, કમોસમી માવઠા બાદ શરૂ થયેલા ઠંડા પવનોના આક્રમણ વચ્ચે ભૂકંપ ઝોન-૬માં સમાવવામાં આવેલા રણપ્રદેશ કચ્છમાં ફરી ધરતીકંપના આંચકાઓએ હાજરી પુરાવતાં ગભરાટ ફેલાવા પામ્યો હતો.

ભૂકંપ માટે અતિ સંવેદનશીલ વિસ્તારમાં આવતા કચ્છમાં વીતેલા માત્ર છ દિવસમાં ૩થી ઉપરની તીવ્રતાના ચારથી વધુ ભૂકંપના આંચકાઓ નોંધાઈ ચૂક્યા છે, ત્યારે કચ્છની અઢી દાયકાથી અશાંત બનેલી ધરા આજે ફરી ધણધણી ઊઠી હતી અને બંદરીય માંડવીના ગઢશીશાથી ૧૩ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો ૩.૯ની તીવ્રતાનો ધરતીકંપનો વધુ એક શક્તિશાળી આંચકો રેક્ટર સ્કેલ પર નોંધાતા કેંદ્રબિન્દુની આસપાસનાં ગામોમાં અનેક મકાનોનાં બારી, બારણાં ધ્રૂજી ઉઠતાં લોકોમાં ભયનું લખલખું પ્રસરી ઊઠ્યું હતું.

આ અંગે ગાંધીનગરસ્થિત સિસ્મોલોજી વિભાગ પાસેથી જાણવા મળતી વિગતો અનુસાર, શનિવારના બપોરના ૨ અને ૪૭ કલાકના બંદરીય માંડવીના ગઢશીશાથી ૧૩ કિલોમીટર દૂર કેન્દ્રબિંદુ ધરાવતો અને જમીનથી માત્ર ૧૯.૯ કિલોમીટરની ઊંડાઇએથી ભૂકંપનો આ શક્તિશાળી આંચકો ઉદ્ભવ્યો હતો.

આ ભૂકંપની સવિશેષ અસર કેન્દ્રબિંદુ આસપાસનાં ગામોમાં જોવા મળી હતી અને ઘરોના બારી તથા બારણા ખખડવાની સાથે વાળું કરીને આરામ ફરમાવતા લોકોએ પણ ઘરની બહાર દોટ મૂકી હતી.

વિનાશક ધરતીકંપના ટ્રેઇલર સમા આ ભૂકંપ આંચકાની અનુભૂતિ છેક ભુજ,અંજાર,ગાંધીધામ સહિતનાં શહેરોમાં વિશેષ કરીને ખખડેલી બહુમાળી ઇમારતોમાં રહેતા લોકોએ પણ કરી હતી.

નોંધનીય છે કે, કચ્છને તબાહ કરનારા ભયાનક ધરતીકંપને અઢી દાયકા જેટલો સમય વીતી ચૂક્યો છે ત્યારે ફરી અચાનક હાઇપર એક્ટિવ થયેલી ભૂ-હલચલથી લોકોના માનસપટ પર અંકિત થઇ ગયેલી ભૂકંપની વરવી યાદો ફરી જીવંત થઇ ઊઠી છે.

# કચ્છમાં દેખો ત્યાં ‘ઠાર’: નલિયા ૯.૮ ડિગ્રી સાથે ઠંડુગાર બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં વ્હાઇટ ક્રિસમસનો માહોલ અત્યારથી જ જામ્યો હોય તેમ ગત બુધવારથી રાજ્યભરમાં અવ્વલ ક્રમે ઠરી રહેલા અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ તાપમાનનો પારો ૯.૮ ડિગ્રી સે.પર સ્થિર થઇ જતાં નલિયા ઠંડુગાર બન્યું હતું.

નલિયામાં શિયાળાએ અસલી મિજાજ દર્શાવાનું શરૂ કરતાં લઘુતમ તાપમાન સિંગલ ડિજિટ પર રહેતાં તીવ્ર ઠારથી જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળી રહ્યા છે અને વહેલી સવારની પાળીમાં નિશાળે જતાં ભૂલકાં ટાઢથી થથરી ઊઠ્યા છે.

દિવસનું ઉષ્ણતામાન પણ આંશિક ઘટીને ૨૯ ડિગ્રી પર રહેતાં ભર બપોરે પણ ટાઢક અનુભવાઇ રહી છે. ઠંડીના આ મોજાને પગલે સૂર્યાસ્ત થતાં જ બજારોમાં ચહલપહલ ઘટી રહી છે. ગાંધીધામ અને અંજાર સહિતના વિસ્તારોમાં શિયાળો પક્કડ જમાવતો જણાયો હતો.

જિલ્લા મથક ભુજમાં દિવસભર દક્ષિણ અને ઉત્તર દિશાએથી વાતા ઠંડાગાર હિમપવનો ફૂંકાઈ રહ્યા છે જેને પગલે જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. ભુજમાં લઘુતમ તાપમાનનો સત્તાવાર આંક ૧૪ ડિગ્રી રહ્યો છે,જયારે લોકોના સ્માર્ટફોનમાંના વેધર એપ્લિકેશનમાં ૧૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

ડિસેમ્બર મહિનો અડધો વીતવા આવ્યો છે તેવામાં હવામાન વિભાગ દ્વારા કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળશે તેવો વર્તારો વ્યક્ત કરવામાં આવ્યો છે.

દરમ્યાન,કચ્છ પર ફરી વળેલા ઠંડીના મોજાંને કારણે ધોરડો ખાતે રણોત્સવ માણવા આવેલા સહેલાણીઓ ખુલ્લા શ્વેત રણમાં પડી રહેલી કાતિલ ઠંડીના મારથી મુશ્કેલીમાં મુકાઈ ગયા હોવાનું મુંબઈથી પોતાના વતને ફરવા આવેલા ભર્ગ વૈદ્યે જણાવ્યું હતું.

# સુભાષ બ્રિજ બાદ મનપાએ અમદાવાદના ૧૬ બ્રિજ ભારે વાહનો માટે બંધ કર્યા

અમદાવાદ: શહેરના સુભાષ બ્રિજ પર પડેલી તિરાડ બાદ હવે અમદાવાદ મહાનગરપાલિકા સફાળી જાગી છે. તેમજ શહેરના અનેક બ્રિજના સ્ટ્રક્ચરની તપાસ પણ હાથ ધરી છે. તેમજ લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને મનપાએ મોટો નિર્ણય લીધો હતો. જેમાં શહેરના ૧૬ બ્રિજ પર ભારે વાહનો પસાર થવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જેની માટે બ્રિજની બંને તરફ હાઈટ બેરિયર પણ લગાવવામાં આવશે. આ ઉપરાંત મનપા દ્વારા શહેરમાં ૨૫ વર્ષ જૂના બ્રિજનું સમારકામ પણ હાથ ધરવામાં આવશે. મનપાએ રૂ. ત્રણ કરોડનું ટેન્ડર બહાર પાડી ૯૨ બ્રિજના સ્ટ્રક્ચરલ ઓડિટનો આદેશ આપ્યો છે. આ દરમિયાન સુભાષ બ્રિજ હવે ૨૫ ડિસેમ્બર સુધી જાહેર અવરજવર માટે સંપૂર્ણ રીતે બંધ રાખવાનો નિર્ણય લેવાયો હતો. મનપા દ્વારા ભારે વાહનો માટે પ્રતિબંધ મુકવામાં આવેલા બ્રિજમાં શહેરના સૌથી જૂનો ગાંધી બ્રિજ જે વર્ષ ૧૯૪૨માં બન્યો હતો અને સરદાર બ્રિજ જે વર્ષ ૧૯૪૦માં બન્યો હતો તેનો પણ સમાવેશ થાય છે. તેમજ વર્ષ ૧૯૬૨ માં બનેલા નહેરુ બ્રિજ અને વર્ષ ૧૯૬૮ માં બનેલા પરીક્ષિત મજુમદાર બ્રિજ પર ભારે વાહનોને પણ પ્રતિબંધિત કરવામાં આવશે. જયારે વર્ષ ૧૮૭૫ માં બનેલા કાલુપુર રેલ્વે ઓવરબ્રિજ પર હાઈટ બેરિયર લગાવવામાં આવશે, જ્યારે અન્ય જૂની ઇમારતો પર વાહનચાલકોને ભાર મર્યાદાની ચેતવણી આપતા નવા સંકેતો લગાવવામાં આવશે.

# બનાસકાંઠાના પાડલીયા ગામે હિંસક ઘર્ષણ: પીઆઈને તીર વાગતા ગંભીર, અનેક પોલીસકર્મીઓ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીના પાડલીયા ગામે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ હતી. જંગલ ખાતાની જમીનના વિવાદમાં સ્થાનિકો અને વહીવટી તંત્ર વચ્ચે લોહિયાળ સંઘર્ષ થયો હોવાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ૧૩ ડિસેમ્બરના રોજ બનેલી આ ઘટનામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ગયેલી પોલીસ અને વન વિભાગની ટીમ પર ગામલોકોએ જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં અફરાતફરી મચી ગઈ હતી.

સૂત્રોના પાસેથી મળતી માહિતી અનુસાર, પાડલીયા ગામે જ્યારે વન વિભાગની ટીમ જમીન વિવાદ અંગે કાર્યવાહી કરવા પહોંચી ત્યારે ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું હતું. જોતજોતામાં ટોળાએ તીર-કામઠા અને પથ્થરો વડે હુમલો શરૂ કરી દીધો હતો. આ હિંસામાં ફરજ પર તહેનાત પીઆઈ આર.બી. ગોહિલને કાનના ભાગે તીક્ષ્ણ તીર વાગતા તેઓ લોહીલુહાણ હાલતમાં બેભાન થઈ ગયા હતા. તેમની સાથેના અન્ય અનેક પોલીસ કર્મચારીઓ પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. હિંસા એટલી ઉગ્ર હતી કે ટોળાએ સરકારી મિલકતોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હતું.

પ્રાથમિક વિગતો અનુસાર, હુમલામાં ૨૦થી વધુ પોલીસ અને ફોરેસ્ટ વિભાગના કર્મચારીઓ ઘાયલ થયા છે. ઉશ્કેરાયેલા સ્થાનિકોએ અધિકારીઓના વાહનોમાં તોડફોડ કરી તેને આગ લગાડી દીધી હતી. ઈજાગ્રસ્ત પીઆઈ અને અન્ય જવાનોને તાત્કાલિક સારવાર માટે અંબાજીની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોની ટીમ તેમની સારવાર કરી રહી છે.

આ હિંસક બનાવની જાણ થતા જ બનાસકાંઠા પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસનો મોટો કાફલો પાડલીયા ગામે ઉતારી દેવામાં આવ્યો હતો. હાલમાં સમગ્ર ગામ અને ગબ્બર રોડ વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો છે. પોલીસ દ્વારા પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને હુમલાખોરોની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. જમીન વિવાદમાં શરૂ થયેલી આ બબાલ હવે મોટા ગુનાહિત કેસમાં ફેરવાઈ ગઈ છે.

# નર્મદા જિલ્લામાં ભાજપના સાંસદ અને વિધાનસભ્ય સામ-સામે, માનહાનિના દાવાની ચીમકી

અમદાવાદ: નર્મદા જિલ્લા ભાજપમાં ઉકળતો ચરુ હોય તેમ સાંસદ અને ધારાસભ્યએ સામ સામે આવી ગયા હતા. જેના કારણે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો હતો. ભરૂચથી ભાજપના સાંસદ મનસુખ વસાવાએ ભ્રષ્ટાચારના આરોપ લગાવ્યા બાદ નાંદોદના ભાજપનાં ધારાસભ્ય ડો. દર્શના દેશમુખે વળતો જવાબ આપ્યો હતો. જોકે આ પહેલીવાર નથી, અગાઉ પણ ભાજપનો આંતરિક વિખવાદ જાહેર થઈ ચૂક્યો છે. સાંસદ મનસુખ વસાવાએ તાજેતરમાં એક નનામા પત્રના આધારે બધા જ રાજનેતાઓ પર આડકતરી રીતે ભ્રષ્ટાચારનો આરોપ મૂક્યો હતો. જેના જવાબમાં ધારાસભ્ય દર્શના દેશમુખે જણાવ્યું હતું કે સાંસદ આક્ષેપો સાબિત કરે નહીંતર માનહાનિનો દાવો કરીશ. તેમણે દાવો કર્યો કે, મનસુખ વસાવાએ આડકતરી રીતે એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેમને આપના ધારાસભ્ય ચૈતર વસાવા સાથે સાઠગાંઠ છે. મનસુખ વસાવાને ચૈતર વસાવા સાથે ઘર જેવો સંબંધ છે, મારે તો નાહવા નિચોવાનો પણ સંબંધ નથી. તેઓ ભ્રષ્ટાચારના આક્ષેપો સાબિત કરે, નહીં તો હું તેમની સામે માનહાનિનો દાવો કરીશ, તેવી ચીમકી દેશમુખે આપી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે મનસુખ વસાવા મને ધારાસભ્ય તરીકે સ્વીકારતા નથી અને મારા વિરુદ્ધ વાણી વિલાસ કર્યા કરે છે. તો બીજી બાજુ વસાવાએ એવો દાવો કર્યો હતો કે દેશમુખને ધારાસભ્ય મેં બનાવ્યા છે.

# બુલેટ ટ્રેનની ભરૂચ-દહેજ રેલ લાઇન પર સ્ટીલ બ્રિજનો ૧૩૦ મીટરનો સ્પાન લોન્ચ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદથી મુંબઈ સુધીની પહેલી બુલેટ ટ્રેનની લોકો પ્રતીક્ષા કરી રહ્યા છે ત્યારે રેલવે ઓથોરિટી પણ સતત એક પછી એક કામ હાથ ધરી રહી છે.

નેશનલ હાઇ-સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડએ શુક્રવારે જાહેરાત કરી હતી કે તેણે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે ભરૂચ જિલ્લાના કંથારિયા ગામ નજીક રાષ્ટ્રીય હાઇવે-૬૪ અને ભારતીય રેલવેની ભરૂચ-દહેજ ફ્રેઇટ લાઇન પર ૨૩૦ મીટર (૧૩૦ + ૧૦૦) લાંબા સ્ટીલ બ્રિજના ૧૩૦ મીટરના સ્પાનનું લોન્ચિંગ પૂરું થયું હતું.

આ સ્ટીલ બ્રિજમાં ૧૩૦ મીટર અને ૧૦૦ મીટરના બે સ્પાન છે. ૧૩૦ મીટરનો સ્પાન ૯ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ લોન્ચ કરવામાં આવ્યો હતો. આશરે ૧૮ મીટર ઊંચાઈ અને ૧૪.૯ મીટર પહોળાઈ ધરાવતો, તેનું વજન લગભગ ૨,૭૮૦ મેટ્રિક ટન છે.

ગુજરાતના ભુજમાં વર્કશોપમાં બનાવવામાં આવેલ, સ્ટીલ બ્રિજ ૧૦૦ વર્ષ ચાલી શકે તે રીતે માટે ડિઝાઇન કરવામાં આવ્યો છે. આશરે ૧,૨૨,૧૪૬ ટોર-શીયર ટાઇપ હાઇ-સ્ટ્રેન્થ બોલ્ટ, સી-૫ સિસ્ટમ પેઇન્ટિંગ અને મેટાલિક બેરિંગ્સથી બનેલ, આ પુલને જમીનથી ૧૪ મીટરની ઊંચાઈએ કામચલાઉ ટ્રેસ્ટલ્સ પર એસેમ્બલ કરવામાં આવ્યો હતો અને બે સેમી-ઓટોમેટિક જેકનો ઉપયોગ કરીને દબાણ કરવામાં આવ્યું હતું, જે દરેક ૨૫૦ ટન વજન ઉપાડવા સક્ષમ હતા, જેમાં મેક-એલોય બારનો સમાવેશ થતો હતો. નહેરમાર્ગ-૬૪ પર ફ્રેઇટ ટ્રેક અને રોડ ડાયવર્ઝન પર વચ્ચે-વચ્ચે બ્લોક્સ સાથે ૧૨ કલાકની અંદર પુલ લોન્ચિંગ પૂર્ણ થયું. તબક્કાવાર લોન્ચિંગ પ્રક્રિયા દરમિયાન સલામતી જાળવવા અને ચોક્કસ અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે આ બ્લોક્સ મહત્ત્વપૂર્ણ હતા.

# જામીન કે પેરોલ પર છૂટ્યા બાદ ફરાર આરોપીઓને પકડવા ગુજરાત પોલીસનું ‘ઓપરેશન કારાવાસ’ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ ગુજરાત પોલીસે જામીન કે પેરોલ પર છૂટ્યા બાદ જેલમાં પરત ન ફરનારા આરોપીઓને પકડવા માટે તા.૨૬ મી નવેમ્બરથી વિશેષ ‘ઓપરેશન કારાવાસ’ શરૂ કર્યું છે, જેમાં ગુજરાત પોલીસને મોટી સફળતા મળી છે.

આ ઓપરેશન અંતર્ગત વિસ્તૃત માહિતી આપતા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ દિવસમાં પોલીસે આશરે ૪૧ આરોપીઓને ઝડપી પાડ્યા છે. તે પૈકી ૧૫ જેટલા આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા. તે ઉપરાંત ૨૫ આરોપીઓ મૃત્યુ પામ્યા હોવાનું ઓપરેશન કરાવાસ દરમિયાન જાણવા મળ્યું છે. તે તમામના ડેથ સર્ટિફિકેટ મેળવીને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે આ ૨૫ આરોપીઓ પૈકી ૧૭ આરોપીઓ પાંચ વર્ષથી વધુ સમયથી ફરાર હતા. ઓપરેશન કારાવાસ અંતર્ગત પકડાયેલા આ તમામ આરોપીઓ ખૂન, બળાત્કાર જેવા ગંભીર ગુનામાં સંડોવાયેલા અને આજીવન કેદની સજા થયા બાદ જામીન કે પેરોલ પર છૂટીને જેલમાં પરત ન ફર્યા હોય તે પ્રકારના આરોપીઓ હતા.

# ‘પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના’: દેશભરમાં ગુજરાત પ્રથમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતે ‘પીએમ સૂર્ય ઘર: મફત વીજળી યોજના’ના સફળ અમલીકરણ થકી એક ક્રાંતિકારી પહેલ કરી છે. ઊર્જા પ્રધાન ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા શરૂ કરેલ પી.એમ. સૂર્ય ઘર યોજનાના અમલીકરણમાં દેશમાં પચીસ ટકાના યોગદાન સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમક્રમે છે.

ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે, ગુજરાતે આગામી વર્ષ-૨૦૨૭ સુધીમાં પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજના અંતર્ગત ૧૦ લાખ રહેણાંકીય રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ગુજરાતે અત્યારે સુધીમાં આ યોજના હેઠળ કુલ ૧૮૮૬ મેગાવોટ સોલર ક્ષમતાની ૪.૯૬ લાખ રૂફટોપ સોલાર સિસ્ટમ્સ સ્થાપન કરેલ છે જે રાજ્યના લક્ષ્યાંકના ૪૯ ટકાથી વધુ છે જે એક મહત્વની સિદ્ધિ છે.

ઊર્જા પ્રધાને વિગતે જણાવ્યું હતું કે, પીએમ સૂર્ય ઘર: મફત વીજળી યોજનાની કામગીરીની સમીક્ષા માટે રાજ્ય કક્ષાની સંકલન બેઠક બોલાવવામાં આવે છે. જેમાં રાજ્યમાં ચાલી રહેલ યોજનાની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવે છે. વધુ સુવિધા માટે નેટ મીટરીંગ એગ્રિમેન્ટ કરવાની જરૂરિયાતમાંથી પણ મુક્તિ આપવામાં આવેલ છે.

# શહેરી વિકાસ વર્ષની ઉજવણી અંતર્ગત મુખ્ય પ્રધાનની સુરતવાસીઓને ₹ ૬૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોની ભેટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યોનાં શહેરોના વિકાસને વેગ આપવા અને શહેરીજનોને વધુ સુવિધાઓ પૂરી પાડવાના ઉદ્દેશ સાથે શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે સુરત મહાનગરપાલિકા અને સુડા(સુરત શહેરી વિકાસ સત્તામંડળ)ના કુલ રૂ.૨૪૯ કરોડના વિકાસકામોનું લોકાર્પણ અને રૂ.૧૦૯.૫૧ કરોડના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, મુખ્ય પ્રધાનએ અર્બન રિંગ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.( યુઆરડીસીએલ) દ્વારા સાકારિત થનારા અંદાજિત રૂ.૨૪૨ કરોડના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત સમારોહમાં મુખ્ય પ્રધાનએ સુરતવાસીઓને રૂ.૬૦૦ કરોડના વિકાસકામોની ભેટ આપી હતી.

આ અવસરે મુખ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે, વડા પ્રધાનની વિઝનરી લીડરશીપનો લાભ આજે સમગ્ર દેશની સાથે ગુજરાતને મળી રહ્યો છે. સમગ્ર ગુજરાત સહિત સુરત તેજ ગતિએ આગળ વધી રહ્યું છે. સમગ્ર દેશમાં સુરતે સ્વચ્છતામાં ડંકો વાગાડ્યો છે ત્યારે સૌ લોકોને સ્વભાવમાં સ્વચ્છતા કેળવાય તે માટેની તેમણે હિમાયત કરી હતી.

સુરતનો આઉટ ડોર રીંગરોડ પૂર્ણ થવાથી ટ્રાફિકમાં ઘટાડાની સાથે લોકોની સુવિધાઓમાં વધારો થશે. આજે દરેકક્ષેત્રે નાના માણસને કેન્દ્રમાં રાખીને વિકાસ આગળ વધી રહ્યો છે તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, એક સમયે એક લાખનું કામ કરવા માટે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો આજે એક કરોડનાં કાર્યો સરળતાથી થઈ રહ્યા છે.

સુરત જિલ્લા પ્રભારી અને નાણાપ્રધાનએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૫-૨૬ માં રાજયના શહેરી વિસ્તારોના વિકાસ માટે રાજ્ય સરકારે ૩૦ હજાર કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે. નવી મહાનગરપાલિકાઓના વિકાસ માટે પણ રાજય સરકાર કટિબદ્ધ છે. મહાનગરપાલિકાની નવરચના સાથે જ બજેટ ઉપલબ્ધ કરાવાયું છે.

ગુજરાતમાં શહેરીકરણ ખૂબ જ ઝડપથી થઇ રહ્યું છે.

# ભૂપેન્દ્ર પટેલે ઓલ ઈન્ડિયા મેયર્સ કાઉન્સિલની ૧૧૬મી નેશનલ એક્ઝિક્યુટિવ બેઠકનો સુરતમાં પ્રારંભ કરાવ્યો

અમદાવાદ: સુરતમાં યોજાઇ રહેલી અખિલ ભારતીય મેયર્સ પરિષદની ૧૧૬મી કાર્યકારીણી બેઠકના પ્રારંભ અવસરના અધ્યક્ષ સ્થાનેથી મુખ્ય પ્રધાન સંબોધન કરી રહ્યા હતા. શહેરી વિકાસ અને નાણાપ્રધાન કનુભાઈ દેસાઈ અને દેશભરનાં ૧૬ રાજ્યોનાં મહાનગરોના મેયર્સ અને પરિષદના પદાધિકારીઓ આ કાર્યકારીણી બેઠકમાં સહભાગી થયા હતા.

વેલ પ્લાન્ડ સિટી ડેવલોપમેન્ટ માટેના બેઝિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણને આના પરિણામે વેગ મળ્યો અને ૨૦૦૫ના શહેરી વિકાસ વર્ષની બે દાયકાની સફળતાને પગલે રાજ્ય સરકારે પણ ૨૦૨૫ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે. ૨૦૨૫ના આ શહેરી વિકાસ વર્ષમાં શહેરોની સ્વચ્છતા અને ફ્યુચરિસ્ટિક ડેવલપમેન્ટમાં ગતિ આવી છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ આયોજનો અને લોકોના ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવાના ગુજરાતના ઈનિસ્યેટિવ્ઝની પ્રભાવક પ્રસ્તુતિ આ મેયર્સ પરિષદમાં કરી હતી.

આ સંદર્ભમાં મુખ્ય પ્રધાનએ કહ્યું હતું કે, સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપનથી શહેરોના સર્વગ્રાહી વિકાસ માટે સ્વર્ણીમ જયંતી મુખ્ય પ્રધાન શહેરી વિકાસ યોજનાની પહેલ ગુજરાતે વડા પ્રધાનના દિશાદર્શનમાં કરી છે. આ યોજનામાં ભૌતિક સુવિધાઓ, સામાજિક આંતર માળખાકીય સવલતો સાથે અર્બન ગ્રીન મોબિલિટી, મુખ્યમંત્રી શહેરી સડક યોજનાને પ્રાથમિકતા આપવાથી ઇઝ ઓફ લિવિંગ વધ્યું છે. મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, ગુજરાતે દેશને શહેરી ક્ષેત્રોમાં બી.આર.ટી.એસ. જનમાર્ગનું અને ઈ-સિટીબસ સેવાઓનું સફળ મોડલ આપ્યું છે. એટલું જ નહીં, વડા પ્રધાનશ્રીના માર્ગદર્શનમાં અર્બન ટ્રાન્સફોર્મેશનમાં અનેક આઈકોનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ થયા છે તેમાં સુરત ડાયમંડ બુર્સ, રિવરફ્રન્ટ તો ગૌરવના પ્રતીક બન્યા છે એમ તેમણે કહ્યું હતું.

ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, વડા પ્રધાનશ્રીએ આપેલા ઇન્ક્લુઝિવ ગ્રોથના વિચારને પાર પાડવા નાનાં શહેરોનો વિકાસ પણ વેગવંતો બનાવ્યો છે. રાજયમાં નવી નવ મહાનગરપાલિકાની રચના કરવામાં આવી છે અને મોટાં મહાનગરોની મહાનગરપાલિકાઓએ આવી નવી મહાનગરપાલિકાનું હેન્ડ હોલ્ડિંગ કરીને હોલીસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ વિકસાવી છે.

આ પ્રસંગે શહેરી વિકાસ અને નાણાપ્રધાન કનુભાઈ દેસાઈએ ઉપસ્થિત તમામ મેયરોને પ્રોત્સાહન આપતા કહ્યું હતું કે, શહેરીકરણના પડકારને તક સમજીને જળ વ્યવસ્થાપન, સ્વચ્છતા, શિક્ષણ, આવાસ, સુએઝ અને ગ્રીન એનર્જી સહિતનાં કાર્યો કરવાથી ચોક્કસ રીતે સુસંચાલિત નગર આયોજન કરી શકાય છે. તેમણે સમગ્ર દેશમાં ગ્રીન એનર્જી રાજ્ય તરીકે ઝડપથી આગેકૂચ કરીને વડા પ્રધાનશ્રીએ શરૂ કરાવેલી સોલાર યોજના હવે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ થઇ હોવાનું ઉમેર્યું હતું.

# નડાબેટને ‘રામસર સાઇટ’ જાહેર કરવાની માગ સાથે હાઇ કોર્ટમાં સુઓમોટો અરજી

અમદાવાદ: રાજ્ય અને દેશના વિવિધ વેટલેન્ડ્સના સંવર્ધન અને સંરક્ષણ માટે સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હાઇ કોર્ટમાં સુઓમોટો રિટ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જે રિટની સુનાવણી ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની બેન્ચ સમક્ષ થઇ હતી. જેમાં નડાબેટના સંદર્ભમાં એવો ઘટસ્ફોટ કરાયો હતો. ૫ લાખ પક્ષીઓનું વસવાટ ધરાવતાં ‘નડાબેટ’નો ૯૦ ટકા ભાગ ભારતમાં હોવા છતાંય તેને સંરક્ષિત ‘રામસર સાઇટ’ જાહેર કરતા નથી. જ્યારે કે ૧૦ ટકા ભાગ ધરાવતાં પાકિસ્તાને ૨૦૦૨માં ‘નડાબેટ’ને રામસર સાઇટ જાહેર કરી દીધી છે. આ મામલે સુનાવણીના અંતે બેન્ચે રાજ્ય સરકારના વન્ય વિભાગના ચીફ સેક્રેટરીને તમામ મુદ્દે વિસ્તૃત સોગંદનામું કરીને જવાબ રજૂ કરવામાં આદેશ કરવામાં આવ્યો છે. જેથી કેસની વધુ સુનાવણી ૩૦મી જાન્યુઆરીએ રાખવામાં આવી છે. કેસની સુનાવણી દરમિયાન સિનિયર એડવોકેટ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે નળસરોવર, થોળ અને નડાબેડની મુલાકાત લઈ એક રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. જ્યાં સુધી નડાબેટની વાત છે કે તે ૧૦ ટકા પાકિસ્તાનમાં અને ૯૦ ટકા ભારતમાં છે. ૨૦૦૨માં પાકિસ્તાને તેને સંરક્ષિત રામસર સાઇટ જાહેર કરી છે. જોકે ભારતમાં ન તો એને સંરક્ષિત જાહેર કરાઈ છે અને ન તો રામસર સાઇટ. પાંચ લાખ યાયાવર પક્ષીઓ દુનિયાભરમાંથી આવતાં હોય છે. માનવનો કોઈ હસ્તક્ષેપ ન હોવાથી તેઓ અહીં લાંબો સમય વસવાટ કરતાં હોય છે. પરંતુ સરકાર દ્વારા એને રામસર સાઇટ જાહેર કરીને સંરક્ષિત કરવામાં આવતું નથી.

# સો કરોડના સાયબર ફ્રોડમાં ઈડીએ પાંચ સામે ચાર્જશીટ દાખલ કરી

અમદાવાદ: લોકોને મહિને દસથી બાર હજાર કમિશનની લાલચ આપી તેમના એકાઉન્ટમાં સાયબર ફ્રોડ સહિતના ચીટિંગના રૂ.૧૦૦ કરોડથી વધુ નાણાં જમા કરી તેને યુએસડીટી મારફત દુબઇ મોકલવાના કાંડમાં સુરત સબ-ઝોનલ ઓફિસના એન્ફર્સોમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર, કાશિફ મકબુલ ડોક્ટર, મહેશ મફતલાલ દેસાઈ, ઓમ રાજેન્દ્ર પંડયા અને મિતેશ ગોકુલભાઈ ઠક્કરની સામે અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. ઈડીની સ્પેશયલ કોર્ટે પાંચેય આરોપી સામે સમન્સ કાઢીને આગામી ડિસેમ્બર માસમાં મુદત રાખી હતી. ઈડીએ પાંચેય આરોપીઓ સામે મની લોન્ડરિંગ પ્રિવેન્શાન એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૯ હેઠળ કાર્યવાહી હાથ ધરીને મિલકતો ટાંચમાં લીધી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી. સુરત પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા નોંધાયેલા ગુનામાં ઈડીએ તપાસ શરૂ કરી હતી. ઈડીના અધિકારીએ મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર, કાશિફ મકબુલ ડોક્ટર, મહેશ મફતલાલ દેસાઈ, ઓમ રાજેન્દ્ર પંડયા અને મિતેશ ગોકુલભાઈ ઠક્કરની સામે અમદાવાદની ગ્રામ્ય કોર્ટમાં ફરિયાદ કરી હતી. ઈડીના સિનિયર એડવોકેટ સંજય ઠક્કરે પાંચેય આરોપીની સામે કોર્ટમાં કરેલી ફરિયાદમાં એવો ઉલ્લેખ કર્યો હતો કે, આરોપી મકબુલ અબ્દુલ રહેમાન ડોક્ટર અને કાશીફ મકબુલ ડોક્ટરે વિવિધ વ્યક્તિઓના નામે તેમના દ્વારા ખોલવામાં આવેલા બેંક ખાતાઓમાં જમા કરાવીને મહેશ મફતલાલ દેસાઈ, ઓમ રાજેન્દ્ર પંડયા અને મીતેશ ઠક્કર તેને ક્રિપ્ટો ચલણમાં રૂપાંતરિત કરીને તેને મની લોન્ડરિંગ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બળાત્કાર બાદ બાળકીની હત્યાઃ ૧૮ વર્ષથી ફરાર આરોપી પકડાયો

પાલઘરઃ વસઈમાં પાંચ વર્ષની બાળકીની બળાત્કાર બાદ કરપીણ હત્યા કરવાના કેસમાં ૧૮ વર્ષથી ફરાર આરોપીને આખરે ઉત્તર પ્રદેશમાંથી પકડી પાડવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડેલા આરોપીની ઓળખ નંદલાલ ઉર્ફે નંદુ રામદાસ વિશ્વકર્મા તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે આરોપીને માણિકપુર પોલીસના તાબામાં સોંપાયો હોવાનું ક્રાઈમ બ્રાન્ચના આસિસ્ટન્ટ પોલીસ કમિશનર મદન બલ્લાળે જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૩૧ માર્ચ, ૨૦૦૭ની રાતે ૧૧ વાગ્યાથી બીજી સવારે આઠ વાગ્યા દરમિયાન બની હતી. ચૉકલેટની લાલચે બાળકીને નિર્જન સ્થળે લઈ જવાઈ હતી. દુષ્કર્મ બાદ બાળકીની મારપીટ કરાઈ હતી અને પછી ગળું દબાવી તેની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં તે સમયે બાવીસ વર્ષના વિશ્વકર્મા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

માણિકપુર પોલીસ વિશ્વકર્માની શોધ ચલાવી રહી હતી ત્યારે તે નેપાળ ફરાર થયો હોવાની માહિતી મળી હતી. જોકે બાદમાં તેના કોઈ સગડ મળ્યા નહોતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના સિનિયર ઈન્સ્પેક્ટર અવિરાજ કુહડિએ જણાવ્યું હતું કે આરોપી લાંબા સમય સુધી નેપાળમાં જ રહ્યો હતો. તાજેતરમાં યુપી પાછો ફરેલો આરોપી ઈંટભઠ્ઠી ખાતે મજૂર તરીકે કામ કરતો હતો. યુપીમાં સિદ્ધાર્થ નગર જિલ્લાના તેના વતન ખારદૌરી ખાતે આરોપી સંતાયો હોવાની માહિતી મળતાં પોલીસની ટીમ યુપી પહોંચી હતી.

૧૦ ડિસેમ્બરે સ્થાનિક પોલીસની મદદથી તેને તાબામાં લેવાયો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

પાંચમા પાનાનું ચાલુ

## પશ્ચિમ અને મધ્ય

૧૧.૦૩થી બપોરે ૩.૩૮ સુધી ઉપડતી અપ ફાસ્ટ લાઇન પરની લોકલ મુલુંડ સ્ટેશને અપ સ્લો લાઇન પર વાળવામાં આવશે.

ટ્રાન્સ હાર્બરમાં વાશી/નેરુળ-થાણે સ્ટેશન દરમિયાન અપ અને ડાઉન લાઇન પર લોકલ સેવા બંધ રહેશે. થાણે-વાશી-નેરુળ-પનવેલ અપ અને ડાઉન લાઇન પર લોકલ રદ કરવામાં આવશે.

પશ્ચિમ રેલવેમાં ગોરેગામ-બોરીવલી દરમિયાન અપ અને ડાઉન લાઇન પર તમામ લોકલ ફાસ્ટ લાઇન પર દોડાવવામાં આવશે. બ્લોકને કારણે કેટલીક લોકલ રદ કરવામાં આવશે, જ્યારે અંધેરી અને બોરીવલી જનારી અમુક લોકલ હાર્બર લાઇન પરથી ગોરેગામ સુધી દોડાવવામાં આવશે.

## દહીંસર-જુહુથી રડાર સેન્ટર

સ્થાનાંતરિત કરવાની મંજૂરી પ્રક્રિયા શરૂ થશે. રડાર કેન્દ્રો સ્થાનાંતરિત કર્યા પછી, દહિસર અને જુહુ (ડીએન નગર) વિસ્તારોમાં ઇમારતોનો પુનર્વિકાસ શક્ય બનશે એમ સીએમએ જણાવી ઉમેર્યું હતું કે મહારાષ્ટ્ર સરકાર નો-ડેવલપમેન્ટ ઝોન, સંરક્ષણ જમીન અને અન્ય પ્રતિબંધો જેવા અવરોધોના કારણે હાલમાં સંપૂર્ણ પુનર્વિકાસ સંભવ નથી એવા મુંબઈના વિસ્તારોમાં પુનર્વિકાસને સક્ષમ કરવા માટે નવી ''બધા માટે આવાસ'' નીતિ તૈયાર કરી રહી છે.

સૂચિત નીતિ હેઠળ આર્થિક રીતે નબળા વર્ગો ને ૩૦૦ ચોરસ ફૂટ સુધી વિનામૂલ્યે એફએસઆઈ આપવામાં આવશે, જ્યારે ઓછી આવક ધરાવતા જૂથો માટે ૬૦૦ ચોરસ ફૂટ સુધીના મકાનોના પુનર્વિકાસની સુવિધા વિના મૂલ્યે આપવામાં આવશે. (પીટીઆઈ)

## મેસી આજે મુંબઈ

મેસીની મુલાકાત દરમિયાન બનેલી ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે મુંબઈ પોલીસ દ્વારા ખાસ તકેદારી લેવામાં આવી રહી છે. કોલકાતામાં ટિકિટ માટો મોટી રકમ ચૂકવવા છતાં ફૂટબોલ આઇકનની સ્પષ્ટ ઝલક જોવા ન મળતાં ચાહકો રોષે ભરાયા હતા અને ત્યાં નાસભાગ જેવી પરિસ્થિતિ નિર્માણ થઇ હતી.

લિયોનેલ મેસી રવિવારે મુંબઈમાં ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડિયા (બ્રેબોર્ન સ્ટેડિયમ) ખાતે પેડલ કપ ઇવેન્ટ માટે હાજર રહેશે. બાદમાં મેસી સેલિબ્રિટી ફૂટબોલ મેચમાં હાજરી આપશે. તે સાંજે સાંજના પાંચ વાગ્યાની આસપાસ વાનખેડે સ્ટેડિયમમાંની ઇવેન્ટમાં જશે.

મેસીની મુંબઇ મુલાકાતને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા દક્ષિણ મુંબઈમાં સ્ટેડિયમની અંદર અને ફરતે બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. કોલકાતાની ઘટનાનું પુનરાવર્તન ન થાય એ માટે અમે બ્રેબોર્ન અને વાનખેડે સ્ટેડિયમ ખાતે વર્લ્ડ કપ-લેવલ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દીધી છે, એમ પણ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

## મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક

અમલમાં રહેશે. હાલ વસઇ-વિરારથી તથા અન્ય રાજ્યોથી મુંબઈ તરફ જનારા વાહનોને કારણે કાશીમીરા નાકા ખાતે મોટા પ્રમાણમાં ટ્રાફિક જૅમની સ્થિતિ સર્જાય છે. આથી તેને ટાળવા માટે અનેક વાહનચાલકો અમર પેલેસ, ડેલ્ટા ગાર્ડન, પેણકર પાડા જેવા આંતરિક માર્ગોનો ઉપયોગ કરવા લાગ્યા હતા. જેને કારણે સ્થાનિક નાગરિકોની દૈનિક મુસાફરીને અસર થઇ રહી હતી. ખાસ કરીને પેણકર પાડાથી મુંબઈ તરફ જનારા વાહનોને આગળ વધવા માટે વસઇ તરફ જતો મુખ્ય ટ્રાફિક થોભાવવો પડતો હોવાથી હાઇવે પર પણ ટ્રાફિક વધી રહ્યો હતો. આ સમસ્યાનું નિરાકરણ લાલવા માટે પોલીસ પ્રશાસને કાશીમીરા વિસ્તારમાંના ટ્રાફિકમાં ફેરફાર કર્યો છે. નવા નિયમ મુજબ મુંબઈ તરફ જનારા વાહનચાલકો માટે માત્ર કાશીમીરા માર્ગનો ઉપયોગ કરવો, એવી અપીલ કરવામાં આવી છે. કાશીમીરા વિસ્તારમાંના તમામ વૈકલ્પિક માર્ગ હવે માત્ર મુંબઈથી આવનારા વાહનો માટે વન-વે રહેશે. અમર પેલેસ બ્રિજ નીચેથી મુંબઈ તરફ વાહનોને જવાની પરવાનગી આપવામાં આવી હોઇ ટ્રાફિક જૅમની સ્થિતિ ન સર્જાય તે માટે પોલીસને તહેનાત કરવામાં આવશે.

## આ મુદ્દે કાર્યવાહી

તેઓએ ગુમ થવાની ફરિયાદ નોંધાવી ન હોય.'

'જ્યારે આવા કિસ્સાઓ બને છે, ત્યારે અમને ૯૦ ટકાથી વધુ બાળકો પાછા મળે છે. તેમાંથી કેટલાક જાતે જ ઘર છોડી ગયા હોય છે, અથવા કોઈ અન્ય કારણોસર ગયા હોય છે. આમાંથી ૯૦ ટકા બાળકો પાછા મળી જાય છે. જોકે, આનો અર્થ એ નથી કે અમે બાકીના ૧૦ ટકા બાળકોની શોધ કરતા નથી. અમે તેમને શોધવા માટે એક ખાસ ઝુંબેશ ચલાવી રહ્યા છીએ. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ આ મુદ્દા પર ગંભીર ધ્યાન આપ્યું છે. આ સંદર્ભમાં સંબંધિત અધિકારીઓને પણ સૂચનાઓ આપવામાં આવી છે. આ મુદ્દો ચોક્કસપણે ગંભીર છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વમાં આ સંદર્ભમાં ચોક્કસપણે પગલાં લેવામાં આવ્યા છે,' એમ પણ યોગેશ કદમે જણાવ્યું હતું.

## વાલીઓએ ખાસ ચેતવું

નોંધવામાં આવે છે. દસ મહિનામાં અપહરણના ૧,૧૮૭ કેસ નોંધાયા હતા, પણ સામે ૧,૧૧૮ ગુના ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. આમ છતાં લગભગ ૭૧ ગુનાની પોલીસ દ્વારા હજુ તપાસ કરવામાં આવી રહી છે.

આ વર્ષે સૌથી વધુ ઑક્ટોબરમાં અપહરણના ૧૩૬ ગુના નોંધાયા હતા, જેને પગલે વાલીઓએ તેમનાં સંતાનો પણ વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. તેમના ફ્રેન્ડ્સ અને સોશ્યલ પ્લૅટફોર્મ્સ પરની ઍક્ટિવિટી પર વાલીઓએ ખાસ નજર રાખવી જોઈએ, એમ અધિકારીનું કહેવું છે.

જાન્યુઆરથી ઑક્ટોબર દરમિયાન મહિલાઓ સંબંધી ૫,૮૮૬ ગુના મુંબઈ પોલીસને ચોપડે નોંધાયા હતા, જેમાં બળાત્કારને લગતા ૧,૦૨૫ ગુનાનો સમાવેશ થાય છે. રૅપના આ કેસોમાંથી ૫૨૬ ગુનામાં તો પીડિતા સગીર વયની છોકરીઓ હોવાની આંચકાજનક માહિતી સામે આવી હતી.

છોકરીઓ ગુમ થવા પાછળ અનેક કારણો જવાબદાર હોવાનું કહેવાય છે. પોલીસ દ્વારા ઉકેલવામાં આવેલા ગુનાઓનું વિશ્લેષણ કરવામાં આવતાં પ્રેમપ્રકરણ અને ઘરમાં નજીવા વિવાદને પગલે છોકરીઓ ઘર છોડીને ભાગી જતી હોવાનું પ્રમાણ વધુ હોવાનું જણાયું હતું.

એ સિવાય છોકરીઓ સેક્સ રૅકેટ અને માનવ તસ્કીરનો પણ શિકાર બને છે. અનેક કિસ્સામાં ફોસલાવીને ગુજરાત-રાજસ્થાનમાં લઈ જવાયેલી સગીરાઓને પરણાવી દેવાઈ હોવાનું પણ સામે આવ્યું હતું. પરિણામે વાલીઓએ સમયાંતરે સંતાનોનું કાઉન્સેલિંગ કરવું જરૂરી હોવાનું કહેવાય છે.

## નવી મુંબઈમાં વાયુ

હતું. હાઈ કોર્ટના નિર્દેશને પગલે પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે પહેલી ઑગસ્ટ, ૨૦૨૫થી નવી મુંબઈમાં સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેજર (એસઓપી)અમલમાં મૂકવામાં આવી છે. ડેવલપરો અને આર્કિટેક્ટને આ બાબતે સૂચના પણ આપવામાં આવી હતી. છતાં પાલિકા દ્વારા કરવામાં આવેલા સર્વેક્ષણ દરમ્યાન ૮૫ ઓનગોઈંગ પ્રોજેક્ટ પર નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાનું જણાઈ આવ્યું હતું. તેથી કન્સ્ટ્રકશન સાઈટ પર પ્રદૂષણને નિયંત્રણમાં રાખવા માટે ડેવલપરો દ્વારા યોગ્ય પગલા લેવામાં નહીં આવતા તેમને ૨૬ નવેમ્બર, ૨૦૨૫ના નોટિસ ફટકારવામાં આવી હતી અને તેમાંથી ૧૮ પ્રોજેક્ટ એસઓપીને અમલમાં મૂકવામાં નિષ્ફળ જતા તેમને સ્ટોપ વર્કની નોટિસ ફટકારવામાં આવી હોવાનું નવી મુંબઈ પાલિકા પ્રશાસને જણાવ્યું હતું.

## ઘાટકોપર સ્ટેશન બહાર

લગભગ ૧.૫૫ વાગે ફ્લેટ નંબર ૧૨૦૭ અને ૧૩૦૭ના બારીમાં લાગેલી ગ્રીલની બહાર સૂકાવેલા કપડામાં અચાનક આગ ફાટી નીકળી હતી. આગ જોકે મામૂલી હોવાથી ફાયરબ્રિગેડ આવે તે પહેલા જ નિયંત્રણમાં આવી ગઈ હતી. સદ્નસીબે આ બનાવમાં કોઈ જખમી થયું નહોતું.

ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ બિલ્ડિંગમાં ઉપરના માળા પર કામ ચાલી રહ્યું હતું એ દરમ્યાન તણખો નીચે બારમા અને તેરમા માળની બારીની બહાર સૂકાવેલા કપડામાં પડ્યો હતો અને અચાનક આગ ફાટી નીકળી હતી. જોકે આગ મામૂલી હોવાથી ૨.૩૦ વાગ્યાની આસપાસ બુઝાવી દેવામાં સફળતા મળી હતી. જોકે બિલ્ડિંગ બહુમાળીય હોવાથી કોઈ જોખમ લેવામાં માગતા ન હોવાથી ઘટના સ્થળે તરત બે ફાયર ટેન્કરને રવાના કરી દેવામાં આવી હતી.

## મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત

ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ યોજના કરવામાં આવી છે.

આ અંગે નિવેદન આપતા શિંદેએ જણાવ્યું હતું કે મુંબઈમાં ૫૦ એકર કે તેથી વધુ અંગત માલિકીની, સરકારી કે અર્ધસરકારી જમીનનું રિડેવલપમેન્ટ હવે સાથે કરવામાં આવશે. નાના નાના

એચઆરએ પ્રોજેક્ટ્સને બદલે હવે આ યોજના સમગ્ર વિસ્તારની કાયાપલટ કરવા માટે લાગુ કરવામાં આવશે.રાજ્ય કેબિનેટે સાતમી ઓક્ટોબર, ૨૦૨૫ના દિવસે આ મહત્વાકાંક્ષી યોજનાને મંજૂરી આપી ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના દિવસે આ સંદર્ભે સરકારી ઠરાવ પણ બહાર પાડવામાં આવ્યો છે.

મુંબઈમાં હજારો ઝૂંપડપટ્ટીવાસીઓને રાહત આપી શિંદેએ ઝૂંપડપટ્ટીની ખરીદી અને વેચાણમાં ટેકનિકલ સમસ્યાઓનો સામનો કરી રહેલા નાગરિકો માટે એસઆરએ અભય યોજનાની સમયમર્યાદા ડિસેમ્બર ૨૦૨૬ સુધી વધારવાની જાહેરાત કરી હતી.

અનેક ઝૂંપડપટ્ટીવાસીઓએ તેમની ઝૂંપડીઓ ખરીદી અથવા વેચી હતી અથવા સ્થાનાંતરિત કરી હતી. જોકે, નિયમ અનુસાર આ નવા ઝૂંપડપટ્ટીવાસીઓના નામ અંતિમ પરિશિષ્ટ -૨ (પાત્ર ઝૂંપડપટ્ટીવાસીઓની યાદીમાં) માં સામેલ કરવાની કોઈ જોગવાઈ નહોતી. આ કારણે હજારો ગરીબ પરિવારો તેમના ઘરથી વંચિત રહી ગયા હતા. તેથી, રાજ્ય સરકારે ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના દિવસે 'અભય યોજના' લાગુ કરી હતી. શરૂઆતમાં આ યોજના ત્રણ મહિના માટે હતી અને બાદમાં માર્ચ ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી હતી.

યોજનાના પ્રથમ તબક્કામાં મુંબઈમાં એન્ટોપ હિલ, કૃષ્ણ નગર અને કેતકીપાડા (બોરીવલી), ગોપીકૃષ્ણ નગર (દહિસર), ઓશિવરા, ગોવંડી, ચિત્તા કેમ્પ (ટ્રોમ્બે), ચેમ્બુર, ટાગોર નગર (વિક્રોલી), વિક્રોલી પાર્કસાઇટ અને ભાંડુપની પસંદગી કરવામાં આવી છે. આ નિર્ણયથી મુંબઈના લાખો ઝૂંપડપટ્ટીવાસીઓને મોટી રાહત મળશે.

## બાળકો ગુમ થવાની ઘટના

બ્યૂરો)ના ડેટા મુજબ, ૨૦૨૧ થી ૨૦૨૪ દરમિયાન આ સંખ્યામાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો છે. આંતર-રાજ્ય ટોળકીઓ બનાવવામાં આવી છે જે બાળકોનું અપહરણ કરે છે, પછી તેમને કામ કરવા અને ભીખ માગવા માટે મજબૂર કરે છે અને આ ગેંગ નિયમિત ધોરણે બાળકોનું અપહરણ કરે છે. સરકાર આ અંગે શું કાર્યવાહી કરી રહી છે તે સ્પષ્ટ નથી,' એમ રાજ ઠાકરેએ કહ્યું હતું.

મહારાષ્ટ્ર એ હકીકત પર સરકારનો પ્રતિભાવ ઇચ્છતું નથી કે બાળકોના અપહરણના ચોક્કસ કેસ નોંધાય છે અને ચોક્કસ ટકાવારી બાળકો મળી આવે છે અને તેમના પરિવારોને સુરક્ષિત રીતે પરત કરવામાં આવે છે. મૂળભૂત રીતે, ગઈછ્છ જે આંકડા આપી રહ્યું છે તે એ વિગતો છે કે કેટલા માતાપિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, પરંતુ શું આવી કેટલીક હજાર ફરિયાદો પોલીસ સુધી પણ પહોંચશે? અને ધારો કે બાળકોને ફરીથી બચાવી લેવામાં આવે છે, તો તે સમય દરમિયાન બાળકો જે આઘાતનો અનુભવ કરે છે તેનું શું? બાળ અપહરણ ગેંગ કેવી રીતે કાર્ય કરે છે અને તે કેવી રીતે આટલી નિર્દયતાથી કાર્ય કરે છે? શું સરકાર આ અંગે કોઈ કડક પગલાં લેવા માંગતી નથી? આજે આપણે રસ્તાઓ પર, સ્ટેશનો પર, બસ સ્ટેન્ડ પર બાળકોને ભીખ માંગતા જોઈએ છીએ, તેઓ કોણ છે? શું તેમની સાથે ભીખ માંગનારા લોકો ખરેખર તેમના માતાપિતા છે? સરકાર આની તપાસ કેમ નથી કરવા માંગતી અથવા સમય મળે તો ડીએનએ ટેસ્ટનો આદેશ પણ કેમ નથી આપતી?,' એવા આકરા સવાલ રાજ ઠાકરેએ સરકારને કર્યા છે.

'આજે, આ રાજ્યમાં, નાના બાળકોનું અપહરણ થઈ રહ્યું છે, નાની છોકરીઓનું અપહરણ થઈ રહ્યું છે, મહારાષ્ટ્રમાં જમીનોનું અપહરણ થઈ રહ્યું છે, શું શાસક અને વિપક્ષી પક્ષોને નથી લાગતું કે આ અંગે વિધાનસભામાં તેની ચર્ચા થવી જોઈએ અને વહીવટીતંત્રને સર્વસંમતિથી કેટલાક પગલાં લેવાની ફરજ પાડવી જોઈએ? શું શિયાળુ સત્ર ફક્ત સરકારના ખામીયુક્ત બજેટને સુધારવા માટે પૂરક માગણીઓ મંજૂર કરાવવાની સુવિધા છે? એવી પરિસ્થિતિ છે કે જ્યાં પ્રધાનો ઘણીવાર સત્રમાં જવાબો આપવા માટે ગૃહમાં હોતા પણ નથી. તેથી, એવી અપેક્ષા રાખવી ગેરવાજબી રહેશે કે વિધાનસભામાં નાના બાળકો અથવા ગુમ થયેલી છોકરીઓ જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે. પરંતુ મહારાષ્ટ્રની આ અપેક્ષા છે, હકીકતમાં, કેન્દ્ર સરકારે આ મુદ્દા પર બધા રાજ્યો સાથે વાત કરવી જોઈએ અને આ મુદ્દા પર કાર્યકારી જૂથ બનાવવું જોઈએ, પરંતુ મને નથી લાગતું કે કેન્દ્ર સરકાર, જે હાલમાં વંદે માતરમની ચર્ચા કરી રહી છે, તે માતાઓના બૂમો સાંભળી રહી છે! ગમે તે હોય. રાજ્યના મુખ્ય પ્રધાન અને ગૃહ પ્રધાન તરીકે, મહારાષ્ટ્ર તમારી પાસેથી અપેક્ષા રાખે છે કે તમે ધ્યાન આપો અને સત્રમાં ફક્ત આ અંગે ચર્ચા ન કરો પરંતુ કોઈ નક્કર પગલાં લો,' એમ પણ રાજ ઠાકરેએ કહ્યું હતું.

## હિન્દુ મરણ

ચી. હેમાંગ કે. ઠક્કર તે ઉષા (હંસા) કે. ઠક્કરના સુપુત્ર તથા સ્વ. શાંતાલક્ષ્મી દેવરાજ ઠક્કરના દોહિત્ર. ગુરુવાર તા. ૧૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

જામકંડોરાણા નિવાસી હાલ રાજકોટ સ્વ. રતીલાલ બાબુલાલ દેસાઇના પુત્ર સંદીપભાઇ દેસાઇ તા. ૧૨-૧૨-૨૫ શુક્રવારના અવસાન પામ્યા છે. સદગતનું બેસણું તા. ૧૫-૧૨-૨૫ સોમવારે સાંજે ૪થી ૬. ઠે. સુદામા ટાઉનશિપ, મવડી મુક્તિધામ સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ડો. મનોજ જોશી (ઉં. વ. ૬૯) ઉમરેઠના હાલ ગોરેગામ તે હર્ષાના પતિ. આદિત્ય, નુપુરના પિતા. યશના સસરા.તા. ૮-૧૨-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૧૨-૨૫ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. રહેજા શેરવુડ, હબ મોલ પાછળ, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે, ગોરેગામ (પૂ.) મુંબઇ.

**કપોળ**

સોનગઢવાળા હાલ કાંદિવલી ઉષાબેન મગનલાલ મહેતા (ઉં. વ. ૭૫) તે પરસનબેન મગનલાલ મહેતાની દીકરી. સ્વ.હંસાબેન મંગળદાસ ભુતા, રક્ષાબેન ઇન્દ્રવદન શાહ, દક્ષાબેન મહેશભાઇ મહેતા, પન્નાબેન પ્રવીણચંદ્ર ચિતલિયાના બહેન. બાબુલાલ મગનલાલ શાહના ભાણેજ. તા. ૧૨-૧૨-૨૫ના શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઇડર ઔદિચ્ય પિસ્તાલીસ જ્ઞાતિ**

ગામ બડોલી હાલ કાંદિવલી મુંબઇ નિવાસી ગં. સ્વ. સુમિત્રાબેન વસંતલાલ ભટ્ટ (ઉં. વ. ૮૬) તા. ૧૧-૧૨-૨૫ને ગુરુવારના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ.વસંતલાલ રામશંકર ભટ્ટના પત્ની. તે ચંદ્રેશ અને બીનાના માતા. તે દર્શનાના સાસુ. હસ્તી અને દૃષ્ટિના દાદી. તે બડોલી નિવાસી ડાહીબેન કુબેરદાસ રાવલના પુત્રી. ઠે. ૬૦૩, અમર રેસીડેન્સી, કમલા નહેરુ ક્રોસ રોડ, નં.૧, જેઠવા નગર, કાંદિવલી (પ.), પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**ઇડર ઔદિચ્ય ૪૫ જ્ઞાતિ**

ગામ બડોલી, હાલ વિરાર અ.સૌ.જ્યોત્સના બેન ભટ્ટ (ઉં.વ.૭૩) તા.૧૦/૧૨/૨૫ ને બુધવારના દેવલોક પામ્યા છે. તે પ્રમોદચંદ્ર મગનલાલ ભટ્ટના ધર્મપત્ની. ધર્મેશ અને સ્વાતીના મમ્મી. કોમલ તથા ઘનશ્યામ મહેતાના સાસુ. હર્ષિદના દાદી. ધરાના નાની. સ્વ. રજનીકાંત, સ્વ. શૈલેષ, સ્વ. ભારતી ભાનુપ્રસાદ ઠાકર અને પ્રકાશના ભાભી. ગં.સ્વ.રેખાબેન અને તરલાબેનના જેઠાણી. તે સ્વ.જટાશંકર લલ્લુભાઇ જાનીના પુત્રી. સ્વ. પ્રવીણ જટાશંકર જાની,

## મનરેગાનું નામ બદલવા

લાવ્યું છે જે દેશના ગ્રામીણ વિસ્તારોમાં વિકાસને નોંધપાત્ર રીતે ગતિ આપશે.

કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠકમાં શુક્રવારે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)નું નામ બદલીને 'પૂજ્ય બાપુ ગ્રામીણ રોજગાર યોજના' રાખવાના ખરડાને મંજૂરી આપી હતી અને તેના હેઠળ કામકાજના દિવસોની સંખ્યા હાલમાં ૧૦૦ દિવસથી વધારીને ૧૨૫ દિવસ કરવાનો નિર્ણય લીધો છે.

મનરેગાનું નામ બદલવાથી બિનજરૂરી ખર્ચ થશે તેવા કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધીના નિવેદન અંગેના સવાલનો જવાબ આપતાં ફડણવીસે કહ્યું હતું કે, 'જ્યારે મનરેગા હેઠળ કામ થાય છે ત્યારે તેઓ ટીકા કરે છે, પરંતુ જ્યારે કોઈ કામ થતું નથી ત્યારે પણ તેઓ ટીકા કરે છે. જ્યારે લોકોને તેનો (યોજનાનો) લાભ મળે છે ત્યારે પણ તેઓ તેની વિરુદ્ધ બોલે છે.'

'તેથી, તેમના પર ધ્યાન આપવાની કોઈ જરૂર નથી. મોદી સરકાર ખૂબ જ સકારાત્મક પરિવર્તન લાવ્યું છે, જેનો ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ રોજગાર સર્જનને મોટો ફાયદો થશે,' એમ મુખ્ય પ્રધાને કહ્યું હતું.

વિધાનભવન (રાજ્ય વિધાનસભા સંકુલ)ના પગથિયાં પર વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી ન આપવાની અને સરકારની રણનીતિનો ભાગ હોવાની ચર્ચા થઈ રહી છે તે અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વિશે પૂછવામાં આવતા, ફડણવીસે કહ્યું, 'અમારી પાસે આવી કોઈ રણનીતિ નથી. તેનાથી વિપરીત, હું ખૂબ ખુશ છું કે આ વર્ષના સત્રમાં ઘણી ચર્ચા ચાલી રહી છે.'

મહારાષ્ટ્ર વિધાનસભાનું શિયાળુ સત્ર હાલમાં નાગપુરમાં ચાલી રહ્યું છે.

'મને પણ ખૂબ આનંદ છે કે આ સત્રમાં આટલા બધા બિલ મંજૂર થયા છે. ચર્ચા થાય ત્યારે આપણે ખુશ થવું જોઈએ કારણ કે પગથિયાં પર બેસીને વિરોધ કરવો અને ચર્ચામાં ભાગ ન લેવાને લોકશાહીમાં સ્થાન નથી. શક્ય તેટલી ચર્ચા થાય તો અમે તેનું સ્વાગત કરીએ છીએ,' એમ તેમણે કહ્યું હતું.

મહારાષ્ટ્રમાં આગામી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ વિશે વાત કરતા, ફડણવીસે કહ્યું કે મુંબઈમાં આગામી મેયર શાસક મહાયુતિનો હશે.

કલ્યાણ-ડોમ્બિવલી (થાણે જિલ્લા)માં ફક્ત બે જ મુખ્ય પક્ષો છે અને તે શિવસેના અને ભાજપ છે, એમ જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે અન્ય પક્ષોનું ત્યાં બહુ અસ્તિત્વ નથી.

'અમે (શિવસેના-ભાજપ) સાથે બેસીને બેઠકોની વહેંચણી પર નિર્ણય લઈશું,' એમ તેમણે કહ્યું હતું.

## જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પુનડીના અનીષ (ચીંટુ) પ્રેમજી નાનજી છેડા (ઉં. ૫૪) તા. ૧૨-૧૨-૨૫ ના રોજ હાર્ટફેલથી અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ નાનજી ભાણજીના પૌત્ર. દમયંતી પ્રેમજીના સુપુત્ર. ઍડ. રાજેશના ભાઈ. બારોઇના મઠાબાઈ ઉમરશી દેવશી મોતાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે અને ત્વચાદાન કરેલ છે.

કોડાયના કિરણ લાલન (ઉ.વ. ૬૧) તા. ૧૨-૧૨-૨૫ના અવસાન પામેલ છે. વિજયા જયંતીલાલના પુત્ર. દિવ્યાના પતિ. હર્ષના પિતા. હરીશ, પ્રવિણા, કીર્તી (કવિતા)ના ભાઇ. ભુજપુરના કેસરબેન પોપટલાલ ભવાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. હરીશ લાલન, બી/૩૦૧, હબ ટાઉન શીખર, પી.પી. રોડ, અંધેરી (ઇ.), મું. ૬૯.

ડેપાના મંજુલાબેન ચુનીલાલ સાવલા (ઉંમર વર્ષ ૭૯) તા.૧૩-૧૨-૨૦૨૫ના અવસાન પામેલ છે. તેજબાઈ ગગુભાઈ વેલજી ભીમશી સાવલાના પુત્રવધુ. ચુનીલાલના ધર્મપત્ની. કીર્તી, બીન્દુના માતુશ્રી. તુંબડી લક્ષ્મીબેન પાલણભાઈ બહુઆના દીકરી. દમયંતીબેન પ્રભાકરભાઈ, કોડાય અરુણાબેન અમૃતલાલ, વાંઢ ભારતીબેન મહેન્દ્રભાઈ, ભૂજપૂર મધુબેન રમણીકભાઈ, ભીસરા કવિતાબેન કિરીટભાઈના મોટા બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. કિર્તી સાવલા, બીલ્ડીગ નં.૧૦૫, ફ્લેટ નં. ૫૦૪, શ્રી રામ સોસાયટી, પંતનગર પોસ્ટ ઓફિસની સામે, ઘાટકોપર (ઈ), મું-૭૫.

મોટા રતડીયા (હાલે વડોદરા)ના વલ્લભજી હીરજી ગડા (ઉ.વ. ૯૦) તા. ૧૦-૧૨-૨૦૨૫ના રોજ અરિહંત શરણ થયેલ છે. માતુશ્રી હીરબાઇ હીરજી ગડાના સુપુત્ર. પાનબાઇના પતિ. પુનમ, દીલીપ, રાજેશ, વિણા, જ્યોતિના પિતા. લખમશી, કલ્યાણજી, હંસરાજ, ભચીબાઇના ભાઇ. ભોજાય આસબાઇ ગોવિંદજી પાસડના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના રાખેલ નથી. ઠે. દીલીપ વલ્લભજી ગડા, ૪૦૧/એ, સીલ્વર સ્કવેર એપાર્ટમેન્ટ, ૬૪/બી, શ્રીનગર સોસાયટી, અકોટા, વડોદરા.

મોખાના લક્ષ્મીબેન વેલજી લાપસીયા (ઉ.વ. ૯૨) તા. ૧૨-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સુંદરબેન હધુ લાપસીયાના પુત્રવધુ. વેલજીના

સ્વ.ઇન્દીરાબેન ક્રષ્ણકાન્ત જાની, ગં.સ્વ.સરલાબેન રમેશચંદ્ર ત્રિવેદીના નાની બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

અમરેલીવાળા હાલ કાંદિવલી સ્વ. પ્રભુદાસ ધનજીભાઈ બોસમીયાના ધર્મપત્ની હેમલત્તા બોસમીયા (ઉં. વ. ૯૪) તે ભાવનગરવાળા સ્વ. કલ્યાણજી પીતાંબર મેર, સ્વ. ભગીરથીબેન પ્રાગજીભાઈ છાટબારના બેન. સ્વ. રમેશભાઈ, સ્વ. અનિલભાઈ, રાજેશભાઈ, સ્વ. હંસાબેન અરુણકુમાર સિંઘવડ, ભારતીબેન, ગં. સ્વ લતાબેન શાંતિલાલ શાહના માતુશ્રી. જ્યોતિબેન, પ્રીતિબેન, નીતાબેનના સાસુ. રાજ, ચિરાગ, દીપ, રિદ્ધિ, સમીર, મનીષ, હર્ષના બા. તે ૧૨/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૪/૧૨/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, કાંદિવલી વેસ્ટ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

ઇન્દીરાબેન ભુપેન્દ્રભાઈ માલવિયા (ઉં. વ. ૭૩) તે પરેશ, રૂપા, ફાલ્ગુનીના માતુશ્રી. સ્વ. સવિતાબેન મગનલાલ ગોરસિયાના દીકરી. જીતેન્દ્ર, જયેશ, સ્વ. સર્યુ મનસુખલાલ ધાબળીયા, સ્વ. હર્ષા રમેશભાઈ બદીયાણી, પ્રજ્ઞા જયેશ સેલારકા, અલ્પા બકુલેશ મીઠાણી, જયશ્રી વિમલ મોતીપરાના બહેન. સ્વ. હર્ષદા તથા રેખાબેનના નણંદ. ભરત કરમચંદ માલવિયાના ભાભી. ભાનુબેન રસિકલાલ સાંગાણી, સ્વ. વસંતભાઈ, સ્વ. ધનસુખભાઇ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. સવિતાબેન, સ્વ. રમીલાબેનના ભાણેજ વહુ. ૧૨/૧૨/૨૫ના અક્ષર નિવાસી થયેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

લાઠી નિવાસી હાલ બોરીવલી ગીરીશભાઈ હરગોવિંદદાસ વળીયાના ધર્મપત્ની અ.સૌ. જ્યોત્સના (ઉં. વ. ૭૬) તે હેમાંગ-હેમાલી, અમી અમર પારેખના માતુશ્રી. સ્વ. ધીરજલાલ, સ્વ. સુરેશચંદ્ર, સ્વ. હીરાબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. ભાનુબેન, હંસાબેન, વીણાબેનના ભાભી. તે જાફરાબાદવાળા ડૉ. ધરમદાસ નરોત્તમદાસ સંઘવીના પુત્રી. તે ગં.સ્વ. લતાબેન અરવિંદભાઈ, મહેન્દ્રભાઈ, ઉષાબેન કિશોરભાઇ દલાલના બેન. શુક્રવાર, ૧૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા નિવાસસ્થાને. તા. ૧૪-૧૨-૨૫, રવિવારના સાંજે ૪ થી ૬. યશપ્રભા સોસાયટી, કસ્તુર પાર્ક, શિંપોલી રોડ, ઝુડીયો સ્ટોરની ઉપર, બોરીવલી પશ્ચિમ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

સુધીર વિજયસિંહ ઉદેશી (ઉં.વ.૭૪), તે સ્વ. ધર્મિષ્ઠા ઉદેશીના પતિ. ગં.સ્વ. પુષ્પા વિજયસિંહ ઉદેશી અને સ્વ. વિજયસિંહ ગોકુલદાસ ઉદેશીના પુત્ર. સંદીપ ઉદેશીના પિતા. ખૂશ્બુ ઉદેશીના સસરા. ધ્રુવ, યતીન અને વિક્રમ ઉદેશીના ભાઈ. તે સ્વ. ઝમકુરબાઈ દામોદરદાસ ભાટિયાના જમાઈ. શુક્રવાર, ૧૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા મંગળવાર, ૧૬-૧૨-૨૫ના સાંજે ૫ થી ૭. એફપીએચ ગરવારે હોલ, લાલા લજપતરાય માર્ગ, ૫મે માળે, હાજીઅલી, મુંબઈ-૪૦૦૦૩૪. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

દેલવાડા વાળા હાલ વિલેપાર્લે સ્વ. ભાનુબેન દુર્લભદાસ ગોરડિયાના પુત્ર સુધીર (ઉં. વ. ૭૨) તે જયશ્રીના પતિ. નિશીથ-ભક્તિ, રૂપલ અને જેશલ ધર્મેશ જોશીના પિતા. રિધાન, હિતાર્થ અને મહેકના દાદા. સ્વ. ભારતીબેન સુરેશચંદ્ર પારેખ, સ્વ. જ્યોત્સનાબેન ઇશ્વરદાસ સંઘવી, વર્ષાબેન ભરતકુમાર જોંગલા, ગીતાબેન જયકાન્ત મહેતા, દિપ્તીબેન જયેન્દ્ર સંઘવી તથા અતુલભાઇ અને ભાવેશભાઇ નવીનચંદ્ર ગોરડીયાના ભાઇ. જાફરાબાદવાળા તારાલક્ષ્મી સંઘવીના જમાઇ. તા. ૯-૧૨-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

**કપોળ**

ઉગલવાણ વાળા હાલ કાંદિવલી સ્વ. ભાનુબેન જયંતીલાલ મહેતાના પુત્રવધૂ મધુબેન અશોકભાઇ મહેતા (ઉં. વ. ૬૯) તે અનિલ-હેતલ, હેતલ ચિરાગ સંઘવી, પૂજા રોહન મિસ્ત્રી, ભાવીન-જીજ્ઞા, કાજલ-દેવાંગના માતુશ્રી કાકી. તે પ્રવીણાબેન દીનેશભાઇ મહેતા, ગં. સ્વ. લલિતાબેન મુકુંદરાય મહેતા, ગં. સ્વ. ચંદ્રીકાબેન અનંતરાય મહેતા, ગં. સ્વ. મંજુલાબેન ભૂપતરાય ચીતલિયાના ભાભી. તે મહુવાવાળા સ્વ. શાંતિલાલ જમનાદાસ કોઠારીની દીકરી. તે સ્વ. નાથાલાલ નારણદાસ ગાંધીના ભાણેજ. તા. ૧૧-૧૨-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧૫-૧૨-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. લોહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (પશ્ચિમ).

## પારસી મરણ

બેહરામ રુસ્તમ આગા (ઉં. વ. ૮૭) તે ધુનના પતિ. તે મરહુમ રુસ્તમ અને મરહુમ ગુલ બાનુના દીકરા. તે બરાક, શાહવીરના પિતા. તે તાન્યા, શ્વેતાના સસરા. તે વ્લાદિસ્લાવ, વ્લાદિમીર, સનાયાના ગ્રાન્ડફાધર. તે કેટી દસ્તુર, નોશિર આગાના ભાઇ. તા. ૧૩-૧૨-૨૫ના ગુજરી ગયા છે. ઉઠમણું : તા. ૧૪-૧૨-૨૫ એ. ઠે. સી. ડી. સેઠના બિલ્ડિંગ, ફ્લેટ નં.૧૧, બીજો માળ, ગોલાનજી હિલ, પરેલ, મુંબઇ-૧૨.

ધર્મપત્ની. સ્વ. મનસુખ, અમૃત, મંજુલા, ભારતી, સ્વ. નયનાના માતુશ્રી. વડાલાના માકબાઇ દેવજી ઘેલા નિસરના પુત્રી. શામજી, જીવરાજ, પ્રેમજી, ટોકરશી, વડાલાના લાડબાઇ કેશવજી, જેઠીબેન રવજી, કુંદરોડી પાનબાઇ ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિ. અમૃત લાપસીયા, ૨૨, મેરી બીલ્ડીંગ, મોરેશ્વર ધામની સામે, લીબર્ટી ગાર્ડન રોડ નં. ૩, મલાડ (વે.), મું. ૬૪.

રતાડિયા (ગ.) ના વલ્લભજી સાવલા (ઉ.વર્ષ ૭૯) તા. ૧૨-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. દેવકાબેન મેઘજીના પુત્ર. સ્વ. નિર્મળા/સરલાના પતિ. મુકેશ, અંજલીના પિતા. લક્ષ્મીચંદ, પ્રવીણ, ચુનીલાલ, તલકશી, પ્રફુલ, શશિકાંત, વાંકીના જવેરબેન હીરજી, બારોઇના રમીલા નેમજીના ભાઈ. ગુંદાલાના કુંવરબાઈ અરજણ, લુણીના રતનબેન પુનશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સરલા સાવલા, ૨૦૪, મુનિ સુવ્રત ટાવર, એવરશાઇન સીટી, વસઇ (ઈસ્ટ) પાલઘર-૪૦૧૨૦૮.

મોટી ઉનડોઠના મેઘજી નેણશી ગાલા (ઉ.૯૦) તા. ૧૧-૧૨-૨૫ ના રોજ અવસાન પામેલ છે. મેઘબાઇ નેણશીના પુત્ર. જવેરબેનના પતિ. મનોજ, ચેતન, યામિની, કામિનીના પિતા. ગાંગજી, કાનજી, કેશવજી, માવજી, સાભરાઈના અમૃતબેન નાનજી, મણીબેન વલ્લભજીના ભાઇ. દેઢિયાના પાનબાઈ વીરજી ધનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. : ચેતન ગાલા, ઓમ ત્રિશુલ બિ., બાબા સાહેબ જોષી માર્ગ, ડોંબીવલી (ઈ)-૨૦૧.

કકરવાના વિનોદ જીવરાજ કોરશી કારીઆ (ઉંમર વર્ષ - ૬૭) ગુરુવાર, તા. ૧૧-૧૨-૨૦૨૫ ના મુંબઇ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન જીવરાજના સુપુત્ર. જવેરબેનના પતિ. મયુરના પિતાશ્રી. પાનબાઇ, લખમશી, હસમુખ, મણીલાલ, જીતેન્દ્રના ભાઇ. લાકડીયાના રખુબેન દેવરાજ વાલજી ગડાના જમાઇ. (નેત્રદાન કરેલ છે.) પ્રાર્થના સભા : સોમવાર, તા. ૧૫.૧૨.૨૦૨૫, સમય બપોરે ૪.૦૦ થી ૫.૩૦, પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈ). પ્રાર્થના પછી બરવિધી રાખેલ છે.

કોટડા (રોહા) ના દામજી ચાપશી વિકમાણી (ઉ.વ.૯૪) તા. ૧૨-૧૨-૨૫ ના દેહત્યાગ કરેલ છે. કુંવરબાઈ ચાપશી અજાના પુત્ર. વિમલાબેનના પતિ. બંકીમ, રમીલા, અશ્વિની, તરૂલતાના પિતા. આસુ, દેવપુર ભચીબાઈ નાનજી, કોટડા રોહા વેલબાઈ રાયશી, શેરડી પાનબાઈ શામજીના ભાઈ. હાલાપુર પાનબાઈ ભારમલ લીલાધર ગોસરના જમાઈ. પ્રાર્થના સ્થળ : શ્રી ક.વિ.ઓ. જૈન મહાજનવાડી, ચીંચબંદર, કેશવજી નાયક રોડ. ટા.૩.૩૦ થી ૫.૦૦.

ગુંદાલા હાલે અમદાવાદના માતુશ્રી કેશરબેન ગોગરી (ઉંમર ૮૭) તા ૧૨-૧૨-૨૫ના બીજા ઉપવાસે સમાધિ પૂર્વક સંથારો સીઝેલ છે. સ્વ રામજીભાઈ લખમશીના પત્ની. રાજેશ, નિર્મળા, સ્વ. સરોજ, ભાવનાના માતાજી. છસરાના પાનબાઈ નાનજી વોરાના પુત્રી. સ્વ. દામજી, સ્વ. લક્ષ્મી મગનલાલ છેડા રતાડિયા, સ્વ. જયા લખમશી ગડા પત્રીના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : રાજેશ રામજી ગોગરી, બી/૬૦૧, વાઇસરોય વિલા, મધર મિલ્ક પેલેસની સામે, જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ.

ત્રગડીના વસુંધરા દામજી ગોગરી (ઉ.વ. ૮૮) તા. ૧૦-૧૨ ના અવસાન પામેલ છે ઉમરબાઈ વેલજીના પુત્રવધૂ. દામજીના પત્ની. વિપિન, લતાના માતા. ના.ખાખર ભચીબાઈ માણેક ચનાના પુત્રી. ચંપક, વસંત, રસિકના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. વિપિન ગોગરી, ૪૦૭, પગરવ, એસ.વી. રોડ, ગોરેગામ (વે), મુંબઈ-૧૦૪.

નાના ભાડિયા હાલે ભાંડુપના માતુશ્રી કસ્તુર બેન વીરચંદ નંદુ (ઉ.વ.૮૭) તા. ૧૨.૧૨.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી કમીબાઈ રવજી વેલજી નંદુના પુત્રવધૂ. વીરચંદના પત્ની. કિરણના માતુશ્રી. નાના ભાડિયાના માતુશ્રી દેવકાબેન રામજી લખધીર ગોગરીના પુત્રી. વલ્લભજી, બંસીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ.મલય કિરણ નંદુ, એ-૩૦૩, છેડા હાઈટ્સ, એલ.બી.એસ.માર્ગ, ભાંડુપ (વે), મુંબઇ-૭૮

કોટડી (મહા.) ના નાનચંદ રતનશી સાવલા (ઉ.૭૯) તા. ૧૨-૧૨-૨૫ ના અવસાન પામેલ છે. ભાણબાઈ (કેશરબાઈ) રતનશીના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. નીતિન, જિજ્ઞા (જખી)ના પિતા. શામજી, નવિનચંદ્ર, ચંદ્રકાંત, જયા, મંજુલાના ભાઇ. ભોજાય જેઠીબાઈ કુંવરજી નાગડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. નાનચંદ સાવલા, ઈ/૧૦૭, માધવાશ્રમ નગર-૨, શિવ મંદિર રોડ, ડોંબિવલી (પૂ).

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચુડા નિવાસી હાલ વિલેપાર્લે (વે) ગં. સ્વ. ઇન્દિરાબેન ગિરધરલાલ ધ્રુવ (ઉં. વ. ૮૫) તે સંજયભાઇ અને રૂપલબેન પિલ્લાઇના માતુશ્રી. લોપાબેન અને દિનેશભાઇ પિલ્લાઇના સાસુ. દેવેન, આકાશ, જિનાલી અને દિવ્યાના દાદી. વિક્રમ અને રાહુલના નાની. શનાયાના પરદાદી. શનિવાર, તા. ૧૩-૧૨-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા શ્રીમાળી ૧૦૮ ગોળનું જૈન**

કરણનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. ઉતમચંદ ધુરાલાલ શાહ (ઉં. વ. ૮૨) તા. ૧૨-૧૨-૨૫ના શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રભાવતીબેનના પતિ. તે જાગૃતિ, રાકેશ, પારૂલ અને ચિરાગના પિતા. તે હેતલ, ડો. માનસી, રાકેશભાઇ તથા ડો. પારસભાઇના સસરા. તથા વિહાન અને નિયોમીના દાદા. તથા સ્વ. હરગોવનદાસ સ્વરૂપચંદ શાહના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ શીવલખા હાલે લાકડીયાના દિપ્તી પંકજ કાનજી ગડા (ઉ.વ.૪૫) તા.૧૦-૧૨-૨૫ બુધવારના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. સ્વ. અરઘાબેન કરમણ માઈયાના પૌત્રવધૂ. જવેરબેન કાનજી પુત્રવધૂ. પંકજના ધર્મપત્ની. ક્રિષ, વંશીના માતુશ્રી. વિમળા, સ્વ. હિના/હેતલ, રીટાના ભાભી. લાકડીયાના જવેરબેન દામજી ગાલાની દીકરી. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૫-૧૨-૨૫ સમય બપોરે ૨ થી ૩. સ્થળ. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ સંચાલિત શ્રી કરશન લધુભાઈ નિસર હોલ, દાદર-વેસ્ટ, નિવાસસ્થાન. બી/૬૦૩, રાજયોગ રેસીડેન્સી, એચ.એન.કમ્પાઉન્ડ, એમ.જી.રોડ, ગોરેગામ-વેસ્ટ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

વાલીઓએ ખાસ ચેતવું:

# મુંબઈમાંથી દરરોજ ચારથી પાંચ છોકરી થાય છે ગુમ!

**ઑક્ટોબરમાં અપહરણના સૌથી વધુ ૧૩૬ ગુના નોંધાયા: ગુજરાત-રાજસ્થાનમાં લગ્ન માટે સગીરાઓની તસ્કરીના મામલા સામે આવ્યા**

મુંબઈ: માયાનગરી મુંબઈની ચમકદમકથી અંજાઈને અન્ય રાજ્યોમાંથી ભાગીને મુંબઈ આવનારાં છોકરા-છોકરીઓની સંખ્યા નાનીસૂની નથી ત્યારે હવે મુંબઈમાંથી ગુમ થનારી સગીર છોકરીઓનું પ્રમાણ વધી રહ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. મુંબઈમાંથી દરરોજ ચારથી પાંચ છોકરી ગુમ થતી હોવાનું પોલીસના આંકડા દર્શાવે છે, જે જોતાં વાલીઓ માટે ખાસ ચેતવા જેવું છે. માત્ર ઑક્ટોબરમાં જ મુંબઈ પોલીસમાં સગીરાના અપહરણના સૌથી વધુ ૧૩૬ ગુના નોંધાયા હતા અને ગુજરાત-રાજસ્થાનમાં લગ્ન માટે છોકરીઓની તસ્કરીના મામલા પણ સામે આવ્યા હતા.

પોલીસના આંકડા દર્શાવે છે કે જાન્યુઆરીથી ઑક્ટોબર સુધીના ૧૦ મહિનામાં મુંબઈનાં વિવિધ પોલીસ સ્ટેશનોમાં સગીરાઓનાં અપહરણના ૧,૧૮૭ ગુના નોંધાયા હતા. આનો અર્થ એ કે રોજ સરેરાશ ચારથી પાંચ છોકરી મુંબઈમાંથી ગુમ થાય છે.

વરિષ્ઠ પોલીસ અધિકારીના દાવા મુજબ સગીર છોકરી ગુમ થાય તો અપહરણનો ગુનો (જુઓ પાનું ૪) ▶▶

## કાચા માલનો ભાવ વધતા પતંગ મોંઘા થયા

છત્રપતિ સંભાજી નગર: કાચા માલના ભાવમાં થયેલા વધારાને કારણે આ વર્ષે પતંગના ભાવમાં લગભગ ૪૦ ટકાનો વધારો થવાથી મકરસંક્રાંતિના તહેવાર પહેલા ઉત્પાદકોના કામકાજ પર અસર પડશે. એક ઉત્પાદકે જણાવ્યું હતું કે પતંગની લઘુત્તમ કિંમત ગયા વર્ષે પાંચ રૂપિયા હતી, જે આ વર્ષે વધીને સાત રૂપિયા થઈ ગઈ છે. ૬૦ વર્ષથી પતંગ બનાવવાનો વ્યવસાય કરતો છત્રપતિ સંભાજી નગરના બુઢ્ઢી લેન વિસ્તારનો રાજપૂત પરિવાર સમગ્ર મહારાષ્ટ્ર અને પડોશી રાજ્યોમાં પતંગો સપ્લાય કરે છે.

દર વર્ષે તહેવારોની મોસમમાં સ્થાનિક અને બહારના બંને ખરીદદારો તેમની દુકાનો પર ઉમટી પડે છે. હાલ રાજપૂત બંધુઓની વર્કશોપમાં પતંગ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. પતંગ ઉત્પાદક અનિલ રાજપૂતે જણાવ્યું હતું કે ગયા વર્ષની સરખામણીમાં કાચા માલના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે. ગયા વર્ષે એક રિમ પેપરનો ભાવ ૯૦૦ રૂપિયા હતો જે આ વર્ષે વધીને ૧ હજાર ૧૦૦ રૂપિયા થઈ ગયો છે. ૧,૦૦૦ વાંસની લાકડીઓના બંડલની કિંમત અગાઉ ૧,૦૫૦ રૂપિયા હતી, પરંતુ કિંમત લગભગ બમણી થઈને લગભગ ૨,૦૦૦ રૂપિયા થઈ ગઈ છે. ઉત્પાદન ખર્ચમાં વધારાની સીધી અસર પતંગના ભાવ પર પડી છે. ■

બાળકો ગુમ થવાની ઘટના

## રાજ ઠાકરેએ મુખ્ય પ્રધાનને લખ્યો પત્ર

મુંબઈ: મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને એક ખુલ્લો પત્ર લખ્યો છે. આ પત્ર દ્વારા રાજ ઠાકરેએ રાજ્યમાં બાળકોનું અપહરણ કરતી ગેંગ અને ગુમ થઈ રહેલા બાળકોની વધતી સંખ્યા અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા એટલું જ નહીં, રાજ ઠાકરેએ વિધાનસભામાં આ મુદ્દાઓ પર ચર્ચાની પણ માંગ કરી હતી.

ફડણવીસને સંબોધીને લખવામાં આવેલા અને સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ એક્સ પર પોસ્ટ કરવામાં આવેલા પત્રમાં રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે, 'હું આ પત્ર લખીને તમારું ધ્યાન એક ખૂબ જ મહત્વપૂર્ણ અને ગંભીર મુદ્દા તરફ દોરવા માગું છું. મહારાષ્ટ્રમાં બાળકોના અપહરણ અને ગુમ થવાની સંખ્યા સતત વધી રહી છે. એનસીઆરબી (નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ (જુઓ પાનું ૪) ▶▶

## આ મુદ્દે કાર્યવાહી થઈ રહી છે: ફડણવીસ

મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ શનિવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને નાના બાળકોના ગુમ થવાની સંખ્યામાં થઈ રહેલા વધારા પર ચિંતા વ્યક્ત કરતો પત્ર લખ્યો હતો અને દેવેન્દ્ર ફડણવીસે હવે રાજ ઠાકરેના પત્રનો જવાબ આપ્યો છે. 'રાજ ઠાકરે દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નો અંગે અમે પહેલાથી જ વિગતવાર આંકડા રજૂ કર્યા છે. જોકે, જો તેમને કોઈ શંકા હોય તો તેઓ ચોક્કસપણે તેનો જવાબ આપશે,' એમ પણ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

'મેં હજુ સુધી રાજ ઠાકરે દ્વારા મોકલવામાં આવેલો પત્ર વાંચ્યો નથી. જોકે, મેં પહેલેથી જ છોકરીઓ કે છોકરાઓના ગુમ થવાના આંકડા અને કારણો આપ્યા છે. મેં એ પણ જણાવ્યું છે કે તેમાંથી કેટલી છોકરીઓ પરત આવે છે. મહત્વનો મુદ્દો એ છે કે જો કોઈ છોકરી ઝઘડાને કારણે ઘરેથી નીકળી જાય અને ત્રણ દિવસ પછી પાછી આવે, તો પણ અમે ગુમ થવાની ફરિયાદ તો નોંધાવીએ છીએ. એટલા માટે આવી ફરિયાદોની સંખ્યા વધુ દેખાય છે. અમારો અંદાજ છે કે જો આપણે એક વર્ષનો વિચાર કરીએ, તો ૯૦ ટકાથી વધુ ગુમ બાળકોને પાછા લાવીએ છીએ. ઉપરાંત, જે બાકી રહે છે તેઓ આગામી દોઢ વર્ષમાં પાછા આવે છે અથવા મળી આવે છે. આમ છતાં, જો તેમને કોઈ શંકા હોય, તો હું ચોક્કસપણે તેમને જવાબ આપીશ,' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

**ગૃહ રાજ્ય પ્રધાન યોગેશ કદમે શું જવાબ આપ્યો?**

રાજ્યના ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગેશ કદમને જ્યારે રાજ ઠાકરે દ્વારા લખવામાં આવેલા પત્ર બાબતે પુછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું હતું કે, 'મને ખબર નથી કે રાજ ઠાકરેએ કયો પત્ર લખ્યો હતો, પરંતુ અમે બાળકો અચાનક ગુમ થવાના કેટલાક સમાચાર પણ જોયા છે. મારે અહીં કહેવું જ જોઇએ કે જ્યારે બાળકો ગુમ થાય છે, ત્યારે અમે તેમની તપાસ માટે એક ખાસ તપાસ યોજના અમલમાં મૂકીએ છીએ. આ ખાસ ઝુંબેશ દરમિયાન, એવું નોંધાયું છે કે અમને તેમાંથી ઘણા પાછા મળ્યા છે, ભલે (જુઓ પાનું ૪) ▶▶

## મેસી આજે મુંબઈ આવે છે: કોલકાતામાં તોફાનોને પગલે મુંબઈ અદ્ધર શ્વાસે

**બપોરે બ્રેબોર્ન સ્ટેડિયમ, સાંજે વાનખેડેમાં ઈવેન્ટ્સ: પોલીસનો ચાંપતો બંદોબસ્ત**

મુંબઈ: આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીની રવિવારે મુંબઈની મુલાકાતને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા કડક સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મેસીની બપોરે બ્રેબોર્ન સ્ટેડિયમ અને સાંજે વાનખેડેમાં ઇવેન્ટ હોવાથી સ્ટેડિયમની અંદર પાણીની બોટલો, ધાતુ, સિક્કા નહીં લઇ જવા દેવામાં આવશે અને ભીડ પર નજર રાખવા માટે વોચટાવર ગોઠવવામાં આવ્યા છે. કોલકાતા ખાતે થયેલા તોફાનોને પગલે મુંબઈ પોલીસ ખાસ તકેદારી રાખી છે. કોલકાતામાં શનિવારે (જુઓ પાનું ૪) ▶▶

## દહીંસર-જુહુથી રડાર સેન્ટર ખસેડાશે: રિડેવલપમેન્ટ માટે મોકળાશ વધશે

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે મુંબઈના દહિસર અને જુહુથી હાઈ ફ્રિક્વન્સી રડાર સેન્ટરોને ટેકનિકલી યોગ્ય વૈકલ્પિક સ્થળો પર ખસેડવાનો નિર્ણય લીધો હોવાનું મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે જણાવ્યું હતું. આ નિર્ણયને પગલે આસપાસના વિસ્તારોમાં પુનર્વિકાસની સંભાવના વધી જશે કારણ કે દહિસર અને જુહુ ખાતેના રડાર બિલ્ડિંગની ઊંચાઈ પર પ્રતિબંધ મૂકે છે.

વિધાનસભામાં જાણકારી આપતા ફડણવીસે જણાવ્યું હતું કે નાગરિક ઉડ્ડયન મંત્રાલય, કેન્દ્ર સરકાર અને એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એએઆઈ) દહિસર સ્થિત રડાર અન્ય સ્થળે ખસેડવા સંમત થયા છે. મહારાષ્ટ્ર સરકારે સ્થળાંતરનો ખર્ચ ઉઠાવવા અને વૈકલ્પિક જમીન પૂરી પાડવાની તૈયારી દર્શાવી છે. ગોરાઈની જમીન કેન્દ્રને વિનામૂલ્યે આપવામાં આવશે અને દહિસર ખાતેની એએઆઈની ૪૦ ટકા જમીનનો ઉપયોગ જાહેર હેતુઓ માટે કરવામાં આવશે.

સરકારે ટેકનિકલ મૂલ્યાંકન માટે એએઆઈને જુહુ ખાતે વૈકલ્પિક સ્થળ પણ સૂચવ્યું છે. ટેકનિકલ અભ્યાસ પૂર્ણ થયા પછી અને સાઇટને અંતિમ સ્વરૂપ આપ્યા બાદ જુહુ રડારને (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત કરવા સરકાર કટિબદ્ધ: '૧૭' પ્રકલ્પની પસંદગી

નાગપુર: રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ મુંબઈમાં ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટના લાભાર્થીઓને રાહત આપવા માટે શનિવારે વિધાન પરિષદમાં ઘણી મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. આમાં મુંબઈને ઝૂંપડપટ્ટી મુક્ત બનાવવા માટે ૧૭ સ્થળે એસઆરએ ગ્રુપ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની જાહેરાત, એસઆરએ અભય યોજનાને ડિસેમ્બર ૨૦૨૬ સુધી મુદત વધારો અને ફરિયાદોના ઝડપી નિવારણ માટે સર્વોચ્ચ ફરિયાદ નિવારણ સમિતિઓની સંખ્યામાં વધારો સામેલ છે. આ સાથે તેમણે 'મ્હાડા'ના ઓક્યુપન્સી સર્ટિફિકેટ - ઓસી માટે અભય યોજનાને એક વર્ષ સુધી લંબાવવાની અને મુંબઈ મહાનગરપાલિકાના લીઝ્ડ પ્લોટ પર મ્યુનિસિપલ કર્મચારીઓ દ્વારા બાંધવામાં આવેલા મકાનો માટે નવી યોજનાની પણ જાહેરાત કરી હતી.

એકનાથ શિંદેએ એમ પણ જણાવ્યું હતું કે ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ યોજના હવે ૫૦ એકર કે તેથી વધુ અંગત માલિકીની, સરકારી અથવા અર્ધ સરકારી જમીન પર હવે એકત્રિતપણે (જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્ર માટે દોઢ લાખ કરોડના માર્ગ બાંધકામ મંજૂર: ગડકરી

નાગપુર: મહારાષ્ટ્ર માટે ૨૦૨૬ માટે ૧.૫૦ લાખ કરોડ રૂપિયાના રસ્તાના કામોને મંજૂરી આપવામાં આવી હોવાની જાણકારી કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ શનિવારે આપી હતી. વિધાનસભા પરિસરમાં સંવાદદાતાઓને તેમણે જણાવ્યું હતું કે, આગામી ત્રણ મહિનામાં કામ શરૂ થઈ જશે. નાગપુરના સંસદ સભ્યએ વિધાનસભા પરિષદની શતાબ્દી ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ભાગ લેવા વિધાનસભા સંકુલની મુલાકાત લીધી હતી.

ગડકરીએ વધુમાં જણાવ્યું હતું કે એમએસઆઈડીસી (મહારાષ્ટ્ર સ્ટેટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન) ૧૬ હજાર ૩૧૮ કરોડ રૂપિયાના ખર્ચે નવા પુણે-સંભાજી નગર એક્સપ્રેસ વેનું નિર્માણ કરશે અને એક એમઓયુ તૈયાર કરવામાં આવ્યો છે. નવા એક્સપ્રેસવેથી પૂણેથી છત્રપતિ સંભાજીનગર સુધીની મુસાફરીનો સમય બે કલાક અને છત્રપતિ સંભાજી નગરથી નાગપુરની મુસાફરીનો સમય અઢી કલાક જેટલો ઘટી જશે. પુણે ક્ષેત્ર માટે ૫૦ હજાર કરોડ રૂપિયાના રસ્તાના કામોને મંજૂરી આપવામાં આવી છે અને આગામી ત્રણ મહિનામાં તેનું નિર્માણ શરૂ થશે.

વધુ જાણકારી આપતા ગડકરીએ કહ્યું હતું કે અંદાજે રૂ. ૧૫ હજાર કરોડના બાંધકામ ખર્ચ સાથે હાલના પુણે-મુંબઈ એક્સપ્રેસવેની સમાંતર એક્સપ્રેસ-વે તૈયાર થયા પછી બંને શહેરો વચ્ચેનો મુસાફરીના સમયમાં દોઢ કલાકનો ઘટાડો થશે.. મુંબઈ-પુણે-બેંગલુરુ મુસાફરીનો સમય સાડા પાંચ કલાકનો રહેશે. (પીટીઆઈ)■

## પશ્ચિમ અને મધ્ય રેલવેમાં આજે મેગાબ્લોક

મુંબઈ: મુંબઈ શહેરની લાઇફલાઇન સમાન લોકલ ટ્રેનની ત્રણેય લાઇન પર રવિવારે જાળવણીનું કાર્ય હાથ ધરવામાં આવવાનું હોવાથી મેગાબ્લોક લેવામાં આવ્યો છે, જેને કારણે અનેક લોકલ રદ કરવામાં આવશે.

સેન્ટ્રલ રેલવેમાં માટુંગા અને મુલુંડ વચ્ચે સવારે ૧૧.૦૫થી બપોરે ૩.૪૫ વાગ્યા સુધી મેગાબ્લોક રહેશે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી સવારે ૧૦.૩૬થી બપોરે ૩.૧૦ દરમિયાન ઉપડનારી ડાઉન ફાસ્ટ લાઇન પરની લોકલને માટુંગા સ્ટેશને સ્લો લાઇન પર વાળવામાં આવશે. થાણેથી આગળ જતી ફાસ્ટ લોકલને મુલુંડ સ્ટેશને ફરી ડાઉન ફાસ્ટ લાઇન પર વાળવામાં આવશે. થાણેથી સવારે (જુઓ પાનું ૪) ▶▶

મુંબઈ-અમદાવાદ હાઈવે પર ટ્રાફિક

## મીરા-ભાયંદરમાં વિશેષ પ્લાન, ૧૫ ડિસેમ્બરથી લાગુ

થાણે: મુંબઇ-અમદાવાદ હાઇવે પર વારંવાર સર્જાતી ટ્રાફિક જૅમની સમસ્યાનું નિરાકરણ લાવવા માટે મીરા-ભાયંદરમાં વાહનવ્યવહારમાં નોંધપાત્ર ફેરફારો કરવામાં આવ્યા છે. અંહીના આંતરિક માર્ગો પર વધી રહેલા વાહનોને કારણે નાગરિકોના સમય અને ઇંધણનો વેડફાટ થતો હતો. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મીરા-ભાયંદર વસઇ-વિરાર પોલીસ કમિશનરેટ દ્વારા પ્રાયોગિક ધોરણે ટ્રાફિક નિયમન અમલમાં લાવવામાં આવશે.

મુંબઈ તરફ જનારા વાહનો માટે કાશીમીરા માર્ગ સિવાય અન્ય તમામ વૈકલ્પિક આંતરિક માર્ગો વન-વે તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ ફેરફાર ૧૫ ડિસેમ્બરથી લાગુ થવાના હોવાથી શરૂઆતમાં પ્રયોગિક ધોરણે ૧૫થી ૨૦ ડિસેમ્બર દરમિયાન દરરોજ સાંજે ૬ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી તે (જુઓ પાનું ૪) ▶▶

## ઘાટકોપર સ્ટેશન બહાર બહુમાળીય બિલ્ડિંગમાં આગ: જાનહાનિ નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘાટકોપર(પૂર્વ)માં રેલવે સ્ટેશન બહાર આવેલી બહુમાળીય ઈમારતમાં ઉપરના માળે આવેલા ફ્લેટની બારીની બહાર આગ લાગવાનો બનાવ બન્યો હતો. સદ્નસીબે આગ મામૂલી હોવાથી કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ઘાટકોપરમાં રેલવે સ્ટેશન બહાર જવાહર રોડ પર ગ્રાઉન્ડ પ્લસ બે બેઝમેન્ટ સહિત ૧૫ માળની દ્વારકા બિલ્ડિંગ આવેલી છે. શનિવારે બપોરના (જુઓ પાનું ૪) ▶▶

## 'શરદ પવારને ભારત રત્ન આપો'

**એનસીપી સાંસદની માગણી, ભાજપ નેતાએ હાંસી ઉડાવી**

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)ના નેતા શરદ પવારના ૮૫મા જન્મદિનની તાજેતરમાં ઉજવણી કરવામાં આવી હતી. જન્મ દિવસની પૂર્વ સંધ્યાએ દિલ્હીમાં આયોજિત રાત્રી ભોજન સમારોહમાં રાહુલ ગાંધી, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના સંસદ સભ્ય નિલેશ લંકેએ શરદ પવારને ભારત રત્ન આપવાની માગણી કરતા રાજકીય વર્તુળોમાંથી પ્રતિક્રિયાઓ આવી રહી છે. ભાજપના વિધાન સભ્ય ગોપીચંદ પડળકર અને વકીલ ગુણરત્ન સદાવર્તેએ આ માગણીની હાંસી ઉડાવી છે.

એનસીપી નેતા નિલેશ લંકેએ કહ્યું કે શરદ પવાર એકમાત્ર એવા કૃષિ પ્રધાન છે જેમના કાર્યકાળ દરમિયાન વિક્રમી ૭૨ હજાર કરોડ રૂપિયાનું ખેડૂતોનું દેવું માફ કરવામાં આવ્યું હતું. શરદ પવારે દેશના અનેક મહત્વપૂર્ણ વિષયોમાં મોટી ભૂમિકા ભજવી હોવાથી ખેડૂતોમાં એવી ભાવના છે કે શરદ પવારને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવે. શરદ પવારના જન્મદિવસ નિમિત્તે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને પ્રફુલ પટેલ દિલ્હીમાં સાથે જોવા મળ્યા હતા. ■

## રાયગડમાં કન્ટેઈનર સાથે ટકરાયેલી કારનો કચ્ચરઘાણ: પિતા-પુત્રનાં મોત

**પુત્રનાં લગ્ન નક્કી થયાં હોવાથી પિતા વિદેશથી આવ્યા: ઍરપોર્ટથી ઘરે જતી વખતે કાળ ભરખી ગયો**

મુંબઈ: મુંબઈ-ગોવા નૅશનલ હાઈવે પર રાયગડ જિલ્લામાં થયેલા ગમખ્વાર અકસ્માતમાં પિતા-પુત્રનાં મોત નીપજ્યાં હતાં. પુત્રનાં લગ્ન નક્કી થયાં હોવાથી પિતા વિદેશથી આવ્યા હતા, પરંતુ ઍરપોર્ટથી ઘરે જતી વખતે માર્ગમાં જ કાળ ભરખી ગયો હતો.

કોલાડ પોલીસના જણાવ્યા મુજબ અકસ્માતની ઘટના શનિવારની સવારે કોલાડ નજીકના પુઈ ગામ પાસે બની હતી. અકસ્માતમાં સજ્જાદ સરખોત અને તેના પુત્ર અવૈસ સરખોતનાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયાં હતાં. સજ્જાદનો બીજો પુત્ર ગંભીર રીતે ઘવાયો હોવાથી સારવાર માટે તેને કોલાડની ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો.

મળતી માહિતી અનુસાર રાયગડ જિલ્લાના માણગાંવ તાલુકામાં આવેલા વનીપુરાર ગામનો વતની સજ્જાદ કામ નિમિત્તે વિદેશમાં રહેતો હતો. દરમિયાન પુત્ર અવૈસનાં લગ્ન નક્કી થયાં હતાં. લગ્ન આ જ મહિને હોવાથી સજ્જાદ વિદેશથી પાછો ફર્યો હતો.

સજ્જાદની ફ્લાઈટ શનિવારના મળસકે મુંબઈના ઈન્ટરનૅશનલ ઍરપોર્ટ પર પહોંચી હતી. પિતાને લેવા અવૈસ નાના ભાઈ સાથે કારમાં ઍરપોર્ટ પહોંચ્યો હતો. ઘરે પાછા ફરી વખતે તેમની કાર આગળ જઈ રહેલા કન્ટેઈનર સાથે ભટકાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો બોનેટનો ભાગ કન્ટેઈનરની નીચે ફસાઈ ગયો હતો.



અકસ્માતને કારણે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો, જ્યારે કારના અમુક ભાગ તૂટીને રસ્તા પર ફંગોળાયા હતા. અકસ્માતની જાણ થતાં સ્થાનિક રહેવાસીઓ મદદ માટે દોડી આવ્યા હતા, પરંતુ કારની હાલત એવી હતી કે અંદર ફસાયેલા પિતા-પુત્રને બહાર કાઢવા મુશ્કેલ હતું.

દરમિયાન કોલાડ પોલીસ, હાઈવે પોલીસ અને રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. હાઈડ્રોલિક કટરની મદદથી કારનો અમુક ભાગ કાપીને પિતા-પુત્રને બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાને પગલે હાઈવે પરના વાહનવ્યવહારને અસર થઈ હતી. ■

## વિધાન પરિષદના નેતા મિટકરીની બદનામી: ચાર પત્રકારને પાંચ દિવસની સજાની ભલામણ

નાગપુર: મહારાષ્ટ્ર વિધાન પરિષદની વિશેષ વિશેષાધિકાર સમિતિએ વિધાન પરિષદના સભ્ય (એમએલસી) અમોલ મિટકરીને બદનામ કરવા બદલ ચાર પત્રકારોને પાંચ દિવસની જેલની સજાની ભલામણ કરી છે. સમિતિના અધ્યક્ષ પ્રસાદ લાડે શનિવારે રાજ્ય વિધાનસભાના ઉપલા ગૃહને માહિતી આપી હતી કે 'સત્ય લાધા' નામની યુટ્યુબ ચેનલે મિટકરીની જાહેર ઈમેજ ખરડાય એ હેતુથી તેમની વિરુદ્ધ બનાવટી અને ખોટા અહેવાલો પ્રસારિત કર્યા હતા.

મિટકરીએ અકોલા સ્થિત ચાર પત્રકારો ગણેશ સોનાવાણે, હર્ષદા સોનાવણે, અમોલ નંદુરકર, અંકુશ ગાવંડે અને સત્ય લાધાના સંપાદક સતીશ દેશમુખ વિરુદ્ધ વિશેષાધિકાર ભંગનો પ્રસ્તાવ દાખલ કર્યો હતો.

લાડે કાઉન્સિલને માહિતી આપી હતી કે વિશેષ વિશેષાધિકાર સમિતિએ ફરિયાદની તપાસ હાથ ધરી નિષ્કર્ષ કાઢ્યો હતો કે ગણેશ સોનાવાને, હર્ષદા સોનાવાને, અમોલ નંદુરકર અને અંકુશ ગાવંડે બદનક્ષીજનક અને ગેરમાર્ગે દોરતી સામગ્રીના પ્રસારણ માટે જવાબદાર છે. સમિતિએ સંપાદક સતીષ દેશમુખ વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરવાની ભલામણ કરી હતી કારણ કે તેમણે લેખિત માફી માગી છે એમ પણ લાડે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

## નવી મુંબઈમાં વાયુ અને ધ્વનિ પ્રદૂષણના નિયમોનું ઉલ્લંઘન કરનારા ૧૮ ડેવલપરોને સ્ટોપ વર્કની નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્રદૂષણને લગતા નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવાની નોંધ લઈને નવી મુંબઈ મહાનગરપાલિકાએ ૧૮ ડેવલપરોને સ્ટોપ વર્કની નોટિસ ફટકારી છે.

નવી મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં જુદા જુદા ઠેકાણે મોટા પ્રમાણમાં કન્સ્ટ્રકશનનું કામ ચાલી રહ્યું છે, તેને કારણે ધ્વની અને વાયુ પ્રદૂષણ થઈ રહ્યું છે. તેની સામે અનેક ફરિયાદ આવ્યા બાદ મુંબઈ હાઈ કોર્ટના નિર્દેશ અને ફરજિયાત રીતે પ્રદૂષણને નિયંત્રણમાં લાવવાની ઉપાયયોજનાને અમલમાં નહીં મૂકનારા ડેવલપરો સામે નવી મુંબઈ પાલિકા પ્રશાસને પગલા લીધા હોવાનું જણાવ્યું (જુઓ પાનું ૪) ▶▶

## મનરેગાનું નામ બદલવા પર સવાલ ઉઠાવ્યા: ફડણવીસે કોંગ્રેસની ટીકા કરી

નાગપુર: કેન્દ્ર સરકાર દ્વારા મહાત્મા ગાંધી ગ્રામિણ રોજગાર ગેરેન્ટી (મનરેગા) યોજનાનું નામ બદલવાના નિર્ણયની કૉંગ્રેસ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલા સવાલોનો જવાબ આપતાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શનિવારે કોંગ્રેસની ટીકા કરી હતી અને કહ્યું હતું કે વિરોધ પક્ષ સરકારની ફક્ત ટીકા જ કરે છે, જ્યારે લોકોને લાભ મળે છે ત્યારે પણ તેઓ સરકારની ટીકા જ કરી રહ્યા છે.

નાગપુરમાં એક કાર્યક્રમ દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, ફડણવીસે કહ્યું હતું કે મોદી સરકાર એક સકારાત્મક પરિવર્તન (જુઓ પાનું ૪) ▶▶

## થાણેમાં સિલિંગનું પ્લાસ્ટર તૂટી પડતાં માતા-પુત્ર જખમી, પિતાનું મૃત્યુ


થાણે: થાણેમાં શનિવારે વહેલી સવારના સાત માળની બિલ્ડિંગમાં ઉપરના માળા પર આવેલા ફ્લેટનો સિલિંગનો ભાગ તૂટી પડતાં ૪૫ વર્ષીય વ્યક્તિનું મૃત્યુ થયું હતું. તો તેની પત્ની અને પુત્ર જખમી થયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ થાણે પશ્ચિમમાં લોકમાન્ય નગરમાં આવેલા મૈત્રી પાર્કમાં કરુમેદેવ સોસાયટી આવેલી છે. ગ્રાઉન્ડ પ્લસ સાત માળની ૧૬ વર્ષ જૂની બિલ્ડિંગના ટેરેસ ઉપર ૮૦૨ નંબરનો ફ્લેટ આવેલો છે, જેમાં વહેલી સવારના ત્રણ વાગે હૉલનું પ્લાસ્ટર તૂટી પડ્યું હતું.

જખમીમાં ૪૨ વર્ષની અર્પિતા મોરે અને તેનો ૧૬ વર્ષનો દીકરા આરુષનો સમાવેશ થાય છે. તો અર્પિતાના ૪૫ વર્ષના પતિ મનોજ મોરેની છાતી પર પ્લાસ્ટર તૂટી પડ્યું, સારવાર પહેલા જ તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ■

# ૨૦૩૦ની કૉમનવેલ્થ અને ૨૦૩૬ની ઑલિમ્પિક્સની સલામતી વિશે ભારત પાસે વિશ્વ જવાબ માગી શકે

## વર્લ્ડ ચૅમ્પિયન લિયોનેલ મેસીનો કોલકાતા-પ્રવાસ સંપૂર્ણ ગેરવ્યવસ્થા તથા પ્રેક્ષકોના તોફાનને કારણે ખરડાઈ જતાં ભારતની ગરિમાને ગંભીર નુકસાનનો ભય









કોલકાતાના સ્ટેડિયમમાં શનિવારે તોફાનો દરમ્યાન એક યુવાન તૂટેલી ખુરસીઓ અને બૅનર વચ્ચે સૂતેલો જોવા મળ્યો હતો (એકદમ ઉપર, ડાબે). મેસીને કોલકાતાના સ્ટેડિયમમાં કડવા અનુભવ થયા. તેના કેટલાક ચાહકોએ બૅનર ઊંચકીને ફેંક્યા હતા અને મેસીની ચાહક છોકરી સહિત અનેક જણ રેલિંગ પરથી કૂદીને મેદાન પર આવી ચડ્યા હતા. (પીટીઆઇ)

*અજય મોતીવાલા*

મુંબઈ: ભારતમાંથી ખેલકૂદ જગતને દર વર્ષે ચેસ, બૉક્સિંગ સહિત અનેક રમતોમાં નવા-નવા વર્લ્ડ ચૅમ્પિયનો મળી રહ્યા છે, ધર્મની જેમ પૂજાતી ક્રિકેટની રમતમાં ભારત અત્યારે વન-ડે તથા ટી-૨૦માં નંબર-વન અને ટી-૨૦માં વિશ્વવિજેતા છે અને ભારતમાં પ્રતિવર્ષ અનેક આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ તથા ઍથ્લીટો વિવિધ ટૂર્નામેન્ટમાં રમવા આવતા હોય છે, પરંતુ શનિવારે ફૂટબૉલના સુપરસ્ટાર અને વર્લ્ડ ચૅમ્પિયન દેશ આર્જેન્ટિનાના ફૂટબૉલ-લેજન્ડ લિયોનેલ મેસીના પ્રવાસ દરમ્યાન કોલકાતામાં સ્ટેડિયમમાં જે ગેરવ્યવસ્થા થઈ તેમ જ પ્રેક્ષકોએ મગજ પરથી કાબૂ ગુમાવીને તોફાનો કર્યા એ જોતાં ભારતમાં આવનારાં કેટલાંક વર્ષોમાં જે મોટી રમતગમત સ્પર્ધાઓ યોજાવાની છે એના પર ચર્ચા થવા લાગી છે. ખુદ મેસીએ કોલકાતામાં ગેરવ્યવસ્થા હોવા તરફ ધ્યાન દોર્યું છે.

૨૦૩૦ની સાલની કૉમનવેલ્થ ગેમ્સ અમદાવાદમાં યોજાવાની છે. ઇંગ્લૅન્ડે વિશ્વમાં જેટલા દેશો પર રાજ કર્યું હતું એમાંના ૭૦થી પણ વધુ દેશો કૉમનવેલ્થ ગેમ્સમાં ભાગ લેતા હોય છે એટલે સ્વાભાવિક છે કે પાંચ વર્ષ પછી અમદાવાદમાં આ દેશોના હજારો ઍથ્લીટો તથા ખેલાડીઓ ઊમટી પડશે. એટલું જ નહીં, વિદેશોમાંથી હજારો ને લાખો લોકો પોતાની પસંદગીની હરીફાઈઓ જોવા ભારત પધારશે. ત્યાર બાદ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સનું યજમાનપદ પણ ભારતને (અમદાવાદને) મળવાની સંભાવના છે. કોલકાતાના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં મેસીની ઝલક જોવા પણ ન જોવા મળી એને પગલે હજારો પ્રેક્ષકો વિફર્યા અને તોફાનો પર ઊતરી આવ્યા ત્યાર બાદ હવે આખું વિશ્વ ભારતમાં પોતાના સ્પોર્ટ્સપર્સન્સને પૂરતી સલામતી મળી રહેશે કે કેમ એની ખાતરી અત્યારથી ઇચ્છતા હશે.

ભારત ઉપરાંત કતાર, તૂર્કી, ઇન્ડોનેશિયા (જકાર્તા) સ્વતંત્ર રીતે ૨૦૩૬ની ઑલિમ્પિક્સનું આયોજન કરવા માગે છે. ખાસ કરીને કતારમાં ૨૦૨૨નો ફિફા વર્લ્ડ કપ સફળતાપૂર્વક યોજાઈ ગયો હોવાથી એ પણ રેસમાં છે, પરંતુ ભારત અને તૂર્કીનો ઘોડો સૌથી આગળ હોવાનું મનાય છે. ૨૦૨૮ની ઑલિમ્પિક્સ અમેરિકાના લૉસ ઍન્જલસમાં અને ૨૦૩૨ની ઑલિમ્પિક્સ ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેનમાં યોજાવાની છે. ૨૦૨૮ની સાલમાં ૨૦૩૬નો યજમાન દેશ નક્કી થશે એવી સંભાવના છે અને એમાં અમદાવાદ મેદાન મારી જશે એવી પાક્કી શક્યતા છે.

કોલકાતામાં ૫૦,૦૦૦ પ્રેક્ષકોની હાજરીવાળા સૉલ્ટ લેક સ્ટેડિયમમાં શનિવારે મેસીની મુલાકાતના પ્રસંગે પ્રેક્ષકગણમાંથી જે તોફાનો થયા, તોડફોડ થઈ એના પરથી હવે બોધ લઈને ભારતે ૨૦૩૦ની કૉમનવેલ્થ ગેમ્સ અને (અમદાવાદને આયોજનનો અવસર મળે તો) ૨૦૩૬ની ઑલિમ્પિક્સ વખતે તમામ સ્પર્ધકો તથા અધિકારીઓને પૂરતી સલામતી મળી રહે એની ખાતરી ભારતે અત્યારથી વિશ્વને કરાવવી પડશે. જોકે પશ્ચિમ બંગાળની શનિવારની ઘટના જેવું મિસ-મૅનેજમેન્ટ અમદાવાદમાં થવાની કોઈ જ શક્યતા નથી, પરંતુ ખેલકૂદ જગત તો આવનારા સમયમાં ભારત પાસે જવાબ ઇચ્છશે જ. ખાસ કરીને યુરોપના દેશો (કે જેમાંના ભારત-વિરોધી અભિગમ ધરાવતા હોય એવા દેશો) અત્યારથી જ 'ભારતમાં ખેલાડીઓની સલામતી'નો પ્રશ્ન ગૂંજવી રહ્યા છે.

### કોલકાતામાં પ્રેક્ષકોનો પણ દોષ

કોલકાતાના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં લોકો ૪,૫૦૦ રૂપિયાથી માંડીને ૧૦,૦૦૦ રૂપિયા સુધીની (કેટલાક તો બ્લૅક માર્કેટમાંથી) ટિકિટ ખરીદીને આવ્યા હતા. તેમણે કૉલ્ડ ડ્રિન્કના એક ગ્લાસ માટે ૧૫૦થી ૨૦૦ રૂપિયા ચૂકવ્યા હતા. કેટલાક ફૂટબૉલપ્રેમીઓ પોતાના પુત્ર કે પુત્રીને લઈને અથવા સંપૂર્ણ પરિવાર સાથે આવ્યા હતા. શતાદ્રુ દત્તા નામના આયોજકે મેસીની ગ્રેટેસ્ટ ઑફ ઑલ ટાઇમ (જી.ઓ.એ.ટી.) ટૂરનું આયોજન કર્યું. જોકે પશ્ચિમ બંગાળના શાસક તૃણમૂલ કૉંગ્રેસ (ટીએમસી)ના ટેકેદારો સલામતી કવચ ભેદીને મેદાન પર મેસીની આસપાસ પહોંચી ગયા તેમ જ બીજા રાજકારણીઓ અને અધિકારીઓ તથા સેલિબ્રિટીઝ પણ આવી પહોંચતાં જમાવડો થઈ ગયો હતો અને દૂર સ્ટૅન્ડ્સમાંથી પ્રેક્ષકોને મેસી જોવા જ નહોતો મળ્યો. મેદાન પર અરાજકતા થઈ જતાં મેસીએ માત્ર ૧૦ મિનિટમાં ત્યાંથી જતા રહેવું પડ્યું એટલે પ્રેક્ષકો વિફર્યા હતા અને તોફાનો શરૂ કરી દીધાં હતાં જે નહોતું થવું જોઈતું. જોકે આ તોફાનો તરત દબાવી દેવા જોઈતા હતા.

હજારો રૂપિયાની ટિકિટો ખરીદી હોવા છતાં મેસીની ઝલક સુધ્ધાં ન જોવા મળે તો લોકો હતાશ થાય એ સ્વાભાવિક છે, પરંતુ મેસી જેવી મોટી હસ્તીની વિઝિટ પ્રસંગે તોફાનો કરવા અને તોડફોડ કરવી એ તો ગાંડપણ જ કહેવાય. શિસ્તતા જાળવવાની અને સ્ટેડિયમની તેમ જ સમગ્ર દેશની ગરિમાને નુકસાન ન થાય એ જોવાની સામાન્ય લોકો (પ્રેક્ષકો)ની પણ નૈતિક જવાબદારી કહેવાય. ખેલકૂદ જગતની એક સર્વોત્તમ હસ્તી ભારતમાં આવી હોય ત્યારે અને ખાસ કરીને આવનારા એક દાયકામાં મોટી ખેલકૂદ સ્પર્ધાઓ ભારતમાં યોજાવાની હોય ત્યારે આવી ધમાલ ન જ કરાય. મેસીની વિઝિટ સંબંધમાં ઑર્ગેનાઇઝરની વ્યવસ્થામાં કચાશ ખરી, પણ પ્રેક્ષકોની પણ જવાબદારી બને છે કે તેમણે ભારતની છબિ ખરાબ ન થાય એનું ધ્યાન રાખવું જોઈએ. હવે પછી બીજી સ્પોર્ટ્સ સેલિબ્રિટીઝ વિચાર કરશે કે ભારતમાં જો સ્પોર્ટ્સપ્રેમી પ્રજા આવા ગાંડપણ પર ઊતરી જાય તો ભારતનો પ્રવાસ કરવો કે નહીં?

### કાંબળી ઈડન ગાર્ડન્સમાં રડી પડ્યો હતો

કોલકાતાના જ ઈડન ગાર્ડન્સની ૧૯૯૬ની ઘટના યાદ છેને? વન-ડેના વર્લ્ડ કપમાં શ્રીલંકા સામેની સેમિ ફાઇનલમાં ભારતીય ટીમ ૨૫૨ રનના લક્ષ્યાંક સામે જીતી શકે એમ હતી, પરંતુ ભારતની બૅટિંગ લાઇન-અપનું પતન થતાં (ભારતનો સ્કોર જ્યારે ૩૪.૧ ઓવરમાં ૮/૧૨૦ હતો ત્યારે) પ્રેક્ષકોએ તોફાનો શરૂ કર્યાં હતાં જેને પગલે છેવટે મૅચને બાય ડિફૉલ્ટ જાહેર કરીને શ્રીલંકાને વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. વિનોદ કાંબળી ૪૯ મિનિટ સુધી ક્રીઝ પર રહીને ૧૦ રને અણનમ રહ્યો હતો અને તે આ બધી આઘાતજનક સ્થિતિ તથા ઘટનાઓ જોઈને રડી પડ્યો હતો. છેવટે એ વર્લ્ડ કપની ટ્રોફી શ્રીલંકાએ જ જીતી લીધી હતી.

### બેંગલૂરુમાં આરસીબીના સેલિબ્રેશન વખતે નાસભાગ થયેલી

આ વર્ષની ચોથી જૂને રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી)ની પ્રથમ આઇપીએલ ટ્રોફીને લગતા સેલિબ્રેશન વખતે બેંગલૂરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર ગેરવ્યવસ્થાને કારણે જે નાસભાગ થઈ હતી અને ૧૧ વ્યક્તિનાં મૃત્યુ થયાં હતાં એ ઘટના હજી ભુલાઈ નથી ત્યાં કોલકાતાના સ્ટેડિયમના તોફાનોને કારણે દેશમાં ખેલકૂદના ક્ષેત્રે નવી ચર્ચા શરૂ થઈ છે. બેંગલૂરુની ઘટનામાં પોલીસ સહિતના સત્તાધીશોને વ્યવસ્થા માટે ગણતરીના કલાકો જ મળ્યા હતા, પણ કોલકાતામાં મેસીના પ્રવાસનું શેડ્યૂલ તો લગભગ બે મહિના પહેલાંથી બની ગયું હોવાથી શનિવારે કોલકાતાના સ્ટેડિયમમાં (પ્રેક્ષકોને પણ મેસીને જોવા મળે એવી) પાક્કી વ્યવસ્થા થવી જ જોઈતી હતી. આશા રાખીએ ભવિષ્યમાં બેંગલૂરુ અને કોલકાતા જેવી (દેશને લાંછન લગાડતી) ઘટના ફરી ન બને. ■



**૭૦ ફૂટ ઊંચો મેસી:** શનિવારે સવારે કોલકાતામાં લિયોનેલ મેસીના ૭૦ ફૂટ ઊંચા સ્ટેચ્યૂનું અનાવરણ કરવામાં આવ્યું હતું. વિશ્વભરમાં મેસીની જેટલી પણ પ્રતિમા છે એમાં આ સૌથી ઊંચી છે. આ કાર્યક્રમ બાદ કોલકાતાના જ સૉલ્ટ લેક સ્ટેડિયમમાં મેસીને ન જોવા મળતાં હજારો પ્રેક્ષકો તોફાન પર ઊતરી આવ્યા હતા. (પીટીઆઇ)

# કોલકાતાની ધમાલ બાદ હવે મુંબઈમાં મેસીની આજની ઈવેન્ટ યોજાશે?

## વિરાટ કોહલી શું મેસીના કાર્યક્રમ માટે પત્ની અનુષ્કા સાથે લંડનથી ભારત પાછો આવ્યો છે?

મુંબઈ: આર્જેન્ટિનાના વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસીની કોલકાતા શહેરની ટૂર શનિવારે આયોજકોની ગેરવ્યવસ્થાને લીધે સ્ટેડિયમમાં નારાજ અને ક્રોધિત પ્રેક્ષકોની ધમાલને પગલે ખોરવાઈ ગઈ ત્યાર બાદ હવે મુંબઈમાં રવિવાર, ૧૪મી ડિસેમ્બરે બપોર પછી નિર્ધારિત ઇવેન્ટ યોજાશે કે કેમ એ વિશે શહેરના ફૂટબૉલપ્રેમીઓમાં ચિંતા ફેલાઈ છે. શું મુંબઈની ઇવેન્ટ રદ તો નહીં કરવામાં આવેને? એવો સવાલ મુંબઈના ફૂટબૉલ ક્ષેત્રે પૂછાઈ રહ્યો છે.

આનો જવાબ એ છે કે ચિંતાનું કોઈ જ કારણ નથી. મુંબઈની ઇવેન્ટ યોજના પ્રમાણે યોજાશે જ. મુંબઈમાં મેસી બપોરે ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ)માં અને પછી વાનખેડે સ્ટેડિયમની ઇવેન્ટમાં હાજરી આપશે.

કોલકાતાના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં મેસીના કાર્યક્રમ માટેની ટિકિટનો ભાવ ૩,૮૦૦ રૂપિયાથી માંડીને ૧૧,૮૦૦ રૂપિયા હતો અને આટલી મોંઘી ટિકિટો ખરીદીને સ્ટેડિયમમાં આવવા છતાં (મિસ મૅનેજમેન્ટને કારણે મેસીએ ૧૦ મિનિટમાં મેદાન પરથી પાછા જતા રહેવું પડ્યું એટલે) થોડી વાર માટે પણ મેસીને જોવાનો સમય ન મળ્યો એટલે ગુસ્સે થયેલા પ્રેક્ષકોએ ધમાલ મચાવી હતી. મેસીને આખા પ્રવાસમાં ઝેડ-પ્લસ કૅટેગરીનું સંરક્ષણ-કવચ અપાયું છે.

ત્યાર બાદ મુંબઈમાં જ રાત્રે એક ફૅશન શૉ યોજાશે જેમાં તે રૅમ્પ પર કૅટવૉક પણ કરશે અને વર્લ્ડ કપને લગતી તેની કેટલીક ચીજોની હરાજીમાં ઉપજનારી રકમ પછીથી આયોજકો દ્વારા જરૂરતમંદોને દાનમાં આપી દેવાશે. મેસી ત્રણ દિવસના ભારત-પ્રવાસ દરમ્યાન હૈદરાબાદ તથા દિલ્હી પણ જવાનો છે. ■



કોલકાતામાં ગઈકાલે તોફાન બાદ તૂટેલી ખુરશી પર કુંડૂ રાખીને આવી રહેલો યુવાન (પીટીઆઈ)

### કોહલી ભારતમાં, મેસીને મળવાની તૈયારીમાં?

ભારતમાં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝને હજી લગભગ એક મહિનાનો સમય છે (૧૧મી જાન્યુઆરીથી રમાવાની છે) એટલે વિરાટ કોહલી લંડનથી અત્યારે કેમ ભારત પાછો આવી ગયો એ વિશે તેના ચાહકોમાં ચર્ચા છે. જોકે કહેવાય છે કે ફૂટબૉલ-લેજન્ડ લિયોનેલ મેસી પોતાના ઘરઆંગણે આવ્યો હોવાથી તેને મળવાનું વિરાટ કોહલીને મન થયું હોવાથી તે પત્ની અનુષ્કાને લઈને થોડા દિવસ માટે ભારત પાછો આવ્યો છે. જોકે કોહલી સૈયદ મુશ્તાક અલી ટ્રોફી (એસએમએટી) ટી-૨૦ ટૂર્નામેન્ટમાં રમવાનો હોવાથી એ પણ ભારત પાછા આવવાનો તેનો એક ઇરાદો હોઈ શકે.

# આજે ભારતની ત્રીજી ટી-૨૦: ગિલને વધુ એક મોકો મળશે? સૂર્યા પર પણ દબાણ

ધરમશાલા: સાઉથ આફ્રિકાએ પાંચ મૅચવાળી ટી-૨૦ શ્રેણીની બીજી મૅચ જીતવાની સાથે સિરીઝને ૧-૧ની બરાબરીમાં લાવીને ભારતીય ટીમ પર જીતવાનું દબાણ ઑર વધારી દીધું છે જેમાં ખાસ કરીને ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં નિષ્ફળ જઈ રહેલા વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ અને ખુદ કૅપ્ટન સૂર્યકુમાર યાદવ પર પ્રચંડ માનસિક દબાણ હશે. પહેલી બન્ને મૅચમાં ફ્લૉપ ગયેલા ગિલને આજે ત્રીજી મૅચ (સાંજે ૭.૦૦ વાગ્યાથી લાઇવ)માં રમવા મળશે કે કેમ એ સવાલ છે ત્યારે સૂર્યાએ પણ બૅટિંગમાં અસલ ટચ બતાવવો જ પડશે.



યોગાનુયોગ, હિમાચલ પ્રદેશના ધરમશાલામાં પ્રથમ ટી-૨૦ ૨૦૧૫માં રમાઈ હતી અને એમાં ભારતનો સાઉથ આફ્રિકા સામે સાત વિકેટે વિજય થયો હતો. જોકે ત્યાર પછી ભારતીય ટીમ આ સ્થળે માત્ર બે ટી-૨૦ રમી છે જેમાં ભારતે વિજય મેળવ્યો હતો. છેલ્લે ૨૦૨૨માં અહીં શ્રીલંકા સામે બે ટી-૨૦ રમાઈ હતી જેમાં ભારતે સાત વિકેટ અને છ વિકેટે વિજય થયો હતો.

# હૈદરાબાદના સ્ટેડિયમમાં મેસી છવાઈ ગયો: બાળકો સાથે રમ્યો અને હજારો પ્રેક્ષકોનું અભિવાદન ઝીલ્યું

કોલકાતા/હૈદરાબાદ: વર્લ્ડ ચૅમ્પિયન ફૂટબોલર લિયોનેલ મેસી ૨૦૧૧ની સાલ બાદ ૧૪ વર્ષે ફરી ભારતના પ્રવાસે આવ્યો ત્યારે તેને શનિવારના પહેલા દિવસે મિશ્ર અનુભવો થયા જેમાં કોલકાતામાં પરોઢ પહેલાં ૨.૩૦ વાગ્યે આગમન કર્યા પછી સવારે ૭૦ ફૂટ ઊંચા પોતાના સૌથી ઊંચા સ્ટૅચ્યૂનું અનાવરણ કર્યું, પણ પછી એ જ શહેરના સૉલ્ટ લેક સ્ટેડિયમમાં પ્રેક્ષકોમાંથી અસંખ્ય લોકો વિફર્યા હતા અને ધમાલ મચાવી હતી. જોકે ત્યાર બાદ મેસી હૈદરાબાદ પહોંચ્યો જ્યાંની મુલાકાત શાંતિપૂર્ણ રહી હતી. ૩૮ વર્ષનો આર્જેન્ટિનાનો ફૂટબોલર લિયોનેલ મેસી શનિવારે સાંજે હૈદરાબાદ પહોંચ્યો અને પ્રદર્શનીય મૅચ રમ્યો તથા મેદાનમાંથી રવાના થયો ત્યાં સુધીની તેની શાંતિપૂર્ણ સફરનો ઘટનાક્રમ અહીં પ્રસ્તુત છે:

(૧) હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનૅશનલ સ્ટેડિયમમાં સિંગર માંગલી તથા અન્ય કલાકારોના પર્ફોર્મન્સ સહિતની ટૂંકી ઓપનિંગ સેરેમની થઈ ત્યાર પછી થોડી વાર બાદ લિયોનેલ મેસીની હાજરીમાં રમનારી ટીમનું આગમન થયું હતું. ત્યાર બાદ લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સહિતના મહાનુભાવો આવ્યા હતા.

(૨) પ્રદર્શનીય મૅચની બન્ને ટીમના ખેલાડીઓ કતારમાં ઊભા રહી ગયા હતા અને મૅચ શરૂ કરાઈ હતી. ફર્સ્ટ હાફ થઈ ગયો ત્યાં સુધી મેસી નહોતો આવ્યો.

(૩) સાંજે પોણાઆઠ વાગ્યા હતા અને સ્ટેડિયમની બહાર મેસીની કાર આવી પહોંચી હોવાના સમાચાર આવ્યા હતા.

(૪) મેસી ઇન્ટર માયામીના સાથી ખેલાડીઓ સુઆરેઝ તથા રૉડ્રિગો સાથે સ્ટેડિયમમાં આવી પહોંચ્યો ત્યારે લોકોએ બૂમો પાડીને તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

(૫) પહેલાં તો મેસી અને બીજા ખેલાડીઓએ વીઆઇપી બૉક્સમાં બેસીને પ્રદર્શનીય મૅચ જોઈ હતી. ત્યાર પછી તે ડગઆઉટમાંથી બહાર આવ્યો કે તરત જ પ્રેક્ષકોએ બૂમાબૂમ કરીને મેદાન પરના તેના આગમનને આવકાર્યું કર્યું હતું અને મેસીની અવિસ્મરણીય ઝલક (સવારે જેનાથી કોલકાતાના ૫૦,૦૦૦ પ્રેક્ષકો વંચિત રહી ગયા હતા) માણવા તૈયાર થઈ ગયા હતા.

(૬) મેસી મૅચના તમામ ખેલાડીઓને મળ્યો, ફોટો માટે પોઝ આપ્યો તેમ જ થોડા જગલિંગથી પ્રેક્ષકોનું થોડું મનોરંજન કર્યું હતું અને ગોલપોસ્ટને નિશાન બનાવીને આગવી સ્ટાઇલમાં ગોલ કર્યો હતો જે જોઈને પ્રેક્ષકોએ ચીસો પાડી હતી. પ્રદર્શનીય મૅચમાં પેનલ્ટી શૂટઆઉટ થયું હતું.

(૭) મેસી સ્ટૅન્ડ તરફ ગયો અને ચાહકો તરફ હાથ ઊંચો કરીને તેમનું અભિવાદન ઝીલ્યું હતું તેમ જ ભારતમાં પોતાની અપ્રતિમ લોકપ્રિયતાની ઝાંખી કરી હતી.

(૮) મેસી બાળકો સાથે રમ્યો હતો, તેમની સાથે હાથ મિલાવ્યા હતા અને પછી સાથી ખેલાડીઓ જોડે તેણે મેદાન પર પરેડ કાઢીને તમામ પ્રેક્ષકોનું અભિવાદન કર્યું હતું.

(૯) મેસીએ મૅચના વિજેતાઓને ટ્રોફી એનાયત કરી હતી. ખુદ મેસીને ટૉકન તરીકે એક ટ્રોફી એનાયત કરાઈ હતી.

(૧૦) મેસીએ છેલ્લે ચાહકોને ગુડનાઇટના સંકેત સાથે મેદાન પરથી વિદાય લીધી હતી. હૈદરાબાદ પછીના તેના બે મુકામ, મુંબઈ અને નવી દિલ્હી. ■

# આઇસીસી પર પાકિસ્તાન ભડક્યું: 'વર્લ્ડ કપના પોસ્ટરમાં અમારા કૅપ્ટન સલમાન આગાને કેમ ન સમાવ્યો?'

નવી દિલ્હી: સપ્ટેમ્બરમાં સૂર્યકુમાર યાદવના સુકાનમાં ભારતની મેન્સ ટીમે એશિયા કપ ટી-૨૦ ટૂર્નામેન્ટ જીતી લીધી હોવા છતાં ભારતીય ટીમને ટ્રોફીથી વંચિત રાખનાર પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)ના વડા મોહસિન નકવીએ નવો વિવાદ ઊભો કર્યો છે જેમાં તેણે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) પ્રત્યે નારાજગી વ્યક્ત કરતા કહ્યું છે કે આવતા વર્ષે ફેબ્રુઆરી-માર્ચમાં યોજાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ માટે તમે જે પ્રમોશનલ પોસ્ટર બહાર પાડ્યું છે એમાં અમારા ટી-૨૦ કૅપ્ટન સલમાન આગાને કેમ નથી સમાવ્યો?

પીટીઆઇના અહેવાલ અનુસાર પીસીબીના એક આધારભૂત સૂત્રએ એવું કહ્યું હતું કે 'પ્રમોશનલ પોસ્ટરમાં માત્ર પાંચ કૅપ્ટન (ભારતનો સૂર્યકુમાર યાદવ, સાઉથ આફ્રિકાનો એઇડન માર્કરમ, ઑસ્ટ્રેલિયાનો મિચલ માર્શ, શ્રીલંકાનો દાસુન શનાકા અને ઇંગ્લૅન્ડનો હૅરી બ્રૂક)ને સમાવવામાં આવ્યા છે. થોડા મહિના પહેલાં એશિયા કપ વખતે પણ અમારી સાથે આવું જ બન્યું હતું. ત્યારે બ્રૉડકાસ્ટર્સે અમારા કૅપ્ટનનો સમાવેશ કર્યા વગર ટૂર્નામેન્ટનું પ્રચાર કાર્ય શરૂ કર્યું હતું. એ તો અમે ત્યારે એશિયન ક્રિકેટ કાઉન્સિલ સમક્ષ રજૂઆત કરી હતી ત્યારે અમને ન્યાય મળ્યો હતો.'

પીસીબીએ એવું પણ જણાવ્યું છે કે 'આ વખતે અમે આઇસીસી સમક્ષ રજૂઆત કરી છે કે તમે વર્લ્ડ કપની ટિકિટોના વેચાણ માટે જે પોસ્ટર બહાર પાડ્યું છે એમાં અમારા કૅપ્ટન આગાને કેમ નથી સમાવ્યો?'

પીસીબીનું કહેવું છે કે ભલે, અમારી ટીમ ટી-૨૦ના રૅન્કિંગ્સના ટૉપ-ફાઇવમાં નથી, પરંતુ આ ફૉર્મેટમાં અમારા દેશનો ઇતિહાસ ખૂબ સારો છે જ.'

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૧૪-૧૨-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

# નવી બાબરી મસ્જિદ બાંધવાનો ખેલ ખતરનાક...

**અયોધ્યામાં ઐતિહાસિક બાબરી મસ્જિદનો ધ્વંસ થયો એ પછી ત્યાં રામમંદિરનું નિર્માણ થયું એ વખતે દેશની હિન્દુ-મુસ્લિમ પ્રજા વચ્ચે ગજબનો વાદવિવાદ સર્જાયો હતો. સમય જતાં એ માંડ માંડ શમી રહ્યો છે ત્યાં નવી બાબરી મસ્જિદ બાધવાની યોજનાથી જૂની નફરતના ભૂતને ધુણાવવાના પ્રયાસ શરૂ થઈ ગયા છે, જે દેશની કોમી એકતા માટે ખતરનાક છે...**






તૃણમૂલ કૉંગ્રેસ (TMC)ના સસ્પેન્ડ કરવામાં આવેલા નેતા હુમાયુ કબીરે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદના નિર્માણનો પાયો નાખ્યો ને એ સાથે 'તહરીક મુસ્લિમ શબ્બન' નામની સંસ્થાના મુશ્તાક મલિકે હૈદરાબાદમાં 'બાબરી મસ્જિદ મેમોરિયલ અને વેલ્ફેર ઇન્સ્ટિટ્યુશન' બનાવવાનું એલાન કર્યું એ સાથે જ બાબર ફરી ચર્ચામાં ચઢી છે.

૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ હિંદુવાદી સંગઠનોની કારસેવા દરમિયાન બાબરી મસ્જિદનો ધ્વંશ કરી દેવામાં આવ્યો તેની ૩૩મી વરસીએ હુમાયુ કબીરે તો મુર્શિદાબાદમાં મસ્જિદનો પાયો પણ નાંખી દીધો. લાખો મુસ્લિમોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો અને કરોડોનું દાન હુમાયુ કબીર માટે એકઠુ પણ કરી આપ્યું. હુમાયુ કબીરે મસ્જિદનો પાયો નાખ્યો એની સાથે વધું દાન મેળવવા એ સ્થળે દાનપેટીઓ પણ મૂકી છે. કબીરના દાવા પ્રમાણે, દેશભરમાંથી સામાન્ય મુસ્લિમો આવીને દાનપેટીમાં રકમ નાંખી જાય છે અને અત્યાર સુધીમાં ૬ કરોડ રૂપિયાનું દાન બાબરી મસ્જિદ માટે મળી ગયું છે. આ નવી 'બાબરી' મસ્જિદ નિર્માણ માટે લોકો સોના-ચાંદીના દાગીના પણ મોકલી રહ્યા છે. એક વ્યક્તિએ તો પોતે એકલા ૧ કરોડ રૂપિયાનું દાન આપવાનું એલાન કર્યું છે. આ દરમિયાન 'પશ્ચિમ બંગાલ ઈસ્લામિક ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા' નામનું સંગઠન આ પ્રોજેક્ટ સાથે જોડાયું છે. આ સંગઠન વિદેશથી દાન લઈ શકાય એ માટેની મંજૂરી મેળવવામાં પડ્યું છે. આ મંજૂરી મળશે તો વિદેશથી પણ બાબરી મસ્જિદ માટે દાનનો પ્રવાહ શરૂ થશે. હુમાયુનો દાવો છે કે, સાઉદી અરેબિયા, કતાર, યુએઈ, અમેરિકા, યુકે, કેનેડા સહિતના દેશોમાંથી દાન આપવાની ઈચ્છા વ્યક્ત કરતા ફોન આવી રહ્યા છે તેથી મસ્જિદના નિર્માણ માટે જરૂરી રકમ કરતાં વધારે રકમ આ દાનથી જ ઉભી થઈ જશે.

હૈદરાબાદમાં મસ્જિદ બનાવવાની જાહેરાત કરવામાં આવે છે, પણ હજુ સુધી એ દિશામાં કશું થયું નથી પણ કબીરના પ્રોજેક્ટને મળી રહેલા પ્રતિસાદને જોતાં હૈદરાબાદના પ્રોજેક્ટમાં પણ મુસ્લિમોને રસ પડી શકે છે. હૈદરાબાદમાં પણ મસ્જિદ નિર્માણ માટેની જગા નક્કી થાય તો આવો જ પ્રતિસાદ મળે એવું બની શકે. હૈદરાબાદમાં મુસ્લિમ વસતિ નોંધપાત્ર છે અને મુસ્લિમ મતબેંક માટેનું રાજકારણ પણ જોરશોરથી ચાલે છે તેથી આ મસ્જિદમાં પણ મુસ્લિમોને રસ પડશે તેમાં બેમત નથી.

હુમાયુ કબીરે મુર્શિદાબાદમાં બાબરી મસ્જિદ બાંધવાનો પાસો રાજકીય ફાયદા ખાતર ફેંક્યો છે એ કહેવાની જરૂર નથી. પશ્ચિમ બંગાળમાં ૩૦ ટકા વસતિ મુસ્લિમોની છે તેથી વિધાનસભાની ચૂંટણી જીતવામાં મુસ્લિમ મતો નિર્ણાયક છે. બંગાળમાં એક સમયે મુસ્લિમ મતબેંક પર ડાબેરીઓનો કબજો હતો પણ મમતાએ ધીરે ધીરે આ મતબેંક કબજે કરી લીધી છે તેથી છેલ્લી કેટલીક ચૂંટણીઓથી મુસ્લિમ મતો મમતા બેનરજીની 'તૃણમૂલ કૉંગ્રેસ'ને મળતા રહે છે. કૉંગ્રેસ અને ડાબેરીઓએ એક થઈને મમતા પાસેથી મુસ્લિમ મતબેંક છિનવી લેવા બહુ મથામણ કરી પણ સફળતા મળી નથી. ભાજપ પણ મમતાને મુસ્લિમોનાં હમદર્દ અને હિંદુ વિરોધી ચિતરીને હિંદુઓ સાગમટે પોતાને મત આપે એ માટે મથે છે, પણ ભાજપ પણ ફાવતો નથી.

હુમાયુ કબીર મમતા બેનરજી તરફથી મુસ્લિમ મતબેંકને પોતાની તરફ વાળવા માટે બાબરી મસ્જિદનું પત્તુ ઉતર્યાનું છે. પોતાના રાજકીય ફાયદા માટે આ ખેલ કરી રહ્યા છે એવી વાતો થાય છે, પણ આ વાતોમાં દમ નથી. કૉંગ્રેસ-ડાબેરી કે ભાજપ બેમાંથી કોઈનું પ્યાદું બનીને વર્તી રહ્યા હોય એવી પૂરી શક્યતા છે. કબીરનો પ્રભાવ મુર્શિદાબાદથી બહાર નથી તેથી એ મોટા નેતા નથી પણ બાબરી મસ્જિદના નામે એ બંગાળના મુસ્લિમોને પોતાની તરફ આકર્ષી શકશે એવી ગણતરી તેમને ચાવી મારનારા પડદા પાછળના ખેલાડીઓએ માંડી હોય એ શક્ય છે.

ભારતમાં હિંદુ અને મુસ્લિમો વચ્ચેની નફરત દૂર કરવા માટે પ્રયત્ન કરવા જરૂરી છે કેમ કે કોઈ એકબીજાને અવગણી શકે તેમ નથી. ભારતમાં હિંદુ અને મુસ્લિમો બંનેએ સહઅસ્તિત્વ જ અંતિમ સત્ય છે એ સ્વીકારવું પડે. બહુમતી પ્રજા એ સ્વીકારીને જીવે છે, પણ રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે તેમાં ડખા ઊભા કર્યા કરે છે. હુમાયુ કબીરે બાબરી મસ્જિદના નામે એ જ ખેલ શરૂ કર્યો છે ત્યારે આ ખેલ આગળ જતા ખતરનાક ન બની જાય એ જોવું જરૂરી છે.

ભાજપ કે ડાબેરી-કૉંગ્રેસમાંથી કોણ આ ખેલ ખેલી રહ્યું છે એ ખબર નથી પણ આ ખતરનાક ખેલથી સાવ ભૂલાઈ ગયેલો બાબર ફરી જીવંત થઈ જશે. હુમાયુ કબીરની બાબરી મસ્જિદ બ્લોકબસ્ટર સાબિત થાય એવાં એંધાણ અત્યારથી જ મળી ગયાં છે તેથી દેશમાં બીજે પણ બાબરી મસ્જિદ બાંધવા માટે મતોના ગીધ એવા નેતાઓ મેદાનમાં આવશે. અત્યારે હૈદરાબાદ અને મુર્શિદાબાદ એમ બે જ સ્થળે બનનારી બાબરી મસ્જિદો દેશભરમાં ફેલાશે.

આ ટ્રેન્ડના કારણે બાબરીના નામે ચરી ખાઈને દેશમાં મુસ્લિમ મતોના ધ્રુવીકરણ કરવાનું એવું ગંદુ રાજકારણ શરૂ થશે કે જે દેશ માટે ખતરનાક સાબિત થશે. મમતા બેનરજીને હરાવવાના ઉદ્દેશથી બાબરીને ફરી જીવતો કરનારા ટૂંકા ગાળાના ફાયદા માટે હલકી કક્ષાનું રાજકારણ રમીને દેશની બહુ મોટી કુસેવા કરી રહ્યા છે.

આ રાજકારણ કોઈ મહાન મુસ્લિમ નેતાના નામે રમાતું હોત તો પણ વાંધો નહોતો, પણ બાબર જેવો વિદેશી આક્રમક મુસ્લિમ બાદશાહ આ દેશના મુસ્લિમોનો હીરો બને તેનાથી વધારે મોટી કમનસીબી બીજી કોઈ ના હોઈ શકે. સત્તા ખાતર તેણે મંદિરો તોડીને મસ્જિદો બનાવીને આ દેશમાં હિંદુ અને મુસ્લિમો વચ્ચેની નફરતની ખાઈને પહોળી કરી હતી, ભારતમાં બાબર જેવા મુસ્લિમ આક્રમણખોરોના કારણે ઈસ્લામ આવ્યો અને ધર્માંતરણ શરૂ થયું. અગિયારમી સદીથી શરૂ થયેલા આ સિલસિલાને બાબરે આગળ ધપાવ્યો હતો એ હકીકત ભૂલી જવી સહેલી નથી.

## અયોધ્યામાં બનનારી નવી મસ્જિદમાં કોઈને રસ નથી!

સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ મંદિરની તરફેણમાં ચુકાદો આપ્યો ત્યારે અયોધ્યામાં તોડી પડાયેલી બાબરી મસ્જિદના વળતર રૂપે મુસ્લિમોને નવી મસ્જિદ બનાવી આપવાનું ફરમાન પણ કરેલું. અયોધ્યાના ધન્નીપુરમાં બાંધવામાં આવનારી મુહમ્મદ બિન અબ્દુલ્લા મસ્જિદ માટે જમીન ફાળવાઈ છે, પણ તોડી પાડવામાં આવેલી બાબરી મસ્જિદના બદલે બનનારી આ 'અયોધ્યા મસ્જિદ'ના બાંધકામ માટે મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

આ મસ્જિદની સાથે જ હૉસ્પિટલ અને કોમ્યુનિટી કિચન પણ બનશે કે જ્યાં સૌને ભોજન મળશે એવી યોજના છે. આ નવી મસ્જિદનું નિર્માણ 'ઇન્ડો-ઇસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન (IICF)' કરી રહ્યું છે, મસ્જિદનું નિર્માણ ૨૦૨૬ની શરૂઆતમાં શરૂ થવાની અપેક્ષા છે.

પણ દેશની મુસ્લિમ પ્રજાએ આ નવી મસ્જિદ વિશે કોઈ વિશેષ ઉમળકો દેખાડ્યો નથી.

એક તરફ આવો સિનારિયો છે તો બીજી તરફ હુમાયુ કબીરની મુર્શિદાબાદમાં બનનારી મસ્જિદના કાર્યક્રમમાં હજારોની ભીડ ઉમટી પડી. લોકો સેંકડો કિલોમીટર ચાલીને અને માથે ઈંટો મૂકીને મસ્જિદ નિર્માણ કાર્યક્રમમાં ભાગ લેવા આવ્યા તેના પરથી લાગે છે કે, ભવિષ્યમાં મુર્શિદાબાદની બાબરી મસ્જિદ મુસ્લિમ રાજકારણનું કેન્દ્ર બની જશે. ■

---

# અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# ક્યાં? ક્યારે? કેવી રીતે?

દર વર્ષે ઓક્ટોબર નજીક આવે એટલે વીણા વર્લ્ડની સર્વ સેલ્સ ઓફિસોમાં એક જ પ્રશ્ન ચર્ચાનો મુખ્ય ભાગ બની જાય છે. "આગામી સમર માટે વીણા વર્લ્ડ યુરોપ ક્યારે લોન્ચ કરી રહ્યા છો?" આ પ્રશ્ન સ્વાભાવિક છે, કારણ કે ઘણી કંપનીઓ આગામી વર્ષની યુરોપ ટુર્સ સમય પહેલાં જ જાહેર કરે છે અને પ્રવાસીઓ આઈટિનરી તુલના, બજેટ આયોજન અને પોતાના સપનાના યુરોપ પ્રવાસનું આયોજન ઝડપથી શરૂ કરે છે. યુરોપ ઘણા લોકો માટે એક સામાન્ય રજાનું સ્થળ નથી, પરંતુ વર્ષોથી મનમાં બેસેલું સ્વપ્ન છે. ઘણા પ્રવાસીઓ લાંબા સમયથી બચત અને સંશોધન કરીને યોગ્ય સમયની રાહ જોતા રહે છે. કોઈ પહેલી વખત જવા માગે છે અને ઈચ્છે છે કે કશું ચૂકી ન જાય. કોઈ દર વર્ષે યુરોપની સુંદરતામાં પાછા ખેચાતા રહે છે અને દરેક વખત અલગ અનુભવ મેળવવા માગે છે. યુરોપનું સ્વપ્ન વિશાળ અને વ્યક્તિગત હોય છે. આથી ઓક્ટોબર મહિનામાં પ્રશ્નો વધે છે અને અમે પ્રવાસીઓને તેમની યુરોપ યાત્રાનું સ્વપ્ન યોગ્ય રીતે ઘડવામાં માર્ગદર્શન આપવાનું શરૂ કરીએ છીએ.

**અમારી સેલ્સ ટીમ માટે સ્મરણ, તુલના નહિ પરંતુ સ્પષ્ટતા**

યુરોપ સિઝનની શરૂઆત સાથે જ હું ટીમને હંમેશાં એક બાબત યાદ અપાવું છું. તુલના કરવી જોઈતી હોય છે, પરંતુ તેમાં અટવાઈ જવાથી કોઈને ફાયદો થતો નથી. અન્ય કંપનીઓ શું આપે છે તે જાણવું ઉપયોગી છે, પરંતુ તેમની પ્રોડક્ટને જજ કરવાનો અધિકાર પ્રવાસીઓનો છે. આપણું કામ એક જ છે. વીણા વર્લ્ડ શું આપે છે તે સાદગીથી અને સ્પષ્ટ રીતે સમજાવવું. આપણા પ્રવાહમાં આઈટિનરીની લય, દિવસોની રચના, સામેલ અનુભવો, શહેરોની ગતિ અને સૌથી અગત્યનું, મુંબઈથી મુંબઈ ટુર મેનેજરનો ભરોસાપાત્ર સાથ આવે છે. પ્રવાસી આ બધું સમજે પછી તે પોતાની જરૂર મુજબ વિચાર કરી શકે છે. યુરોપ ભાવનાત્મક અને નાણાકીય રીતે મોટો નિર્ણય છે. આથી દબાણ કરવું કે વધારાના વચનો આપવાં યોગ્ય નથી. અમે શાંત આત્મવિશ્વાસ સાથે આગળ વધીએ છીએ અને આ રીતે બુકિંગ સાથે ભરોસો પણ જીતીએ છીએ. વિશ્વાસ ત્યાંથી જ ઊભરી આવે છે જ્યાંથી અમે સાચો પ્રશ્ન પૂછીએ છીએ. "આ પ્રવાસીને ખરેખર શું જોઈએ છે?" દરેક પ્રવાસીની લાઈફસ્ટાઇલ, ગતિ, બજેટ અને અપેક્ષાઓ અલગ હોય છે. કોઈને શું જોઈએ છે તે સ્પષ્ટ હોય છે. કોઈને યુરોપ જોઈએ એટલું જ ખબર હોય છે પરંતુ તેને આકાર આપવા માર્ગદર્શનની જરૂર પડે છે. તેમની રસ, ગતિ, આરામ અને ઉપલબ્ધ સમય સમજતાંજ યોગ્ય ટુરની દિશા સ્પષ્ટ થઈ જાય છે.

**પ્રવાસીઓના બે મુખ્ય પ્રકાર અને એક નવી ઉદ્ભવતી પસંદગી**

મારા અનુભવ મુજબ યુરોપ પ્રવાસીઓ મોટા ભાગે બે મુખ્ય પ્રકારમાં આવે છે. પહેલો પ્રકાર તે છે, જેને ગોઠવેલી અને આયોજનબદ્ધ ગ્રુપ ટુર ગમે છે. તેમને ટુર મેનેજરની હાજરી, સમવયસ્ક પ્રવાસીઓ સાથેનો સાથ અને દરરોજની સ્પષ્ટ યોજના આરામ આપે છે. તેઓને "આગળ શું?" વિચારવાનો તણાવ ન ગમે અને તેઓ પ્રવાસને સરળ અને સુવ્યવસ્થિત રાખવા ઇચ્છે છે. બીજો પ્રકાર તે છે, જેને કસ્ટમાઇઝ્ડ યુરોપ ગમે છે. તેઓ પોતાની ગતિથી મુસાફરી કરે છે. દરેક શહેરમાં કેટલા દિવસ વિતાવવાં, કયા સ્થળો જોવાં, કયા દેશો જોડવાં અથવા પોતાના રસ આસપાસ ટ્રિપ બનાવવી, આ બધું તેઓ પોતાના હાથમાં રાખવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં એક નવો પ્રકાર ઉદ્ભવ્યો છે. આવા પ્રવાસીઓ કહે છે, "અમને કસ્ટમાઇઝ્ડ યુરોપ જોઈએ, પરંતુ ટુર મેનેજર પણ જોઈએ." ટુર મેનેજરોની કાર્યક્ષમતા, સમસ્યાઓનું તરત નિરાકરણ, લોજિસ્ટિક્સની સંભાળ અને યાત્રાને યાદગાર બનાવતા નાનકડા સ્પર્શોએ આ માગ વધુ મજબૂત કરી છે. આથી આજે યુરોપ ફક્ત ગ્રુપ અને કસ્ટમાઇઝ્ડ સુધી મર્યાદિત નથી, પરંતુ ટુર મેનેજર સાથેનું વ્યક્તિગત કસ્ટમાઇઝ્ડ યુરોપ પણ પ્રવાસીઓની પસંદગી બની ગયું છે. પ્રવાસી કઈ શૈલી પસંદ કરે છે તે સમજાતાંજ સમગ્ર સંવાદ સરળ બની જાય છે.



**વીણા વર્લ્ડમાં યુરોપનું સ્તર**

વીણા વર્લ્ડમાં યુરોપ એક જ ટુર અથવા એક ફોર્મેટ સુધી મર્યાદિત નથી. તે વિકલ્પોથી ભરેલું વિશાળ જગત છે. આજે અમારી પાસે ૧૨૦ થી વધુ યુરોપ ગ્રુપ ટુર્સ છે, જે દર્શાવે છે કે યુરોપ "વન સાઇઝ ફિટ્સ ઓલ" નથી. નવદંપતી માટે યોગ્ય ટુર સિનિયરો માટે ઝડપી લાગી શકે. પહેલી વાર જનાર માટે આદર્શ ટુર બીજી વારના અનુભવી પ્રવાસી માટે બહુ વ્યાપક લાગશે. આથી અમારી ભૂમિકા વિકલ્પોની ગૂંચવણ વધારવાની નથી, પરંતુ પસંદગી સરળ બનાવવાની છે.

**પહેલી વાર અને બીજી વાર, મહત્વનો તફાવત**

અમારે સૌથી પહેલા જાણવા માગવું પડે છે કે પ્રવાસી પહેલી વાર યુરોપ જઈ રહ્યો છે કે તે અગાઉ જઈ આવ્યો છે. આ એક જ ઉત્તર સમગ્ર દિશા બદલાવી દે છે. પહેલી વાર યુરોપ જનાર સામાન્ય રીતે હાઈલાઈટ્સ આવરી લેનારી ક્લાસિક યાત્રા પસંદ કરે છે, જેથી યુરોપનો વ્યાપક પરિચય પ્રાપ્ત થાય. બીજી અથવા ત્રીજી વાર જનાર પ્રવાસીઓ પસંદગીના પ્રદેશો, અનોખા શહેરો અથવા ચોક્કસ વિષય આધારિત યાત્રાઓ પસંદ કરે છે. તેઓને વધુ ધીમી ગતિ, વધુ અનુભવ અને થોડી ઊંડાણસભર મુસાફરી ગમે છે.

**યુરોપ એક સ્થળ નહીં, એક ખંડ**

યુરોપ વિશે આપણે ઘણીવાર એક સ્થળની જેમ વિચારીએ છીએ. પરંતુ હકીકતમાં યુરોપ અનેક સંસ્કૃતિઓ, લય, પ્રકૃતિ અને મુસાફરી શૈલીઓનો ખંડ છે. આથી અમારી ટુર્સ પ્રદેશ આધારિત રીતે રચાય છે. નોર્ધર્ન યુરોપમાં ક્લાસિક પ્રવાસોથી લઇને નોર્ધર્ન લાઈટ્સ અને મિડનાઈટ સન જેવી ઋતુ આધારિત અનુભવો મળે છે. સધર્ન યુરોપ અને મેડિટરેનિયન ક્ષેત્ર દરિયાકાંઠા, ગરમ હવામાન અને ધીમા લયથી ભરેલો છે. ઈસ્ટર્ન યુરોપ, બાલ્ટિક્સ અને બાલ્કનસ પ્રવાસીઓને તાજગીભર્યા અને નવા અનુભવો આપે છે. વેસ્ટર્ન યુરોપ પહેલી વારના પ્રવાસીઓ માટે સૌથી સ્વાભાવિક શરૂઆત બનતું રહે છે.

**વુમન્સ સ્પેશિયલ અને સિનિયર્સ સ્પેશિયલ**

પ્રવાસી કેવી રીતે પ્રવાસ કરે છે તે પણ એટલું જ મહત્વનું છે. આથી વુમન્સ સ્પેશિયલ અને સિનિયર્સ સ્પેશિયલ ટુર્સ મોટી લોકપ્રિયતા ધરાવે છે. વુમન્સ સ્પેશિયલ ટુર્સમાં સ્થળદર્શન, શોપિંગ, સ્થાનિક અનુભવ અને લીઝર ટાઈમનું સંતુલન એક પરિચિત અને આરામદાયક ગતિ સાથે મળે છે. સિનિયર્સ સ્પેશિયલ ટુર્સમાં દિવસની લય વધુ આરામદાયક હોય છે, પરંતુ સ્થળદર્શન ઘટાડવામાં આવતા નથી. અડધાથી ત્રણ ચતુર્થાંશ દિવસ સ્થળદર્શન માટે અને બાકીનો સમય આરામ માટે હોય છે. બંને ટુર્સમાં એક જ વચન રહે છે. તમે યુરોપને ચૂકશો નથી. તમે તેને તમારા ગતિ અને શૈલી મુજબ માણશો.

**યુરોપ કેટલું જોવું, મહત્વનો વિચાર**

દરેક પ્રવાસી યુરોપમાં બધું જ જોવું માગે છે, પરંતુ બધું જનો અર્થ દરેક માટે જુદો હોય છે. કોઈને અનેક દેશો એક સાથે જોવું ગમે છે. કોઈને બે દેશ ઊંડાણથી અનુભવવા ગમે છે. કોઈને એક જ દેશમાં પૂરતો સમય વિતાવી તેની સંસ્કૃતિ અને શહેરોની નજીકથી ઓળખ કરવી ગમે છે. પ્રવાસીની ગતિ અને રસ સમજાતા જ યોગ્ય ટુર પસંદ કરવી સહેલી બને છે.

**ટ્રાવેલ પ્લાનર, યોગ્ય પસંદગી માટેનું સાધન**

વેબસાઈટ પર બધી માહિતી હોય છે, પરંતુ હું હંમેશાં પ્રવાસીઓને વીણા વર્લ્ડ ટ્રાવેલ પ્લાનરની નકલ મેળવવાની સલાહ આપું છું. એક નજરમાં તમામ ટુર્સ સ્પષ્ટ દેખાય છે અને પરિવાર સાથે ચર્ચા કરતી વખતે અથવા વિકલ્પોની તુલના કરતી વખતે આ સાધન ખૂબ મદદરૂપ થાય છે. ઘણીવાર એક નજરમાં જ યોગ્ય ટુર ઓળખી શકાય છે.

**અમે સાંભળીએ છીએ, પછી બનાવીએ છીએ**

વર્ષોથી પ્રવાસીઓની યાચિકાને ધ્યાનમાં રાખીને અમે બે નવી ૧૫ દિવસની ટુર તૈયાર કરી છે. યુરોપિયન ચાર્મ અને યુરોપિયન એસેન્સ. એકમાં ઈટાલી અને ઓસ્ટ્રિયા જોડાય છે. બીજીમાં એમ્સ્ટરડમ, બ્રુજીસ, લક્ઝેમ્બર્ગ અને જર્મની આવરી લેવાયા છે. પ્રવાસીઓની માંગ અને અનુભવથી પ્રેરિત થઈને દરેક વર્ષે અમે નવી રચનાઓ રજૂ કરતા રહીએ છીએ. ૧૦૦થી વધુ યુરોપ ટુર મેનેજરો મુંબઈથી મુંબઈ સપોર્ટ આપે છે, જે પ્રવાસને નિરાંતે અને નિશ્ચિત બનાવે છે.

**મોસમ અનુસાર યુરોપ**

યોગ્ય ટુર પછીનો અગત્યનો પ્રશ્ન ક્યારે જવું તે છે. ઠંડું હવામાન ગમે તો માર્ચ, એપ્રિલ, સપ્ટેમ્બર અને નવેમ્બર ઉત્તમ છે. હળવું માઇલ્ડ હવામાન ઇચ્છતું હો તો મે અને જૂન યોગ્ય છે. જો ઠંડી ન ગમે તો જુલાઈ અને ઓગસ્ટ શ્રેષ્ઠ છે. વિંટર યુરોપ ડિસેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન અનોખો બને છે. ઓછી ભીડ અને શાંત વાતાવરણ પ્રવાસને અલગ જ આનંદ આપે છે. વીણા વર્લ્ડ બારેય મહિના યુરોપ ટુર્સ ચલાવે છે, તેથી પ્રવાસી પોતાની પસંદગી મુજબ મોસમ પસંદ કરી શકે છે.

**હાલમાં યુરોપમાં શું ચાલી રહ્યું છે**

હાલમાં નોર્મલ યુરોપ, સ્કેન્ડિનેવિયા, આઈસલેન્ડ અને નોર્ધર્ન લાઈટ્સ સહિત અનેક ટુર ચાલી રહી છે. જેઓ લંડન જોઈ આવ્યા છે પરંતુ સ્કોટલેન્ડ અથવા આયર્લેન્ડ ચૂક્યા છે તેમ માટે ખાસ ટુર્સ તૈયાર છે. આ વર્ષે એક નવી સંકલિત આઈટિનરી રજૂ કરવામાં આવી છે, જેમાં ઇંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ અને આઈસલેન્ડને એક સાથે જોડી આપવામાં આવ્યા છે, જેથી એક યાત્રામાં બે અનોખા પ્રદેશો જોવા મળે છે.

**નક્કી કરો, બુક કરો અને બાકી અમારે પર છોડી દો**

યુરોપની અનેક આવૃત્તિઓ છે અને અમે દરેક માટે તૈયાર છીએ. તમે તમારી ગતિ, તમારી શૈલી અને તમારી પસંદગી મુજબ યુરોપ કરી શકો છો. નિર્ણય લાંબો ન ખેંચો, કારણ કે બુકિંગ થતાં જ અમે વિઝા પ્રક્રિયા શરૂ કરી શકીએ છીએ. અમારી ૧૧૮ સભ્યોની વિઝા ટીમ અને અનુભવી યુરોપ ટુર મેનેજરો યાત્રાને શરૂથી અંત સુધી આરામદાયક અને સુરક્ષિત બનાવે છે.


**ચાલો, બેગ ભરો અને નીકળી પડો, યુરોપમાં વીણા વર્લ્ડ સાથે**

તમારા સપનાનો યુરોપ હવે નજીક છે. યોગ્ય ટુર પસંદ કરો, સમય નક્કી કરો અને બાકીનું આયોજન અમે પ્રેમથી સંભાળી લેશું. યુરોપ તમારી રાહ જોઈ રહ્યું છે, ચાલો મળીને તે સપનું સાકાર કરીએ. હેપી ન્યુ યર ઈન એડવાન્સ!

સપનાઓથી પણ સુંદર નજારા
વીણા વર્લ્ડ ગ્રીસ
ગ્રીસ એથન્સ સેન્ટોરિની (5D) Apr 20, May 18 - 200K-210K
ગ્રીસ એથન્સ સેન્ટોરિની મિકોનોસ (7D) Apr 18, May 2 - 250-260K
ગ્રીસ એથન્સ સેન્ટોરિની રોહોડ્સ મિકોનોસ (10D) Apr 27, May 11 - 325000 - 335000
ઓલ ઓફ ગ્રીસ - 14 Days - June 20 - 425000 - 450000
ઈજિપ્ત ગ્રીસ ટર્કી - 15 Days - Apr 18, May 16 - 425-450K
ગ્રીસ સાયપ્રસ - 9 Days - Mar 14, May 30 - 325-335K
*T&C apply
ચલો, બેગ ભરો, નિકલ પડો!



Email: travel@veenaworld.com
veenaworld.com
Toll-Free: 1800 313 5555




હનીમૂન વિથ વીણા વર્લ્ડ
કસ્ટમાઈઝડ હોલીડેઝ



હનીમૂન ઇન હિમાચલ - 7 Days ₹38000
આંદામાન વિથ હેવલોક - 6 Days ₹38000
ફુકેટ ક્રાબી - 6 Days ₹55000
રોમેંટિક મૉરિશિયસ - 7 Days ₹60000
માલદિવ - 4 Days ₹70000
બાલી હનીમૂન એર ઇન્ક્લુઝિવ - 7 Days ₹105000
વિયેટનામ વિથ ફુ ક્વોક - 8 Days ₹110000
ન્યૂઝીલેન્ડ સેલ્ફ ડ્રાઇવ - 12 Days ₹225000
ફિનલેન્ડ ગ્લાસ ઇગ્લૂ સ્ટે - 4 Days ₹240000
*T&C Apply
એપ્રિલ સુધી તમામ વીણા વર્લ્ડ સેલ્સ ઓફિસો રવિવારે પણ ખુલ્લી રહેશે.
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.
Customized holiday price is per person on twin sharing basis and includes accommodation, meals, sightseeing, and transfers. Govt taxes extra. T&C apply

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કિસઃ એક સ્પર્શ જેમાં મિલનની મીઠાશ ને વિદાયની વ્યથા છુપાયેલી છે



માણસોને જ્યારે પ્રેમ જાહેર કરવો હોય ત્યારે તેની અલગ અલગ અભિવ્યક્તિ હોય છે. તેમાંથી એક છે કિસ એટલે કે ચુંબન.

કિસનો સંબંધ ગહેરી આત્મીયતા સાથે છે અને તે રોમેન્ટિક જ હોય તે જરૂરી નથી. માણસો અલગ-અલગ સંબંધમાં અલગ-અલગ રીતે કિસ કરે છે. પતિ-પત્નીની કિસ મા-દીકરાની કિસથી અલગ હોય છે. બે મિત્રની કિસ બે ભાઇની કિસ કરતાં જુદી હોય છે. ગાલ પરની કિસ હાથ પરની કિસ કરતાં ભિન્ન છે. ગુરુ એના શિષ્યના કપાળ પર કિસ કરે છે. શિષ્ય ગુરુના પગને કિસ કરે છે. માફિયા જગતમાં હાથ પર કિસ કરવાનો રિવાજ છે.

હવે સવાલ એ છે કે માણસો જ કેમ કિસ કરે છે? કિસ જો ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે ઉપયોગી હોય (વિજ્ઞાન કહે છે કે કિસમાં ૮ કરોડ બેક્ટેરિયાનું આદાન-પ્રદાન થાય છે), તો જાનવરોની દુનિયામાં આ પ્રવૃત્તિ કેમ દુર્લભ છે?

‘ઑક્સફર્ડ યુનિવર્સિટી’ના એક નવા અભ્યાસમાં એ મીથને તોડવામાં આવી છે કે કિસ કેવળ મનુષ્યની જ ‘કળા’ છે. સંશોધન અનુસાર, મનુષ્ય અને મોટા વાનરોના તેમના જેવા પૂર્વજોમાં આશરે ૨ કરોડ વર્ષ પહેલાં કિસ કરવાની આદત વિકસિત થઇ હતી. એટલે જે હરકતને આજે આપણે ભાવના અને ઘનિષ્ઠતાની પ્રતીક માનીએ છીએ, તે વાસ્તવમાં આપણા અતિ પ્રાચીન અતીતનો હિસ્સો છે.

અભ્યાસમાં એ પણ માનવામાં આવ્યું છે કે મનુષ્ય (હોમો સેપિયન્સ)ની પાડોશી કહેવાતી અને હવે લુપ્ત થઇ ગયેલી નિયેન્ડરથલ પ્રજાતિ કિસ કરતી હતી અને સંભવતઃ તેમણે મનુષ્યો સાથે પણ એ જ રીતે પ્રેમ વ્યક્ત કર્યો હશે.

એ અભ્યાસનાં પરિણામો દર્શાવે છે કે ૨૧.૫ થી ૧૬.૯ કરોડ વર્ષ પહેલાં મોટા વાનરોના પૂર્વજોમાં કિસ જેવી વર્તણૂક મોજૂદ હતી. સમય સાથે ઘણી બાબતો બદલાઈ, પરંતુ આ આદત જળવાઈ રહી. આજે પણ ચિમ્પાંઝી, બોનોબો અને ઉરાંગઉટાંગ જેવા મોટા વાનરો એકબીજાને કિસ કરતા દેખાય છે. ઓક્સફર્ડની વૈજ્ઞાનિક ડો. મેટિલ્ડા બ્રિન્ડલ કહે છે, ‘કિસને આટલા મોટા દૃષ્ટિકોણથી સમજવાનો આ પહેલો પ્રયાસ છે.’

કિસનો સૌથી પ્રાચીન સંદર્ભ મહાભારતમાં હોવાની માન્યતા છે, પરંતુ એમ. કે. અગ્રવાલ એમના અભ્યાસગ્રંથ ‘ધ વૈદિક કોર ઓફ હ્યુમન હિસ્ટ્રી’માં લખે છે કે કિસનો સૌ પ્રથમ પ્રાચીન સંદર્ભ સંસ્કૃત સાહિત્યમાં છે, એ પછી મહાભારત અને કામસૂત્રમાં એનો ઉલ્લેખ છે. કિસિંગને ગ્રીક લોકો ભારતની બહાર લઇ ગયા અને શૃંગારિક કિસને ઇટાલિયન લોકોએ પ્રચલિત બનાવી.

ફ્રેન્ચ સંસ્કૃતિમાં ૨૦ પ્રકારની કિસ છે. જર્મનો ૩૦ પ્રકારે ચુંબન કરી શકે છે. કામસૂત્રમાં ૧૬ કિસમની કિસનાં વર્ણન છે. વૈદિક શાસ્ત્રોમાં ‘કિસ’ અથવા ચુંબન શબ્દ નથી. એના સ્થાને ‘સ્પર્શ’ અને ‘ગંધ’ એવા શબ્દ વપરાયા છે. જગતમાં ૯૦ પ્રતિશત લોકો કિસ કરે છે, પરંતુ ૧૦ પ્રતિશત સંસ્કૃતિ એવીય છે જ્યાં કિસ કરવી વર્જિત છે.

અભ્યાસકર્તાઓને કિસ અજીબ લાગે છે. એ શ્વાસોશ્વાસની જેમ એટલી સહજ ક્રિયા છે કે વિજ્ઞાન એનો ડેટા એકઠા કરવાનું ભૂલી ગયું છે અથવા એમાં એટલી વિભિન્નતા છે કે વિજ્ઞાનને એમાં કોઇ ચોક્કસ નિયમ શોધવામાં તકલીફ પડે છે. ૧૭મી સદીના જર્મન અભ્યાસુ માર્ટિન વોન કેમ્પેએ ૧૦૦૦ પાનાનો કિસિંગ એનસાયક્લોપીડિયા લખ્યો છે, જેમાં એણે કિસિંગના ૨૦ પ્રકારને અધિકૃત ઠેરવ્યા છે.

‘ધ એક્સપ્રેશન ઓફ ધ ઇમોશન ઇન મેન એન્ડ એનિમલ’ નામના પુસ્તકમાં ચાર્લ્સ ડાર્વિન લખે છે કે જગતના ઘણા ભાગોમાં નાકથી નાકનો સ્પર્શ કરીને કિસ કરવામાં આવે છે. ઉત્તર ધ્રુવના આર્કટિક પ્રદેશમાં ખોજકર્તાએ એસ્કીમોમાં આ વૃત્તિ જોયેલી એટલે એને ‘એસ્કીમો કિસ’ કહેવાય છે.

જેની લોકપ્રિયતા અપાર અને અમાપ છે તે હોઠ સે હોઠ મીલે કિસને ‘ફ્રેન્ચ કિસ’ કહેવાય છે. ૨૦મી સદીની શરૂઆતમાં જગતમાં ફ્રેન્ચ લોકો એમની સેક્સ અભિવ્યક્તિમાં સાહસી અને ખુલ્લા હતા. એમાંથી તસતસતા ચુંબનને ‘ફ્રેન્ચ કિસ’ નામ મળેલું. ફ્રેન્ચ લોકોની એક કિસનું નામ ‘હોટ એર’ (ગર્મ હવા) છે. જેમાં સ્ત્રીના કાન નીચેના ઇરોજીનસ (કામોત્તેજક) ભાગ પર ચુંબન કરતી વખતે એના કાનમાં હલકો હલકો શ્વાસ છોડવાનો!

‘એવરીથિંગ યુ એવર વોન્ટેડ ટુ નો અબાઉટ’ નામના પુસ્તકમાં અમેરિકન કિસ એક્સપર્ટ એન્ડ્રી દમીરજીયન લખે છે કે માણસો જ્યારે ગુફામાં રહેતા હતા ત્યારે બાળકો કરતાં પહેલાં તેમના પાર્ટનર તંદુરસ્ત છે કે નહીં તે ચકાસવા માટે કિસ મારફતે સલાઇવા (થૂંક, લાળ)નો ટેસ્ટ કરતા હતા. તેમાંથી રોમેન્ટિક કિસનો આવિર્ભાવ થયો હતો.

એન્ડ્રીના કહેવા પ્રમાણે મોઢામાં ૨૮૯ પ્રકારના બેક્ટેરિયાની વસતિ છે અને એ તમામ તંદુરસ્ત નથી હોતા. એ કારણથી જ હિમાલયની કેટલીક જાતિઓ લિપલોક કિસ કરતી નથી. આફ્રિકા અને સુદાનના લોકોમાં માન્યતા છે કે મોં એ આત્માનું પ્રવેશદ્વાર છે અને હોઠથી હોઠ મિલાવીએ તો વચમાંથી યમરાજ અંદર ઘૂસી જાય!

અમેરિકાની ‘ટેક્સાસ યુનિવર્સિટી’ના રિસર્ચ સાયન્સ્ટિસ્ટ શેરીલ કિર્શેનબોમના પુસ્તક ‘ધ સાયન્સ ઓફ કિસિંગઃ વોટ અવર લિપ્સ આર ટેલિંગ અસ’માં એ લખે છે, ‘કિસમાં સ્વાદ, ગંધ, સ્પર્શ અને ફેરોમોન કેમિકલ દ્વારા બે વ્યક્તિ એકબીજાની અંદર ‘ઝાંખી’ને એકબીજા પ્રત્યેનો સંકલ્પ અને જીનેટિક યોગ્યતાનો તાગ મેળવે છે.’

સીએનએન પર એક ઇન્ટરવ્યૂમાં શેરીલ કહે છે કે શરીરનાં તમામ ખુલ્લાં અંગો પૈકી હોઠ એ સૌથી વધુ કામોત્તેજક ભાગ છે. એમાં ઠસોઠસ સંવેદનશીલ સ્નાયુઓ ભરેલા છે, જે જરા અમથા સ્પર્શથી મગજને ઢગલાબદ્ધ સિગ્નલ અને માહિતી મોકલીને ‘આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ’ અથવા ‘ખબરદાર, રુક જાવ’ એ બેમાંથી એકની પસંદગી કરવામાં મગજને મદદ કરે છે. જેને ક્રેનિયલ (કપાલીય) સ્નાયુ કહે છે તેવી ૧૨ નર્વ્સમાંથી પાંચ નર્વ્સ કિસિંગ વખતે સક્રિય થઇને મગજ, હોઠ, જીભ અને ત્વચા વચ્ચે ઇલેક્ટ્રિક ઇમ્પલ્સની આપ-લે કરે છે. એ પ્રક્રિયામાં ડોપેમાઇન નામનું કેમિકલ પેદા કરે છે. તમે દારૂ પીવો કે, કોકેઇન સ્મોક કરો કે ચોકલેટ ખાવ ત્યારે જે ‘મઝા’ પડે છે તે આ ડોપેમાઇનના કારણે. તે આનંદનું કેમિકલ ગણાય છે. જેને આપણે લત કહીએ છીએ (પછી એ કોઇપણ પ્રકારની ‘મજા’ હોય) તે આ ડોપેમાઇનના કારણે.

કિસ માણસની સૌથી પ્રાઇવેટ અને પર્સનલ વૃત્તિ છે. એમાં એ પૂરી ઇમાનદારીથી બહાર આવે છે. કિસ અભદ્ર કે શરમજનક છે તેટલા માટે નહીં, પરંતુ એમાં માણસની ઇમાનદારી એટલી તીવ્ર રીતે બહાર આવે છે કે અજાણી વ્યક્તિ એને સહી શકતી નથી એટલે એનું જાહેરમાં પ્રદર્શન થતું નથી.

‘ટેક્સાસ યુનિવર્સિટી’ ના નૃવંશશાસ્ત્રી વૌઘન બ્રાયન્ટ કહે છે, ‘કિસ એ ખાલી કિસ જ નથી. એ એના આગવા વ્યાકરણવાળી એક ભાષા છે. બે વ્યક્તિ જ્યારે કિસ કરે છે ત્યારે તે કોણ છે, ક્યાંના છે, બંને વચ્ચે શું સંબંધ છે અને શું કરવા માગે છે તે બધું જ બહાર આવે છે.’

અંગ્રેજીમાં એક મુહાવરો છેઃ કિસ એન્ડ ટેલ. મતલબ કે અંતરંગ સંબંધ બાંધવો અને પછી એને જાહેર કરવો. કિસ પ્રામાણિકતાનું પ્રતીક છે. આપણે કિસ કરીએ છીએ, કારણ કે આપણે કોઈને પ્રેમ કરીએ છીએ, કોઇની ઇજ્જત કરીએ છીએ, કોઇને આવકાર આપીએ છીએ અથવા કોઇને અલવિદા કરીએ છીએ. આપણા પરિવારમાં કોઇનું મૃત્યુ થાય તો એને કપાળ પર ચુંબન કરવાની પ્રથા છે. આમ કિસ આવકાર અને અલવિદાની કહાની છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# રોકાણના સરળ ને બહેતર વિકલ્પ તરીકે ઈટીએફ અજમાવવા જોઈએ

રોકાણ વિશ્વમાં આમ તો રોકાણ માટે વિવિધ સાધનો છે, જેમાં એક મહત્ત્વનું સાધન ઈટીએફ છે, જોકે તેના વિશે હજી અપેક્ષિત જાગ્રતિનો અભાવ હોવાથી બહુ મોટો વર્ગ તેનાથી દૂર છે. જયારે કે ઈન્વેસ્ટમેન્ટ માટે આ એક નકકર માધ્યમ કે સાધન ગણાય છે.

રોકાણકારોને જયારે પણ કયા સ્ટોકસ ખરીદવા, કેટલા સમય માટે જાળવી રાખવા એ ન સમજાતું હોય તો તેમની માટે રોકાણનો સૌથી સરળ અને બહેતર વિકલ્પ છે ઈટીએફ (એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ). તાજતેરના સમયમાં ઈટીએફ માર્કેટનું કદ મોટું થતું જાય છે. જેથી તેના વિશેની સમજ વધારવી અને તેમાં રોકાણ વધારવાનું વિચારવા જેવું ખરું.

ઈટીએફ એક એવું ફંડ છે જેના યુનિટસમાં શૅરની જેમ શૅરબજાર પર સોદા થઈ શકે છે, તેનું શૅરબજાર પર લિસ્ટિંગ થાય છે. તે કોમોડિટીઝ આધારિત હોઈ શકે કે ઈન્ડેક્સ આધારિત પણ હોઈ શકે. દાખલા તરીકે તે ઈન્ડેક્સ નિફટી આધારિત છે તો તેનું રોકાણ નિફટીમાં સમાવિષ્ટ પચાસે પચાસ સ્ટોકસમાં નિફટીના વેઈટેજ મુજબ થાય છે. રોકાણકારો એક નિફટી ઈટીએફમાં રોકાણ કરીને ૫૦ સ્ટોકસમાં એકસાથે રોકાણ કરવાનો લાભ મેળવી શકે છે. આ જ રીતે ગોલ્ડ કે સિલ્વર ઈટીએફ પણ હોય છે, જેનું અનુક્રમે સોના અને ચાંદીમાં રોકાણ થાય છે. જોકે આ રોકાણ ફિઝિકલ નહીં, બલકે ડિમેટ સ્વરૂપે થાય છે.

લાર્જ-કેપ શૅરોમાં રોકાણ આસાનીથી થઇ શક્તું હોવાથી આવા ઇટીએફનો ઘણો વિકાસ થયો છે. ભૂતકાળમાં સક્રિય ભંડોળના રોકાણોમાં લાર્જ-કેપ ઇન્ડેક્સિંગ લોકપ્રિય વિકલ્પ હતો, ત્યારે મિડ અને સ્મોલ-કેપ સેગમેન્ટ્સમાં સંપૂર્ણપણે નિષ્ક્રિય એક્સપોઝર મેળવવા માગતા રોકાણકારો સમક્ષ યોગ્ય પ્રોડક્ટ્સની ચોઇસ મર્યાદિત હોવાથી મિડકેપ અને સ્મોલકેપ ઇટીએફનો એટલો વિકાસ થયો ન હતો, પરંતુ હવે આ સ્થિતિ બદલાઇ છે અને મિડ-સ્મોલ કેપ ફંડોમાં પેસિવ રોકાણ ઇટીએફ થકી સંભવ છે. વર્તમાન સમયમાં વિવિધ બજાર સેગમેન્ટ્સમાં તાજેતરમાં લોન્ચ થયેલા ઇટીએફ રોકાણકારોને ફક્ત ETFs નો ઉપયોગ કરીને સંપૂર્ણ, વૈવિધ્યસભર અને જોખમ લેવાની ક્ષમતા મુજબનો ઇટીએફ પોર્ટફોલિયો બનાવવાની સગવડ આપે છે. જોકે આવા ઇટીએફમાં રોકાણોની સફળતાની ચાવી યોગ્ય સંપત્તિ ફાળવણી (એસેટ એલોકેશન) માં રહેલી છે, જે અહીં ત્રણ પ્રાથમિક જોખમ પ્રોફાઇલ્સમાં દર્શાવી છેઃ જેમાં આક્રમક, સંતુલિત અને રૂઢિચુસ્ત પ્રોફાઈલનો સમાવેશ થાય છે. રોકાણકારોએ પોતાના રિસ્ક પ્રોફાઈલ મુજબ પોર્ટફોલિયો તૈયાર કરવો જોઈએ.

## આક્રમક રોકાણકારો માટે

આક્રમક રોકાણકારો ઉચ્ચ વળતરને પ્રાથમિકતા આપે છે અને બજારની ભારે ચંચળતા સ્વીકારવા સજ્જ હોય છે. આવા પ્રોફાઇલ માટે, મિડ- અને સ્મોલ-કેપ ઇન્ડેક્સ ઇટીએફમાં ઉચ્ચ-વૃદ્ધિ અને સંપૂર્ણપણે નિષ્ક્રિય વિકલ્પ પૂરો પાડે છે. ઐતિહાસિક ડેટાના આધારે જણાય છે કે ૧૫ વર્ષથી વધુ સમય માટે, સ્મોલ-કેપ્સે પાંચ વર્ષના રોલિંગ સમયગાળા દરમિયાન વાર્ષિક ૩૮% સુધીનું વળતર આપ્યું છે. મિડ-કેપ્સ એ જ રીતે લગભગ ૩૫% રિટર્ન આપે છે. જો કે મિડકેપ અને સ્મોલકેપનું આ વળતર સામે તે મુજબના જોખમનો પણ સામનો કરવાનો રહે છે; સ્મોલ-કેપ્સે પાંચ વર્ષના રોલિંગ સમયગાળાના લગભગ ૮% નકારાત્મક વળતર આપ્યું હોવાના કિસ્સા પણ છે.

## સંતુલિત રોકાણકાર માટે

સંતુલિત રોકાણકાર વૃદ્ધિ ઇચ્છે છે, પરંતુ સ્થિર પોર્ટફોલિયોને પણ મહત્ત્વ આપે છે, ઓછી વોલેટિલિટી માટે સંભવિત વળતરમાં ઘટાડો એમને સ્વીકાર્ય હોય છે. ઓછા અસ્થિર લાર્જ-કેપ સેગમેન્ટમાં ફાળવણી વધારીને એવું કરી શકાય છે. ૨૦% વૈશ્વિક ફાળવણી એક મહત્ત્વપૂર્ણ ઘટક રહે છે, જે વળતર પ્રોફાઇલને સરળ બનાવીને સ્થિતિસ્થાપકતા (ફ્લેકસિબિલીટી) પ્રદાન કરે છે, કારણ કે વૈશ્વિક બજારો ઘણીવાર ભારતીય ઇક્વિટીથી સ્વતંત્ર રીતે જુદી ચાલ કે ટ્રેન્ડ ધરાવતા હોય છે.

## કન્ઝર્વેટિવ રોકાણકાર માટે

રૂઢિચુસ્ત (કન્ઝર્વેટિવ) રોકાણકારોનું પ્રાથમિક ધ્યેય સ્થિરતા હોય છે અને તેમાં ફુગાવા અથવા કોર્પોરેટ બોન્ડ્સ કરતાં સાધારણ વધુ વળતરની અપેક્ષા રખાતી હોય છે. પરિણામે તે માત્ર ઇક્વિટી રોકાણવાળું જોખમ ઘટાડે છે. આવા પોર્ટફોલિયોમાં ઓછા ચંચળ લાર્જ કેપ્સ - માટે સૌથી વધુ એક્સપોઝરની જરૂર પડે છે. રૂઢિચુસ્ત પોર્ટફોલિયો ગોલ્ડ ઇટીએફનો પણ સમાવેશ કરી શકે છે, જે પરંપરાગત રીતે બજારની મંદીમાં કુશન તરીકે કાર્ય કરે છે.

## વિવિધ ઉંમરના પડાવનું રોકાણ

ઉંમર અને જીવનના તબક્કા પ્રમાણે ઈટીએફના મિશ્રણને એડજસ્ટ કરવું હિતાવહ ગણાય. રોકાણકારની ઉંમર અને નાણાકીય લક્ષ્યો ક્યાં અને કેટલા વર્ષમાં પૂર્ણ કરવા છે એ બાબતો તેમની જોખમ લેવાની ક્ષમતા નક્કી કરે છે. ૨૦ થી ૩૦ની ઉંમરે શરૂઆતના ગાળામાં રોકાણકારો પાસે લાંબી અવધિ હોય છે તેથી તેમના માટે આક્રમક વલણ ધરાવતા પોર્ટફોલિયો ફાયદાકારક ગણાય, કારણ કે સમય સ્વાભાવિક રીતે જ ચંચળતાનું સોલ્યુશન આપે છે.

૪૦થી ૫૦ના વયજૂથમાં રોકાણનો માર્ગ ટૂંકો થાય છે, લક્ષ્યો વધુ નજીક આવે છે અને લાંબા ગાળાનું રોકાણ કરી નુક્સાન થાય તો એની રિકવરી કરવાની ક્ષમતા ઘટતી હોવાથી આ તબક્કે, આક્રમક ફાળવણી (ખાસ કરીને મિડ-કેપ અને સ્મોલ-કેપમાં ૬૦% થી વધુ) રોકાણ અસ્ક્યામતના બદલે જવાબદારી પણ બની શકે તેથી જ વ્યવહારુ અભિગમ અપનાવી આગામી નાણાકીય લક્ષ્યો અને રોકડ પ્રવાહ સ્થિરતાના આધારે જ ફાળવણી કરવી જોઈએ. પોર્ટફોલિયોની વૃદ્ધિ ઉંમર વધવા સાથે થવી જોઈએ.

ઓલ-ઇટીએફ પોર્ટફોલિયો લોકોને આકર્ષે છે. ભારતનું ઇટીએફ બજાર ઝડપથી પરિપક્વ થઈ રહ્યું છે - જેમાં તરલતામાં સુધારો, કડક સ્પ્રેડ અને પ્રોડક્ટ્સમાં વૈવિધ્યીકરણ અને વિસ્તરણ જોવા મળવા ઉપરાંત ટ્રેકિંગ ભૂલોમાં ઘટાડો થવાની અપેક્ષા રહે છે. શિસ્તબદ્ધ રોકાણકારો માટે, ઇટીએફ-માત્ર વ્યૂહરચના જ નહીં પણ એક શક્તિશાળી બ્લુપ્રિન્ટ બને છે! અમે અગાઉ કહ્યું તેમ કયા શૅર ખરીદવો કે રાખી મૂકવા જેવી બાબત ન સમજાતી હોય અથવા જેઓ સ્ટોક સ્પેસિફિક જોખમ લેવા માગતા ન હોય તેમની માટે ઈટીએફનો માર્ગ બહેતર છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# જાડા નરને શોધીને હીરો જાહેર કરી દો!





આજે સિક્સ પેક, એકસરસાઇસ, મોર્નિંગ વોક અને ડાયેટ ફુડ જેવી બાબતોની બોલબાલા છે. સાંઠીએ પહોંચેલા બોલિવૂડી હિરો વીએફએક્સની મદદથી કહેવાતા મર્દાના લૂક માટે હવાતિયાં મારતા ફરે છે.

આ બધાથી દૂર મૂળ ઈથિયોપિયાની એક જનજાતિનાં એકદમ અલગ જ રિવાજ, પરંપરા અને માન્યતા છે બોદી જનજાતિના પુરુષો ઇચ્છે કે પોતે વધુને વધુ જાડા અને વજનદાર બને અને લાગે. હેં? ખરેખર? હા, વજન વધારવા માટે કોઇ કચાશ છોડતા નથી. આવું શા માટે? કારણકે બોદી જનજાતિમાં કલ્પનામાં ન આવે એવી એક સ્પર્ધાનું આયોજન થાય છે. આ સ્પર્ધા જીતનારા સૌથી વજનદાર-મોટા (જાડા) નરને બોદી જનજાતિનો હિરો જાહેર કરાય છે.

દુનિયાભરના ખૂણેખાંચરે આધુનિકતાથી દૂર અને પોતીકી પરંપરાના રક્ષણમાં રમમાણ રહેતી જનજાતિઓની ખાસ જીવનશૈલી, પરંપરા, માન્યતા, આસ્થા અને આદર્શો હોય. એ બધાના મૂળમાં બહુ જૂના સમયના તર્ક હોવાના જ. આ લોકો આધુનિકતાનું આંધળું અનુકરણ કરતાં નથી કે પરદેશીઓ પાછળ પાગલની જેમ દોડતા નથી.

બોદી જનજાતિમાં સૌથી જાડો હિરો માટેની સ્પર્ધામાં એક-બે દિવસ, બે-ચાર અઠવાડિયા નહીં પણ પૂરેપૂરા છ મહિના ચાલે છે. જાણીએ કે શું થાય છે આ અડધા વર્ષમાં અને સ્પર્ધકો કેમ - કેવી તૈયારી કરે છે. સ્પર્ધકને ખાવા-પીવાથી ભરપૂર સામગ્રી અપાય છે કે જેથી તેઓ જાડા થઇ શકે ને વજન વધારી શકે.

સ્પર્ધકો છ મહિના એક જ રૂમ કે ઝૂંપડીમાં રહે છે. અહીં તેઓ દૂધ અને લોહી (હા, બ્લડ)નું સેવન કરે છે. જાનવરના લોહીને દૂધ સાથે ભેળવીને પીવાથી વજન ખૂબ વધે છે. અથવા એવું તેઓ માને છે. આ રેડ ઍન્ડ વાઇટના મિશ્રણથી ઓછામાં ઓછા સમયમાં વધુને વધુ જાડા થઇ શકાય એવી તેમની માન્યતા છે. આ પ્રક્રિયા રોજેરોજ પૂરા છ મહિના સુધી થતી રહે છે. આ ઉપરાંત બીજી ચરબીવાળી ચીજોનો પણ તેઓ ખોરાકમાં ભરપૂર ઉપયોગ કરે છે.

અને આ સ્પર્ધાને અત્યંત ગંભીરતાથી લેવાય છે. સ્પર્ધક એટલા જાડા અને વજનદાર થઇ જાય છે કે સ્પર્ધા પતી ગયા પછી હલનચલનમાંય મુશ્કેલી પડે. છતાં કોઇ એને જરાય હળવાશથી લેતું નથી. પરંપરા પ્રત્યે કેવી અડગ શ્રદ્ધા છે ને?



સ્પર્ધાના આખરી દિવસે એક જાનવરનું બલિદાન અપાય. ત્યારબાદ એક-એક સ્પર્ધક સામાન્ય જીવન જીવવા માંડે છે.

મીએન તરીકે ય ઓળખાતી બોદી જનજાતિમાં મોટાભાગનાં પુરુષ ભારે વજન ધરાવતા હોય આનું એક મુખ્ય કારણ એ કે તેઓ માટે ભારે પ્રમાણમાં મધ વાપરે છે. કદાચ વધુ વજન એ એમના સંસ્કાર, પરંપરા અને ડીએનએનો ભાગ બની ચુકયો છે. સૌથી જાડા પુરુષને હિરો બનવાના ઇનામમાં પણ મળે શું? સમગ્ર જનજાતિમાં ભરપૂર નામના અને સન્માન મળે. છોગામાં મનપંસદ કન્યાને પરણવાનો હક.

આ સ્પર્ધા વિશે જાણ્યા બાદ બોદી જનજાતિ બાબતે ઘણી રસપ્રદ માહિતી છે જે ચૂકી ન શકાય. આ મોટાભાગના શ્યામવર્ણા પુરુષો કમરની ચારે બાજુ ઘાસચારા અને કપાસની પટ્ટી પહેરે છે. અમુક લગભગ નગ્નાવસ્થામાં પણ રહે છે. આ જનજાતિનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. આનું મહત્ત્વ એટલું બધું કે કોઇ બાળકનો જન્મ થાય ત્યારે પિતા ભૂલકાને એકાદ ગાય કે ભેંસની ભેટ આપે છે. એ જ રીતે લગ્નમાં પણ કન્યાને દહેજમાં ગાય-ભેંસ અપાય છે. હકીકતમાં તો ગાય જ બોદી જાતિનું સર્વસ્વ છે. ગાયના દૂધ, દહી, ઘી, માખણ, ગૌમૂત્ર, છાણ અને લોહીનો પણ ઘણો ઉપયોગ કરે છે. ગાય એમની કામધેનું જેવી હોવાથી સ્પર્ધકોને ગાયનું લોહી પીવડાવવા માટે આ અબોલ પ્રાણીની હત્યા કરાતી નથી. બલકે એની નસમાં કાણાં પાડેલ લોહી લેવાય છે. પછી દેશી દવા અને માટીથી ગાયના ઘાની સારવાર કરાય છે.

ખૂબ જ મિલનસાર સ્વભાવના બોદી જનજાતિની વસતિ દુનિયાભરમાં હાલ માંડ દશેક હજાર જેટલી છે.

આ અનોખી બોદી જાતિના નેતા કે આગેવાનને ‘કોમોરો’ કહેવાય છે. એના આદેશને દેવાતની ઇચ્છા માનીને માથે ચડાવાય. કોઇ ‘કોમારો’ વૃદ્ધાવસ્થાને લીધે મરણ પામે ત્યારે એના મોટા દીકરાને પરંપરાગત પદ્ધતિથી સત્તારૂઢ કરાય છે. ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# તને ઓઢીને સૂવું છે

શિયાળાની ઋતુ શરુ થાય ને મારે તો બારે મેઘ ખાંગા થાય. તમે કહેશો વ્હોટ નોનસેન્સ?! મેઘ ને બધું, ખાંગા ને બધું ચોમાસે થાય. અરે ના ભૈ! મારે તો ચોમાસા કરતાં અનેક ગણી રમ્ય ઋતુ એટલે શિયાળો. એમાય કોક કોક શિયાળા તો એવા આવે કે કોઈના નામની રજાઈ ઓઢીને સૂઈ રહેવા સિવાય કાંઈ કરતાં કાંઈ કરવાનું મન ન થાય એવો શિયાળો.

*ધીમું ધ્રુજતા મૂકે છે ઉચ્છવાસોથી વરાળોને*
*અને આશ્ચર્યથી તાક્યા કરે છે એક ગંજેરી*

અને મોસમ રેશમી હોય ને! એટલે આજુબાજુ ઉપરનીચે બધું/બધાં ગાતાં હોય એવું લાગવા માંડે... ખરું કે નહીં?!

*થઈ સૂનેરી રંગમાં ચકચુર- ગાતાં હોય છે*
*દર સવારે પંખીઓ ભરપૂર ગાતાં હોય છે*
*માંડણી સાથે વિધિસર ગાનનો ક્યાં છે સમય!*
*સૂર્ય સામે ઓસ ક્ષણભંગુર ગાતાં હોય છે*
*છે બધા માથાફરેલા સાધકો સુરતાલના*
*વટહુકમ સૌ ફાડી, ફેંકી દૂર-ગાતાં હોય છે*
*ભાવ ખાવાની જૂની આદત છૂટી છે ક્યાં હજી?!*
*બોલકા ચહેરા બહુ મગરુર ગાતાં હોય છે*
*શુદ્ધ છે એ મહેફિલોના ક્યાં કદી મોહતાજ છે?*
*ગણગણી અથવા જઈને દૂર ગાતાં હોય છે*
*એક સરસ છે કલ્પના કે થાય જ્યાં મારો પ્રવેશ*
*જન્નતો, જન્નતનશીનો, હૂર ગાતાં હોય છે*
*નાશ કરવાની ય છે તાકાત કુમળા સુરમાં*
*મેઘતાંડવમાં નદીના પૂર ગાતાં હોય છે*
*એમની સરગમનું સ્તર નોખું કદાચ હોઈ શકે?!*
*હીટલરો, ઔરંગઝેબો ક્રુર ગાતાં હોય છે*
*શિવ શર્માની જરા નખલી અડી જ્યાં તારને*
*એકસાથે આંઠ-દસ સંતુર ગાતાં હોય છે*
*એમણે મારા સુધી જ્યાં પહોંચવું નક્કી કર્યું*
*મારા ઘરનાં સૌ ગરીબ ગોપુર ગાતાં હોય છે*
*શક્ય છે, વિનવો અગર શોભિતને તો માને નહીં*
*પણ થયા જેવા જરા ચકચુર- ગાતાં હોય છે*

(૨)

*સાધનામાં થઈને ગાંડાતૂર- ગાતાં હોય છે*
*પંખીઓ શબ્દોને બદલે સુર ગાતાં હોય છે*
*એક તરફ તારાજી સાથે નાશ ને બીજી તરફ*
*કાપતા પાણી બહુ સુમધુર ગાતાં હોય છે*



*કોઈએ જોયા નથી આવા ભીનાછમ એમને*
*વાદળાં પાછળ લપાઈ ખૂર ગાતાં હોય છે*

ખૂર=સૂર્ય

*એને પણ તો બહુ નડે છે ખુદનું આ ખારાપણું*
*જ્યાં પડ્યા છાંટા કે દરિયે નૂર ગાતાં હોય છે*
*આંગળીઓ ફૂલ જેવી પાંખડી થૈ ના ફરે*
*ચાર સ્વર તો પણ સતત તંબુર ગાતાં હોય છે*
*ભૈરવીનો પાતળો રવ રંગ ગઝલોનો મુકે*
*આસમાનો મેઘમાં ઘેઘુર ગાતાં હોય છે.*
*ઈશ્કની મોસમમાં પ્રેમીઓની મસ્તી તો જુઓ!*
*થઈ ભલેને અરજી નામંજૂર- ગાતાં હોય છે*
*તાપણાનાં લાકડાને શોધવા પૂરતા ઉઠી*
*ઠારમાં થઈને ઠરી એ ઠુર ગાતાં હોય છે*
*હું બકું છું હોડ લખવાની પવન એ વાત પર*
*ચાંદનીમય પાંદડા મશહૂર ગાતાં હોય છે*
*આખરી શ્વાસોમાં ગુંજારવ અનલહકનો જ છે*
*ગાળીયાવાળા ગળે મન્સુર ગાતાં હોય છે*
*થાય છે ફિનિક્સ બેઠા રાખમાંથી એટલે*
*થઈ જઈ સંપૂર્ણ ચકનાચૂર - ગાતાં હોય છે.*

તમને બધાને ગાતાં કરીને હવે મારે મારી અર્ધસમજની વાત કરવી છે. થયું એવું કે શ્રીમાન રજત દિલીપ ધોળકિયાની અસીમ કૃપાથી ૧૯૭૩માં મહેંદી હસનના છંદે ચઢ્યા અને ફૈઝ એહમદ ફૈઝની ગઝલના સૂર કાનમાં રેડાયા...

*આયે કુછ અબ્ર કુછ શબાબ આયે*
*ઉસકે બાદ આયે જો અઝાબ આયે*

(થોડાં નશીલાં વાદળ અને થોડાં રૂપ આવે, એ પછી જે સજા આવવાની હો એ આવે) હવે બફાટ ત્યાં થયો કે તમારો પરમ શોભિત જે ગઝલની એન્સાઈક્લોપીડિયા તરીકે નવાજાય છે, એ સ્વયમ્‌ની મહામૂર્ખામીમાં 'આવે ને બદલે 'આવ્યા' સમજતો રહ્યો... તે ક્યાં સુધી? ઠેઠ ૨૦૨૫ સુધી... પણ આ કેવળજ્ઞાન થયું કે મારી બાળસમજ બદલ દંડ ભરવા માટે એ જ છંદ અને કાફિયા-રદીફ પર એક ગઝલ બનાવીને વ્યાજ સાથે સાટુંય વાળી દીધું છે. તવજ્જો ઓર વો ભી ખાસ ચાહુંગા...

*ચુસ્ત પરહેજના હિસાબ આવે*
*આંખની નહેરથી શરાબ આવે*

*સાગરે ઉનો આફતાબ ઉતરે*
*આભમાં શીત માહતાબ આવે*

*આપનું નામ લઇ કરે જે શરુ*
*અંતે તો એ જ કામિયાબ આવે*

*રંગ નિરખું, સુગંધને ચૂમૂં*
*હોઠના એવા કૈં ગુલાબ આવે*

*આખેઆખી ધરી દઉં હું તને*
*મંદિરે લઇ તું ફૂલછાબ આવે*

*આપનો હાથ ઝાલી બેઠો છું*
*આજ પણ ફક્ત એવા ખ્વાબ આવે*

*રાજકુંવરી જે ગુમ છે વર્ષોથી*
*લઈને નમણો કોઈ નવાબ આવે*

*કંઇક પુછું તને ઈશારાથી*
*ને ઢળી પાંપણે જવાબ આવે*

*માલિકીહક છે આજ પણ અકબંધ*
*મારી સામે જ એ શબાબ આવે*

*પ્રેમને જોતો હોય નફરતથી*
*એની બાકીની વય ખરાબ આવે*

આજે આટલું જ...

વલો કચ્છ
ગીરીરાજ
feedback@bombaysamachar.com

# એક જ શબ્દના અનેક અર્થ ને દરેક અર્થમાં એક નવી દુનિયા!

કોઈ પણ ભાષાની મહત્તા તેના વિસ્તારથી નહીં પરંતુ તેના ઊંડાણથી આંકી શકાય. અને કચ્છી ભાષા આ ઊંડાણનો જીવંત ઉદાહરણ છે. આ ભાષાનો પોટ નાનો રહ્યો છે કારણ કે આ ભાષામાં અનેકાર્થી શબ્દો ઘણા હોવાથી એક શબ્દ અનેક અર્થમાં વપરાતો આવ્યો છે. આ કથન ખુદ કે. કા. શાસ્ત્રીએ ઉચ્ચારેલા. કચ્છી ભાષામાં જેવું અનેકાર્થીતાનો વૈભવ છે, તે ગુજરાતીમાં પણ દુર્લભ છે.

ભાષા માત્ર અક્ષરોની ગોઠવણ નથી, અર્થવાહી બને ત્યારે જ શબ્દ બને છે. દરેક શબ્દ પોતાનો મૂળ અર્થ ધરાવે છે પરંતુ જ્યારે એક જ શબ્દ અનેક સંદર્ભોમાં અલગ-અલગ અર્થ આપે, ત્યારે એ ભાષાની પરિપક્વતા અને પ્રાચીનતાનું દર્પણ બની જાય. કચ્છી ભાષામાં અનેકાર્થી શબ્દોની અસંખ્યતા તેને વિશિષ્ટ શક્તિ આપે છે.

સાક્ષ્યમાં એક પિરૂલી એટલે કે ઊખાણો જોઈએ, જેમાં દરેક પ્રશ્નનો જવાબ એક જ શબ્દ 'પનું' આવે છે, પરંતુ દરેક વખતે તેનો અર્થ સંપૂર્ણ બદલાઈ જાય છે. લોકકવિએ અદ્‌ભુત કારીગરીથી એક જ શબ્દને પાંચ જુદા સંદર્ભો અને અર્થોમાં મૂકી આખા જીવનના વિવિધ પાયા લખાણ, સીલાઈ, રસોઈ, હથિયાર અને રમતને એક સાથે વ્યક્ત કર્યા છે.

*કલમ હુંધે લિખાણું કીં નં?*
*હુંધે કપડો સુઈ વટ આભો કીં સિભાણું નં?*
*ચાંકો હુંધે હથ પણ સાગ-પન મોરાણું નં?*
*પરહથુકા હથિયાર વા, ૫; ચાકી-નટ ફિરાણું નં!*
*પર્વે રાંધમેં હુંધે પતા, ખટાણું કીં નં?*

૧. હુંધે 'લિખાણું' કર્દી નં? અહીં પનુ = કાગળ. કાગળ ન હતું એટલે લખાણ થયું નહીં.

૨. હુંધે કપડો સુઈ વટ આભો કીં સિભાણું નં? અહીં પનુ = કપડાની પહોળાઈ. પહોળાઈ ન હોવાથી શર્ટ (આભો) સીવાયું નહીં.

૩. ચાંકો હુંધે હથ પણ સાગ-પન મોરાણું નં? અહીં પનુ = ધાર/અણી. ચપ્પુની ધાર ન હતી એટલે શાકભાજી સમારાઈ નહીં.

૪. પરહથુકા હથિયાર વા ચાકી-નટ ફિરાણું નં! અહીં પનુ = હથિયાર-ઓજારનું પાનું. ફેરવવાનું સાધન ન હોવાથી કામ થયું નહીં.

૫. પર્વે રાંધમેં હુંધે પતા, ખટાણું કર્કી નં? અહીં પનુ = પત્તાની રમતમાં 'પતું', એટલે ભારે પત્તું.

લોકકવિઓએ અનેકાર્થી શબ્દોના સહારે કચ્છી પિરૂલીઓને જીવંત કરી છે. પિરૂલી માત્ર રમૂજ કે ઉખાણું નથી; એ ભાષાની ઊંડાઈ, સંસ્કૃતિની સંવેદના અને વિચારશક્તિનો સાર છે. એટલે એક જ શબ્દના પાંચ અર્થ અને દરેક અર્થ એક નવી દુનિયા! આ છે કચ્છી ભાષાનું ઊંડાણ. એટલે તો 'શબાબ' સાહેબ (જયંતી જોશી) કહે છે કે, સાહિત્યની એ અજવાળી આલમની એ વિલક્ષણ, સારગર્ભિત, કાવ્યાત્મક સોપારી રૂપી પિરૂલીને ભાંગનારા કચ્છને ગામડે ગામડે જોવા મળે છે. કોઇ 'માડૂમારી' સોપારીનું વાવેતર કે વિતરણ કચ્છમાં જોવા નથી મળતું, પરંતુ વિદ્વાનોના ભેજા ભાંગે એવી પિરૂલીઓની ખાણ છે કચ્છી ભાષા, અને એ મહામૂલા મરમસાગરના મર્મી લાલજી મેવાડાએ ઉપર રજુ કરી એવી પિરૂલીઓનો સંચિત ગ્રંથ આપીને પ્રતિફલિત કરી દીધું છે.

લોક સાહિત્ય ન રહે તો સંસ્કૃતિ પણ ન રહે. કચ્છી જેવી વિશિષ્ટ ભાષાનું અસ્તિત્વ જોખમાય તો અજાયબ જેવી કચ્છી સંસ્કૃતિને સાચવવાનો પ્રશ્ન ગંભીર બની જાય. આવું ન થાય તે માટે કચ્છી ભાષા માટે પ્રદાનજોગીઓ કાર્યરત રહ્યા છે. આપણા નારાયણ બાપા 'કરાયલ' ને તો કચ્છીના સંવર્ધન માટે પ્રદાન બદલ પદ્મશ્રીનું સન્માન પણ હાંસલ થયું છે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા સંચાલિત કચ્છી સાહિત્ય અકાદમી પણ ભાષા સંવર્ધન માટે સક્રિય ભૂમિકા ભજવી રહી છે. એ સિવાય આ લખનાર જેવા યુવાઓથી લઈને કચ્છ બહાર વસતા હોય પણ હૈયું માત્ર કચ્છ માટે ધબકતું હોય એવા સુજ્ઞજનોની જહેમતથી કચ્છીમાં ઘણું પીરસાઈ રહ્યું છે અને આશા છે બોલાતી આ સમૃદ્ધ ભાષા લખવામાં પણ હેટ્રિક મારે.

કંઠ્યનું ભવિષ્ય ટૂંકું હોય છે જયારે લેખિત ભાવિને દીર્ઘકાલીન માર્ગદર્શન આપતું રહેશે અને નવી પેઢીમાં તેનો પ્રવાહ નિરંતર ચાલુ રહે, સંસ્કૃતિનું વાહન ભાષા પ્રવાહથી થતું રહે તે એટલું જ જરૂરી છે. ■



સન્ડે ધારાવાહિક
અનિલ રાવલ
feedback@bombaysamachar.com




જ્યોતિ દોડતી બહાર આવીને સંધ્યાને ભેટી પડી. એણે ચિઠ્ઠી બતાવતા કહ્યુઃ 'તું લખી વાંચી શકે છે ને એ પણ આટલું સરસ....તું ખરેખર છો કોણ?' એના ચહેરા પર હજી આશ્ચર્ય અકબંધ હતું.

મિસ એક્સે દૂર ક્ષિતિજે ખીલેલી સંધ્યા બતાવી. જ્યોતિ હસી પડી....એ ફરી ચિઠ્ઠીમાં જોવા લાગી. 'તારું નામ સંધ્યા છે, પણ તેં અત્યાર સુધી કહ્યું કેમ નહીં?'

'હું યોગ્ય સમયની રાહમાં હતી...કદાચ આજે એ સમય આવી ગયો છે.' બોલીને એ ક્યાંક ખોવાઇ ગઇ. 'હું આત્મહત્યા કરી લેવા માગતી હતી, પણ પેલા સાહેબે મને એવું પગલું નહીં ભરવા સમજાવી...રીતસર ધમકાવી.' એણે સોલંકીનું વર્ણન કર્યું. જ્યોતિએ કહ્યુંઃ 'હા, એ સોલંકી સાહેબ છે...બીએમસીના હેલ્થ ડિપાર્ટમેન્ટે અહીં મુક્યા છે.'

'પછી સાજી થયા પછી હું ક્યાંક જતી રહેવા માગતી હતી. એમાં મોટા સાહેબે મને અહીં તારી પાસે રહેવા મોકલી.' એણે ડો. શાહની હૂબહૂ નકલ કરી. 'એ ડો. શાહ હોસ્પિટલના ડીન છે.' જ્યોતિ એના અભિનયથી હસી પડી. 'અને તારી કહાનીએ મને એકલાં જીવી લેવાની પ્રેરણા આપી...' એ ફોટો ફ્રેમમાં એકલી જ્યોતિની તસવીર જોતાં બોલી. 'તારી આંખોમાં મેં દુનિયાની સામે ઝઝૂમવાની ખુદ્દારી જોઇ.' સંધ્યાના જોમ અને જુસ્સાને જોઇને જ્યોતિ એને ફરી એકવાર ભેટી પડી.

બંને અંદર ગઇ. સંધ્યાએ રસોઇ કરી રાખી હતી. જમતા જમતાં જ્યોતિએ કહ્યું કે 'ચાલો એક વાતે સુખ કે આપણે હવે સાઇન લેન્ગવેજમાં વાતચીત કરવી નહીં પડે.'

'ના, તું પ્લીઝ મને સાઇન લેન્ગવેજ શીખવજે...મારે શીખવી છે.' સંધ્યાએ હાથના હાવભાવથી કહ્યું ને જ્યોતિએ અંગૂઠો બતાવીને ઓકે કહ્યું. જમી પરવારીને જ્યોતિએ ટીવી ચાલુ કર્યું. ટીવીના એક કાર્યક્રમમાં ગીત વાગતું હતુઃ

કહીં દૂર જબ દિન ઢલ જાયે સાંજ કી દુલ્હન બદન ચુરાયે ચુપકે સે આયે
મેરે ખયાલોં કે આંગન મેં કોઇ સપનોં કે દીપ જલાયે....દીપ જલાયે...
કહીં તો યે દિલ કભી મિલ નહીં પાતે,
કહીં સે નિકલ આયે જનમોં કે નાતે....
ઘની થી ઉલઝન, બૈરી અપના મન અપના હી હોકે સહે દર્દ પરાયે...

સંધ્યા જ્યોતિની આંખોની ભાષા વાંચીને ગીતના શબ્દો સમજવાની કોશિશ કરી રહી હતી. આંખોની ગૂઢ ભાષાની ક્યાં કોઇ લિપિ હોય છે, એને તો ખરા મનથી...મનની આંખોથી વાંચવી પડે.

************

ડોક્ટરના વેશમાં હોસ્પિટલમાં નિર્મલને જોઇને આવ્યા પછી ઘરમાં ભજવાયેલા નાટકની કેશુકાકાના મન પર કોઇ અસર થઇ નહતી. એમને ખબર જ હતી કે ઘરમાં ડખો થશે. કિસન અને કાશ્મીરાના ક્રોધ અને રોષનો સામનો કરવાની એમની પૂરતી તૈયારી હતી. નિર્મલ પરના અપાર સ્નેહની સામે આની કોઇ વિસાત નહતી. ડો. ઓઝાની ક્લિનિકમાંથી ઉઠાવી લીધેલા એપ્રન અને સ્ટેથસ્કોપ પાછાં આપવાની હિમ્મત પણ કેશુકાકા જ કરી શકે. ડો. ઓઝા પરિચિત ફેમિલી ડોક્ટર એટલે જ તેઓ એની વાત સાંભળીને પણ ખડખડાટ હસી પડ્યા, પણ જ્યારે કેશુકાકાએ નિર્મલ અને પોતાની દર્દનાક અને યાદગાર સફરની વાત કરી ત્યારે ડો. ઓઝા બેચેન બની ગયા હતા.

પ્લેનમાં વાતો કરતા નિર્મલને હોસ્પિટલની પથારીમાં અચેતન અવસ્થામાં જોઇને એમનું મન ભરાઇ આવ્યું હતું. લાખ કોશિશ છતાં આંખની કોરે અટકેલાં ઝળઝળિયાં માસ્કની પાછળ ગરકી ગયા. નિર્મલની જગ્યાએ કિસન હોત તો પોતાના અને કાશ્મીરા પર શું વિતતી હોત એવો દુષ્ટ વિચાર એને પવિત્રા અને એના કુટુંબની મનઃસ્થિતિ સુધી ખેંચી ગયો... કેવી વિતતી હશે પવિત્રા, એની દીકરી, એના મા-બાપ પર. અસહ્ય દુઃખની કલ્પના કરવી અસહ્ય હોય છે. નિર્મલને જોઇ રહેલા સોલંકીએ એમને પૂછેલું પણ ખરું કે 'નિર્મલ તમારો શું થાય?' ત્યારે કેશુકાકાએ કહ્યું કે 'ઘણીવાર સામેનું માણહ આપણું કોઇ હગું નથી હોતું તેમ છતાં કૂણી લાગણી કેમ જનમતી હશે એવો સવાલ કો'ક 'દિ તમનેય થાશે... લાગણીના સંબંધને બ્લડ ગ્રુપ સાથે કોઇ લેવાદેવા નથી.' સોલંકીની સામે મિસ એક્સ તરવરવા લાગી. મિસ એક્સ મારી કોઇ જ નહીં આમછતાં એના પ્રત્યેની આ કઇ એવી લાગણી છે જે મને એની તરફ ખેંચી રહી છે. કોરોનાના ચેપની પરવા કર્યા વિના એને સ્પર્શ કરવો... હોસ્પિટલના પગથિયેથી એને પાછી વાળવી...આત્મહત્યાનું પગલું ન ભરવા કોઇપણ જાતના અધિકાર વિના ગુસ્સાથી સમજાવવું...એના માટે રિપોર્ટર સંજુ, હરેશ અને પોલીસ ઇન્સપેક્ટર સામે જુઠ્ઠું બોલવું.

**'ઘણીવાર હામેનું માણહ આપણું કોઇ હગું નથી હોતું તેમ છતાં કૂણી લાગણી કેમ જનમતી હશે?'**

નિર્મલને જોઇને આવ્યા પછી કેશુકાકાને બીજી એક મૂંઝવણ ઘેરી વળી હતી. પવિત્રાને ફોન કરવો કે નહીં. ફોન કરું તો શું કહું. સાચું બોલીશ તો એના દુઃખમાં વધારો થાશે ને ખોટું બોલીશ તો મારું મન દુભાશે. સામેવાળાને દુઃખી કરવા કરતાં પોતાના મનને દુભાવવું વધુ હારું....એમ વિચારીને એમણે પવિત્રાને ફોન જોડ્યો.

'હું કેશુકાકા...' એમણે કહ્યું.

'હા બોલો...' પવિત્રાનો ધીમો અવાજ આવ્યો.

'હું નિર્મલને મળી આવ્યો.' કેશુકાકા ગળું ખેંખેરીને બોલ્યા.

'શું.....? કેમ છે એને....?' પવિત્રાના અવાજમાં નિર્મલના સમાચાર જાણવાની ઉત્સુકતા હતી.

'હવે ઘણું હારું છે.....મારી હાર્યે વાત પણ કરી.' સાચું આપોઆપ બોલાઇ જવાય, ખોટું બોલવાનો પ્રયાસ કરવો પડે. કેશુકાકા ખોટું બોલવાનો સાચો પ્રયાસ કરી રહ્યા હતા.

'તમને હોસ્પિટલમાં જવા દીધા?' પવિત્રાને પણ નિર્મલને મળવા જવાનો વિચાર આવ્યો.

'અરે જવા દેને... બહુ લાંબી વાત છે. ક્યારેક મળીને કહીશ તને.'

'શું બોલ્યો નિર્મલ.....? શું વાત કરી મને કહોને...' કેશુકાકા મુંઝાયા.

'અમે પ્લેનમાં હાર્યે હતા એની વાતું કરી..જોકે હું જ બોયલો....બીમાર માણહને વધુ બોલવા નો દેવાયને એટલે.' કેશુકાકા આટલું ખોટું માંડ બોલી શક્યા અને પવિત્રા નિર્મલના વિચારોમાં ખોવાયેલી રહી. કેશુકાકાએ આપેલી સમાચારની નાની ઝલક એના માટે તરસ્યા જીવ સામે પાણીનો ખોબો ધર્યા સમાન હતી.

*************

બીજે દિવસે એટુઝેડ ન્યૂઝ ચેનલની વેન જી. જી. ભોય હોસ્પિટલના ગેટ પર આવીને ઊભી રહી. એમાંથી જેવા સંજુ રિપોર્ટર અને કેમેરામેન હેગડે બહાર આવ્યા કે તરત જ વોચમેન મિશ્રાએ દોડી જઇને એમને અટકાવ્યા.

'વો ગૂંગી કો તો ડિસ્ચાર્જ મિલ ગયા....ચલી ગઇ વો.'

'હમેં ડો. શાહ સે મિલના હૈ. કૂછ ઓર કામ હૈ...' સંજુએ કહ્યું.

'નહીં નહીં હમ આપકો અંદર નહીં છોડ સકતે....સા'બલોગ મના કીએ હૈ...'

'એક કામ કરો સોલંકી સા'બ કો બુલા દિજિયે.'

'ઠીક હૈ...ઇધર હી ઠહેરો....આતે હૈ હમ બુલાકે....' મિશ્રા જેટલી ઝડપે અંદર ગયો એનાથી બમણી ઝડપે સોલંકી બહાર આવ્યો...એમ ધારીને કે ચેનલવાળાને મિસ એક્સની ખબર પડી ગઇ લાગે છે.

'ભાઇ, આવડા મોટા શહેરમાં સમાચારોનો દુકાળ પયડો છે કે શું. બોલો...હુ કામ પયડું પાછું તમને....'

'સાહેબ, અમે સ્કૂપ માટે નથી આવ્યા.....અમને ખબર પડી કે તમે તમારા આંગણામાં શામિયાણું બાંધીને સારવાર કરો છો...અમારે એનું કવરેજ કરવું છે....પરમિશન આપો તો...'

'મિશ્રાજી, ગેટ ખોલો.' સોલંકીના આદેશથી મિશ્રાએ ગેટ ખોલ્યો. બંને અંદર પ્રવેશ્યા. હેગડેએ કેમેરા ઓન કર્યો.

'અલ્યા હમણા રેવા દે ની....ડો. શાહની હાજરીમાં શૂટ એટ સાઇટ કરજે. એ તમને બ્રીફ કરશે. અને હા, માત્ર બહારનું જ કવરેજ કરવા મલહે.' સોલંકીએ મિશ્રાને ઇશારો કરીને ડો. શાહને બોલાવવા કહ્યું. ડો. શાહ આવે તે પહેલાં સોલંકીએ સંજુને સાઇડમાં લઇ જઇને કહ્યુઃ 'અમારી પાહે રાજકારણીઓ જેટલો ટાઇમ ની મલે...એટલે સાહેબનો બહુ ટાઇમ નહીં બગાડતા. હા, સ્ટોરી કરવાની છૂટ, પણ માનવતાને ધ્યાનમાં રાખીને પોઝિટિવ સ્ટોરી કરવાની...હમજ્યા કે નૈ.' ડો. શાહ આવ્યા. સોલંકી અંદર જતો રહ્યો.

'સાહેબ, તમે દરદીની બાજુમાં ઊભા હો એવું શૂટિંગ કરીએ. સાથે સાથે સવાલો પણ કરું.' સંજુએ કહ્યું. હેગડેએ કેમેરા ડો. શાહ પર માંડ્યો.

'ના, હું કોઇ રાજનેતા કે હીરો નથી....અત્યારે કોરોના મુખ્ય ભૂમિકામાં છે...દરદીઓની યાતના...એમની લાચારી...એમના પરિવારજનોની વ્યથા, એમની મૂંગી વેદનાની પટકથા હું બોલીને વ્યક્ત કરું એના કરતાં તમારો કેમેરા વધુ સારી રીતે બયાન કરી શકશે. કહેવાય છે ને કે એક તસવીર હજાર શબ્દોની ગરજ સારે છે.'

'સાહેબ, હાલમાં દરદીઓ અને મૃતકોની સંખ્યા વધી રહી છે...આ શામિયાણું જોતાં લાગે છે.' સંજુએ કહ્યું.

'જન્મ અને મરણ આપણા હાથમાં નથી. કોઇપણ દરદી સારવારથી વંચિત ન રહેવો જોઈએ. અમે એટલે જ બહાર પંડાલ બાંધીને સારવારની સુવિધા ઊભી કરી છે.'

'કદાચ સરકાર તરફથી દવાઓ અને ઇન્જેક્શનોનો પૂરતો સ્ટોક મળતો હશે પણ તબીબી સ્ટાફ, પેરા મેડીકલ સ્ટાફનું શું?' સંજુએ પૂછ્યું.

'અમે તાલીમી ડોક્ટરો અને નર્સીસને બોલાવ્યાં છે. ઉપરાંત નિવૃત્ત સરકારી ડોક્ટરો નર્સીસની પણ મદદ મળી છે. હા, કેટલાક સેવાભાવી સ્વયંસેવકો પણ જોડાયા છે.'

'સાહેબ, આ મહામારી વિશે તમે શું કહો છો?'

'એટલું જ કે આ મહામારીએ આપણને કટઓફ કરી નાખ્યા છે. એની કોઇ ચોક્કસ દવા નથી એ જગજાહેર છે. ક્વોરન્ટાઇન દરમિયાન એક હદ સુધી તાવ, શરદી, ઉધરસની દવા આપી શકાય, પણ ફેંફસામાં કન્જેશન વધે અને ઓક્સિજન લેવલ ઘટે તો મુશ્કેલી ઊભી થતી હોય છે. તોસિલિઝુમેબ ઇન્જેક્શનથી ફાયદો થાય છે, પણ ડિમાન્ડની સામે પુરવઠો ઓછો છે. અમને હેલ્થ ડિપાર્ટમેન્ટ તરફથી મળી રહે છે, પણ બજારમાં બ્લેક બોલાય છે. લોકો જીવ બચાવવા પોતાનાં ઘરેણાં વેંચીને ઇન્જેક્શનો ખરીદે છે.'

'બ્લેકમાં વેંચાતા ઇન્જેક્શનોની ડિટેલ આપી શકો?'

'એ મારો વિષય નથી. હું એ વિશે વધુ જાણતો નથી.' ડો. શાહે કહ્યું.

'દરદી માટે ક્વોરન્ટાઇન દરમિયાનનો સમય જોખમી છે કે ત્યાર પછીનો...?'

'ક્વોરન્ટાઇન દરમિયાન સામાન્ય રીતે દરદી સાજા થઇ જતા હોય છે, પણ અસામાન્ય સંજોગોમાં બચાવી શકાતા નથી.'

'અસામાન્ય સંજોગો એટલે કેવા સંજોગો.?'

'ડર....મોટા ભાગે લોકો ડરને લીધે મૃત્યુ પામે છે. બીજું, કોઇ દરદીને કોરોનાની સાથે બીજી કોઇ ગંભીર ૧બીમારી હોય તો એની ઇમ્યુનિટી ઓછી થઇ જાય. ખાસ કરીને મોટી વયના લોકોની ઇમ્યુનિટી ઓછી હોય છે. આવા અસામાન્ય સંજોગોમાં કોરોનાના વિષાણુઓ હાવી થઇ જતા હોય છે.'

'એક આખરી સવાલ, શું તમે ખરેખર જાણતા નથી કે પેલી મૂંગી બહેરી યુવતી ક્યાં ગઇ છે?' બરાબર એ જ વખતે શામિયાણાંમાં એક દરદીને દવા આપી રહેલી જ્યોતિએ દૂરથી ડો. શાહની સામે જોયું.

'નો આઇડિયા....મને ખબર નથી.' ડો. શાહ બોલ્યા.

'થેન્ક યુ સર' કહીને રિપોર્ટર સંજુએ વાત આટોપી લીધી.

*************

ડો. શાહ અંદર જવા લાગ્યા. જ્યોતિ એમની પાસે પહોંચી ગઇ.

'સર એક મિનિટ.' પછી આસપાસ કોઇ નથી એની ખાતરી કરતાં બોલીઃ 'સર, મિસ એક્સનું નામ સંધ્યા છે અને એને લખતાં વાંચતાં આવડે છે.'

'ગૂડ ફોર અસ એન્ડ હર.....બંને માટે સારું છે. એને એના મૂળ ઘરે પાછી મોકલવાનું સરળ બનશે.'

'સર, મને એની વાત પરથી નથી લાગતું એ પાછી જવા માગતી હોય.'

'ઓહ તો સમસ્યા સંગીન છે.' ડો. શાહ બોલ્યા.

'ના સર, હવે કોઇ સમસ્યા રહી જ નથી. એણે પોતાના પગ પર ઊભા રહેવાની મનમાં ગાંઠ વાળી લીધી છે.' જ્યોતિએ કહ્યું.

'તું એક કામ કર. એને નર્સનું કામ શીખવી દે. પોતાના પગ પર ઊભા રહેતા શીખવાનું આ પહેલું પગથિયું છે.' ડો. શાહ બોલીને જતા રહ્યા ને જ્યોતિના ચહેરે ખુશી છલકી. (ક્રમશઃ)■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**સર્જકના સથવારે**

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# ગુજરાતી ગઝલની સાત દાયકા સુધી સાધના કરનાર શાયર જલન માતરી

શયદા સાહેબના સમયમાં મુંબઈમાં ગુજરાતી ગઝલની જાહોજલાલી હતી. શયદા, હરીન્દ્ર દવે, શૂન્ય, બેફામ, સૈફ, બાદરાયણ, નૂર વગેરે મોટા ગજાનાં અગ્રગણ્ય શાયરો મુંબઈમાં હતા. સૂરત ગનીભાઈનો ગઢ, વડોદરામાં રશીદ મીર, અમદાવાદમાં જલન માતરી, રાજકોટમાં અમૃત ઘાયલની ગઝલ નવાબીનાં થાણાં હતાં. આ બધા શાયરાઓમાં મુશાયરા લૂંટનારાઓમાં મોખરાનું નામ હતું જલન માતરી. કેટલીક વખત એવું બને કે જે શેરે મુશાયરામાં વાહવાહ મેળવી હોય એજ શેર કોલ્ડપ્રીન્ટમાં આવે ત્યારે હૈયે કે હોઠે ચડતો નથી પણ આમાં થોડાક અપવાદ છે જેમાં જનાબ જલન માતરીનો માનેભર સમાવેશ થઈ શકે છે.



આ શાયરની ખુમારી એવી કે એ ખુદાને પડકારે, સામા આવવાનું કહે. એમનું મૂળ વતન ખેડા જિલ્લાનું માતર ગામ એટલે એમણે તખ્લ્લુસમાં 'માતરી' ઊમેર્યું છે. આમ તો જલનભાઈનું મૂળ નામ છે સૈયદ જલાલુદ્દીન સઆદુદ્દીન અલવી.

એમનો જન્મ ૧ સપ્ટેમ્બર ૧૯૩૪માં થયો હતો. જીવનના સંઘર્ષો, વિપદાઓ અને વિટંબણાઓથી એમની ગઝલમાં આક્રોશ દેખાય છે.

ગઝલના સવાસો વર્ષની દડમઝલમાં સાત દાયકાથી જલનભાઈએ સતત ગઝલનું સર્જન કર્યું. ત્રણ ગઝલ સંગ્રહો આપ્યા ૧૯૮૪માં 'જલન', ૨૦૦૧માં 'શુકન' અને ૨૦૧૨માં 'તપિશ'. જલનભાઈનું આ ઉપરાંત બહુ જ મોટું પ્રદાન છે કે એમણે એ વખતના સમકાલીન શાયરોના જીવન-કવનની વાત કરતો દસ્તાવેજી ગ્રંથ 'ઊર્મિની ઓળખ' આપણને આપ્યો છે. ત્યાર પછી 'ઊર્મિનું શિલ્પ' આપે છે બધું મળીને ત્રણ પેઢીના ૭૩ જેટલા ગઝલકારોનો પરિચય મળે છે.

એમણે સંસ્મરણ યાત્રા સમત આત્મકથનાત્મક પુસ્તક 'ઊઘડી આંખ બપોરે રણમાં' આપ્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમીએ જલનભાઈની ૮૦ જેટલી ગઝલનું પુસ્તક - 'રહસ્યોના પડદા' પ્રગટ કર્યું હતું.

'જલન'ના નોંધનીય પ્રદાન માટે ૨૦૦૭માં 'વલી ગુજરાતી ગઝલ ઍવોર્ડ' અને ૨૦૧૭માં પ્રતિષ્ઠિત 'નરસિંહ મહેતા ઍવોર્ડ' એનાયત થયો હતો.

જલનભાઈ પરંપરાના શાયર પરંપરાનુસારની ભાષા અને વિષય સાથે પનારો પણ ક્યાંય ખાડાખબડા નહીં. ચિનુ મોદીએ 'જલન'ના ગઝલસંગ્રહ 'શુકન'ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે 'સદ્ય પ્રવ્યાચન ક્ષમતા એ એમની ગઝલનું વિલક્ષણ તત્ત્વ બની રહે છે.'

આપણા અગ્રગણ્ય કવિ રમેશ પારેખ લખે છેઃ 'જલન સાહેબની ભાષા પરંપરા સાથે જોડાયેલી છે છતાં એમના વિચારો પરંપરાને તોડનારા છે. 'જલન' હંમેશાં બળવાની અને આક્રોશની ભાષામાં વાત કરે છે એવું નથી. નહીં તો તેમના નામે આ શેર ક્યાંથી જડે?'

વાત સાચી હોય તો કહી દો, રહો ના ભારમાં
સાંભળ્યું છે કે પડ્યા છો આપ મારા પ્યારમાં

'જલન' માતરી પાસે ઈશ્વરદત્ત અવાજ હતો, સંગીતની સમજણ હતી અને મુશાયરામાં ગઝલ તરન્નુમમાં રજૂ કરી શકતા હતા. આમ ગઝલના મૂળભૂત તત્ત્વો ગઝલિયત, રંગીની, મૌસિકી અને તસવ્વુફ એમના સર્જનમાં આપોઆપ આવે છે. એ સંયમમાં કવિ હતા. ખુદાને પણ બક્ષે નહીં અને આક્રોશ ઠાલવે ખરા પણ ગઝલિયતના ભોગે નહીં. જોઈએ આ શેરઃ

અમારા હાલ પ્રત્યે આંખ આડા કાન કરવામાં
અમારા આપ્તજન કરતાં, છે ઈશ્વર બે કદમ આગળ

'જલન'ની એક ગઝલ જેનું શિર્ષક છે પૈગંબરની સહી નથી જેને નેશનલ બુક ટ્રસ્ટ ઑફ ઈન્ડિયા દ્વારા ભારતની બીજી ભાષાઓમાં અનુવાદિત કરી છે. 'સામાજિક સભાનતા, ઈશ્વરની આંતરો વાંતરો કરવાની આદત પ્રત્યે જલન આક્રોશ ઠાલવે છે એને એ વાત સામાન્ય માણસને સ્પર્શે છે એટલે મુશાયરાઓમાં એમના આવા દરેક શે'રને તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા હતા.

શ્રોતાઓએ જેને ખૂબ દાદ આપી, ગાયકોએ જેને ગાઈને ખૂબ દાદ મેળવી છે એવી ગઝલોના થોડાક મશહૂર શે'ર કોઈ ટિપ્પણી વગર માણીએ. શબ્દોને બોલવા દઈએઃ

શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર?
કુરાનમાં તો ક્યાંય પૈગંબરની સહી નથી.

* * *

કેવા શુકનમાં પર્વતે આપી હશે વિદાય
નિજ ઘરથી નીકળી નદી પાછી ફરી નથી.

* * *

મૃત્યુની ઠેસ વાગશે તો શું થશે 'જલન'
જીવનની ઠેસની તો હજી કળ વળી નથી.

* * *

આવી ન બર મુરાદ તો શ્રદ્ધા ઊઠી ગઈ
પાયા ડગી ગયા તો ઈમારત પડી ગઈ.

* * *

માનવ રડ્યો તો માપસર આંસુ સરી પડ્યાં
પથ્થર રડ્યો તો સિંધુ ને ગંગા વહી ગઈ.

* * *

દુઃખી થાવાને કોઈ ધરતી પર નહીં આવે
હવે સદીઓ જશે ને કોઈ પયગમ્બર નહીં આવે.

* * *

હવે તો દોસ્તો ભેગા મળી વ્હેંચીને પી નાખો
જગતના ઝેર પીવાને હવે શંકર નહીં આવે.

* * *

ગમે ન સૌ કવન તો, માફ કરજો એક બાબત પર
ખુદા જેવા ખુદાના ક્યાં બધાં સર્જન મજાના છે?

* * *

એ જ કારણસર રડ્યો ના હું સ્વજનના મોત પર
ઓ 'જલન', જાણે કે મૃત્યુ મારું પોતાનું હતું.

* * *

સુખ જેવું જગતમાં કંઈ નથી, જે છે તે આજ છે
સુખ એ અમારા દુઃખનો ગુલાબી મિજાજ છે.

* * *

ઘૂંટી લો શ્વાસ જ્યાં લગી ઘૂંટી શકાય છે
ઊંડે ગયા વિના કદી મોતી પમાય છે!

* * *

ઝૂલ્ફો છે અસ્તવ્યસ્ત ન મુખ ઓળખાય છે
એવું તો કોણ ઓ ખુદા સાગરમાં ન્હાય છે.

* * *

ભોળા હૃદયનો માનવી માને છે એને સુખ
દુઃખ દર્દ થોડા દિવસ જો થાક ખાય છે.

* * *

જીવનભોગે જે મેળવેલી આ સિદ્ધિ
ક્યામત સુધી સાચવી રાખવી છે.
જમાનાને કહી દો નહીં ભાગ આપું
મરણ આગવું છે કબર આગવી છે. ■

**સુખનો પાસવર્ડ**

આશુ પટેલ
feedback@bombaysamachar.com


# અન્યની માન્યતા કે અપેક્ષા પ્રમાણે નહીં, પણ જાતને વફાદાર રહીને જીવો...

'ધૂરંધર' ફિલ્મ બોક્સ ઓફિસ પર સુપર સફળ થઈ ગઈ એ પછી એના વિશે તો ઘણું બધું લખાયું, પરંતુ એ ફિલ્મના એક અભિનેતા અક્ષય ખન્ના વિશે પણ ખૂબ લખાયું. એ જુદી માટીના આદમી એવા અક્ષય ખન્નાની કેટલીક જૂની-નવી સરસ મુલાકાતો પણ યુટ્યુબ પર વાઈરલ થઈ ગઈ. આવી એક રીલ એડવોકેટ મિત્ર સંતોષ દૂબેએ વોટ્સ એપ પર શેર કરી. એ પછી એ મુલાકાતની બીજી વીડિયો ક્લિપ્સ પણ જોઈ.

સામાન્ય રીતે ફિલ્મ સ્ટાર્સ તેમનાં નિવેદનોથી લોકોને આંજી નાખવાની કોશિશ કરતાં હોય છે તો ક્યારેક તેઓ બેફામ નિવેદન થકી વિવાદ ઊભો કરતાં હોય છે. પોતાની ફિલ્મની રિલીઝ વખતે તો મોટા ભાગના કલાકારો લોકોનું ધ્યાન ખેંચવા માટે જાતભાતના તિકડમ કરતા હોય છે. પણ ક્યારેક અલગ રીતે જીવનારા કલાકારો જીવનમાં ઉતારવા જેવી વાતો કહી જતા હોય છે. અક્ષય ખન્નાએ એ મુલાકાતમાં જે વાતો કરી એ હૃદયને સ્પર્શી ગઈ એટલે વાચકમિત્રો સાથે શેર કરવાનું મન થયું.

એ મુલાકાતમાં એક મહિલા પત્રકારે અક્ષય ખન્ના ફિલ્મ ઇન્ડસ્ટ્રીની પાર્ટીઝમાં જતા નથી એ મુદ્દે સવાલ કર્યો તો ખન્નાએ કહ્યું, 'તમે મને કહો કે હું પાર્ટીઝમાં નહીં જાઉં, પત્રકારોને મુલાકાતો નહીં આપું, લોકો સાથે હળીશ મળીશ નહીં તો હું ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાંથી આઉટ થઈ જઈશ' તો હું ચોક્કસ આઉટ થઈ જવાનું પસંદ કરીશ!' એ શબ્દો બોલીને અક્ષય જોરથી ચપટી વગાડે છે અને પછી ઉમેરે છે કે 'હું ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં ટકી રહીશ કે નહીં એવા ડરથી મારી જાતને બદલવાનો નથી. હું જે છું, જેવો જ છું એવો જ રહેવાનો છું.'

અક્ષયે બીજી પણ એક સરસ વાત કરી કે 'સફળતા શું છે? માની લો કે મારી પાસે ૫૦૦ કરોડ રૂપિયા હોય તો હું જ્યાં સુધી ધીરુભાઈ અંબાણી કે રતન ટાટા કે અઝીમ પ્રેમજી ન બનું ત્યાં સુધી હું મને નિષ્ફળ માનું તો એ અર્થહીન છે કે હું એક અભિનેતા તરીકે વિચારું કે હું શાહરુખ ન બની શકું તો મારું જીવન નિષ્ફળ છે એ ખોટું છે. ૧૨૦ કરોડ લોકોના આ દેશમાં





માંડ ૧૫-૨૦ જણાને લીડ એક્ટર તરીકે એટલે કે હીરો તરીકે કામ કરવાની તક મળે છે તો એમાંનો એક હું છું. મને એનાથી સંતોષ હોવો જોઈએ અને છે.'

એણે એ પણ ઉમેર્યું કે 'હું કોઈ ફિલ્મ ન કરતો હોઉં એ વખતે મુંબઈથી દૂર (અલીબાગ) મારું એક નાનકડું ઘર છે ત્યાં જતો રહું છું. ત્યાં એક સુંદર બગીચો છે. હું રોજ ત્રણ ચાર કલાક ગાર્ડનિંગમાં વિતાવું છું, સાંજે ચાલવા જાઉં છું, એક-બે કલાક સાઈકલ ચલાવવા માટે નીકળી પડું છું, મિત્રોને મળું છું, ફેમિલી સાથે સમય વિતાવું છું, એક્સરસાઇઝ કરું છું, ઘણું બધું વાંચું છું, ફિલ્મો પણ જોઉં છું. જિંદગીને માણું છું.'

આમ જિંદગીને માણતા અક્ષય ખન્નાની આ વાત દરેક વ્યક્તિએ જીવનમાં ઉતારવા જેવી છે. 'લોકો શું કહેશે, હું આમ નહીં કરું તો અલગ પડી જઈશ, ફેંકાઈ જઈશ.' એવા ડરથી ઘેટાની જેમ જીવતા માણસોએ તો એની આ વાતો પરથી ખાસ પ્રેરણા લેવા જેવી છે.

લોકો શું કહે છે એના આધારે આપણી જિંદગી ન વિતાવવી જોઈએ. આપણને ગમતું હોય એ પ્રમાણે જીવવું જોઈએ. આપણી માન્યતા સાચી હોય અને આપણી એ માન્યતાને કારણે આપણે કોઈના માટે દુઃખનું કારણ ન બનતા હોઈએ તો (હા, આપણે આપણી માન્યતા પ્રમાણે જીવતા હોઈએ એને કારણે ઈર્ષાને કારણે કે અપેક્ષાભંગ થવાને કારણે કોઈ દુઃખી થતાં હોય તો એ તેમનો પ્રોબ્લેમ છે!) આપણે આપણી માન્યતાને વળગી રહીને જ જીવવું જોઈએ. આપણને જેમ મજા આવે એ પ્રમાણે જ જીવન જીવવું જોઈએ. બીજા લોકો શું કહેશે એની પરવા ન કરવી જોઈએ.

આપણી જાતને વફાદાર રહીને જીવવું જોઈએ. લોકોની પરવા કરતા રહીએ તો આપણે આપણી જાતને વફાદાર ન રહી શકીએ.

કોઈ પણ સ્થિતિમાં લોકો ટીકા-ટિપ્પણી કરવાના છે - સલાહ આપવાના છે. તેમની ટીકાટિપ્પણી સહન કરવી કે તેમની સલાહ લેવી કે ન લેવી એ આપણા પર છે. હવે તો સોશ્યલ મીડિયાના સમયમાં ગમે એટલો મોટો માણસ હોય એ પણ લોકોની ટીકાનો ભોગ બનતો હોય છે. ગમે એટલા પાવરફુલ માણસને પણ લોકો બહુ ખરાબ શબ્દપ્રયોગથી ટ્રોલ કરતાં હોય છે. લોકોને આપણી બધી વાત કે કેટલીક વાતો પસંદ આવવાની નથી જ, પણ લોકોની માન્યતા પ્રમાણે કે અપેક્ષા પ્રમાણે જીવવું છે કે નહીં આપણી જાતને વફાદાર રહીને એ આપણે નક્કી કરવું જોઈએ. ■

**મિજાજ મસ્તી**

સંજય છેલ
feedback@bombaysamachar.com

# ચટપટી 'ચોરી કળા': ચુંબન - ચાંટાથી ચારિત્ર્ય સુધી...

***ટાઈટલ્સઃ***

***દરેક કળા કુદરતમાંથી થતી ચોરી છે. (છેલવાણી)***

હવે આપણે ત્યાં 'ટેક્સચોરી'થી લઇને 'પરીક્ષાનાં પેપરમાં ચોરી' કે 'શસ્ત્ર સોદાઓની ચોરી' કે 'સરકારી જમીનસંપત્તિ' વગેરે જાતજાતની ચોરીઓ માટે રીતસરની 'ચૌર્ય યુનિવર્સિટી' હોવી જોઇએ. એ માટે જમીન પણ સરકારી જમીનમાંથી ચોરી કરીને મળી જશે, એને ચલાવવાની ગ્રાંટ પણ સરકારી તિજોરીમાંથી મળી જ જશે. જૂના અનુભવી નેતાઓ સરકારી ઓફિસરો એમાં વિઝિટિંગ લેક્ચર તરીકે આવી શકે! હવે ચોરીને સરકારી માન્યતા આપવાનો સમય આવી ગયો છે.



આજે ચોરીની વાત એટલે નીકળી કારણ કે ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ, ફ્રાન્સના લુવ્ર મ્યુઝિયમના એપોલો ગેલેરીમાંથી બાંધકામ કામદારો તરીકે વેશપલટો કરીને ફ્રેન્ચ ક્રાઉન જ્વેલ્સના આઠ ટુકડાઓ ચોરી લીધા, જેનું મૂલ્ય આશરે ૮૮ મિલિયન યુરોપિયન ડૉલર છે. આમાં ચાર ધરપકડો કરવામાં આવી છે અને તપાસ ચાલુ છે.

શું છે કે આપણે ત્યાં તો ચોરી એ સ્વીકૃત પરંપરા છે. આપણાં શાસ્ત્રોમાં ચિત્ર, નૃત્ય, સંગીતની જેમ 'ચૌર્ય કળા'ને ૬૪ કળાઓમાં બાકાયદા સ્થાન અપાયું છે, પણ હમણાં ચોરીની કળા અને 'પ્રેમકળા'નો અનેરો સંગમ જોવા મળ્યો. થોડા વખત પહેલા મુંબઈનાં મલાડ પરામાં, એક સ્ત્રી ઘરમાં એકલી હતી. અચાનક એક ચોરે ત્યાં આવીને પૈસા, સોના-ચાંદીના ઘરેણાં, મોબાઈલ વગેરે કિંમતી સામાન ચૂપચાપ આપી દેવા કહ્યું.

'મારી પાસે તો કોઈ કિંમતી સામાન નથી.' સ્ત્રીએ હાથ જોડીને કહ્યું, હતાશ ચોરને કંઈ જ મળ્યું નહીં એટલે છેવટે એ પેલીને કિસ કરીને ભાગી ગયો!

બોલો! આને 'સો સ્વીટ' કહેવું કે 'સો ચીપ' કહેવું? આવી તે કંઇ ચોરી હોય?

વળી એક ચોર ચુંબન આપે છે તો કોઇ ચાંટો!

એક સ્ટેશન પર ટ્રેન ઊભેલી હતી ત્યારે કોઇ ચોર, બારીમાંથી એક સ્ત્રીનાં ગળામાંથી સોનાનું મંગળસૂત્ર ખેંચવા લાગ્યો. ટ્રેનમાંના લોકોએ બૂમાબૂમ કરી મૂકી. સ્ત્રીએ શાંતિથી કહ્યું, 'તમે બૂમાબૂમ શેના કરો છો? મંગળસૂત્ર નકલી છે!'

પછી ચોરે પેલી સ્ત્રીને એક ઝન્નાટેદાર થપ્પડ મારી, 'નકલી મંગળસૂત્ર પહેરે છે, શરમ નથી આવતી?' કહીને ભાગી ગયો.

ચોર ચુંબન કરે, ચાંટો મારે પણ કોઇક તો ચોવટ કરીને સલાહ પણ આપે. મધ્ય પ્રદેશનાં દેવાસ જિલ્લામાં ડેપ્યુટી કલેક્ટર સાહેબનું બંધ ઘર જોઈને ચોર એમાં ઘૂસ્યો. કલેક્ટર સાહેબ પાછા આવ્યા ત્યારે ઘરનું તાળું તૂટેલું હતું ને ચોરે ચિઠ્ઠી મૂકેલી : 'ઇડિયટ, કલેક્ટર થઇને અકકલ નથી કે ઘરમાં પૈસા જ નથી તો તાળું શું જખ મારવા મારેલું?'

આપણે ત્યાં સી.બી.આઇ. જેવી સંસ્થાનું કામ જ મોટા ચોર લૂંટારા ગુનેગારોની તપાસ કરી પકડવાનું છે. (બીજું મેઇન કામ, વિપક્ષી નેતાઓ કે જાગૃત પત્રકારો નાગરિકોને બીવડાવવાનું યે ખરું!) થોડા વરસ પહેલાં સી.બી.આઇ.એ, દેશનાં બેઇમાન લોકો પાસેથી જે જે સોનું પકડેલું એમાંથી અમુક કિલો સોનાની ચોરી થઇ ગયેલી! જો સી.બી.આઇ.માંથી જ ચોરી થઇ શકે તો કહેવું કોને? એની પહેલાં 'રક્ષા મંત્રાલય'માંથી 'રાફેલ પ્લેનના સોદા'ને લગતાં દસ્તાવેજો ચોરાઇ ગયા છે!' એવું સત્તાવાર કહેવાયેલું.

બોલો? 'રક્ષા મંત્રાલય' ખુદ, કામની ફાઇલોની રક્ષા ના કરી શકે- એ દેશમાં કંઈ પણ શક્ય છેને?

***ઇન્ટરવલઃ***

***હમારે ખ્વાબ ચોરી હો ગયે હૈં,***
***હમેં રાતોં કો નીંદ આતી નહીં. (બખ્શ લાઇલપૂરી)***

પ્રાચીન ભારતમાં તો કર્ણિસુતે 'સ્તેય-શાસ્ત્ર' નામે ચોરીનું ઓફિશ્યિલ પાઠ્યપુસ્તક લખેલું, જેમાં ચોરો દ્વારા મકાનમાં સુરંગ ખોદવાનું, ઘરોમાં ઘૂસવાનું વર્ણન છે. 'મૃચ્છકટિકમ્' નાટકમાં, શર્વિલક ચોર તો 'કમળ','સૂર્ય', 'સ્વસ્તિક' કે 'ઘડો'.. એમ દીવાલો પરનાં ૭ પ્રકારના બાકોરાંઓનાં આકારોનું વર્ણન કરે છે! અઠંગ ચોર રૌહિણ્યના મહાચોર પિતાએ મરતાં પહેલાં ખાસ સલાહ આપેલી, 'ભૂલથી યે મહાવીર સ્વામીના પ્રવચનો ક્યારેય સાંભળતો નહીં.'

ચોર રૌહિણ્યે બાપની વાત બરોબર અનુસરી. મહાવીરજી, જ્યાંથી પસાર પણ થવાના હોય, ત્યાં નજીક જાય જ નહીં, જેથી મહાવીરજીનો એક શબ્દ પણ કાને પડે નહીં. જોકે એકવાર રૌહિણ્યને જ્યાં મોટી લૂંટ કરવા જવાનું ત્યાં મહાવીરજીનું પ્રવચન ચાલતું હતું. રૌહિણ્ય કાનમાં બે આંગળીઓ કાન ખોંસી ચાલતો હતો એવામાં એને પગમાં કાંટો વાગ્યો તો એણે એક હાથ કાનથી હટાવ્યો એટલામાં મહાવીરજીના શબ્દો કાને પડ્યાઃ 'સ્વર્ગમાં રહેલા દેવતાઓને પરસેવો ન થાય, એમના પગ ક્યારેય જમીનને સ્પર્શતા નથી' વગેરે, વગેરે રૌહિણ્ય પગમાંથી કાંટો કાઢીને ફટાફટ ભાગ્યો. થોડા દિવસે રૌહિણ્યને રાજાના સિપાહીઓએ પકડ્યો પણ રાજા મૂંઝવણમાં હતા કે એમની પાસે કોઈ પુરાવા તો હતા નહીં તો આને સજા આપવી કઇ રીતે? ચાલક મંત્રીએ રૌહિણ્યને ફસાવવા માટે માસ્ટર પ્લાન બનાવ્યો. રૌહિણ્યને બેભાન કરીને, સરસ વસ્ત્રો આભૂષણો વગેરે પહેરાવી સ્વર્ગ જેવા લાગતા ભવ્ય મહેલમાં સૂવડાવી દીધો. રૌહિણ્યએ જાગીને જોયું કે આસપાસ અપ્સરાઓ નાચતી હતી, પોતે રાજવી વસ્ત્રોમાં હતો, દાસ-દાસીઓ સેવામાં હતા!

મંત્રીએ રૌહિણ્યને કહ્યું, 'સ્વર્ગમાં રોહિણ્યનો રાજ્યાભિષેક થશે પણ એ પહેલા પૃથ્વી પરનાં કર્મોની કબૂલાત કરવી પડશે!' મુંઝાયેલા રૌહિણ્યને શંકા થઇ કે 'શું આ ખરેખર સ્વર્ગ છે કે છલના?' ત્યારે અચાનક એને મહાવીર સ્વામીના શબ્દો યાદ આવ્યા. પછી એણે જોયું તો ત્યાં બધાં જમીન પર ચાલતા હતા ને લોકોને પરસેવો પણ થઈ રહ્યો હતો! રૌહિણ્યને સમજાઇ ગયું કે રાજાએ કબૂલાત કરાવવા ભ્રમજાળ બિછાવી છે. રૌહિણ્ય, દિવસો સુધી કંઇ જ બોલ્યો નહીં. પુરાવાને અભાવે એ છૂટી ગયો ને જાન બચી ગઇ. એ પછી રૌહિણ્યને પ્રતીતિ થઈ કે જેમના બે શબ્દો ભૂલથીયે સાંભળવાથી જો જીવન બચી જતું હોય તો હું એમને સમર્પિત થઇ જાઉં તો ઉદ્ધાર જાય. રૌહિણ્ય, ચોરી ચકારી ત્યજીને મહાવીર સ્વામીના ચરણે પડી ગયો.

શું છે કે એ યુગમાં અમુક ચોરોમાં પણ 'આત્મા' બચેલો એટલે આટલી 'સમજણ' પણ બચી હતી. હવે એ 'સમજણ', રાજકારણમાં વપરાય છેઃ 'ચોરી કરવા માટે', 'કોઇકને ચોર સાબિત કરવા માટે' કે પછી 'ચોરીને જ કાયદેસર સિદ્ધ કરવા માટે.'

***ઍંડટાઇટલ્સઃ***

***આદમઃ ધારો કે ચોર મારા માથે બંદૂક મૂકે તો તું શું કરે?***
***ઇવઃ આંખો બંધ કરી લઉં.*** ■

**કિતાબી દુનિયા**

# સ્પ્રિન્ટ ઑફ ધ સોલઃ પરાજયને જીતમાં ફેરવતી બહાદુરીની કાવ્યાત્મક વાર્તા

સ્પ્રિન્ટ ઓફ ધ સોલ (ધ સ્ટોરી ઓફ ધ માઇન્ડ, વૂવન વિથ ફેઇથ, ટોલ્ડ ઇન પોએટ્રી) (નોશન પ્રેસ) મિરયા વી. મહેતાનો આકર્ષક કવિતા સંગ્રહ છે, જે આત્માની ઝડપી યાત્રા, એક 'સ્પ્રિન્ટ' અને મનની જટિલતાઓમાંથી પસાર કરીને વિશ્વાસના અટલ આધાર સાથે દર્શાવે છે. આ ૧૭ વર્ષના આર્યન મહેતાની વાર્તા છે, જેનું દોડવીરનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું. એને સ્ટોપવોચ ન માપી શકે એવો જંગ લડવો પડ્યો. દબાણ અને તાણને પરાજિત કરીને તેણે તેનો આત્મવિશ્વાસ અને જાદુઈ ટચ પાછો મેળવ્યો. આ પુસ્તકનો સાર એ છે કે ફિનિશ લાઈન એ અંત નહીં આરંભ છે.


આ આત્મનિરીક્ષણાત્મક કૃતિ વ્યક્તિગત ચિંતન અને આધ્યાત્મિક ઊંડાણને મિશ્રિત કરે છે, જે ભાવનાત્મક અને દૈવી નાદ શોધતા વાચકો માટે શાંતિ આપનારું વાંચન છે. મિરયાની કવિતાઓ સરળ પણ ગહન છે, જેમાં શંકા, સ્થિરતા, પ્રેમ અને અતિંદ્રિયતા જેવા વિષયોની શોધ છે. કવિતાઓ લયબદ્ધ રીતે વહે છે, જેમાં રોજિંદા અનુભવોને ઉચ્ચ હેતુ સાથે જોડવામાં આવ્યા છે. મનને અસ્થિર દોડવીર તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે અરાજકતામાંથી પસાર થાય છે, જ્યારે વિશ્વાસ એક માર્ગદર્શક દોરી તરીકે કામ કરે છે, જે અસ્થિરતામાં સાંત્વના આપે છે. આ દ્વૈતતા એક સાર્વત્રિક વાર્તા બનાવે છે, જે જીવનની માનસિક અવરોધોને આધ્યાત્મિક આશાવાદ સાથે પાર કરતા વાચકો માટે આદર્શ છે. આ સંગ્રહની ખાસિયત એ છે કે મહેતા શહેરી અને વ્યક્તિગત લેન્ડસ્કેપમાંથી પ્રેરણા લઈને આધ્યાત્મિકતાને વાસ્તવિક બનાવે છે. ઉદાહરણ તરીકે, મુંબઈ વિશેની એક કવિતા શહેરની અવિરત ગતિને આત્માની સ્પ્રિન્ટ સાથે જોડે છે

In the veins of Mumbai, where trains thunder like thoughts unchecked,
Crowds surge, a sea of souls in eternal rush,
Yet in the quiet of a seaside prayer, faith whispers slow,
The mind sprints, but the soul finds home in the divine glow.

(ભાવાર્થ : મુંબઈની નસોમાં, જ્યાં ટ્રેનો ધડકે છે જાણે અનિયંત્રિત વિચારો,
ભીડ ઊભરાય છે, આત્માઓનો સમુદ્ર અનંત દોટમાં, તોપણ સમુદ્રકિનારેની શાંત પ્રાર્થનામાં,
વિશ્વાસ ધીમે ધીમે કાનમાં કહે છે,
મન દોડે છે, પણ આત્મા દૈવી પ્રકાશમાં ઘર શોધી લે છે.)

આ કવિતા મુંબઈની અરાજક ઊર્જા અને આંતરિક શાંતિ વચ્ચેના વિરોધાભાસને ઉજાગર કરે છે, જે પુસ્તકના મુખ્ય મોટિફને પ્રતિબિંબિત કરે છે. સ્વ-પ્રકાશિત આ રત્ન પ્રમાણિકતા અને હૃદયથી ચમકે છે. ચિંતનાત્મક ક્ષણો માટે અથવા પ્રેરણાદાયી વાંચન તરીકે યોગ્ય. વિશ્વાસથી ભરપૂર આત્મ-શોધમાં રસ ધરાવતા કવિતા પ્રેમીઓ માટે ભારે ભલામણ કરું છું.

પુસ્તકનું નામ : સ્પ્રિન્ટ ઑફ ધ સોલ
લેખિકા : મિરયા વી. મહેતા
પ્રકાશક : નોશન પ્રેસ
મૂલ્ય : ૩૯૯ રૂપિયા ■



સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

# આશાનું એક કિરણ તિમિરમાં તેજ પાથરે

એક આમ તો એકલો હોય છે પણ એ એકલાની તાકાત, એનું સામર્થ્ય, એના કૌવતની કમાલની અનેક કહાણી ઈતિહાસના ચોપડે જમા છે. એક વિચાર, એક કોશિશ, એક પ્રયોગ સમાજ, દુનિયા કે પરિસ્થિતિને ધરમૂળથી બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. એક તણખો આગના ગોટેગોટા જન્માવી શકે છે. હજારો નિરાશામાં છુપાયેલી આશાનું એક કિરણ તિમિરમાં તેજ પાથરી દેવાની તાકાત ધરાવે છે.

અલબત્ત, એક અનોખો વિચાર અમલમાં મૂકવા હિંમત અને વિશ્વાસ જોઈએ જે જૂની રંગભૂમિના કવિશ્રી અને આદરણીય નાટ્યકાર મૂળશંકર મુલાણીએ દર્શાવ્યા. નાટકના થિયેટરના એક સામાન્ય ડોરકીપરમાં તેમને એક કુશળ અભિનેતા નજરે પડ્યો. વિરોધ તેમજ હાંસીને અવગણી ‘અભિનય કોઈનો ઈજારો નથી’ એવી સશક્ત દલીલ કરી પ્રેક્ષકોને તેમની બેઠક તરફ દોરી જતા ડોર કીપરને તેઓ સ્ટેજ પર દોરી ગયા. પોતાના નવા નાટક ‘કરણઘેલો’માં રાજાના રોલમાં ઉતારવાનું જોખમ લીધું.

નાટકના પહેલા ખેલનો પડદો ઉપડવાનો હતો ત્યારે અનેક શ્વાસ અધ્ધર હતા. દોરાબજી રાજાના પાત્રને ન્યાય આપી શકશે? ગોટાળા તો નહીં કરે ને? સહિત અનેક સવાલ ઘુમરાઈ રહ્યા હતા. અલબત્ત, આ બધા વચ્ચે એક વ્યક્તિ નિશ્ચિત હતી - મૂળશંકર મુલાણી. જોકે, અંતિમ દ્રશ્ય બાદ પડદો પડ્યો ત્યારે દોરાબજી મેવાવાલા એમનામાં મુકવામાં આવેલા વિશ્વાસને ૧૦૦ ટકા સાર્થક કરવામાં સફળ રહ્યા. ‘અભિનંદન આપવા દોડી આવેલા લોકોને દોરાબજીએ કહ્યું કે ‘અભિનંદન આપવા હોય તો ડોર કીપર દોરાબજીને અભિનેતા બનાવવાની હિંમત કરનારા મારા ગુરુ મૂળશંકર મુલાણીને અભિનંદન આપો. તેઓ એના સાચા હકદાર છે. હું જે કંઈ કરી શક્યો છું એ એમણે મૂકેલા વિશ્વાસનું ફળ છે.’

‘કરણઘેલો’ની સફળતાથી રાજીના રેડ થઈ ગયેલા કંપનીના માલિકે લેખકશ્રીને બોલાવ્યા અને કહ્યું કે ‘મુલાણી, આ મહિનાથી તમારા પગારમાં પાંચ રૂપિયાનો વધારો કરવામાં આવે છે.’ એક વિચારનું આ ફળ હતું.

જૂની રંગભૂમિના સોનેરી કહી શકાય એવા પ્રકરણ પર પડદો પાડી હવે અધૂરી રહેલી વાત આગળ વધારીએ. બે હપ્તા પહેલા મેં ફિલ્મમાં કામ કરવાની ઓફર માટે આવેલા ફોનની વાત કરી હતી. દુનિયા ગોળ હોય છે એનો મને ફરી એક વાર અનુભવ થયો. મેં શરૂઆત તો નાટકોથી કરી હતી, પણ વચ્ચે સંજોગો મને ફિલ્મની દુનિયા તરફ કઈ રીતે ખેંચી ગયા એ જણાવી મેં રૂપેરી દુનિયાના મારા અનુભવોનું વર્ણન કર્યું હતું. જોકે, પછી રૂપેરી પડદા પર જ પડદો પડી ગયો અને હું મારી નાટકની દુનિયામાં ગોઠવાઈ ગઈ હતી. હવે ફરી ફિલ્મમાં કામ કરવા આમંત્રણ મળ્યું હતું. દુનિયા સાચે જ ગોળ છે.

આ તરફ અમારું ઘર રિનોવેટ થઈ રહ્યું હતું તો બીજી તરફ મારી કારકિર્દી રિનોવેટ કરવાની હોય એમ ફિલ્મ પ્રોડક્શનમાંથી મને કામ કરશો એ પૂછવા ફોન આવ્યો. કામને મેં ભાગ્યે જ નકાર્યું છે. એટલે મેં તો હા, જરૂર કરીશ એમ તેમને જણાવી દીધું. શૂટિંગ ભુજમાં કરવાનું છે એવી સ્પષ્ટતા કરી મને મારો રોલ સમજાવી ‘હમ ડાયલોગ ભેજ દેંગે. આપ કો ઓડિશન દેના હોગા’ એમ કહ્યું. ઓડિશનનું કામ પતાવી મુંબઈમાં પ્રોડક્શનની ઓફિસે



પણ જઈ આવી અને પછી કુલદીપ સાથે એના ઘરમાં રહેવા આવી ગઈ.

થોડા જ દિવસમાં ફોન આવ્યો અને ભુજમાં શૂટિંગ માટે તૈયાર રહેવા માટે કહેવામાં આવ્યું. નિયત સમયે ભુજ પહોંચી શૂટિંગ શરૂ કરી દીધું. દસ - બાર દિવસનું કામ હતું અને એ આટોપી હું ફરી મુંબઈ આવી ગઈ. ફિલ્મનું નામ હતું ‘મલ્હાર’ અને એમાં કેટલાક મરાઠીભાષી કલાકાર પણ હતા. એક જ ગામમાં આકાર લેતી એકબીજા સાથે સંકળાયેલી ત્રણ કથા ફિલ્મમાં હતી. કામ કરવાની મજા આવી. અનેક વર્ષો પછી કેમેરા, રોલ, સાઉન્ડ, એક્શન શબ્દો સાંભળ્યા અને ભૂતકાળના કચકડાની દુનિયાનાં સ્મરણો તાજાં થયાં.

મુંબઈમાં તો મારા દીકરા શાંગ્રિલનું ઘર રિનોવેટ થઈ રહ્યું હતું એટલે મારા માટે કાયમી નિવાસ સ્થાન નહોતું. ક્યારેક કુલદીપના ઘરે રહેવા જાઉં તો ક્યારેક મોટી દીકરી ચેરી (દર્શના)ને ત્યાં મારું રોકાણ હોય. ભુજથી પાછી ફરી ત્યારે કિચન તૈયાર થઈ ગયું હતું અને બાકીનું કામ પણ ફટાફટ પતી જશે એમ અમને કહેવામાં આવ્યું હતું. એટલે હું નિશ્ચિંત થઈ ગઈ. સવાલ બે - ત્રણ મહિનાનો જ હતો. જોકે, માણસ ધારે કંઈ અને ઈશ્વર કરે કંઈ અને ધાર્યું તો ધણીનું જ થાય એ કહેવતોનો સાક્ષાત્કાર ફરી એક વાર જીવનમાં થયો. ચેરીને ત્યાં રહેવા ગઈ એને ચારેક દિવસ થયા હશે ત્યાં કોવિડની મહામારીને પગલે લોકડાઉન આવી ગયું. આવન જાવન પર સંપૂર્ણ પ્રતિબંધ આવી ગયો. દીકરાના ફ્લેટનું કામ ઠપ થઈ ગયું. બે ત્રણ મહિના માટે દીકરીને ત્યાં રહેવા આવી હતી અને બે વર્ષ એને ત્યાં રહેવું પડ્યું.

જોકે, એ સમય પણ નીકળી ગયો. કોવિડની તીવ્રતા ઓછી થઈ એમ એમ એક પછી એક પ્રતિબંધ દૂર થતા ગયા અને દૈનિક જીવન પાટે ચડવા લાગ્યું. ધીરે ધીરે ફ્લેટના રિનોવેશનનું કામ ફરી શરૂ થઈ ગયું અને થોડા મહિનામાં ફ્લેટ તૈયાર થઈ ગયો અને હું શાંગ્રિલના ઘરમાં રહેવા આવી ગઈ. આ તરફ દીકરાની લાઈફનું પણ રિનોવેશન થઈ રહ્યું હતું અને તેણે કોઈપણ પ્રકારની ધામધૂમ કર્યા વિના મંદિરમાં સાદાઈથી લગ્ન કરી લીધા. એણે ગોરેગામમાં પોતાનું ઘર લીધું અને એનો સંસાર સુખેથી ચાલવા લાગ્યો. પહેલા લગ્નની પીડા એ ભૂલી ગયો છે એ જાણી મારું હૈયું હરખાઈ ગયું હતું. મારા ઘરથી એનું ઘર બહુ દૂર નથી અને એ સતત આવ જા કરે છે એટલે પારિવારીક સ્નેહ જળવાઈ રહ્યો છે. કોઈ પણ બાબતની મારે ચિંતા નથી કરવી પડતી અને બધી દેખરેખ દીકરો - વહુ રાખે છે. એથી વિશેષ આ ઉંમરે મારે બીજું જોઈએ પણ શું?

‘મલ્હાર’ ફિલ્મ રિલીઝ થઈ, પણ શૂટિંગ કરતી વખતે જ ખ્યાલ આવી ગયો હતો કે અલગ સ્ટોરી હોવા છતાં આ ફિલ્મ દર્શકોને બહુ પસંદ નહીં પડે. અને એ અનુમાન સાચું પડ્યું. ફિલ્મ રિલીઝ થયા પછી ક્યારે ઊતરી ગઈ એની ખબર જ ન પડી. હશે, મેં તો મારો રોલ નિષ્ઠાપૂર્વક નિભાવ્યો હતો એનો મને સંતોષ હતો. ચિત્રપટનું ભાવિ કોઈના હાથની વાત નથી. દરેક ફિલ્મમેકર શ્રેષ્ઠ પ્રયાસ જ કરતો હોય છે, પણ એ પ્રયાસ દર્શકને પણ શ્રેષ્ઠ લાગે એ જરૂરી નથી. ■

### અને હવે... પ્રબોધ જોશીનું એકાંકીમાં સામ્રાજ્ય હતું

આજે તો ગુજરાતી નાટકો દ્વિઅંકી જ ભજવાય છે. જોકે, એક સમય હતો જ્યારે રંગભૂમિ પર ત્રિઅંકી નાટકનો દબદબો હતો. બંને અંકના વિરામ પછી નાટક જે રીતે વળાંક લે અને દર્શકોની ઈન્તેજારી જાગૃત રાખે એ ત્રિઅંકી નાટકની ખાસિયત રહેતી. આ સિવાય એકાંકી નાટકો પણ ભજવાતાં, ખાસ કરી કોલેજોમાં અને એ કોલેજો માટે આઈએનટી, ભારતીય વિદ્યા ભવન જેવી સંસ્થા એકાંકી સ્પર્ધાઓનું આયોજન કરતી હતી. પ્રારંભ કાળના એકાંકીઓ રચવાનો જશ પારસીઓને ફાળે જાય છે. પારસી પરિવાર અને તેમના સંસારની વિષમતા દ્વારા દર્શકોને વિનોદ મળે એ આ એકાંકીઓનો પ્રમુખ ઉદ્દેશ રહેતો. એકાંકી નાટ્યલેખનમાં વીસમી સદીના ત્રીજા દાયકામાં બચુભાઈ ઉમરવાડિયાના એકાંકીઓ સમાજલક્ષી અને રાષ્ટ્રીય જાગૃતિ પ્રેરિત હતા. અલબત્ત, એકાંકી નાટકમાં પ્રબોધ જોશીનું નામ બહુ મોટું અને બહુ ઊંચા સ્થાનનું છે. એકાંકી નાટ્ય સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ વખતે એનાઉન્સર તરીકે પ્રબોધ જોશીની હાજરી તેમ જ ‘અને હવે..’ એ તેમના બેઝ ધરાવતા અવાજમાં થતી રજૂઆત પણ વિશેષ આકર્ષણ ધરાવતી હતી. ચિત્રકલા, પ્રકાશ આયોજન, મેકઅપ અને સેટિંગ્સની કલાના જાણકાર પ્રબોધ જોશીએ એકાંકી નાટકોમાં અનેક વિક્રમ નોંધાવ્યા છે. એવું કહેવાતું હતું કે ઈન્ટર કોલેજીયટ કોમ્પિટિશનમાં ૮૦ ટકા નાટકો તેમણે લખેલા જ ભજવાતાં હતાં. તેમનું અત્યંત પ્રસિદ્ધ એકાંકી ‘તીન બંદર’ તો સંજીવ કુમાર અને અમૃત પટેલ જેવા ખમતીધર કલાકારોએ ભજવ્યું હતું. ૧૯૫૧માં ‘તેલપનું તેરમું’ એકાંકીથી તેમની શરૂઆત એકાંકી લેખક તરીકે થઈ અને સવા વર્ષમાં તેમણે ૭૦ એકાંકીઓ લખ્યા હોવાની નોંધ છે. એક અંદાજ અનુસાર પ્રબોધ ભાઈએ ૫૦૦થી વધારે એકાંકીઓ લખ્યા અને એમાંના કેટલાક અમર બની ગયા.

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com


# રેજ-બેઈટ : વૈશ્વિક લાગણીનો ઉગ્ર પડઘો વત્તા એક ચેતવણી!

અઢારમી સદીના લંડનમાં ‘સારા ઘરના’ મોભીઓ તેના પરિવારને બેડ્લેમ લઇ જતા. બેડ્લેમ એટલે બેથ્લેમ રોયલ હોસ્પિટલ. આજે પણ ત્યાં સાયકિયાટ્રીક હોસ્પિટલ કાર્યરત છે, પણ અઢીસો વર્ષ પહેલા લંડનના ઉમરાવો કે સુખી ઘરના લોકો તે હોસ્પિટલને મ્યુઝિયમ સમજીને ત્યાં આંટો મારતા. કેમ? ત્યાંના પેશન્ટને જોઈને હસવા માટે.

હમણાં સુધી અને અમુક દેશોમાં આજે પણ લોકો શહેરના ચોકમાં ભેગા થાય છે- ફાંસીની સજા જોવા માટે કે પથ્થરમારો કરીને કોઈને મારી નાખવામાં આવતું હોય એ જોવા માટે. ચપ્પલનો હાર પહેરાવવો કે મોઢું કાળું કરીને ગધેડા ઉપર બેસાડીને આખા ગામમાં ફેરવવાની સજાઓ આપણે વાર્તાઓમાં ને પ્રસંગોમાં સાંભળી છે એ માનવજાતની જૂની ં પ્રેક્ટિસ છે. ગુનેગારને અપાતી સજા શું એ કંઈ જોવાની ચીજ છે? લોકો આવા હિંસક અને અમાનવીય દ્રશ્યો જોવા માટે ભેગા કેમ થતા? કોઈને તરફડતા જોવાની થ્રિલ આવે એટલા માટે? તો કોઈનું અપમાન જોઇને પોતે બચી ગયા અને પોતે બેહતર ઇન્સાન છે એવી ગુરુતાગ્રંથિ પોષાય એટલા માટે.

એ સમય પછી છાપા અને ચોપાનિયા શરૂ થયા. સમાચાર પત્રિકાઓમાં મોટા મોટા અક્ષરે હેડલાઈન છપાતી. પછી ટીવી ચેનલો શરૂ થઇ. પહેલા દૂરદર્શન ઉપર અડધી કલાકના ન્યુઝ આવતા તો હવે ચોવીસ કલાક ચાલતી ન્યુઝ ચેનલ છે. એમાં ડિબેટ કલ્ચર આવ્યું, જેમાં એન્કર ખુદ ચીસાચીસી કરતો હોય. યલો જર્નાલીઝમનો યુગ અમેરિકા અને યુરોપે જોયો. પછી ઈન્ટરનેટ આવ્યું. ઈન્ટરનેટમાં ધીમે ધીમે દુનિયાના બધા છેડાઓ એકબીજા સાથે કનેક્ટ થવા લાગ્યા. ઈન્ટરનેટની સ્પીડ વધી. જેમ અંધારી આલમ અને અન્ડરવર્લ્ડ હોય એમ ઈન્ટરનેટમાં પણ ડાર્ક વેબ વિકસવા લાગ્યું. સોશ્યલ મીડિયાને કારણે જેને ઇન્ટરનેટની જરૂર ન હતી એ જાતકો પણ ઈન્ટરનેટ વાપરવા માંડ્યા. સ્માર્ટફોન આવ્યા અને કેમેરા પાવરફુલ થતા ગયા. સેલિબ્રિટી અને ચકો-મકો બધા એક જ પ્લેટફોર્મ ઉપર ભેગા થયા. એમાંથી અલ્ગોરિધમની આખી માયાજાળ વિકસી.

૨૦૨૫ માં એક વિશ્વ પ્રતિષ્ઠિત ડિક્ષનરીએ ‘વર્ડ ઓફ ધ યર’ જાહેર કર્યો : ‘રેજ બેઈટ’ (ગુજરાતી લેક્સિકોન મુજબ : ‘રેજ બેટ’) સ્ક્રોલ કરતા કરતા જે વાત ગુસ્સો પ્રેરે તેને રેજ બેઈટ કહે છે. માનવજાતનો વિકાસ જુઓ. એક શહેરના એક પાગલખાનાથી લઈને દરેક શહેરના દરેક ગામની નાની ઝૂંપડી સુધીના લોકો વિકૃત આનંદ લેતા થઇ



ગયા. આ માનવજાતની પ્રગતિ છે કે ખીણમાં ગતિ? આવું વાંચીને દરેક વાચક એવું વિચારે છે કે- ‘આ તો દુનિયા ખરાબ થઇ ગઈ છે, હું તો આવો/વી નથી.’ અને અહીંથી જ સમસ્યા ઊભી થાય છે.

ટાઈમપાસ કરવા માટે કે આદતવશ તમે તમારો ફોન ફક્ત પાંચ મિનિટ માટે ઓપન કરો છો અને વિઝ્યુઅલ્સ અને લખાણની એવી હારમાળા શરૂ થઇ જાય છે જે તમારા દિમાગને વશમાં કરી લે છે. ‘તમે આવું ચોંકાવનારું દ્રશ્ય ક્યારેય નહિં જોયું હોય..’, ‘તમે નહિં માનો પણ આપણા જ રાજ્યમાં ગયા વર્ષે...’, ‘એક દીકરાએ એની સગી માને..’ આ પ્રકારની ઉત્સુકતા જગાવતી હેડલાઈન્સ વીડિયો ઉપર મૂકી હોય. માણસને એ જોવાનું મન થાય કે એવું તો શું થયું હશે. માણસને એવું લાગે કે એને તો જિજ્ઞાસા છે- કુતૂહલવૃત્તિ છે, પણ એ એક પોસ્ટ જુએ, એના પછી બીજી રીલ જુએ ને ત્રીજો વીડિયો જુએ. નેવું તરી ત્રણ સેકન્ડ એટલે કે સાડા ચાર મિનિટની અંદર એના મગજના અંતઃસ્ત્રાવો સાવ બદલાઈ ગયા હોય, એની અંદરની લાગણીના ભાવો તો તદ્દન વિપરીત થઇ ગયા હોય, પાંચ મિનિટ પહેલાના ભાવથી સાવ વિપરીત. ધીમે ધીમે એમાં ધર્મની વાત, લગ્નની વાત, શાસન વ્યવસ્થાની વાત, કોઈ સેલિબ્રિટીની ગેરવર્તણૂકની વાત આવી હોય... આવી બધી વાતો અંદરથી ગુસ્સો અને અસંતોષ જગાડે. પાંચ મિનિટ પહેલા જે માણસ સાવ નોર્મલ હતો એ હવે એન્ગ્રી મેન બની ગયો છે. એને એમ છે કે એ પોતે જાતે સ્વબળે અને સ્વેચ્છાએ સ્ક્રોલીંગ કરી રહ્યો છે , પણ નહિં એક ચોક્કસ પ્રકારનું ગણિત તેને અમુક પ્રકારનું કોન્ટેન્ટ ફોર્સફૂલી બતાવીને તેનામાં અશાંતિ સર્જી રહ્યું છે. આવું દુનિયામાં કરોડો નહિ , પણ અબજો લોકો સાથે થવા લાગ્યું છે માટે જ પહેલા ‘ વર્ડ ઓફ ધ ય’ ર સેલ્ફી કે ઈમોજી જેવા ક્યુટ શબ્દો બનતા પણ હવે છે રેજ બેટ... ગુસ્સો પ્રગટાવવા માટેનું જાણે છટકું!

શું આ બધું ઉપર બેઠા બેઠા માર્ક ઝુકરબર્ગ કે ઈલોન મસ્ક કે રોથશાઈલ્ડ કરી રહ્યા છે? ના, આ માણસો પોતે નોતરી રહ્યા છે. આ પ્રકારના તીવ્ર રસમાં માણસને વધુ રસ પડે છે. જેમાં રસ વધુ પડે એવી સામગ્રી નજર સામે વધુને વધુ આવે. કમળો હોય એને પીળું દેખાય- આ જૂની કહેવત એમનેમ તો પડી ન હતી. આ કોઈ ડિજિટલ ડિસીઝ નથી, આ વાસ્તવિક સનેપાત છે. સિતેરના દાયકામાં હજારો લોકોનો સર્વે થયો હતો એમાં એ લોકો ખરેખર એવું માનતા કે દુનિયા બહુ ખરાબ છે. શું કામ? કારણ કે એ લોકો ટીવીમાં કે વીડિયો ગેમમાં મારધાડ વાળું સાહિત્ય વધુ જોતાં માટે. આતંકવાદીઓને પોતાની કોમ્યુનિટી જોખમમાં લાગે છે એના જેવું. ગુસ્સામાં મજા આવે છે માટે જ તો પબ્લિક કોઈ ફિલ્મ ગમવા પર કે કોઈ ફિલ્મ ના ગમવા જેવી વાત પર ગુસ્સે થઈને ટ્રોલિંગ કરવા લાગે ને બોયકોટની કમેન્ટસ ચાલુ કરી દે છે. અર્જુન કપૂરને ગાળો દેવામાં પોતે સુપિરિયર છે એવી લાગણી થાય માટે બધા પોતાની હતાશા જાહેરમાં ઉતારે છે..

જૈન દર્શનમાં ક્રોધને મહાપાપ કહ્યું છે. ગીતામાં કહ્યું છે કે મોહમાંથી મહેચ્છા જન્મે અને મહેચ્છા પૂરી ન થાય તો ગુસ્સો આવે. ગુસ્સો ભ્રમ અને અસત્ય તરફ દોરી જાય અને છેવટે અસત્ય વિનાશ વેરે. ભારતીય સંસ્કૃતિ મોહને પણ સદગુણ સમજતી નથી જ્યારે આ તો ગુસ્સો છે અને એ ગુસ્સાના ભાવમાં આખી દુનિયા રચીપચી રહે છે. બુદ્ધે કહ્યું હતું કે ગુસ્સો કરવો એટલે સળગતો કોલસો હાથમાં લઈને કોઈને મારવા જવું.... બોલો, આમાં પહેલા કોણ દાઝશે? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

# બ્રાન્ડની કટોકટીમાં મૌન મોંઘું પડી શકે

હાલમાં ‘ઇન્ડિગો’ એરલાઈન્સની કટોકટીએ ના ફક્ત યાત્રીઓને હેરાન કર્યા પણ એક બ્રાન્ડ તરીકે એરલાઈન્સને પણ નુકસાન સહન કરવું પડ્યું. પહેલીવાર કોઈ બ્રાન્ડ સાથે આવું થયું છે તેમ નથી. આની પહેલા, મેગી, કેડબરી, હ્યુન્ડાઇ વગેરે બ્રાન્ડસ આવી સમસ્યાઓનો સામનો કર્યો છે.

આવી કટોકટીમાં તમારા કેમ્પેઇન નહીં, તમારી ટેગલાઇન નહીં, બે દિવસ પછી તમારી માફી નહીં પણ મહત્ત્વનું છે તમારો પહેલો અને વહેલો પ્રતિભાવ, જે તમારી પ્રતિષ્ઠા જાળવે છે. છેલ્લાં કેટલાક દિવસોમાં ‘ઇન્ડિગો’ની કટોકટીએ આપણને સમજાવ્યું છે કે સમય કેમ મહત્ત્વપૂર્ણ છે. દેશભરમાં ફ્લાઇટ્સ રદ કરવામાં આવી રહી હતી, મુસાફરો ફસાયેલા હતા, સોશ્યલ મીડિયામાં વાતો ફેલાઈ ગઈ હતી અને બ્રાન્ડ ખૂબ લાંબા સમય સુધી મૌન રહી. માફી, રિફંડ, માફીનું વચન આપવામાં આવ્યું ત્યાં સુધીમાં, હતાશા પહેલાથી જ નિરાશામાં ફેરવાઈ ગઈ હતી. આવા સમયે જો લોકોને સાંભળવામાં ન આવે તો યોગ્ય પ્રતિભાવ પણ લોકોને સમજાવી નહિં શકે અને તે ફક્ત એક ડેમેજ કંટ્રોલ ટેક્નિક તરીકે ગણાશે.

અહીં એકમાત્ર સમસ્યા સમય છે. આવી કટોકટીમાં પ્રત્યેક ક્ષણનું મૌન બ્રાન્ડ પરના વિશ્વાસને ખતમ કરી દે છે.

જ્યારે ખરેખર ક્રાઇસિસ આવે છે ત્યારે બ્રાન્ડની પ્રાથમિક જવાબદારી છે કે તે જે સ્થિતિ સર્જાઈ છે તેનો સ્વીકાર કરે અને જરૂર હોય તો લોકોની માફી પણ માગે. જો તે સમયે તમે વિસ્તારથી સમજાવવાની સ્થિતિમાં ના હોવ ત્યારે લોકોને કહેવું અનિવાર્ય છે કે તમે સમસ્યાને સુધારવાની દિશામાં કામ કરી રહ્યા છો.

મહત્ત્વનુ છે કે લોકો તમે જે કામ કર્યુ છે તે જાણે અને અનુભવે. પછી જે કહો તે કરી બતાવો. જેટલી ત્વરાથી તમે આના ઉપર કામ કરશો અને પારદર્શિતા દાખવશો તેટલો જલ્દી તમે કસ્ટમરનો વિશ્વાસ પુનઃ સ્થાપિત કરી શકશો.

કસ્ટમરને અમુક લોકોના શબ્દો પર વિશ્વાસ હોય છે. જો બ્રાન્ડ પાસે આવી કોઈ



ઇન્ફલુયેન્શિયલ વ્યક્તિ કંપનીમાં હોય જેના નામ અને શબ્દની કિંમત હોય પછી તે MD, CEO, President, એવી કોઈ સેલેબ્રિટી કે પર્સનાલિટી કોઈ પણ હોઈ શકે. તેને લોકો સમક્ષ લાવી પરિસ્થિતિનો ચિતાર આપવા દો, આશ્વાસન આપી કસ્ટમરને સ્વસ્થ કરો. આમ કરવાથી તમને સમસ્યાની સાથે ડીલ કરવા માટે સમય પણ મળશે અને કસ્ટમરનો વિશ્વાસ પણ તમે જાળવી રાખશો.

કોઈ પણ ક્રાઇસિસ-કટોકટી બ્રાન્ડની ઇમેજને જબરદસ્ત અસર કરે છે. બ્રાન્ડ ઇમેજની સાથે સાથે આની અસર માર્કેટ શૅર, સ્ટોક પ્રાઇઝીસ, કસ્ટમર ગુમાવવા, સપ્લાયર્સ અને ડીલર ડિસ્ટ્રિબ્યુટરનો સાથ છૂટવો, વગેરે પર પણ થાય છે. બ્રાન્ડ આવી ક્રાઇસિસને આવતા બચાવી તો નથી શકતી પણ તેનું જોર ઓછું કરી શકે છે જો ક્રાઇસિસ મેનેજમેન્ટ પ્લાન પહેલેથી વિચારી રાખ્યો હોય તો.

તમે કોઈપણ ઇંડસ્ટ્રીમાં કે કેટેગરીમાં હો અને, તેમાં કઈ સમસ્યાઓ આવી શકે તેની યાદી બનાવી તેની વ્યૂહરચના પહેલેથી તૈયાર હોવી જોઈએ. આવું

પ્લાનિંગ ખરા સમયે ક્રાઇસિસની ઇન્ટેંસીટી તીવ્રતા ઓછી કરી નાખશે. આના માટે જરૂર પડે તો સીનિયર મેનેજમેન્ટ, માર્કેટિંગ ટીમ, PR ટીમ અને ક્રાઇસિસ મેનેજમેન્ટના નિષ્ણાતોની સાથે બેસી ક્રાઇસિસનું વિશ્લેષણ અને નિવારણ બંને મુદ્દાઓ તૈયાર કરવા જોઈએ. બીજી બ્રાન્ડસ આવા સમયે કેવાં પગલા ભર્યા હતાં-એમની વ્યૂહરચના શું હતી તેનો અભ્યાસ ભવિષ્યમાં મદદરૂપ થઈ શકે.

આજના સમયે સોશ્યલ મીડિયાનો સહારો લેવો અતી આવશ્યક છે. તેના થકી ગ્રાહકોના પ્રશ્નોના જવાબ આપો બાકી આવા સમયે શાંત રહેવું એ બ્રાન્ડને પરવડે નહીં અને એવે વખતે તમારા જવાબ પણ એવા હોવા જોઈએ જે લોકોનું દિલ જીતી લે, ઈમોશનલી લોકોને તમારી તરફ ખેંચો પરંતુ સાથે સાથે રેશનલ ફેક્ટ્સ આપવા પણ જરૂરી છે. આ દરમિયાન તમારી બ્રાન્ડ અને ક્રાઇસિસ માટે લોકો શું કહે છે તે જાણવું જરૂરી છે અને તેને અનુરૂપ તમારો પ્રતિભાવ તમારી છબી સુધારવામાં મદદ કરશે.

આવી કટોકટી દરમિયાન સૌથી મહત્ત્વનો મુદ્દો, તમારા કર્મચારીઓથી કશું પણ ન છુપાવો. તેમને સાથે રાખો.

ડગલે ને પગલે પરિસ્થિતિથી તેમને વાકેફ કરો કારણ એ બધા જ તમારા સૌથી પહેલા બ્રાન્ડ એમ્બેસેડર છે.

એમને બરાબર ટ્રેન કરો. તેમનાં મંતવ્યોને માન આપો, કારણ કે બ્રાન્ડ સાથે એ રોજબરોજ જીવી રહ્યા છે અને માર્કેટ તથા કસ્ટમરને સારી રીતે જાણે છે.

ટૂંકમાં જ્યારે પણ બ્રાન્ડ પર ક્રાઇસિસ આવે ત્યારે તેને વ્યવસ્થિત રીતે સમજવી જરૂરી છે, પારદર્શિતા અને ઝડપી પ્રતિક્રિયા આવશ્યક છે, એક ક્રાઇસિસ મેનેજમેન્ટ ટીમ ઊભી કરો, ટેક્નોલોજીની ભરપૂર મદદ લો અને કસ્ટમરનો ભરોસો તૂટવા ન દો... બ્રાન્ડની કટોકટીમાં મૌન ના રહે એ મૌન મોંઘું પડશે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

# નવો પ્રસંગ... નવાં કપડાં

'મોમ, સમ્યકનાં લગ્નમાં હું શું પહેરું?' દિવ્યાએ મમ્મીને પૂછ્યું.

'બેટા સાગરનાં લગ્નમાં તે જે નવાં ચણિયાચોળી લીધાં હતાં ને એ પહેરી લે, કેટલાં સુંદર છે. એ કેસરી રંગ તને બહુ સરસ લાગે છે. મારી દિવ્યા કેસરિયા રંગે કેવી બ્યૂટીફુલ લાગે તને એ ચણિયાચોળીમાં જોઈને તરત તારા માટે માંગું આવશે. અને પછી તો તારા લગ્ન નક્કી થશે, તૈયારીઓ ચાલશે, વહેવાર-ખરીદી-પ્લાનિંગ ઓ માય ગોડ!'

શું પહેરુંના સવાલથી દીકરીનાં લગ્નની તૈયારીઓનાં દિવાસ્વપ્નમાં ખોવાયેલી માલિની પર દિવ્યા તડૂકી.

'અરે મોમ, તને બસ મારા લગન જ દેખાય છે આખો દિવસ! સાગરનાં લગ્નવાળા ચણિયા-ચોળી હું રિપીટ નથી કરવાની.'

માલિનીએ ફરી એને સમજાવાનો પ્રયત્ન કર્યો :

'બેટા, આટલાં મોંઘાં કપડાં ફરી પહેરવાં તો પડે ને? એકવાર પહેર્યા એટલે બીજીવાર નહીં પહેરવાનાં? આ ભારે કપડાનાં ઢગલા તો જો પૈસાની બરબાદી ઉપરથી કોઈના કામમાં ના આવે, જગ્યા રોકે અને એમાંય પાછી સાચવી રાખવાની જવાબદારી.'

આ બાજુ દિવ્યા મક્કમ હતી :

'મોમ અત્યારનાં કલ્ચરની તને સમજ ના પડે. મારી કોઈ ફ્રેન્ડ્સ રોજિંદા કપડાં પણ રિપીટ નથી કરતી અને હું વેડિંગ ફંક્શનમાં એકનાં એક કપડાં ફરી પહેરું? તું કઝિન્સમાંથી જેને મારા કપડાં થાય એને આપી દે જે. હું તો રિપીટ નહીં જ કરું! બાય, હું નવા ચણિયા-ચોળી લેવા જઉં છું, તું આવે છે મારી સાથે?'

આમ નવા કે એકાદવાર પહેરેલાં ડ્રેસ હોવા છતાં દિવ્યા એક વધુ નવાં ચણિયા-ચોળી લેવા ગઈ એ પણ લગ્નપ્રસંગે પહેરાય એવા ભારે માંઘલા! આ નવાં વસ્ત્રો પણ કદાચ એક કે બે વાર પહેરાશે અને પછી કબાટમાં, માળિયામાં કે પછી પેટી પલંગમાં સ્થાન પામશે. પાછું એમાં જીવાત ના થાય એટલે ડામરની ગોળીઓ પણ મુકાશે. દર પ્રસંગે આવાં સાચવીને મૂકેલા કપડાં યાદ આવશે, એ કેવા સરસ છે એની ચર્ચા પણ થશે, પરંતુ છેવટે કોઈ બીજા પ્રસંગે ફરી પાછા નવા કપડાં અને એ જ સાઈકલ ચાલ્યા કરશે, દરેક પ્રસંગે 'નવી ગિલ્લી - નવો દાવ.'

આપણામાંથી કેટલા લોકો આવું કરતાં હશે? ચોક્કસ આંકડો તો નહીં, પણ સંશોધકો થકી ખૂબ રસપ્રદ તારણ બહાર આવ્યા છે એ મુજબ લગભગ ૧૬% એટલે કે છમાંથી એક યુવાનને એકનાં એક વસ્ત્રો-ડ્રેસ ફરી પહેરવા નથી ગમતાં. ત્રણમાંથી એક યુવતી કોઈ પણ ડ્રેસ એકથી ત્રણ વખત પહેરે તો તેને જૂનું માનવા લાગે છે. જેન ઝી વર્તુળમાં ઓનલાઈન શોપિંગ કરતાં પાછું મોકલવાનાં ઈરાદે વધુ પડતી ખરીદી કરવાનો ટ્રેન્ડ જોવા મળ્યો છે એ પણ સોશ્યલ મીડિયા માટે. આ જનરેશન એક ડ્રેસ સરેરાશ સાત વખત પહેરે છે.

અત્યારની મોંઘવારીમાં મધ્યમવર્ગની વાત કરીએ તો એક વર્ગ એવો છે જે ખૂબ કરકસરથી રહે તો પણ મહિનો પૂરો નથી થતો. બે ટંકનું ખાવાનું માંડ પહોંચાતું હોય ત્યાં નવાં કપડાં અને રિપીટ કરવા-ના કરવાનો વિચાર સુધ્ધાં નથી આવતો. અને સામે બીજો વર્ગ છે જે પણ કરકસરથી રહે છે તેમ છતાં કપડાં રિપીટ કરવામાં સમાધાન નથી કરતો. આ પ્રકારની ઘેલછા પાછળ અનેક કારણ જવાબદાર છે.

આપણે એક એવા સમાજમાં રહીએ છીએ જ્યાં સતત તુલના અને ચડસાચડસી જોવા મળે છે. સમાજમાં બધા કરતાં વધારે સારા કે શ્રેષ્ઠ દેખાવું, આકર્ષક લાગવું, પ્રશંસા થવી, વગેરે પ્રત્યે લોકો સંવેદનશીલ બન્યા છે અને માટે એમને કોઈ પણ પ્રકારે અલગ તરી આવવું હોય છે. જો એક જ વસ્ત્રો રિપીટ કરે તો એનો પોતાની ઈમેજ પર નકારાત્મક પ્રભાવ પડશે એમ એ માને છે. સોશ્યલ મીડિયાનું દબાણ, દરેક પ્રકારની ફેશનનાં નવા કપડાં ખરીદવા, કે પછી જવલ્લે જ જોવા મળે એવું કારણ- કે જે તે ડ્રેસ પહેરીને એ સમયે અતિશય નકારાત્મક અનુભવ થયો હોય તો એ ફરી બીજીવાર પહેરવાનું મન નથી થતું. આવાં અનેક કારણોસર ભારે કે રોજિંદા એક ને એક કપડાં વારે વારે પહેરાતા નથી તેં એકવાર પહેરીને પડ્યા રહે છે અથવા તો બીજાને આપી દેવામાં આવે છે.

એકનાં એક કપડાં વારેવારે, બીજી-ત્રીજીવાર કે ક્યારેક રિપીટ ના કરવા એવું જેના મનમાં હોય છે એ વ્યક્તિ ક્યાંક ને ક્યાંક કોઈ પણ રીતે નવું ખરીદવાનાં કે પહેરવાનાં સતત દબાણ હેઠળ રહે છે. આ દબાણના કારણે ચિંતા, હતાશા, ઉદાસીનતા, હરીફાઈ જેવી માનસિક સમસ્યાઓ સર્જાઈ શકે છે. સાથે મહેનતથી કમાયેલા રૂપિયાનો વ્યય થાય છે. આ પરિસ્થિતિમાં જૂનાં કપડાંને વિવિધ કોમ્બિનેશનનાં અલગ અલગ રીતે ઉપયોગમાં લેતા શીખી શકાય. 'કપડાં રિપીટ કરી શકાય' એ સ્થિતિને કોઈ નાનમ વિના સ્વાભાવિક રીતે સ્વીકારી શકાય. કેટલાક સેલિબ્રિટીઓ પણ કપડાં રિપીટ કરે છે એનું ઉદાહરણ પોતાનાં માટે લાગુ કરી શકાય. આમેય કહેવાય છે કે આપણી પાસે ગમે એટલા કપડાં-વસ્ત્રો ડ્રેસ હોય પણ છેવટે તો આપણે ૮૦% કબાટમાં મૂકી રાખી ૨૦% જ પહેરીએ છીએ...

બોલો, તમે શું કહો છો? ■

ક્લોઝ-અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# કિનખાબી ક્રાઈમ વાયા QR કોડ!

**ડિજિટલ ટેક્નોલોજીની એક સરળ, છતાં બહુ ઉપયોગી દેન છે આ QR કોડ. એને લોકો હવે બહુ ઝડપથી સ્વીકારી રહ્યા છે ત્યારે એના દ્વારા સાયબર ઠગ ટોળકીઓ પણ જબરી લૂંટ ચલાવી રહ્યા છે, એનાથી આપણે કઈ રીતે સાબદા રહી શકીએ?**

**દુનિયાભરમાં** ચોતરફ સાયબર લૂંટ વધી રહી છે. જાતજાતના અને ભાતભાતન આ સાયબર ફ્રોડ ક્રાઈમ એની પરાકાષ્ઠાએ છે. દર બીજે દિવસે સાયબર ગઠિયા લૂંટની અવનવી ટ્રીક્સ શોધી કાઢે છે. સાયબર ક્રાઈમ વિભાગ હજુ નવી ટ્રીકનાં પગેરું મેળવે એને રોકવાના ઉપાય લોકો સુધી પહોંચાડે એ પહેલાં તો ભેજાબાજ સાયબર ઠગ કોઈ નવી જ ટ્રીકનો પરચો દેખાડીને લાખોની રકમ સાથે સરકી પણ ગયો હોય...!

જસ્ટ, આ આંકડાઓ પર ઝડપથી એક નજર દોડાવી જોઈએ, જેમકે...

૨૦૨૫ દરમિયાન સમસ્ત ભારતમાં રૂપિયા ૨૦ હજાર કરોડ જેટલી જબરજસ્ત રકમ લોકોએ ગુમાવી છે...

આમાં એકલા ૨૦૨૫માં 'ડિજિટલ એરેસ્ટ'ના ૧૪૩ કેસ નોંધાયા,જેમાં મોટા ભાગના શિકાર સિનિયર સિટિઝન વરિષ્ઠ નાગરિકો હતા, જેમણે ૧૧૪ કરોડ રૂપિયા ગુમાવ્યા છે...

છેલ્લાં પાંચ વર્ષમાં ૨૦ હજારથી વધુ સાયબર ફ્રોડના કેસમાં મુંબઈગરાઓએ ૨ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ આ અપરાધમાં ગુમાવી છે...

આમ સાયબર છેતરપિંડીનું એક સમસ્ત ચિત્ર જે આપણી સમક્ષ ઊપસે છે એ અનુસાર : દેશમાં છેલ્લાં પાંચ વર્ષમાં સાયબર ફ્રોડના કેસમાં અધધધ કહી શકાય એવો ૯૦૦% નો વધારો થયો છે!

આ વધારામાં ઉત્તર પ્રદેશ સૌથી વધુ આશરે ૯૬૩૪ સાયબર ફ્રોડના કેસ સાથે પ્રથમ ક્રમાંકે છે. ત્યાર પછી આમચી મહારાષ્ટ્રમાં ૭૬૧૧ કેસ એ પછી દિલ્હીમાં ૫૧૩૯ કેસ નોંધાયા છે. આ બધા પછી આપણું ગુજરાત ૪૯૩૫ કેસ સાથે ચોથા ક્રમે છે...

અહીં આપણે વાત કરી સમસ્ત સાયબર સ્પેસમાં થતી ગુનાખોરીની. આ પ્રકારની લૂંટ પણ અનેક રીતે પ્રકારે થતી રહે છે, જેમકે OTP શિકારના ડાટા ચોરીને ક્રેડિડ-ડેબિટ કાર્ડનું ફિશિંગ - ક્લોનિંગ (આબેહૂબ કાર્ડ તૈયાર કરવા) પાસવર્ડ ચોરીને કોઈના બેન્ક ખાતામાં ઘૂસી જઈને એની બેલેન્સ સફાચટ કરવી (હેકિંગ) કોઈની ઓળખ ચોરવી કે બદલવી (ડિપ ફેક), ઈત્યાદિ,ઈત્યાદિ...

જોકે આ બધાની વચ્ચે સૌથી સરળ, છતાં સચોટ કહી શકાય એવી સાયબર ગુનાખોરી થાય છે QR Code દ્વારા... !




કેદારનાથ જેવાં ધર્મસંકુલમાં આવાં બનાવટી બોર્ડ મૂકીને ભગવાન આસ્થાળુઓને લૂંટવાનો પ્રયાસ



QR CODEના જાપાની શોધક માશાહીરો હારા.

અહીં સૌથી ચોંકાવનારા ન્યૂઝ એ છે કે ગયા વર્ષે એક સાયબર ઠગે ખુદ ભગવાનને લૂંટવાનો પેંતરો કર્યો હતો ! ઘટના કંઈક આમ છે.

ચારધામ યાત્રાનો પ્રારંભ થયો ત્યારે લાખો ભક્તો ઊમટ્યાં. કેદારનાથના કપાટ ખોલવાના દિવસે મંદિરના દ્વાર પર કોઈએ ક્યૂઆર કોડ લગાવીને દાન કરવા માટેનું બોર્ડ ગોઠવી દઈને એવી સૂચના લખી કે 'જે શ્રદ્ધાળુ દાન આપવા ઈચ્છતા હોય એ આ ક્યૂઆર કોડ સ્કેન કરીને ઈશ્વરને સીધું ઓનલાઈન દાન આપી શકે છે! એ પછી સંખ્યાબંધ આસ્થાળુઓએ શ્રદ્ધાપૂર્વક પોતાનું દાન ક્યૂઆર કોડ સ્કેન કરીને નોંધાવ્યું પણ હતું! મંદિર સંકુલમાં આવાં ઓનલાઈન દાન માટેનાં પાંચથી વધુ બોર્ડ હતા! હકીકતમાં બદ્રીનાથ- કેદારનાથ મંદિરના સંચાલકોએ કહ્યું કે આવું કોઈ બોર્ડ અમે મૂક્યું જ નહતું ...!




આમ ઉપરવાળા ઈશ્વર અને એ નીચેવાળા એના આસ્થાળુઓને આ રીતે ખંખેરી નાખવાનો આવો પ્રયાસ ગુજરાતના સોમનાથ, દ્વારકા ઉપરાંત મુંબઈના સિદ્ધિ વિનાયક જેવાં ધર્મસ્થાનકોમાં પણ થયો હતા,પણ સાયબર ક્રાઈમ વિભાગની અગમચેતાથી એ 'લૂંટ' થતી રહી ગઈ. માત્ર ભારતમાં જ નહીં,જગતભરમાં આવાં ક્યૂઆર કોડના સાયબર અપરાધ વધી રહ્યાં છે.

વાત જરા વિગતે જાણીએ તો ડિજિટલ ટેક્નોલોજીનો એક બહુ જાણીતો ઉપયોગ છે QR CODE. કમ્પ્યુટર દ્વારા સંઘરેલી માહિતી- ડેટાને 'વાંચવા' માટે સમાંતરે જે ઊંચી-નીચી રેખાનું આયોજન કરવામાં આવે એને આપણે 'બારકોડ' તરીકે ઓળખીએ છીએ. આવા બારકોડમાં પુષ્કળ માહિતી સંઘરી શકવાની ક્ષમતા છે. એ બધી માહિતી આપણે સેલ ફોન કે કમ્પ્યુટર દ્વારા સરળતાથી વાંચી શકીએ છીએ એટલે આ સામૂહિક માહિતીવાળા બારકોડ Quick Response અર્થાત QR CODE તરીકે ઓળખાય છે. ડિજિટલ દુનિયામાં આવા ક્યૂઆર કોડનો આજે વ્યાપક ઉપયોગ થાય છે. એક અંદાજ મુજબ, આજે અમેરિકામાં ૧૦૦ મિલિયને એટલે કે ૧૦ કરોડથી વધુ અને આપણે ત્યાં પણ આજે આશરે ૭ કરોડથી વધુ લોકો ક્યૂઆર કોડનો ઉપયોગ કરે છે...!

આપણે ત્યાં નોટબંધી પછી ઓનલાઈન આર્થિક લેતી-દેતી વધી એ સાથે ક્યૂઆર કોડનો ઉપયોગ પણ અણધાર્યો વધવા લાગ્યો. નાની એવી કરિયાણાની દુકાનથી લઈને વિશાળ મોલની દરેક શોપના કેશ કાઉન્ટર પર ક્યૂઆર કોડના પ્રતીક નજરે ચઢવા લાગ્યા. તમારો સ્માર્ટ ફોન એના તરફ ક્લિક કરો-સ્કેન કરો એટલે તમારા બેન્ક અકાઉન્ટમાંથી જરૂરી પેમેન્ટ શોપકીપરને પહોંચી જાય...ક્યૂઆર કોડની આ પ્રકિયા જેટલી ઝડપી છે એટલી જ સરળ છે. બાળકો સુધ્ધાં વાપરી શકે. આપણે ભલે આ ક્યૂઆર કોડની દુનિયામાં નવા છીએ, પણ એનો ઉપયોગ આટલી ઝડપે આવો વ્યાપક થશે એની કલ્પના ખુદ એના જાપાની શોધક માશાહીરો હારાને પણ નહોતી.

વ્યવસાયે ઈજનેર એવા માશાહીરોએ ૧૯૯૪માં આ કોડની પરિકલ્પના કરીને વિકસાવ્યો હતો. આજે એ ૬૮ વર્ષીય ઈજનેર કહે છે : 'આ કોડ મેં માત્ર ઉત્પાદનની માહિતી આપવા પૂરતો બનાવ્યો હતો, પણ એનો આવો જબરો ઉપયોગ આજે લગભગ બધા જ ફિલ્ડમાં થશે અને એમાંય નાણાકીય લેતી-દેતીમાં થશે એ તો ખુદ મારા માટે મોટું આશ્ચર્ય છે.'

આવા એક 'ક્વિક રિસ્પોન્સ કોડ'માં આશરે સાત હજાર અક્ષરની માહિતી સમાવવા ઉપરાંત એમાં ચિત્ર-આકૃતિ પણ ઉમેરી શકાય છે. આ કોડ દ્વારા ચોક્કસ વેબ સાઈટની લીંક પર પહોંચી શકાય, જ્યાં તમને વિસ્તૃત માહિતી મળી શકે.

આજે તમે નામ આપો એ ક્ષેત્રમાં ક્યૂઆર કોડ પ્રવેશી ચૂક્યું છે. કરિયાણાની દુકાનથી લઈને મોલ -એરપોર્ટ-રેલવે સ્ટેશન- હોટલ-રેસ્ટોરાંનાં મેન્યુ કાર્ડ - બેન્ક- હોસ્પિટલ - થિયેટર-ઈકોમર્સનાં અનેક ઉત્પાદનોની જાણકારી- જાહેરાત સુધ્ધાંમાં ય આ કોડ સર્વવ્યાપી ઈશ્વરની જેમ મોજૂદ છે. અરે, મેડિકલ ફિલ્ડમાં તો એણે કમાલ કરી છે. ડોકટર દર્દી માટે એ જબરો ઉપકારક બની રહ્યો છે. દરદીએ પોતાનાં એક્સ-રે અને મેડિકલ રિપોર્ટસની ફાઈલ્સ પોતાની સાથે ફેરવવાની જરૂર નથી. એની ક્યૂઆર કોડ ઈમેજ કાફી છે.

તમારો પ્રોફાઈલ પણ તમે આવા કોડમાં પલટાવીને જોબ માટે મેલ કરી શકો. આ રીતે જ લગ્નોઉત્સુક મુરતિયા-કન્યા પણ એમની વિગત મેટ્રિમોનિયલ સાઈટ પર મૂકી શકે છે.!

જો કે આ ક્યૂઆર કોડની વધુ પડતી સરળતા કોઈને પણ સાયબર ક્રાઈમનો શિકાર પણ બનાવી શકે...આપણને ડિજિટલ ટેક્નોલોજીના જાણકારો અને સાયબર ક્રાઈમના નિષ્ણાતો વારંવાર ચેતવતા રહે છે કે અજાણ્યા ઈ-મેલ પર આવેલી લિન્ક જિજ્ઞાસા ખાતર પણ ખોલવી નહીં. એ લિન્ક તમારી ઘણી બધી ડિજિટલ માહિતી કોઈ સાયબર બદમાશને હાથોહાથ પહોંચાડી દેશે, જેના આધારે પેલો તમારા બેન્કખાતામાં ખાતર પાડીને લૂંટી શકે.

આવું જ ક્યૂઆર કોડનું છે. એક ક્લિક કરો, જે તમને ફ્રોડ લિન્ક તરફ ફંટાવી શકે, જ્યાં પેલો 'મિસ્ટર ઠગ' તમારાં કપડાં ઉતારી લેવા તત્પર ઊભો જ હોય...

આવા સાયબર બદમાશોની મોડસ ઑપરેન્ડી એક જ સરખી હોય છે. તમે ઓનલાઈન કોઈ ચીજ-વસ્તુ વેંચવાની જાહેર કરો એટલે ગ્રાહક તરીકે અપરાધી પ્રગટે. ભાવતાલ કરે પછી ઓનલાઈન રકમ ચૂકવવાની તૈયારી બતાવે અને એક ક્યૂઆર કોડની ઈમેજ તમને મોકલીને કહે : 'આને ક્લિક કરો એટલે તમારા ખાતામાં રકમ જમા થઈ જશે ' તમે એ ક્લિક કરો ને એટલે પત્યું ... એક ક્લિક સાથે તમારા બેન્ક ખાતામાંથી તગડી રકમ તણાય જશે!

આમ કોઈ પણ નવી ટેકનોલોજીની ખૂબીઓની સાથે એની કેટલીક ખામીઓ પણ સંકળાયેલી હોય છે, જેનો ગેરફાયદો અપરાધીઓ હંમેશાં લેતા રહે છે, પણ એના ડરથી આપણે નવી ટેકનોલોજીનો લાભ લેવાનું જતું ન કરી શકીએ. માત્ર એના જોખમને ધ્યાનમાં રાખીને સતર્ક રહી એની વિશેષતાને વધાવી લેવી જોઈએ.

## -તો પછી ક્યૂઆર કોડના ફ્રોડથી કઈ રીતે બચવું...?

વેલ, સાયબર ક્રાઈમ સેલના નિષ્ણાતોની આ ત્રણ વાત ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છે, જેમકે.

ક્યૂઆર કોડથી તમે માત્ર પેમેન્ટ કરી શકો. એના દ્વારા ક્યારેય રકમ મેળવી ન શકો એટલે તમને કોઈ કહે કે 'આ કોડ સ્કેન કરો તો તમને તમારી રકમ મળી જશે' એ વાત સાવ હંબગ છે-એમ કરવા જશો તો અચૂક છેતરાશો તમે આ કોડ સ્કેન કરો ત્યારે તમારી બધી જ ડિજિટલ માહિતી સામેવાળાને ત્યાં પહોંચી જશે, જેનો એ ભવિષ્યમાં દુરુપયોગ પણ કરી શકે માટે શંકા પડે એવા અજાણ્યાકોડથી દૂર રહો ક્યૂઆર કોડ તમને કોઈ એક વેબસાઈટ તરફ દોરી જાય ત્યારે ખાસ જો જો-ચેક કરજો કે એ તમારી જોઈતી જ વેબસાઈટ છેને.. કોઈ ભળતી-ફ્રોડ સાઈટ તો નથીને?

બસ, આટલા મુદ્દા ધ્યાનમાં રાખીને તમે QR કોડનો ઉપયોગ કરો તો એમાં ફ્રોડના શિકાર થતા બચી જશો.. ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# પિગ બુચારિંગ: ઝડપથી પૈસા કમાવવાનું ચક્કર મુશ્કેલી સર્જી શકે

**દેશમાં** અનેક સાયબર ફ્રોડના કેસ થયા છે. દરેક સાયબર ફ્રોડમાં નવા નવા પેંતરા સામે આવતા ડિજિટલ સુરક્ષા કેટલી એ અંગે મતમતાંર છે. નવી નવી એપ્લિકેશનથી સવલત તો ઊભી થઈ રહી છે. આ સાથે સમસ્યાઓ પણ પાર વગરની સર્જાઈ રહી છે. લોભામણી જાહેરાતો અને ઓનલાઈન શોપિંગને મળતી આવતી લિંકથી થતા ફ્રોડ સામાન્ય થતા જાય છે. છેલ્લાં બે વર્ષથી ઓનલાઈન ફ્રોડની દુનિયામાં બે નવા પેંતરાએ સૌને ચોંકાવ્યા છે. એ છે ડિજિટલ અરેસ્ટ અને પિગ બુચારિંગ.

ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બનેલી વ્યક્તિ કોઈ ફરિયાદ જ ન કરે અને ચોક્કસ સમય બાદ ફરી એ જ પીડિતને છેતરવામાં આવે તો? આ જ વાતને થોડી વધુ સરળતાથી સમજીએ.

ધારો કે કોઈ એક સોસાયટીમાં ચોરી થઈ હોય એ અન્ય ચોર ટોળકીને ખબર હોય. પોલીસ તપાસ સુધી મામલો પહોંચ્યો હોય. ચોક્કસ સમયગાળા બાદ એ જ સોસાયટીના બીજા ઘરમાં ચોરી બીજી ટોળકી દ્વારા થાય ત્યારે એ નક્કી થાય કે, ટોળકીને એટલી ખબર છે કે, સોસાયટીમાં પૈસાદારો રહે છે.

આ જ પેંતરો હવે ડિજિટલ પ્લેટફોર્મ પર શક્ય છે. નોકરી આપવાના બહાને કે ઓનલાઈન કમાવી દેવાના બહાને સાયબર ગઠિયાઓ એક એવું નેટવર્ક ઊભું કરે જેમાં તમને શરૂઆતમાં પૈસા આપે અને પછી તમારી તિજોરીનું તળીયું દેખાડી દે. જુદી જુદી જોબસાઈટ પર પોતાના મોબાઈલ નંબરથી જોબ શોધતા યુવાનો આ સ્કેમનો પહેલો ટાર્ગેટ હોય છે. શિકાર જાળમાં ફસાયો છે એ જાણ્યા બાદ ફેક ફોન કોલ્સ જ નહીં, ખાતામાં પૈસા સુધીની વ્યવસ્થા થઈ જાય છે. વસ્તુ વિશ્વસનીય છે એનો ખ્યાલ એ વાત પરથી આવે છે કે, ગઠિયાઓ ગૂગલ સર્વિસનો ઉપયોગ કરે છે.

'પિગ બુચારિંગ' કે ઈન્વેસ્ટમેન્ટ સ્કેમ આજે દુનિયાભરમાં થાય છે. એવી વ્યક્તિના મોબાઈલ નંબર અને એકાઉન્ટ ડિટેઈલ પર ફોક્સ થાય છે, જે મહિનામાં લાખો-કરોડોની હેરફેર કરે છે. અથવા જે નોકરી-ધંધાની શોધમાં છે અને નજીવી ફી ભરી શકે છે. જોકે જેના ખાતામાં લાખો રૂપિયા છે એનો પહેલા શિકાર થાય છે. સૌ પ્રથમ જોબ વેબસાઈટમાં શેર થતાં નંબર પર ફોક્સ થાય છે. આ નંબર સિવાય સોશ્યલ મીડિયા કે મેસેજિંગ એપથી તેમ જ ડેટા સાયન્સની મદદથી એ જાણકારી લેવામાં આવે છે કે, શિકારને ખરેખર ગમે છે શું.

આ પછીના તબક્કામાં એ વ્યક્તિને એના ગમતા ક્ષેત્રમાં જોબ કે એસ્યોર ગિફ્ટની ઓફર કરવામાં



આવે છે. ટોકન મની રૂપે કે ફી રૂપે પૈસા ભરાવવામાં આવે છે. ગિફ્ટની વાત હોય તો ગિફ્ટ પ્લસ એકાઉન્ટ નંબરથી એ જાણવામાં આવે છે ખાતું એક્ટિવ છે કે નહીં. પછી શરૂ થાય છે અસલી ખેલ.

પિગ બુચારિંગનો પહેલો કેસ વર્ષ ૨૦૧૬માં થયો હતો, જેમાં એક સ્કિમ આપવામાં આવતી હતી કે, ઓનલાઈન શોપિંગથી ચોક્કસ કિંમતની વસ્તુ ખરીદો એટલે બીજા પૈસાનો કેશ બેનિફિટ. ફેસબુક, ઈન્સ્ટા કે ટ્વિટર એકાઉન્ટથી બેઝિક માહિતી લઈને એવી સ્કિમ આપવામાં આવે, જે પહેલી નજરે જોતા ઓફિશિયલ હોય એવું લાગે. પછી એ લિંક કે સ્કિમ અંગે વાંચવા-જાણવા ક્લિક કરો એટલે ફોનનું મોનિટરિંગ શરૂ થાય. જેમાંથી વાત છેક ખાતા નંબર સુધી પહોંચે. ક્રેડિટ કે ડેબિટ કાર્ડ સુધી પહોંચે. એવું નથી કે, ગઠિયાઓ એક જ ઝાટકે લૂંટી લે. પહેલા વસ્તુઓ અને સ્કિમનો લાભ આપે અને ચોક્કસ સમય બાદ લૂંટવાનું શરૂ કરે. વિશ્વાસ પાક્કો થયા બાદ વધુ ખરીદી કરવા કે સ્કિમ આપવાનું શરૂ થાય.

વ્યક્તિ એમાં ન પડે તો સતત ફેક ઓફર્સનો મારો શરૂ થાય. એક સમયે વસ્તુ ફ્રીમાં આપવા સુધીની ઓફર થાય જેની ડાયરેક્ટ લિંક જે તે મેસેજિંગ એપ પર મળે. જેમાં નામ-નંબર, લોગો અને કંપનીના લોકલ એડ્રેસ સુધીનું બધુ સાચું હોય પણ ગઠિયો સાત સમંદર પાર બેઠો હોય. ફ્રીની લાલચે એના પર ક્લિક કે ઓર્ડર આપ્યા બાદ તિજોરી ખાલી થવાનું શરૂ થાય. જેમાં જે તે ક્યૂઆર કે નંબર પર પૈસા ક્રેડિટ કર્યા એના ડાયરેક્ટ મેસેજ જ આવે. આવું થાય ત્યારે વ્યક્તિ ફોન સ્વિચઓફ કરી દે તો પણ રકમ કપાવવાનું શરૂ જ રહે. કારણ કે, સોફ્ટવેરની મદદથી એમના જ સાગરિતોના મોબાઈલ નંબર પર એક જ એકાઉન્ટમાંથી રકમ પર ટ્રાંઝેક્શન આપવામાં આવ્યા હોય છે. પછી આ તમામ નંબર બંધ થઈ જાય છે અને જેને લિંક મોકલી હોય એનો ફોન પણ સ્વિચઓફ થઈ જાય છે. આની ફરિયાદ રૂપે મામલો ગંભીરતાથી લેવાય છે, પણ ગઠિયો મળશે કે નહીં એની કોઈ ગેરેન્ટી હોતી નથી. લોન એપ્લિકેશન, ઝીરો વ્યાજની લોન, લોન પે ગિફ્ટ, લોન સ્કિમ, વન ક્લિક પર લોન અને ઈઝી મની જેવા શબ્દો ગઠિયાઓના છે, જેના દ્વારા પિગ બુચારિંગ થયેલા છે.

ચાર વર્ષ પહેલા આપણા જ દેશમાંથી 'શોપિંગ કુપન્સ ઓન ટેલિગ્રામ' નામના વર્ડથી ચીન-મલેશિયા અને હોંગકોગ સુધી પૈસા ઠલવાયા હોવાના રિપોર્ટ છે. દેશના ગૃહમંત્રાલયે આવા કેસની નોંધ લઈને દરેક રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં સાયબર ગાઈડલાઈન્સ જાહેર કરી હતી, જેમાં આ પ્રકારના પેંતરાને વિગતવાર સમજાવવામાં આવ્યા હતા. સાવધાની એ જ સુરક્ષા છે. બને ત્યાં સુધી મોબાઈલમાં આવતી લિંક કે સ્કિમને તપાસ્યા વગર ક્લિક ન જ કરો એ જ હિતકારી પગલું છે.

**આઉટ ઓફ ધ બોક્સ**

***એક વર્ષમાં ટેલિગ્રામ ફ્રોડ સંબંધીત કેસની સંખ્ય ા ૭૦૦૦થી વધારે છે. ક્લાઉડ કનેક્ટ અને સ્પેસ ફ્રી એપના કારણે આનો આંધળો ઉપયોગ મુશ્કેલી સર્જી શકે છે.*** ■

# કાલસર્પયોગ: જ્યોતિષીઓ માટે રોકડિયો પાક...




વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

હાસ્ય વિનોદ

'તમને નોબેલ-પ્રાઈઝ મળ્યું છે?' મને સાધારણ ઓળખતા એક જ્યોતિષીએ પૂછ્યું.

'મને જો નોબેલ પ્રાઈઝ મળ્યું હોત તો તમને જ નહીં, આખા જગતને એની ખબર પડી ગઈ હોત ને તમે મારી એપોઈન્ટમેન્ટ લીધા વગર આવો સવાલ પૂછવા આટલી સરળતાથી મારી પાસે આવી પણ શક્યા ન હોત...' મેં જરા અણગમાથી ઉત્તર આપ્યો.

'નોબેલ-પ્રાઈઝ નહીં મળ્યાનો ગુસ્સો આ રીતે મારા પર કાઢ્યા વગર તમને એ નથી મળ્યું એવું ટૂંકમાં જ કહી દો ને!' જ્યોતિષીએ બિલકુલ સ્વસ્થતાથી કહ્યું,

'ના, મને નોબેલ-પ્રાઈઝ, ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ કે એવો કોઈ પુરસ્કાર મળ્યો નથી, હાસ્યલેખકોને આવાં ઈનામો આપવાનો પહેલેથી જ રિવાજ નથી...' મેં ચોખવટ કરી.

'તમને કોઈ વાર સાપનાં સપનાં આવે છે?' નવો પ્રશ્ન.

'ના, પણ કોઈ વાર નોળિયાનાં સ્વપ્ન આવે છે ખરાં...'

'સમજી ગયો...' તેમણે સમજી ગયા પછી મને સમજાવતાં કહ્યું: 'તમને ખબર છે કે આવું બધું કેમ થાય છે? તમને કાલસર્પયોગ સતાવી રહ્યો છે... આ એક એવો યોગ છે જેમાં માણસ તનતોડ મહેનત કરે છતાં તેને ધાર્યું પરિણામ મળે નહીં...

'એટલે?' મેં જાણવા માગ્યું.'

'એટલે તમારી જ વાત કરું તો તમે ગમે એટલી મહેનત કરીને હાસ્યલેખ લખો, પણ તે વાંચીને વાચકો હસવાને બદલે ગંભીર થઈ જાય, તમે ભાષણ કરવા જાઓ ને ઑડિયન્સને હસાવવા નવા ટુચકા કહો તોય ઑડિયન્સ હસે નહીં. ઑડિયન્સમાં બેઠેલા તમારા પાંચ-પંદર અપનાવાલાય વ્યવહારે સ્મિત પણ ન કરે, મિમિક્રી કરવાની ફરમાઈશ કરે. બોલો, આવું થાય છે ને?' તેણે મને સામે પૂછ્યું.

'હા, ભુજંગરાય, બરાબર આવું જ થતું હોય છે...' મેં હકીકત જણાવી.

'બસ, આ બધાનાં મૂળમાં તમારો કાલસર્પયોગ જ છે. તમારા ફાલતુ 'જોક' પર પણ ઑડિયન્સ અને વાચકો હસી હસીને બેવડ વળી જાય એવું તમે ઈચ્છતા હો, તમારે સફળ હાસ્યલેખક કે ટુચકાબાજ થવું હોય તો એ માટે કાલસર્પયોગનો વિધિ કરાવો, પછી જોજો, તમે હાસ્યજગતમાં છવાઈ જશો.' તે બોલ્યો.

'હું એવા બધામાં માનતો નથી...' મેં નાસ્તિકતા પ્રગટ કરી.

'તમારા માનવા-ન માનવાથી કોઈ ફરક પડવાનો નથી અને આમ જોવા જાવ તો તમારે એમાં ખાસ કંઈ કરવાનું નથી. એક વાર મારી સાથે ચાણોદ આવવાનું, પાંચેક કલાકનો વિધિ છે, ખર્ચોય બહુ મોટો નથી. અઢી-ત્રણ હજારમાં પતી જશે.'

'પણ મારી પાસે એટલો સમય નથી.' મેં બહાનું કાઢ્યું.

'એમ? સમય નથી? સમય ન હોય તો એનોય રસ્તો છે શેઠિયા, એવું હોય તો તમે સાથે ન આવતા. તમારા ફોટોગ્રાફથી કામ નીકળી જશે. તમે તમારો પાસપોર્ટ સાઈઝનો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો આપશો તોય ચાલી જશે. એમાં ખરચ જોકે થોડો વધારે થશે, પણ છ-સાત હજાર સુધીમાં પતી જશે ને પછી તો તમારો બેડો પાર થઈ જશે.' ભુજંગરાય છાતી ઠોકીને બોલ્યા.

'સોરી, આવા બધામાં મને રસ પણ નથી ને શ્રદ્ધાય નથી...' મારો આવો જવાબ સાંભળી તેણે ચેતવણીના સૂરમાં જણાવ્યું:

'તો તમે જાણો, બાકી આ કાલસર્પયોગ બહુ ખતરનાક છે, ભલભલાનું ધનોતપનોત કાઢી નાખતાંય તે અચકાતો નથી... વિચારી કરીને જવાબ આપજો, ઉતાવળ નથી.'

જ્યોતિષીઓ કહે છે કે ભગવાન રામચન્દ્રજીની કુંડળીમાંય કાલસર્પયોગ હતો ને એ કારણે તેમના હાથમાં આવતાં આવતાં જ ખુરસી સરકી ગઈ, તેમનું સિંહાસન અનાયાસ ભરતને મળી ગયું, તેમને ચૌદ વર્ષ સુધી વનમાં ભટકવું પડ્યું. મારો એક જ્યોતિષી-મિત્ર હિન્દી ફિલ્મોની અભિનેત્રી રેખાનો દાખલો આપતાં કહે છે કે આ રેખાનેય કાલસર્પયોગ છે એટલે તો તે સીધી રેખામાં ચાલતી નથી, સર્પની જેમ 'ઝિગ્ઝેગ' ચાલે છે. આ કારણે તેણે જેને જેને પ્રેમ કર્યો એમાંના કોઈને તે પરણી શકી નહીં અને જેને પરણી તેને સુખી કરી શકી નહીં, એમાંના એકે તો આત્મહત્યા કરી નાખી. આ કાલસર્પયોગ શું છે એની જ્યોતિષીઓને ખબર છે એટલી તો કદાચ રાહુ, કેતુ કે સાપને પણ નહીં હોય. જ્યોતિષી પહેલાં તો કાલસર્પયોગનું બિહામણું ચિત્ર દર્શાવી માણસને ગભરાવી મૂકે છે અને પેલો જોઈએ એટલો ગભરાઈ જાય ત્યાર પછી એ જ જ્યોતિષી તેને સાંત્વન આપે છે કે રાજા! આ કાલસર્પયોગથી ડરવાની સ્હેજ પણ જરૂર નથી. હું બેઠો છું ને બાર વરસનો! બાર વર્ષના હોવાનો ફાયદો એ છે કે આવી સગીર વયના બાળક સામે કાયદેસર કામ ચલાવી શકાતું નથી.

- તો આ કાલસર્પયોગ શું છે?

સૂર્ય, મંગળ, ગુરુ અને શનિની ગ્રહ તરીકેની સત્તાવાર પ્રતિષ્ઠા મળી છે. જ્યારે રાહુ અને કેતુ ખરેખર તો ગ્રહોની છાયા છે, કાલ્પનિક ગ્રહો છે- સૂર્ય અને ચંદ્રની ભ્રમણકક્ષાએ એકબીજાને ક્રોષ કરતું-છેદતું હોય એવું તે એક કાલ્પનિક બિંદુ છે અને આ રાહુ અને કેતુથી બનતો યોગ એટલે કાલસર્પયોગ.

આપણે ત્યાં એવી એક કહેવત છે કે 'ભૂંડાથી તો ભૂત પણ ભાગે.' અને રાહુ-કેતુની મથરાવટી ભૂંડાની છે. રાહુ-કેતુ જે ખાનામાં બેઠા હોય તે ખાનામાં બીજો એક પણ ગ્રહ ન હોય, એટલું જ નહીં, રાહુ-કેતુ ચલિત થઈને (અથવા તો અન્ય કોઈ ગ્રહને ચલિત કરીને પણ) બીજો કોઈ ગ્રહના સંસર્ગમાં ન આવે એને કાલસર્પયોગ રચાયો એમ કહેવાય છે. આપણે અહીં માત્ર કલ્પનાઓ પર જ ચાલવાનું છે. અત્રે કાળ અને સર્પ બન્ને અભિપ્રેત છે. નાગ એ કાળનું સ્વરૂપ છે, કાળ એટલે રાહુ. નાગનું માથું રાહુ સાથે જોડાયું છે ને તેની પૂંછડી કેતુ સાથે જોડાઈ છે. નાગ એ સંપત્તિનું પ્રતીક છે. જગતની તમામ સંપત્તિઓ પર નાગનો (અને નાગાઓનો પણ) પ્રભાવ વધારે હોય છે. નાગનું માથું રાહુના ભાગે આવ્યું છે એટલે રાહુને માથાભારે ગણવામાં આવે છે. રાહુ અને કેતુ વચ્ચે ભાગીદારી છે અને આ બન્નેમાં સિનિયર પાર્ટનર રાહુ છે. માણસ ગમે તેટલી મહેનત કરે, પણ તેનું ફળ કેટલું આપવું તે આ બન્ને ગ્રહો નક્કી કરે છે, બરાબર પેલા પરીક્ષક જેવું-વિદ્યાર્થીએ પરીક્ષામાં ગમે એટલા સારા અને સાચા જવાબો પેપરમાં લખ્યા હોય છતાં તેને કેટલા માર્ક્સ આપવા એ પરીક્ષકના 'મૂડ' પર જ આધારિત હોય છે.

હિન્દી ફિલ્મોમાં આવતા ભગવાનના મસ્તકની પાછળ તેજસ્વી ચક્ર ફરતું દેખાય છે એ રીતે રાહુ-કેતુને આવા તેજસ્વી ચક્રવાળો દિવ્ય આત્મા દેખાય તો એવા આત્માને તે સત્તા ભોગવવા મોકલી આપે છે. પોલિટિક્સની પરિભાષામાં કહીએ તો રાહુ-કેતુ હાઈકમાન્ડ છે. હાઈકમાન્ડ જે રીતે અમુક વ્યક્તિને અમુક રાજ્યમાં ગવર્નર કે મુખ્યમંત્રી તરીકે મોકલી આપે છે એ જ રીતે અમુક ચોક્કસ કામ માટે જ તે પસંદ કરેલ આત્માને પૃથ્વી પર રવાના કરી દે છે. અને તે બાળસ્વરૂપે હોય ત્યારે આની નિશાની તરીકે તેની કુંડળીમાં કાલસર્પયોગનો રબર સ્ટેમ્પ મારી દે છે- પોતાની જાણ અને પોતાના રેકોર્ડ માટે!

કુંડળીમાં કાલસર્પયોગ હોય એવો જાતક સ્વ-બળે, પરિશ્રમ કરી આગળ આવે છે. તો અપવાદરૂપ કિસ્સામાં જાતકને આપ-બળના વિકલ્પે બાપબળથી લાભ મળે છે. આનું જ્વલંત દૃષ્ટાંત પંડિત જવાહરલાલ નહેરુ છે. વકીલાતનું ભણ્યા છતાં એમાં તે ખાસ કશું ઉકાળી શક્યા નહીં એટલે તેમના પિતાશ્રી મોતીલાલે ચિંતાથી ગાંધીજીને જણાવ્યું કે મારો આ પોયરો જવાહર પ્લીડરીમાં તો પોતાનું જવાહર બતાવી શક્યો નથી, હવે તમે કંઈક કરો, તેને લીડરીમાં ઝળકાવો... . ગાંધીબાપુએ આ અતિ મુશ્કેલ પડકાર ઝીલી લીધો. પછી શું થયું એ આપણે જાણીએ છીએ.

જોકે આ નિયતિ જ હતી - સ્વતંત્ર ભારતની કુંડળીમાંય કાલસર્પયોગ હતો ને પંડિત જવાહરલાલ નહેરુની કુંડળીમાં પણ આ જ યોગ હતો. ભારતની જે કંઈ દશા-અવદશા થઈ એને માટે કેટલાક ગાંધીજીનો દોષ કાઢે છે, પણ જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ આમાં ગાંધીજી તો કેવળ નિમિત્ત હતા, રાહુ-કેતુની બદમાશીને લીધે જ પં. જવાહરલાલ નહેરુ વર્ષો સુધી ભારતના વડા પ્રધાન બનીને રહ્યા.

કાલસર્પયોગની બીજી ખાસિયત એ પણ છે કે જે જાતકની કુંડળીમાં આ યોગ મુકાયો હોય તેનાં સંતાનની કુંડળીમાં પણ કાલસર્પયોગ હોય છે- બાપનો ટાલનો વારસો એના દીકરાને મળે છે એવું આ યોગમાં પણ છે. કદાચ આ જ કારણે આપણને વડા પ્રધાન લેખે શ્રીમતી ઈન્દિરા (નહેરુ) ગાંધી અને રાજીવ ગાંધી મળ્યાં. રાજીવરત્ન રાહુલની કુંડળીમાં કાલસર્પયોગ કેટલો બળવાન અથવા તો ભારતનું નસીબ કેવું હતું એની પાકી ખબર હોય તો રાહુ-કેતુને જ હશે.

આ કાલસર્પયોગની અસરો બે પ્રકારની હોય છે. પોઝિટિવ અને નેગેટિવ. જે નસીબદાર જાતક હોય છે તેને કાલસર્પયોગની પોઝિટિવ અર્થાત્ સકારાત્મક અસરોનો લાભ મળે છે અને જેનાં દુઃખમાં કોઈ ભાગિયો નથી એવા અભાગિયા જાતકને એકલાને જ કાલસર્પયોગની નેગેટિવ એટલે કે નકારાત્મક-નુકસાનકારક અસરો ભોગવવાની રહે છે. જાતકની કુંડળીમાં રાહુ-કેતુ ક્યાં બેઠા છે, ઉભડક બેઠા છે કે પલાંઠી મારીને બેઠા છે અને તે ક્યા ઘરમાં, કોની સાથે બેઠા છે એના પરથી જાણી શકાય છે કે તેની અસર કેવી - પોઝિટિવ થશે કે નેગેટિવ ! રાહુ જો ચોથા, આઠમા અને બારમા સ્થાને હોય તો જાતકની કુંડળીમાં કાલસર્પયોગ હોય તો તેની અસર નેગેટિવ વધારે થાય છે.

બીજી તરફ, રાહુની પોઝિટિવ અસરના ઉદાહરણમાં ધીરુભાઈ અંબાણી છે- જેમની એક છીંક, ઉધરસ અને બગાસા પર તો શેરબજારમાં મોટી ઊથલપાથલ થઈ જતી. કાલસર્પયોગની નેગેટિવ અસરથી ગમે તેવા તેજસ્વી જાતકનું એકાએક પતન થાય છે. વિશ્વામિત્રનું પતન પણ તે યોગને લીધે જ થયું હશે! અને આ કાલસર્પવાળા જાતક ૨૭, ૩૩, ૩૬, ૪૨ અને ૪૮માં વર્ષે મુશ્કેલી અનુભવે છે. ત્યાર બાદ મુશ્કેલી ઘટતી નથી, પણ કોઠે પડી જાય છે. જોકે મને એ સમજાતું નથી કે આ રાહુ-કેતુને જાતકની ઉંમરની ખબર કેવી રીતે પડતી હશે! તેમની પાસે કાલસર્પયોગવાળા તમામ જાતકોના જન્મદિવસના દાખલા હશે! તો જ તેમને ખ્યાલ આવે ને કે જાતકને ક્યારે ક્યારે પજવીને તેને યાદ કરાવવું કે તેને કાલસર્પયોગ છે!

આ કાલસર્પયોગ આમ તો જ્યોતિષીઓની જ દેન છે. જ્યોતિષીઓ માટે તે રોકડિયો પાક છે. ■

---

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# ગણેશ પાટ બેસાડિયે (સાંજીનું ગીત)

માગશર મહિનો ચાલી રહ્યો છે. લગ્ન ગાળા માટે આ સમય ઉત્તમ ગણાયો છે. લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી છે ત્યારે લગ્નગીતોનો વૈભવ અને એના ભાષા માધુર્યને માણીએ. પહેલાના સમયમાં લગ્ન લેવાતા આજે તો ફાઈવ સ્ટાર વેડિંગ થાય છે. પાર્ટી પ્લોટ, પ્રિ - વેડિંગ, ડ્રોન ફોટોગ્રાફી, ડીજે અને બીજાં અનેક આધુનિક રસાયણો મેરેજનો અભિન્ન હિસ્સો બની ગયાં છે. અગાઉના લગ્નની જે કેટલીક ખાસિયતો હતી એમાં એક હતી લગ્ન ગીતની પરંપરા. લગ્ન લખતી વખતનું, પીઠીનું, કુળદેવીને આમંત્રણ આપતું, જાન પ્રસ્થાન અને જાન પહોંચે એના ગીત એમ અનેક વિધિના એવા સુંદર સુંદર ભાવના ગીત છે કે એ માહોલ સામે ફાઈવ સ્ટાર વેડિંગ પાણી ભરે. લગ્નગીતોમાં એક ખાસ પ્રકાર જોવા મળતો (જોવા મળતો એટલા માટે કે આજે એ લુપ્ત થવાને આરે છે) જે સાંજી તરીકે ઓળખાય. સાંજી એટલે સાંજે ગાવાનાં લગ્ન ગીત.



પરથમ પહેલા ગણેશજીના સ્મરણ સાથે **ગણેશ પાટ બેસાડિયે (સાંજીનું ગીત)** ગીતથી શરૂઆત કરીએ. આ ગીતમાં વ્યક્ત થતી લાગણીથી હરખ બેવડાય છે અને એમાં રહેલા શબ્દો ભાષા જ્ઞાનનો વિસ્તાર કરે છે. **ગણેશ પાટ બેસાડીએ વા'લા નીપજે પકવાન, સગાં સંબંધીને તેડીએ જો પૂજ્યા હોય મોરાર.** ગણેશજીની હાજરીથી પકવાન સારા તૈયાર થશે એવી ભાવના વ્યક્ત કરી મોરાર એટલે કૃષ્ણનું સ્મરણ કરી સગા સંબંધીને યાદ કરવામાં આવે છે. **જેને તે આંગણ પીપળો તેનો ધન્ય ધન્ય અવતાર, સાંજ સવારે પૂજીએ જો પૂજ્યા હોય મોરાર.** આ પંક્તિમાં આંગણામાં પીપળાનું વૃક્ષનું શું મહત્ત્વ છે એનું વર્ણન છે. **જેને તે આંગણ ગાવડી તેનો ધન્ય ધન્ય અવતાર, સાંજ સવારે દોણું મળે જો પૂજ્યા હોય મોરાર.** આ પંક્તિમાં પશુધનનું મહત્ત્વ સમજાવી ઈશારો અર્થશાસ્ત્ર તરફ પણ કરવામાં આવ્યો છે. ગાવડી એટલે ગાય, ધેનું. ટૂંકમાં દુધાળા પ્રાણીની વાત છે. આંગણામાં ગાય હોય તો બેઉ ટાણે દૂધ મળી રહે, એ ખરીદવા ન પડે. **જેને તે પેટે દીકરી તેનો ધન્ય થયો અવતાર, સાચવેલ ધન વાપરે જો પૂજ્યા હોય મોરાર. જેને તે પેટે દીકરો તેનો ધન્ય થયો અવતાર, વહુઆરુ પાયે પડે જો પૂજ્યા હોય મોરાર.** આ પંક્તિઓમાં દીકરીનો મહિમા તો ગાવામાં આવ્યો છે અને દીકરાના જન્મના વધામણા પણ કરી પગે પડતી વહુ એટલે કે સંસ્કારી પુત્રવધૂ વિશે પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. **રાતો ચૂડો તે રંગભર્યો ને કોરો તે કમખો હાર, ઘરચોળે ઘડ ભાંગીએ જો પૂજ્યા હોય મોરાર.** પુત્રવધૂના ઉલ્લેખ સાથે એના શણગાર ચૂડો (બલ્લૈયું અથવા કાંડાનું ઘરેણું) કમખો (ચોળી)ની વાત પણ આવે છે. **કાંઠા તે ઘઉંની રોટલી માંહે ઢાળિયો કંસાર, ભેગા બેસી ભોજન કરે જો પૂજ્યા હોય મોરાર.** ગણેશ પાટ બેસાડીએ ભલા નીપજે પકવાન, સગાં સંબંધીને તેડીએ જો પૂજ્યા હોય મોરાર. અંતે પકવાનની વાત સાથે સાંજી પૂરી થાય છે. આવા ગીત પ્રસંગના વર્ણન સાથે વાતાવરણને હર્યુંભર્યું બનાવી દે છે. કાંઠા એક પ્રકારની ઘઉંની જાત છે.

**એક ઊંચો તે વર ના જોશો રે દાદા (સાંજીનું ગીત)**

આ સાંજીમાં દાદા - પૌત્રી વચ્ચે સંવાદ છે જેમાં પૌત્રી કેવો વર પસંદ નહીં કરતા એ કારણ આપી સમજાવે છે. અંતે પોતાની પસંદગી પણ દર્શાવે છે. **એક તે રાજને દ્વારે રમતા બેનીબા, દાદાએ હસીને બોલાવ્યા, કાં કાં રે દીકરી તમારી દેહ જ દુબળી, આંખલડી રે જળે તે ભરી.** પૌત્રી માટે વપરાયેલા શબ્દ બેનીબામાં કેવી મીઠાશ, કેવો પ્રેમ ટપકે છે એ બોલશો તો એનો અનુભવ થશે. દાદા બેનીબાને બોલાવીને પૂછે છે કે આજે તું કેમ ઉદાસ દેખાય છે અને કેમ તારી આંખોમાં આંસુ છે? જવાબમાં **પૌત્રી નથી નથી દાદા મારી દેહ જ દુબળી, નથી રે આંખલડી જળે ભરી** એમ કહી પોતાને કોઈ વ્યથા નથી એવું સ્પષ્ટ કરે છે. એટલું કહી વર પસંદ કરતી વખતે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખજો એ દાદાને જણાવે છે. **એક ઊંચો તે વર ના જોશો રે દાદા, ઊંચો તો નિત્ય નેવાં ભાંગશે.** વર બહુ ઊંચો હશે તો ઘરમાં દાખલ થતા નેવાં (ઘરના છાપરાં પર બેસાડેલાં નળિયાં) તૂટી જશે અને નુકસાન થશે એવી શંકા વ્યક્ત કરે છે. **એક નીચો તે વર ના જોશો રે દાદા, નીચો તો નિત્ય ઠેબે આવશે.** કદમાં નીચો વર પણ પસંદ ન કરવા માટે નજરે ન પડવાથી કાયમ અડફેટે ચડશે એવું કારણ આપે છે. ત્યારબાદ વાત વર્ણ પર પહોંચે છે. **એક ધોળો તે વર ના જોશો રે દાદા, ધોળો તે આપ વખાણશે, એક કાળો તે વર ના જોશો રે દાદા, કાળો તે કુટુંબ લજાવશે.** ગોરો રૂપાળો વર પસંદ નહીં કરતા, કારણ કે એ પોતાની જ પ્રશંસા કર્યા કરશે અને શ્યામવર્ણો એટલા માટે નહીં કે એનાથી પરિવારની નાલેશી થશે એમ બેનીબા દાદાજીને સમજાવે છે. તો બેનીબાને જોઈએ કેવો વર? દાદાજીની આંખમાં રહેલો સવાલ સમજી પૌત્રી કહે છે કે **એક કેડે પાતળિયો ને મુખે રે શામળિયો, તે મારી સૈયરે વખાણિયો, એક પાણી ભરતી તે પાણિયારીએ વખાણ્યો, ભલો તે વખાણ્યો મારી ભાભીએ.** બેનીબાને શારીરિક બાંધા કે રૂપરંગ સાથે નિસ્બત નથી. એને તો એની સખીએ અને ભાભીએ પ્રશંસા કરી એવો ભલો વર જોઈએ છીએ. આ સાંજીમાં સાદગી ઝળહળે છે અને ભાષા વૈભવ છલકાય છે.

## लगीन गीत

મહારાષ્ટ્ર અને ગુજરાત સહોદર રાજ્યો હોવાથી બંનેમાં ઘણું સાંસ્કૃતિક સામ્ય જોવા મળે છે. લગ્ન વિધિમાં કેટલોક ફરક જરૂર અને આનંદ કરવાની-કરાવવાની શૈલી સુધ્ધાં જુદી પણ કેટલીક બાબતે હરખનું પ્રમાણ લગભગ સરખું. લગ્નગીતનો સમાવેશ આ યાદીમાં અવશ્ય થાય. **मराठी मध्ये लग्नला लाडात लगीन म्हणतात. पूर्वीच्या काळात देवाचा लगीन गाणं लोकांना आवडायचं।** મરાઠીમાં લગ્ન માટે લાડમાં લગીન શબ્દ વપરાય છે. અસલના વખતમાં 'દેવાચા લગીન' ગીત ખાસ્સું પસંદ કરવામાં આવતું હતું. આ ગીત પેઢી દર પેઢી ચાલતું રહ્યું છે અને આજની તારીખમાં પણ ટકી રહ્યું છે. એની કેટલીક પંક્તિઓ પરથી આ લગ્ન ગીતની સરળતા અને મીઠાશ નજરે પડે છે. **पाऊसराजा भोळा तो भरतो शेलाच भाग रे, अन् पाण्याच्या काठावर बेडूक वाजवतो बाजारे, बेडूक वाजवतो कसे देवाचे लग्न लावी रे.** ખેડૂતો માટે વરસાદનું આગમન એ લગ્ન ઉત્સવ જેવો અનેરો આનંદનો અવસર છે. વરસાદ પડે ત્યારે ખેતરમાં પાણી ભરાય અને દેડકા ડ્રાઉં ડ્રાઉં કરતા જાણે કે લગ્ન પ્રસંગે ગવાતા ગીતમાં ઢોલ વગાડતા હોય એવી લાગણી જન્મે છે.




મરાઠીમાં વર - વધૂ માટે **नवरा-नवराई असे दोन शब्द आहे.** પરણેતર - વધૂ માટે એક ખૂબસૂરત લગ્ન ગીત છે. **नवराई माझी लाडाची लाडाची ग, आवड़ हिला चंद्राची ग. नवराई माझी नवसाची-नवसाची ग. अप्सरा जशी इंद्राची-इंद्राची ग.** નવરાઈ એટલે વધૂ અને આ વધૂને લાડકી વિશેષણથી સજાવી એના સૌંદર્ય અને એના નાજુક સ્વભાવનું વર્ણન આ લગ્ન ગીતમાં કરવામાં આવ્યું છે. આમારી લાડકી વધૂને ચંદ્રમા પ્રિય છે અને આ તો અમારી માનતાની વધૂ છે અને એનું સૌંદર્ય ઈન્દ્રના દરબારની અપ્સરા જેવું છે એવા શબ્દોમાં એની સ્તુતિ કરવામાં આવી છે. આપણો બૌદ્ધિક-સામાજિક વિકાસ ભલે ગમે એટલો થયો હોય, આજે પણ પુત્રવધૂ તો ગોરી અને રૂપાળી હોય એવી જ કામના રાખવામાં આવે છે. લગ્ન ગીતમાં એનું પ્રતિબિંબ પડે છે. **गोऱ्या-गोऱ्या गालावरी चढली लाजची लाली, गं. पोरी, नवरी आली. सनईच्या सुरामंदी चौघडा बौलतो दारी, गं. पोरी, नवरी आसी.** સનઈ એટલે શેહનાઈ અને ચૌઘડા એટલે ઢોલ-નગારા. લગ્નના માહોલના વર્ણન સાથે વધૂને આવકાર આપતા આ ગીતમાં શરમાઈ જવાથી એના ગાલ પર છવાયેલી લાલી અને એકંદરે એના સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. ગીતમાં આગળ સખીઓ અને બીજા ઉલ્લેખ સાથે વધૂના ગુણગાન ગવાયા છે. ■

---

ઊડતી વાત

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# યે શાદી કભી નહીં હો સકતી, ક્યોં કી...

'તમે સૌ સાંભળી લો. હું મારી દીકરી દીપાને કાળા ચોરને પરણાવીશ, દીપાને વાવ-કૂવામાં ધકેલી દઇશ, પરંતુ સો વાતની એક વાત. હું છતી આંખે આંધળો થઇને દીપાના લગ્ન સિદ્ધાંત સાથે હરગિજ નહીં કરાવું. આ મારી હર્ષદની હથોડા પ્રતિજ્ઞા છે, જેમાં કોઇ કાળે ફેરફાર થવાનો નથી.'

હર્ષદ ગાંધી ઉર્ફે હથોડાએ ચાલુ લગ્ને હાઇડ્રોજન બૉમ્બ ઝીંક્યો. બધાના કાનમાં ધાક પડી ગઇ. બધાના ચહેરા શ્યામ પડી ગયા.

'પપ્પા, તમે આ શું બોલો છો?' દીપાના હૃદયમાં ધ્રાસ્કો પડ્યો. હજુ તો સિદ્ધાંત સાથે પરિચય જ થયેલો. બંને સાત ભવના સ્નેહબંધનના સ્વપ્ન જોતા હતા. એમાં પપ્પાએ વિલન કેમ થાય છે? દીકરી દીપાનું મન ચકરાવે ચડ્યું.

'દીપા, તને તારો બાપ અમરીશ પુરી જેવો વિલન લાગશે. હું તારો દુશ્મન નથી. તું મારી એકની એક દીકરી છે. હું જાણી જોઇને તને કસાઇવાડે તો ના મોકલું ને? તારે મારી લાશ પર ચડીને સિદ્ધાંત કુમાર સાથે લગ્ન કરવા પડશે.' હર્ષદ હથોડાએ તેનો નિર્ણય દોહરાવ્યો.

'તમે આવું ગાંડું ઘેલું કેમ બોલો છો? માંડવે જાન આવી ગઇ છે. શરણાઈ વાગી રહી છે. લોકો લગ્ન માણી રહ્યા છે. કોઇ સાંભળી જશે તો આપણી દીપાનું લગ્ન ફોક થઇ જશે. આપણે સમાજમાં બદનામ થઇ જશું.' દીપાની મા મનીષાએ છૂટા મોંએ રડતાં રડતાં કહ્યું.

'મારો નિર્ણય અફર છે.' હર્ષદ હથોડાએ તેનો નિર્ણય દોહરાવ્યો.

'સિદ્ધાંત કુમારમાં શું ખોટ છે?' દીપા અને તેની મા મનીષાએ કાબરની જેમ કાળો કકળાટ કરતાં એક અવાજે પૂછ્યું.

'કોઇ ખોટ નથી,પરંતુ હું આ લગ્ન નહીં થવા દઉં.' હર્ષદ હથોડો ગજર્યો.

'સિદ્ધાંત કુમાર રૂપાળા નથી?'

'ના, એવું નથી. સિદ્ધાંત કુમાર તો રૂપાળા છે. પણ હું લગ્ન તો નહીં જ થવા દઉં.'

'તો પછી સિદ્ધાંત કુમાર કમાતો નથી?' મનીષાએ બીજો સવાલ પૂછયો.

'સિદ્ધાંત કુમારને દર મહિને છ આંકડાનો પગાર મળે છે. એ પણ સરકારી નોકરી છે, પણ હું લગ્ન તો નહીં જ થવા દઉં.'

'હર્ષદિયા, તારો ભાવિ જમાઇ તો સરકારનો જમાઇ છે. બધી આંગળી ઘીમાં છે. હમણા એક છોકરીએ માંડવે આવેલા છોકરાને લીલા તોરણે તગેડી મુકેલ. મુરતિયાની નોકરી સરકારી નોકરી હોય તો જ હું લગ્ન કરીશ એમ છોકરીએ હઠ પકડેલ. મુરતિયાએ તેના રૂપિયા ૧,૫૦,૦૦૦ માસિક પગારની સ્લીપ દેખાડી. છતાં છોકરી નામક્કર ગયેલ.' દીપાના કરસન કાકાએ આગમાં ઘી હોમ્યું.

'સિદ્ધાંતકુમાર પર લોનનું ભારણ છે?' કનુ કાકાએ પૂછ્યું.

'કનુભાઇ, સિદ્ધાંતકુમાર એક કાણી પાઇને લોન લેવામાં માનતા નથી, પણ હું લગ્ન નહીં થવા દઉં.' હર્ષદ હથોડાએ તેનો ધોકો પછાડ્યો.

હમણા મહારાષ્ટ્રના એક વરરાજાનો સિબિલ સ્કોર ખરાબ હોવાના કન્યાઓ હસ્તમેળાપ માટે ઇન્કાર કરી દેતાં જાન લીલા તોરણે પાછી ગઇ હતી.

'સિદ્ધાંતને છાંટો પાણી કરવાની ટેવ બેવ છે કે શું?' દીપાના અસંતુષ્ટ મામી માલતીએ નવો ફણગો ફોડ્યો.



'અરે, માલતીભાભી, સિદ્ધાંતને તમાકુ-સિગારેટ કે શરાબનુંનું વ્યસન હોય તો પણ મને વાંધો નથી. સિદ્ધાંતને તો ધાણાદાળ કે સાદી સોપારી ખાવાનું વ્યસન નથી. પણ હું લગ્ન તો થવા નહીં દઉં.'

'સિદ્ધાંત કુમારને કોઇ ખોડખાંપણ છે?' દીપાની સવિતા ફોઈએ ખોટી લાગણી પ્રદર્શિત કરતાં પૂછયું.

'એવું કાંઇ કરતા કાંઇ નથી. પણ હું આ લગ્ન નહીં થવા દઉં.' હર્ષદ હથોડાએ નનૈયો ભણ્યો. હમણા એક લગ્નમાં વરરાજાએ બૂટ ચોરવાના રિવાજ સામે વાંધો કાઢેલ. કન્યાપક્ષ અને વરપક્ષ વચ્ચે ભયંકર ચડસાચડસી થઇ. રાંધેલા ધાન રઝળી પડયાં. છેવટે થયેલ ખર્ચનો અડધોઅડધ ભાગ વહેંચીને વરરાજા લીલા તોરણે તેમના ઘરે ધોયેલ મૂળા જેવા પાછા ફરેલ.

'તો પછી તમને સિદ્ધાંત સામે શેનો વાંધો છે?' સૌએ ખૂંખારો ખાઇને ખફગીનું કારણ પૂછી લીધું.

'મેં લગ્ન પ્રસંગે વરપક્ષને ખાસ કરીને સિદ્ધાંત કુમારને દહેજ પેટે ગાડી, ફલેટ, સોનાનાં ઘરેણાં કે રોકડ શું જોઇએ છે તે પૂછેલ.' હર્ષદે પેટછૂટી વાત શરૂ કરી.

'આજકાલ લોકોમાં દહેજની લાલસા કૂદકે ને ભૂસ્કે વધતી જાય છે.' સૌ માંડવિયાએ એક અવાજે દહેજના દૂષણને વખોડી કાઢ્યું.

'અરે, એની તો મોકાણ છે.' પહેલીવાર હર્ષદ ઢીલો પડ્યો.

'અરે, એને બે પાંચ કરોડની જરૂર હોય તો સળગાવોને સાલ્લાઓને. જરૂર પડયે પાંચ પચીસ હજાર અમે તમને લોન પેટે આપશું.' બધાએ પ્રસંગ જાળવી લેવા સલાહ આપી.

'અરે, યાર તમે સમજો એવું નથી.'

'હર્ષદભાઇ, તમારે જે કહેવું હોય તે કહી નાંખોને ...'

'વાત એમ છે કે સિદ્ધાંત કુમારે ચપટી ધૂળ પણ દહેજ પેટે લેવાનો સાફ ઇનકાર કરેલ છે. સિદ્ધાંત કુમારે તો કંકુ કન્યા એટલે કશી લેણદેણ વિના જ હસ્ત મેળાપ કરવાની શરત મૂકી છે, પરંતુ મારું મન માનતું નથી. જે મૂરતિયો દહેજ લેવાની ના પાડે તેમાં કંઇક ને કંઇક ખામી કે ખોડ હોય. બસ, આ જ કારણથી મારે દીપાને સિદ્ધાંતકુમાર સાથે પરણાવવી નથી.' હર્ષદ હથોડો શ્વાસ લીધા સિવાય બોલી ગયો.

ઘણીવાર વર પક્ષની પહાડ જેવા દહેજની માગણીની સામે વિરોધ કરી કન્યા લગ્ન માટે ઇનકાર કરતી હોય છે. અહીં એનાથી ઊલટો કિસ્સો નોંધાયો.

આ સાંભળી બધા સ્તબ્ધ થઇ ગયા. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સોના-ચાંદીની તોફાની તેજીમાં ગ્રાહકલક્ષી માગ તણાઈ, ભારત સહિત એશિયન બજારોમાં સોનાના ભાવ પરના ડિસ્કાઉન્ટમાં વધારો

અમેરિકી ફેડરલ રિઝર્વે ગત ૯ અને ૧૦ ડિસેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકવાની સાથે ૪૦ અબજ ડૉલરના મૂલ્યના ટૂંકા સમયગાળાના ટ્રેઝરી બિલ ખરીદ કરવાના કાર્યક્રમની પણ જાહેરાત કરવાની સાથે બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે અમેરિકી અર્થતંત્રમાં મજબૂત વલણ રહ્યું હોવાના સંકેત આપવાની સાથે ભવિષ્યમાં વ્યાજદરમાં કપાતનો આધાર આર્થિક ડેટા પર અવલંબિત રહેશે, એમ જણાવ્યું હતું. આમ રેટ કટની સાથે સુસંગત નાણાનીતિની જાહેરાતને પગલે વૈશ્વિક વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં વૈશ્વિક સોનાચાંદીમાં ઝડપી તેજી જોવા મળી હતી. જેમાં સોનાના ભાવમાં સાપ્તાહિક ધોરણે ૨.૭ ટકાની તેજી આવી હતી. જોકે, ચાંદીમાં મુખ્યત્વે તંગ પુરવઠા સ્થિતિની સામે ઔદ્યોગિક વપરાશકારોની માગ પ્રબળ રહેતાં ભાવમાં સાપ્તાહિક ધોરણે પાંચ ટકા અને આ વર્ષમાં અત્યાર સુધીમાં ૧૧૨ ટકા જેટલો ઉછાળો જોવા મળ્યો છે. અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ચાંદીનો મુખ્ય ખનીજમાં સમાવેશ કર્યો હોવાથી રોકાણકારોનું ચાંદીમાં આકર્ષણ વધ્યું છે.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં તેજી આગળ ધપી હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિક હાજર બજારમાં ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત પાંચમી ડિસેમ્બરના રૂ. ૧,૨૮,૫૯૨ સામે સાધારણ સુધારા સાથે રૂ. ૧,૨૮,૬૯૧ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૨૭,૪૦૯ અને ઉપરમાં સપ્તાહના અંતે રૂ. ૧,૩૨,૭૧૦ના મથાળે બંધ રહેતા સાપ્તાહિક ધોરણે રૂ. ૪૧૧૮નો અથવા તો ૩.૨૦ ટકાનો ઉછાળો આવ્યો હતો. જોકે, ગત સપ્તાહ દરમિયાન વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૫૪ પૈસાનું ધોવાણ થયું હોવાથી આયાત પડતરોમાં પણ વધારો થવાથી તેજીને ઈંધણ મળ્યું હતું. જોકે, સોનામાં તેજીનો પવન ફૂંકાઈ જવાથી ગ્રાહકલક્ષી માગ તણાઈ ગઈ હતી, પરિણામે જ્વેલરી ઉત્પાદકોની ખરીદી પણ મંદ પડતાં સ્થાનિકમાં ડીલરો દ્વારા ક્વૉટ કરવામાં આવતા સોનાના ભાવ જે આગલા સપ્તાહે વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ બાવીસ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઓફર કરાઈ રહ્યા હતા તેની સામે ગત સપ્તાહે ઔંસદીઠ ૩૪ ડૉલર ડિસ્કાઉન્ટમાં ઑફર થઈ રહ્યાના અહેવાલ હતા. મુંબઈ સ્થિત એક જ્વેલર્સે જણાવ્યું હતું કે સોનાના વધતા ભાવથી લગ્નસરાની અપેક્ષિત માગ પર પાણી ફરી વળ્યું છે. એકંદરે વૈશ્વિક સોનામાં તેજી જોવા મળતા, માગ ઓસરવાને કારણે માત્ર ભારતમાં જ માગ નિરસ રહેતા ડીલરોએ ડિસ્કાઉન્ટમાં વધારો નથી કર્યો, પરંતુ એશિયાભરની બજારોમાં ડિસ્કાઉન્ટ વધ્યા છે.



સોનાના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ડીલરો ઔંસદીઠ ૨૦ ડૉલર ડિસ્કાઉન્ટ ઑફર કરી રહ્યા છે, જ્યારે આગલા સપ્તાહે ભાવ ઔંસદીઠ ૧૦ ડૉલર પ્રીમિયમમાં ઑફર થઈ રહ્યા હતા. ચીન સ્થિત એમકેએસ પીએએમપીનાં ડિરેક્ટર બર્નાર્ડ સિને જણાવ્યું હતું કે ઊંચી સપાટીએથી માગ રૂંધાઈ રહી છે, વધુમાં ચીન ખાતે તાજેતરમાં વૅલ્યુ ઍડેડ ટૅક્સનો અમલ થવાથી જ્વેલરોની પડતરો પણ વધતાં માગ પર વધુ માઠી અસર પડી રહી છે. જોકે, ગત પહેલી નવેમ્બરથી શાંઘાઈ ગોલ્ડ અને શાંઘાઈ ફ્યુચર એક્સચેન્જથી થયેલી અમુક સોનાની ખરીદીને વૅટમાંથી મૂક્તિ આપવામાં આવી છે. તે જ પ્રમાણે હોંગકોંગ ખાતે સોનાના ભાવ પરપર ઔંસદીઠ ૦.૫ ડૉલર ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવી રહ્યું છે અને જાપાનમાં ડીલરો ઔંસદીઠ ૫.૫૦ ડૉલર ડિસ્કાઉન્ટ ઑફર કરી રહ્યા હતા, જ્યારે એકમાત્ર સિંગાપોર ખાતે ડીલરો સોનાના ભાવ વૈશ્વિક ભાવની સરખામણીમાં ઔંસદીઠ ૧.૫૦થી ૩.૫૦ ડૉલર આસપાસના પ્રીમિયમમાં ઑફર કરી રહ્યાના અહેવાલ હતા.

વધુમાં ગત સપ્તાહે સ્થાનિક બજારમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ચાંદીમાં તોફાની તેજી જોવા મળી હતી. ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંત અથવા તો ગત પાંચમી ડિસેમ્બરના કિલોદીઠ રૂ. ૧,૭૮,૨૧૦ના બંધ ભાવ સામે સુધારાના અન્ડરોને ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૭૭,૦૫૪ અને ઊંચામાં સપ્તાહના અંતે રૂ. ૧,૯૫,૧૮૦ની સર્વોચ્ચ સપાટીએ બંધ રહ્યા હતા. આમ એકંદરે ભાવમાં સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૧૬,૯૭૦નો અથવા તો ૯.૫૨ ટકાનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો હતો. સ્થાનિકમાં ઊંચા મથાળેથી માત્ર સ્ટોકિસ્ટોની સટ્ટાકીય લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ જોવા મળી હતી, જ્યારે રિટેલ સ્તરની માગ નિરસ રહેવાથી જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ પાંખી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ચાંદીના ભાવમાં ત્રણ ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાથી આગામી સોમવારે સ્થાનિક બજારમાં કેટલો ઘટાડો જોવા મળશે તેના પર બજાર વર્તુળોની નજર છે. ગત છઠ્ઠી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે અમેરિકામાં બેરોજગારીનો દર વધીને બે મહિનાની ટોચે રહ્યો હોવાના નિર્દેશો હતા. એકંદરે હજુ રોજગારની સ્થિતિ થાળે ન પડી હોવાથી વર્ષ ૨૦૨૬માં ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે અને વર્ષ દરમિયાન બે વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવો આશાવાદ બજાર વર્તુળો રાખે છે. જોકે, ફેડરલ રિઝર્વે વર્ષ ૨૦૨૬માં માત્ર એક જ વખત વ્યાજદરમાં કપાતના સંકેત આપ્યા હતા. વધુમાં તાજેતરમાં સોનાની સરખામણીમાં ચાંદીમાં રાજકોષીય પરિબળો ઉપરાંત પ્રવર્તમાન પુરવઠાખેંચ અને પ્રબળ ઔદ્યોગિક વપરાશી માગ રહેતાં ભાવ ઝડપી તેજી સાથે ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યા હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં સોના-ચાંદી વચ્ચેની સરાસરી ઘટીને ૬૮ની અંદર ઉતરી ગઈ છે, જે દર્શાવે છે કે સોનાની સરખામણીમાં ચાંદીની કામગીરી અથવા પ્રદર્શન વધુ સારું રહેશે.

અમારા મતાનુસાર આગામી સપ્તાહ દરમિયાન સોનાના વૈશ્વિક ભાવની રેન્જ ઔંસદીઠ ૪૨૦૦થી ૪૪૫૦ ડૉલરની અને ચાંદીની રેન્જ ઔંસદીઠ ૫૯થી ૭૦ ડૉલરની રહેશે, જ્યારે સ્થાનિકમાં સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧.૨૯થી ૧.૩૮ લાખ આસપાસ અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૧.૮૬ લાખથી ૨.૧૦ લાખ આસપાસ રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર એક તબક્કે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૬૪.૬૪ ડૉલરની નવી ઊંચી સપાટી સુધી પહોંચ્યા બાદ નફારૂપી વેચવાલીનું દબાણ વધતાં ભાવ આગલા બંધ સામે ત્રણ ટકાના ઘટાડા સાથે ઔંસદીઠ ૬૧.૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૨૯૩.૪૩ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૪૩૨૮.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વાસ્તવમાં સપ્તાહના અંતે ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા ઘટાડા પશ્ચાત્ સ્થિરતા જોવા મળી હોવાથી ચાંદીમાં નફારૂપી વેચવાલીનું દબાણ વધ્યું હોવાનું સીએમઝેડે એક નોટ્સમાં જણાવતાં ઉમેર્યું હતું કે ચાંદીમાં વધુ ઝડપી ઉછાળો આવ્યો હોવાથી ઘટાડો અપેક્ષિત હતો. તેમ છતાં ચાંદીમાં ઔદ્યોગિક માગ વધવાના અંદાજે મુકાઈ રહ્યા હોવાથી મજબૂત આંતરપ્રવાહ જળવાઈ રહે તેમ જણાય છે.

# મેક્સિકોની ટૅરિફથી ઑટો, ઑટો કમ્પોનન્ટ્સ, મેટલ, ઈલેક્ટ્રોનિક્સ નિકાસ પર માઠી અસર પડશેઃ નિષ્ણાતો

નવી દિલ્હીઃ ભારતથી થતી આયાત સામેની ટૅરિફમાં વધારો કરવાનો મેક્સિકોએ લીધેલા નિર્ણયની મુખ્યત્વે ઑટોમોબાઈલ્સ, ઑટો કમ્પોનન્ટ્સ, ઈલેક્ટ્રોનિક્સ, મેટલ્સ અને રસાયણની નિકાસ પર માઠી અસર પડશે એવું નિષ્ણાતોનું માનવું છે.

મેક્સિકોના આ પગલાંથી ભારતની નાણાકીય વર્ષ ૨૦૨૫ની કુલ ૫.૭૫ અબજ ડૉલરની નિકાસનાં ત્રણ ચતુર્થાંશ જેટલી અસર કરે છે અને મેક્સિકન બજાર સુધી પહોંચવાના વેપારી તર્કમાં મૂળભૂત ફેરફાર પણ કરતા હોવાનું તેઓએ ઉમેર્યું હતું.

નોંધનીય બાબત એ છે કે મેક્સિકોની બન્ને ચેમ્બર ઑફ કૉંગ્રેસે બહાલી આપી હોવાથી સંસદે ગત ૧૧મી ડિસેમ્બરના રોજ નવા ટૅરિફના પગલાંને મંજૂરી આપી દીધી છે. મેક્સિકો સાથે જે દેશોના મુક્ત વેપાર કરાર નહીં હોય તેવા દેશો પર આ ઊંચી જકાત અથવા તો ટૅરિફ આગામી પહેલી જાન્યુઆરી, ૨૦૨૬થી અમલી થશે. મેક્સિકો સાથે મુક્ત વેપાર કરાર ન હોય તેવા દેશોમાં ભારત સહિત ચીન, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાનો સમાવેશ થાય છે.

મેક્સિકોના આ પગલાથી ખાસ કરીને ભારતની ઑટોમોબાઈલ અને ઑટો કમ્પોનન્ટ્સની નિકાસ પર સૌથી વધુ અસરગ્રસ્ત થશે, એમ થિન્ક ટૅન્ક જીટીઆરઆઈ (ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવ)એ જણાવતા ઉમેર્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ૯૩.૮૩૫ કરોડ ડૉલરના મૂલ્ય ધરાવતા પેસેન્જર વાહનોની નિકાસ થઈ હતી. જોકે, હવે ટૅરિફ જે ૨૦ ટકા હતી તે વધીને ૩૫ ટકા થવાથી સ્પર્ધાત્મકતા વધશે ખાસ કરીને યુએસ-મેક્સિકો-કેનેડા કરારને કારણે ભારતની સ્પર્ધાત્મકતામાં તીવ્ર ઘટાડો થશે.

વધુમાં દેશની ઑટો કમ્પોનન્ટ્સની નિકાસ પર પણ ગંભીર અસર થશે, જેનો ગત નાણાકીય વર્ષમાં નિકાસમાં ૫૦.૭૨૬ કરોડ ડૉલરનો હિસ્સો હતો. કમ્પોનન્ટ્સ પરની ટૅરિફ જે ૧૦થી ૧૫ ટકા હતી તે ૩૫ ટકા જેટલી થતાં ઑટોમેટિવ સપ્લાઈ ચેઈનમાં ભારતનાં ઊંડા એકીકરણને અવરોધશે. આ ઉપરાંત ગત સાલ દેશમાંથી ૩૯.૦૨૫ કરોડ ડૉલરના મૂલ્યની મોટરસાઈકલની નિકાસ થઈ હતી. અને તેના પરની ડ્યૂટી જે ૨૦ ટકા હતી તે વધારીને ૩૫ ટકા કરવામાં આવી હતી અને ટૅરિફ વૃદ્ધિને કારણે ભારતના નિકાસ વૉલ્યૂમ, માર્જિન અને બ્રાન્ડને જોખમમાં મૂકી શકે છે, એમ જીટીઆરઆઈના સ્થાપક અજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું.

તે જ પ્રમાણે મંતવ્ય આપતા ફેડરેશન ઑફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફિઓ)ના ડિરેક્ટર જનરલ અજય સહાયે જણાવ્યું હતું કે મેક્સિકો દ્વારા ટૅરિફના દર ૫૦ ટકા સુધી વધારવા માટે લેવાયેલો નિર્ણય ભારત માટે ખાસ કરીને ઑટોમોબાઈલ, ઑટો કમ્પોનન્ટ્સ, મશીનરી ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, ઓર્ગેનિક કેમિકલ, ફાર્માસ્યુટિકલ્સ, ટેક્સ્ટાઈલ્સ અને પ્લાસ્ટિક્સ જેવાં ક્ષેત્રો માટે ચિંતાનો વિષય છે. ટૅરિફમાં આટલો તીવ્ર વધારો આપણી સ્પર્ધાત્મકતા ઘટાડશે અને જે સપ્લાઈ ચેઈન વિકસાવવામાં વર્ષો ગયાં હતાં તે સપ્લાઈ ચેઈન રૂંધાશે એમ જણાવતા તેમણે ઉમેર્યું હતું કે આ પગલાંને ધ્યાનમાં લેતા ભારત સરકારે વહેલીતકે મેક્સિકો સાથે મુક્ત વેપાર કરવા આવશ્યક બન્યું છે.

# એપ્રિલથી નવેમ્બરમાં સેઈલના વેચાણમાં ૧૪ ટકાની વૃદ્ધિ

નવી દિલ્હીઃ ભારે દબાણ હેઠળ રહેલા સ્ટીલના ભાવ અને માગમાં ચંચળતા રહી હોવા છતાં જાહેર ક્ષેત્રની સ્ટીલ ઉત્પાદક કંપની સ્ટીલ ઑથૉરિટી ઑફ ઈન્ડિયા (સેઈલ)નું ગત એપ્રિલથી નવેમ્બર સુધીનું વેચાણ ગત સાલના સમાનગાળાના ૧.૧૧ કરોડ ટન સામે ૧૪ ટકા વધીને ૧.૨૭ કરોડ ટનની સપાટીએ રહ્યું છે.

કંપનીના જણાવ્યું હતું કે વૈશ્વિક વેપાર નીતિની અનિશ્ચિતતાઓ અને ભૂરાજકીય તણાવને પગલે દબાણ હેઠળ રહેલા વૈશ્વિક ભાવ અને માગમાં અસ્થિરતા જેવા પડકારો હોવા છતાં મજબૂત વેચાણ વ્યૂહરચનાને કારણે વેચાણ વૃદ્ધિમાં મક્કમ કામગીરી જોવા મળી છે. વર્તમાન નાણાકીય વર્ષના પહેલા આઠ મહિનામાં રિટેલ વેચાણ પણ ગત સાલના સમાનગાળાના ૮.૬ લાખ ટન સામે ૧૩ ટકાના વધારા સાથે ૯.૭ લાખ ટનના સ્તરે રહ્યું હોવાનું કંપનીએ જણાવતા ઉમેર્યું હતું કે આ સમયગાળામાં માત્ર નવેમ્બર મહિનાના જ કુલ વેચાણમાં વર્ષાનુવર્ષ ધોરણે ૨૭ ટકાનો વધારો જોવા મળ્યો છે, જ્યારે રિટેલ વેચાણમાં વર્ષાનુવર્ષ ધોરણે ૬૯ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

નોંધનીય બાબત એ છે કે સેઈલ એ સ્ટીલ મંત્રાલય હેઠળની કંપની છે,જે ઝારખંડ, છત્તીસગઢ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળ એ પાંચ સ્ટીલ પ્લાન્ટ ધરાવે છે અને ઉત્પાદન ક્ષમતા વર્ષે બે કરોડ ટનની છે.

# મજબૂત માગને ટેકે નવેમ્બરમાં પેસેન્જર વાહનોની ડીલરોને રવાનગીમાં ૧૯ ટકાનો ઉછાળોઃ સિઆમ

નવી દિલ્હીઃ ગત નવેમ્બર મહિનામાં તહેવારોની પ્રબળ માગને ટેકે પેસેન્જર વાહનોની ડીલરોને રવાનગી નવેમ્બર, ૨૦૨૪નાં ૩,૪૭,૫૨૨ યુનિટ સામે ૧૮.૭ ટકા ઉછળીને ૪,૧૨,૪૦૫ યુનિટની સપાટીએ રહી હોવાનું ઔદ્યોગિક સંગઠન સોસાયટી ઑફ ઈન્ડિયન ઑટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (સિઆમ) દ્વારા સંકલિત કરવામાં આવેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

દેશની અગ્રણી કાર ઉત્પાદક મારુતિ સુઝુકી ઈન્ડિયાની ગત નવેમ્બર મહિનામાં રવાનગી નવેમ્બર, ૨૦૦૨૪નાં ૧,૪૧,૩૧૨ યુનિટ સામે ૨૧ ટકા વધીને ૧,૭૦,૯૭૧ યુનિટના સ્તરે રહી હતી. આ સિવાય મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રાની રવાનગી ૨૨ ટકા વધીને ૫૬,૩૩૬ યુનિટ (૪૬,૨૨૨ યુનિટ) અને હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ,ની ડીલરોને રવાનગી ચાર ટકા વધીને ૫૦,૩૪૦ યુનિટ (૪૮,૨૪૬ યુનિટ)ના સ્તરે રહી હતી.

વધુમાં ગત નવેમ્બર મહિનામાં દ્વીચક્રી વાહનોની રવાનગીઓ વર્ષાનુવર્ષ ધોરણે ૨૧ ટકા વધીને ૧૯,૪૪,૪૭૫ યુનિટ (૧૬,૦૪,૭૪૯ યુનિટ)ના સ્તરે રહી હતી. જેમાં સ્કૂટરનું વેચાણ ૨૯ ટકા વધીને ૭,૩૫,૭૫૩ યુનિટ (૫,૬૮,૫૮૦ યુનિટ) અને મોટરસાઈકલની રવાનગી ૧૭.૫ ટકા વધીને ૧૧,૬૩,૭૫૧ યુનિટ (૯,૯૦,૨૪૬ યુનિટ)ના સ્તરે રહી હતી. જોકે, ગત નવેમ્બર મહિનામાં મોપેડનું વેચાણ અથવા તો રવાનગીઓ બે ટકાના ઘટાડા સાથે ૪૪,૯૭૧ યુનિટ (૪૫,૯૨૩ યુનિટ)ની સપાટીએ રહી હતી. આ સિવાય ત્રિચક્રી વાહનોનું ગત નવેમ્બરમાં વેચાણ વર્ષાનુવર્ષ ધોરણે ૨૧ ટકા વધીને ૭૧,૯૯૯ યુનિટની સપાટીએ રહ્યું હતું.

એકંદરે ગત નવેમ્બર મહિનામાં તહેવારોની મોસમની માગ ઉપરાંત સરકાર દ્વારા જીએસટી ૨.૦ સુધારા હાથ ધરતાં વેરાના દરમાં ઘટાડો કરવાને કારણે મજબૂત માગ જોવા મળી હોવાનું સિઆમના ડિરેક્ટર જનરલ રાજેશ મેનને જણાવતાં ઉમેર્યું હતું કે ગત નવેમ્બર મહિનામાં પેસેન્જર વાહનો, દ્વીચક્રી વાહનો અને ત્રિચક્રી વાહનોનું સૌથી વધુ વેચાણ જોવા મળ્યું હતું. વધુમાં ઉદ્યોગને આશા છે કે સરકારના નીતિવિષયક સુધારાને ટેકે આગામી વર્ષ ૨૦૨૬માં પણ વૃદ્ધિદર જળવાયેલો રહેશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# વર્ષ ૨૦૩૨ સુધીમાં દેશમાં ઈલેક્ટ્રિક વાહનોની બેટરીની માગ વધીને ૨૫૬.૩ ગિગા વૉટ થશેઃ અહેવાલ

નવી દિલ્હીઃ ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોની બેટરીની બજાર જે વર્ષ ૨૦૨૫માં ૧૭.૭ ગિગા વૉટના સ્તરે છે તે વર્ષ ૨૦૩૨માં વધીને ૨૫૬.૩ ગિગા વૉટના સ્તરે પહોંચવાની શક્યતા કસ્ટમાઈઝ્ડ એનર્જી સોલ્યુશન્સ (સીએસઈ)એ તૈયાર કરેલા એક અહેવાલમાં જણાવ્યું છે.

એકંદરે દેશમાં વધી રહેલા ડીઝલ અને પેટ્રોલ જેવાં ઈંધણના ભાવને કારણે સરકાર દ્વારા થઈ રહેલા વિદ્યુતિકરણના પ્રયાસો, મજબૂત ગ્રાહકલક્ષી માગ, ઝડપભેર લૉન્ચ થઈ રહેલા ઈલેક્ટ્રિક વાહનો અને ઈલેક્ટ્રિક વાહનોને સતત મળી રહેલા નીતિવિષયક સમર્થનને કારણે ઈલેક્ટ્રિક બેટરીની માગમાં વિસ્ફોટક વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા તાજેતરમાં રજૂ કરવામાં આવેલા નઈવી બેટરી ટેક્નોલૉજી રિવ્યુ ૨૦૨૫' અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. અહેવાલમાં ઉમેર્યું હતું કે આ સાત વર્ષમાં ચક્રવૃદ્ધિ ધોરણે ૩૫ ટકાનો વૃદ્ધિદર અપેક્ષિત હોવાની સાથે દેશનાં ઑટોમેટિવ ક્ષેત્રમાં ધરખમ પરિવર્તનનો પણ સંકેત આપે છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોની ક્રાંતિના મૂળમાં બેટરી રસાયણશાસ્ત્રની સફળતાઓ છે. ખાસ કરીને એલએફપી જનરેશન ૪ અને સોડિયમ આયન ટેક્નોલૉજીનો ઉદ્ભવ એ માત્ર અપગ્રેડેશન નહીં, પરંતુ ગેમચેન્જર પુરવાર થયો છે જે ઈલેક્ટ્રિક વાહનને વધુ સસ્તું, સલામત અને એક ચાર્જ પર વધુ આગળ વધવા માટે સક્ષમ બનાવશે, એમ સીઈએસનાં મેનેજિંગ ડિરેક્ટર વિનાયક વાલિમ્બેએ એક યાદીમાં જણાવ્યું હતું. એકંદરે વૃદ્ધિની આ ગાથાના કેન્દ્રમાં બેટરી રસાયણશાસ્ત્રમાં ક્રાંતિ, વૈશ્વિક એડવાન્સ લિથિયન આયન બેટરીઓમાં ખાસ કરીને નેક્સ્ટ જનરેશન લિથિયમ આયન ફોસ્ફેટ અને નિકલ કોબાલ્ટ મેંગેનિઝ ટેક્નોલૉજી ઊર્જાની ઘનતા, સલામતી અને ખર્ચ સ્પર્ધાત્મકતા માગને નવી ઊંચાઈએ પહોંચાડી રહી છે. એલએફપી જનરેશન ફોર સેલ હવે ૩૦૦ વૉટ પ્રતિ કલાક કરતાં વધુ થવાથી ડ્રાઈવિંગની રેન્જ વધવાની સાથે વાહનોના ભાવ પણ નીચા આવ્યા છે. દરમિયાન સોડિયમ આયન અને સોલિડ સ્ટેટ બેટરી બજારમાં આવી છે જે ભારતનાં વિવિધ વાહનોની શ્રેણી, દ્વી અને ત્રિચક્રી વાહનોથી લઈને પ્રીમિયમ પેસેન્જર કાર અને કોમર્શિયલ વાહનોના કાફલા માટે તૈયાર કરવામાં આવેલા સોલ્યુશન્સ પૂરા પાડે છે, એમ અહેવાલમાં ઉમેર્યું હતું.

# ટીન અને કોપરની વેરાઈટીઓમાં નફારૂપી વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે વૈશ્વિક બજારમાં વિવિધ ધાતુઓના ભાવમાં ઊંચા મથાળેથી પ્રત્યાઘાતી ઘટાડો જોવા મળ્યો હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન, કોપર અને બ્રાસની વેરાઈટીઓ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની ઊંચા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. વધુમાં સપ્તાહના અંતને કારણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૪૦નો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, આજે માત્ર લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક નફારૂપી વેચવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૩૮૬૬, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૩૧ ઘટીને રૂ. ૧૧૨૭, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૦૩૦, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૪ ઘટીને રૂ. ૧૦૪૪, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૩ ઘટીને રૂ. ૯૨૦ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ ઘટીને રૂ. ૧૦૧૧ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને મર્યાદિત માગ વચ્ચે ભાવમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતુ તેમાં બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૭૧૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૬૩૦ અને રૂ. ૩૨૭ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૮૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૪ અને રૂ. ૧૮૬ના મથાળે ટકેલા રહ્યા હતા.

# પાંખાં કામકાજો વચ્ચે ખાદ્યતેલમાં ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૮૩ સેન્ટનો ઘટાડો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં દેશી-આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે છૂટાછવાયા રવાનગીના કામકાજો થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૫૨૦, મહેશ ઑઈલના રેડી ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો. ગુજરાતમાં આજે ગોંડલ અને રાજકોટ મથકે મગફળીની નવી કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ અનુક્રમે ૪૫,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૪૦૦માં અને ૨૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૩૦માં થયાના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૮૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સિંગતેલના રૂ. ૧૫૩૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૦ અને સરસવના રૂ. ૧૫૧૫ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૩૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૦૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# હાજર ખાંડમાં જળવાતી પીછેહઠ, નાકા ડિલિવરીમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં મથકો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૦થી ૩૬૭૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી હાજર ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૦નો ઘટાડો આવ્યો હતો.

તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું જેમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં રૂ. ૨૦નો ઘટાડો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં રૂ. ૩૦નો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી મર્યાદિત રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ અને ઉપલા મથાળેથી રૂ. બેના ઘટાડા સાથે રૂ. ૩૮૪૨થી ૩૯૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૧૨થી ૪૦૨૦માં થયા હતા.

દરમિયાન વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૭૬૦થી ૩૭૮૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં એકંદર માગ પ્રબળ રહેતાં તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૦ના સુધારા સાથે રૂ. ૩૮૧૦થી ૩૮૮૦માં થયા હતા.

# કંડલા એરપોર્ટના રન-વે વિસ્તરણ માટે ₹ ૧૮ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: દેશના મહાબંદર કંડલાની કાયાપલટ માટેના ભાવિ વિકાસ પ્રકલ્પો માટે કંડલા વિમાની મથકમાં મોટા એરક્રાફ્ટ ઉતરાણ કરી શકે તે માટે હયાત રન-વેના વિસ્તરણ માટે એરપોર્ટ ઓથોરિટી દ્વારા ૧૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. રન-વે વિસ્તરણનું કાર્ય પૂર્ણ થયે કંડલા વિમાની મથકની ઓપરેશનલ ક્ષમતા વધશે અને કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામને પણ હવાઈ સેવાનો લાભ મળે તેવા ઉજળા સંજોગો ઊભા થઇ રહ્યા છે. કંડલા એરપોર્ટના રન-વેનાં રિસર્ફેસિંગ, રિકોટિંગ,વાઈડનિંગ અને રન-વેની લંબાઈ વધારવાના ૧૫૦ મીટરનાં કામને મંજૂરી આપવામાં આવી છે. રન-વેની લંબાઈ આ વિસ્તરણ બાદ ૧૭૫૦ મીટર જેટલી થશે અને મોટાં કદના વિમાનો અહીં ઉતારવા શક્ય બનશે. રન-વે વધારવાની આવશ્યક્તા નિર્દેશિત કરવા માટે સ્થાનિક સ્તરે સર્વે અને મેસર્સ જેકોબ્સ સોલ્યુસન ઈન્ડિયા દ્વારા ટેકનિકલ અને ફિઝિબિલિટી અંગેનો અભ્યાસ કરાવાયો હતો. દિલ્હીસ્થિત સિવિલ એવીવિએશન મંત્રાલયમાં કેન્દ્રીય મંત્રીઓ, અધિકારીઓ, ચેમ્બરના પ્રતિનિધિઓ અને એવીવિએશન સલાહકાર કંપની સાથે ગાંધીધામ ચેમ્બરના અગ્રણીઓ, ડીપીએના અધિકારીઓ, ડી.પી. વર્લ્ડના પ્રતિનિધિઓ અને ઉદ્યોગજગતના હિતધારકોને સાથે રાખીને કંડલા-ગાંધીધામ સંકુલની ભવિષ્યની આવશ્યક્તાઓ અંગે તેમજ પોર્ટ, લોજિસ્ટિક, શિપિંગ, ઉદ્યોગને જરૂરી હવાઈસેવા ઉપલબ્ધ કરાવવા માટે વ્યાપક દષ્ટિકોણ રજૂ કરાયો હતો.

# ગુજરાતમાં એક કરતાં વધારે મતદાર કાર્ડ ધરાવતા મતદાર સાડાત્રણ લાખ કરતાં વધુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં બે કે તેથી વધુ મતદારના ઓળખ કાર્ડ ધરાવતા લગભગ ૩.૭૮ લાખ નોંધાયેલા મતદારોને લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦ ની જોગવાઈઓના કથિત ઉલ્લંઘન બદલ નોટિસ મળવાની શક્યતા છે.

રાજ્યમાં મતદાર યાદીના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા દરમિયાન, ૩,૭૭,૬૩૫ આવા મતદાર કાર્ડ હોવાનું જાણવા મળ્યું હતું. એક મતવિસ્તારની અંદર અથવા બહુવિધ મતવિસ્તારોમાં એક કરતાં વધુ મતદાર કાર્ડ રાખવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે, અને જે વ્યક્તિઓ જાણી જોઈને ખોટી ઘોષણા કરે છે તેમને એક વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

આપીએની કલમ ૧૭ જણાવે છે કે કોઈપણ વ્યક્તિએ એક કરતાં વધુ મતવિસ્તારમાં નોંધણી કરાવવી જોઈએ નહીં, જ્યારે કલમ ૧૮ જણાવે છે કે કોઈપણ મતવિસ્તારમાં કોઈ પણ વ્યક્તિ એક કરતાં વધુ વખત નોંધણી કરાવવી જોઈએ નહીં.

મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલયનાં સૂત્રોએ જણાવ્યું હતું કે, એક કરતાં વધુ મતદાર કાર્ડ ધરાવતા મતદારોને નોટિસ જારી કરવામાં આવે તેવી શક્યતા છે, જેનો હેતુ એ છે કે તેઓ જ્યાં તેઓ હાલમાં રહેતા નથી ત્યાંથી તેમના નામ કાઢી નાખે.

જોકે અધિકારીઓનું કહેવાનું છે કે ૧૯ ડિસેમ્બરે ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત થયા પછી બૂથ લેવલ ઓફિસર્સ આવા મતદારોના સરનામાની મુલાકાત લેશે, અને મતદારો ડુપ્લિકેટ એન્ટ્રીઓ કાઢી નાખવા માટે ફોર્મ ૭ ભરી શકશે.

# રાજકોટના સાંઢવાયાની ગૌશાળામાં ૭૫ ગાયનાં મોત, ફૂડ પોઈઝનિંગની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયા ગામે આવેલી શ્રી રામગર બાપુ ગૌસેવા ટ્રસ્ટ સંચાલિત ગૌશાળામાં અત્યંત ગમખ્વાર ઘટના બની હતી. અહીં છેલ્લા બે દિવસના ટૂંકા ગાળામાં શંકાસ્પદ સંજોગોમાં ૭૫ જેટલી ગાયોનાં કરુણ મોત નીપજ્યાં હતા. ખોરાકમાં ઝેર ભેળવાયું હોવાની એટલે કે ફૂડ પોઇઝનિંગના કારણે આ કરૂણાંતિકા સર્જાઈ હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગાયોનાં આટલી મોટી સંખ્યામાં મોતની જાણ થતાં જ જિલ્લાનું વહીવટી તંત્ર સફાળું જાગ્યું હતું અને ભારે દોડધામ મચી ગઈ હતી. જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ અને જિલ્લા વિકાસ અધિકારી આનંદ સુરેશ ગોવિંદ સહિતના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સાંઢવાયા ખાતેની ગૌશાળાએ દોડી ગયા હતા. અધિકારીઓએ સ્થળ પર જઈને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો અને બચી ગયેલા પશુઓની સારવારની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેક્ટર ડો. પ્રકાશએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, પ્રાથમિક દષ્ટિએ ગાયોના મોત માટે ફૂડ પોઇઝનિંગ જવાબદાર હોઈ શકે છે. અમને જાણવા મળ્યું છે કે તારીખ ૧૧ના રોજ દાતાઓ દ્વારા ગૌશાળાને મગફળીનો ખોળ આપવામાં આવ્યો હતો.

# વાઇબ્રન્ટ ગુજરાત: જામનગરની નવ કંપનીઓ દ્વારા ₹ ૫૭૧૬ કરોડની રકમના એમ.ઓ.યુ.

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગરમાં વાઇબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સની શૃંખલા અંતર્ગત રાજ્યના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના પ્રધાન અને જામનગર જિલ્લાના પ્રભારી અર્જુનભાઈ મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને લેઉઆ પટેલ સમાજ ખાતે જિલ્લા કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને વિવિધ ૯ કંપનીઓ વચ્ચે રૂ. ૫૭૧૬ કરોડની રકમના એમ.ઓ.યુ. એક્સચેન્જ કરવામાં આવ્યા હતા. જેના થકી અંદાજે ૨૧૦૦ જેટલા લોકોને રોજગારી મળશે, તેમ રાજ્ય સરકારે જણાવ્યું હતું.

કાર્યક્રમમાં પ્રભારી પ્રધાન અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે વાયબ્રન્ટ ગુજરાત માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ ગુજરાતના વિકાસની દૃષ્ટિ, આત્મનિર્ભરતાનો સંકલ્પ અને વિશ્વ સાથે સ્પર્ધા કરવાની શક્તિનું પ્રતીક છે.

જામનગર જિલ્લો ઔદ્યોગિક દૃષ્ટિએ અનન્ય સ્થાન ધરાવે છે. બ્રાસ પાર્ટ ઉદ્યોગ હોય કે બાંધણી, રિફાઈનરી અને પેટ્રોકેમિકલ ક્ષેત્ર, બંદર આધારિત પ્રવૃત્તિઓ હોય કે પરંપરાગત કારીગરી જામનગરે હંમેશા વિકાસના નવા આયામો સ્થાપ્યા છે. અહીંના ઉદ્યોગ સાહસિકોની મહેનત અને કુશળતાએ જામનગરને 'બ્રાસ સિટી ઓફ ઈન્ડિયા' તરીકે ઓળખ અપાવી છે.

ઉદ્યોગકારો સંપતિના સર્જકો અને દેશની પ્રગતિના મુખ્ય વાહકો પૈકીના એક છે. લોકોને રોજગારી આપવાનું કામ ઉદ્યોગકારો કરે છે. જામનગરમાં ઓઇલ રિફાઇનરી, બાંધણી અને બ્રાસપાર્ટના ઉદ્યોગો થકી હજારો લોકો રોજગારી મેળવી રહ્યા છે. જામનગરના ઉદ્યોગકારોએ ટેકનોલોજી અપગ્રેડેશન અને માર્કેટ રિસર્ચ સાથે આધુનિક ટેકનોલોજીને વ્યવસાયમાં અપનાવી છે. ગુજરાતને વૈશ્વિક ફલક ઉપર ઓળખ અપાવવામાં વડા પ્રધાનશ્રી નત્રન્દ્રભાઈ મોદીનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે. શહેરમાં પ્રધાનોની ઉપસ્થિતિમાં વી.જી.આર.સી.ની શૃંખલા અન્વયે જામનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કુલ ૯ કંપનીઓ દ્વારા રૂ. ૫૭૧૬ કરોડની રકમના એમ.ઓ.યુ.કરવામા આવ્યા હતા, જેનાથી અંદાજિત બે હજારથી વધુ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળી શકશે.

# ગુજરાતમાં રવિ પાકમાં ઘઉં-ચણાનું સૌથી વધુ વાવેતર, ગત વર્ષ કરતાં વધ્યો વાવેતર વિસ્તાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: માવઠાના મારમાંથી બેઠા થઈને ધરતીપુત્રોએ રવિ પાકનું વાવેતર શરૂ કર્યું છે. આ વર્ષે ઘઉં, ચણાનું સૌથી વધુ વાવેતર થયું છે. ખેતીવાડી વિભાગે જાહેર કરેલા આંકડા અનુસાર, અત્યાર સુધીમાં ગુજરાતમાં રવિ સિઝનનું વાવેતર ૩૦,૬૦,૪૭૪ હેક્ટરમાં થઈ ગયું છે. ગત વર્ષે આ સમય દરમિયાન ૨૫.૩૮ લાખ હેક્ટરમાં જ વાવેતર થયું હતું. એટલે કે ગત વર્ષની તુલનાએ વધારે પાંચ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આમ તો રવિ સિઝનની વાવણીનો સમય પૂરો થવામાં છે. કારણ કે દિવાળી આસપાસથી ખેડૂતો રવિ વાવેતર શરૂ કરી દેતા હોય છે. પરિણામે આગામી એકાદ સપ્તાહમાં રવિ વાવેતરનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ અનુસાર ૪૬ લાખ હેક્ટરમાં રવિ પાક લેવાતો હોય છે. આ મુજબ અત્યાર સુધીના રવિ વાવેતરની ટકાવારી ૬૬.૪૩ સુધી પહોંચી ગઈ છે. ઘઉં, ચણા અને જીરું સિવાય ખેડૂતોએ પોતાના વિસ્તાર મુજબ પરંપરાગત પાકો વાવ્યા છે.

ઉત્તર ગુજરાતમાં રાઈ, મધ્ય ગુજરાતમાં મકાઈ, સૌરાષ્ટ્રમાં ધાણા અને દક્ષિણ ગુજરાતમાં શેરડીના પાકનું નોંધપાત્ર વાવેતર થયું છે. સૌરાષ્ટ્રમાં ૧૨,૯૪,૧૦૦ હેક્ટર, ઉત્તર ગુજરાતમાં ૯,૯૩,૫૦૦ હેક્ટર, મધ્ય ગુજરાતમાં ૪,૫૫,૫૦૦ હેક્ટર, દક્ષિણ ગુજરાતમાં ૧,૭૮,૫૦૦ હેક્ટરક તથા કચ્છમાં ૧,૩૮,૯૦૦ હેક્ટરમાં રવિ પાકનું વાવેતર થયું છે.

ઉલ્લેખનીય છે કે દિવાળી પર થયેલા માવઠાથી રાજ્યમાં ખેડૂતોના મોઢા સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો હતો. ગત વર્ષ કરતા હાલ રવિ પાકનું વાવેતર વધારે થયું છે ત્યારે ધરતીપુત્રો હવે કોઈ સંકટ ન આવે તેવી આશા રાખી રહ્યા છે.

# ગીર-સોમનાથના તાલાળામાં ફરી ધરા ધ્રૂજી, ઉપરા-ઉપરી બે આંચકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કચ્છની જેમ હવે સૌરાષ્ટ્રમાં પણ વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાળા પંથકમાં પણ ઘણીવાર ધરતી ધ્રૂજવાની ઘટના બને છે. શનિવારે ફરી તાલાળામાં ધરતી ધ્રૂજી હતી. શનિવારે બપોરે ૧૨.૩૫ કલાકે તાલાળામાં ઉપરાઉપરી બે આંચકા આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ આંચકાની ૩.૩ની તિવ્રતા નોંધાઇ હતી. જ્યારે ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી ૧૪ કિ.મી. દૂર નોંધાયું હતું. ગીર સોમનાથ પંથકમાં ઘણીવાર આ રીતે આંચકા નોંધાયા છે. અચાનક ધરતીમાં કંપન અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાયો છે. જોકે આંચકાથી કોઈ જાન માલની નુકસાની થઈ ન હોવાનું સૂત્રોએ જણાવાયું હતું.

દરમિયાન કચ્છમાં પણ આંચકો અનુભવાયો હતો. અમરેલી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં પણ ઘણીવાર ધરતી ધ્રુજવાની ઘટના નોંધાઈ હતી.

# સીઆઈએસએફમાં ભરતી માટે ખોટા પ્રમાણપત્રો: રાપરના આઠ પરપ્રાંતીય યુવકો વિરુદ્ધ ગુનો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છના સીમાવર્તી રાપર તાલુકાના શાનગઢના નોકરી વાંછુક યુવાનોએ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળમાં ભરતી થવા માટે તામિલનાડુના અરક્કોણમ સ્થિત સુરક્ષા કેમ્પસમાં ખોટા ડોમિસાઇલ પ્રમાણપત્ર રજૂ કર્યા હોવાનું તપાસમાં બહાર આવતા સીઆઇએસએફના કંપની કમાન્ડર રાકેશ પી.આર.એ થક્કોણમ પોલીસ મથકે ઝીરો નંબરથી ફરિયાદ નોંધાવ્યા બાદ રાપર પોલીસ મથકે આઠ યુવકો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

તામિલનાડુના અરક્કોણમ ખાતે આવેલા સીઆઇએસએફ સુરક્ષા કેમ્પસમાં કંપની કમાન્ડર તરીકે ફરજ બજાવતા રાકેશ પી.આર.એ, થક્કોણમ પોલીસ મથકે દાખલ કરાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, કચ્છ જિલ્લાના રાપર પંથકના શાનગઢના વતની બાબુલાલ ભંવરલાલ શર્મા, લક્ષ હરિસિંહ યાદવ,પ્રદિપકુમાર સુલતાનરામ વર્મા, પંકજ કૈલાશ ચાંદ સૈની, ઉત્તમસિંગ ઉમેદસિંગ રાજપુત અને ક્રિશ વેદપ્રકાશ યાદવ અને અન્ય બે યુવકોની આ પ્રમાણપત્રોના આધારે ૫૦મી બેચમાં કોન્સ્ટેબલ તરીકે પસંદગી થઇ હતી અને તેમને વેલ્લોર જિલ્લામાં આવેલા ટ્રેનિંગ સેન્ટરમાં તાલીમ મેળવવા માટે મોકલી દેવામાં આવ્યા હતા. નિયમ અનુસાર આ યુવકોએ રજૂ કરેલા ડોમિસાઇલ પ્રમાણપત્રોની ખરાઇ કચ્છ જિલ્લા મેજિસ્ટ્રેટ પાસે કરાવવામાં આવી હતી. અહીં તપાસ દરમ્યાન આ ડોમિસાઇલ સર્ટિફિકેટ મામલતદાર કચેરી દ્વારા જાહેર ન કરાયા હોવાનું બહાર આવતા નોકરી મેળવવા ખોટા પ્રમાણપત્ર રજૂ કર્યા હોઇ આઠ યુવકો વિરુદ્ધ તામિલનાડુમાં દાખલ કરવામાં આવેલી ઝીરો નબરની ફરિયાદના આધારે રાપર પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હોવાનું પી.આઈ જે.બી. બૂબડીયાએ જણાવ્યું હતું.

# તળાજામાં ચાર સિંહ વચ્ચે ઇનફાઈટમાં લંગડા અને ભૂરાની જીત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગર: જિલ્લાના તળાજા પંથકમાં સાવજ અને દીપડાની વધતી વસતી સાથે વિચરણ પણ વધવા લાગ્યું છે. ત્રાપજ ગામની એક વાડીમા પ્રથમ વખત ખેડૂતે દીપડાને પોતાની વાડીમાંથી પસાર થતો જોયો હતો. બીજી તરફ અહીં બે બેના જૂથ સાથે વિચરણ કરતા નર સિંહ વચ્ચે વિસ્તાર પર હક્ક જમાવવા માટે ખુંખાર જંગ ખેલાયો હતો. જેમાં લંગડા અને ભૂરાનો વિજય થયો હતો. જેમાં એક સિંહને વધુ ઇજાઓ હોવાનું માલૂમ પડતા ૩૬ કલાકની મહેનત રંગ લાવી હતી ને સિંહનું રેસ્ક્યુ કરીને સારવાર અર્થે લઇ જવામાં આવ્યો હતો.

તળાજા વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર રાજુ ઝીંઝુવાડિયાએ જણાવ્યું હતુ કે હાલ તળાજા વિસ્તારમાં મા બે સિંહણ, અને ચાર સિંહ વિચરણ કરે છે.બંને સિંહણ સાથે છે.તો બે બે સિંહ ની જોડી છે.એક જોડી ના સિંહ ને ભૂરો અને લંગડો તરીકે ઓળખવામાં આવે છે.બીજા બે ને પાઠડા તરીકે.નર સિંહ વચ્ચે વિસ્તાર અને સિંહણ પર હક્ક જમાવવાના મામલે લડાઈ થતી હોય છે.આ લડાઈ ખુંખાર હોય છે.ક્યારેક સિંહ નું મોતપણ થતું હોય છે. આ લડાઈનું હવે તળાજા પણ સાક્ષી બન્યું છે. ભૂરો અને લંગડા ની જોડી સાથે બંને પાઠડા ની લડાઈ થઈ હતી.જેમાં ભૂરા અને લંગડા ની જીત થઈ હતી.બે પૈકીનો એક પાઠડાને માથાના ભાગે ગંભીર ઇજાઓના વાવડના પગલે તેને શોધી ને સારવાર માટે લઈ જવો જરૂરી હતો. આથી ફોરેસ્ટ ટીમના મહિલા કર્મીઓએ સતત ૩૬ કલાક આ ઠંડીમા મહેનત કરીને સિંહને સખવદર નજીકથી શોધી પાંજરે પૂરીને સારવાર માટે લઈ જવામાં આવ્યો હતો.

# જામનગરના વેપારીને હની ટ્રેપમાં ફસાવનારી ટોળકીના સાતની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોશિયલ મીડિયા મારફતે લોકોને ફસાવી તેમની પાસેથી પૈસા ઉઘરાવતી એક ગેંગના સાત જણાને પોલીસે ઝડપી પાડ્યા હતા. આ ગેંગ હની ટ્રેપના માધ્યમથી શ્રીમંતોને ફસાવતી હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર આ ગેંગ અલગ પ્રકારની મોડ્સ ઓપરેન્ડી અપનાવી હતી. આ ગેંગ પૈસાદાર લોકો પર નજર રાખી તેમના મોટા શો રૂમ કે તેના નામ જાણી સોશિયલ મીડિયા દ્વારા વેપારીનો સંપર્ક કરતા. આ સંપર્ક એક મહિલા કરતી અને ધીમે ધીમે વેપારી સાથે મિત્રતા બાંધતી. એકાદ મહિનામાં તેને વિશ્વાસમાં લઈ તેને કોઈ જગ્યાએ મળવા બોલાવતી. આ મુલાકાત સમયે ત્યાં ગેંગના બીજા શખ્સો પણ હાજર રહેતા અને મહિલાની જાતીય સતામણીનો આરોપ મૂકવાની ધમકી આપી પૈસા પડાવતા હતા. જામકંડોરણાના એક સાડીના વેપારીને આ રીતે બોલાવી તેમની પાસેથી રૂ. ૫૦ લાખ માગવામાં આવ્યા હતા. છેક જામનગરની સીમમાં મહિલાને મળવા આવેલા વેપારીએ અંતે રૂ. ૬ લાખમાં ડીલ કરી હતી. જોકે તેમણે પોલીસ કેસ કરતા ઘટના બહાર આવી હતી અને પોલીસે સાત જણની ધરપકડ કરી હતી. આ સાથે પોલીસે જે લોકો પણ આ ગેંગનો ભોગ બન્યા હોય તેમને પોલીસ ફરિયાદ કરવા અનુરોધ પણ કર્યો હતો.

# માંડવીમાં ગેરકાયદે બેન્ટોનાઈટ ખનનનો પર્દાફાશ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: કચ્છમાં બેફામ બનતી જતી ખનિજ ચોરીની પ્રવૃત્તિ વચ્ચે બંદરીય માંડવી તાલુકાના વાંઢ ગામમાં પશ્ચિમ કચ્છ પોલીસની સ્થાનિક ગુનાશોધક શાખાએ ગેરકાયદે બેન્ટોનાઈટનું ખનન કરતા એક એસ્કેવેટર મશીન તથા ત્રણ ડમ્પર તેમજ બેન્ટોનાઈટ ખનિજના જથ્થા સહિત કુલ રૂ.૬૫,૧૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કરાયો હતો.

આ કાર્યવાહી અંગે એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ એચ.આર.જેઠીના જણાવ્યા મુજબ, વાંઢ ગામથી આશરાણી ગામ તરફ જતા માર્ગે પરના જખદાદા મંદિર નજીકની આશાપુરા માઈનિંગ કંપનીની લીઝ પાસેની જમીનમાં વિમલ પ્રતાપ વાંઝા નામના વ્યક્તિ દ્વારા ચાલતી ગેરકાયદે ખનન પ્રવૃત્તિ અંગે મળેલી પૂર્વબાતમીના આધારે અહીં દરોડો પાડવામાં આવ્યો હતો.

આ દરોડા દરમિયાન હાજર મળી આવેલા હરેશ બાબુલાલ સંઘાર, ગોવિંદ અરજણ સંઘાર, દિનેશ રામજી મહેશ્વરી, ભખર જુસબ મથડા અને કાનજી કરસન સંઘારે વિમલ વાંઝાના કહેવાથી ખનન કરાતું હોવાનું અને તેમની પાસે જરૂરી આધાર-પુરાવા ન હોવાનું જણાવ્યું હતું. એલસીબીએ અહીંથી એક એસ્કેવેટર મશીન તથા ત્રણ ડમ્પર તથા ૨૦ ટન બેન્ટોનાઈટનો જથ્થો મળી કુલ રૂ.૬૫,૧૬,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી, મુદ્દામાલ અને ઝડપાયેલા આરોપીઓને ગઢશીશા પોલીસને સોંપવામાં આવ્યા હતા.

# ૧.૦૫ અબજની ઓનલાઇન ઠગાઈ: ભુજના આરોપીને દસ દિવસના રિમાન્ડ

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજ: ભુજમાં ક્રિષ્ના ટ્રેડર્સ નામની બોગસ પેઢી ઊભી કરી, એ પેઢીના ખાનગી બૅન્કમાં રહેલાં ખાતામાં ભારતના જુદા-જુદા રાજ્યોમાં સાયબર ક્રિમિનલો દ્વારા ૪૦ જેટલી આચરવામાં આવેલી ઓનલાઇન ઠગાઈના રૂ. ૧.૦૫ અબજ રૂપિયાના રાષ્ટ્રીય સ્તરે ચર્ચાસ્પદ બનેલા મામલે પશ્ચિમ કચ્છના સાયબર સેલ દ્વારા ધરપકડ કરાયેલા ભુજના શુભમ હરિહર ડાભી નામના આરોપીના રિમાન્ડ મેળવવા નામદાર અદાલત સમક્ષ રજૂ કરાતાં ચીફ જ્યુડિશિયલ અદાલતે તેના ૧૦ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. રિમાન્ડ દરમિયાન આરોપી શુભમે કેટલા લોકોને છતર્યા છે, મ્યુલ બૅન્ક ખાતું ખોલાવવા માટે અપાયેલા આધાર-પુરાવાની તપાસ, ઠગાઈમાં મેળવેલા નાણાં કોને-કોને આપ્યા તેમની વિગત મેળવવા, આ ગુનામાં સંડોવાયેલા અન્ય આરોપીઓની ઓળખ મેળવવા તેમજ અન્ય કોઈ આવા ગુના આચર્યા છે તે તમામ વિગતો ઓકાવવા પોલીસ સઘન પૂછપરછ હાથ ધરશે. રિમાન્ડ માટેની કાનૂની કાર્યવાહી દરમિયાન હાથ ધરાયેલી સુનાવણીમાં સરકાર વતી સરકારી મદદનીશ વકીલ આર. આર. પ્રજાપતિ હાજર રહ્યા હતા.

# રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે લોકઅદાલત યોજાઈ, ૬૦ ટકા કેસમાં સમાધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે મેગા લોક અદાલત યોજાઈ હતી. જેમાં બેંક લેણા, ચેક રિટર્ન, મોટર અકસ્માત વળતર, ટ્રાફિક ઇ મેમો સહિતના ૩૭૦૦૦ કેસ જજ સમક્ષ મૂકવામાં આવ્યા હતા, જેમાંથી ૬૦ ટકા કેસમાં સમાધાન થયું હતું.

રાજકોટ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના એચ. વી. જોટાણીયાએ જણાવ્યું હતું કે, આજે રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળના નિર્દેશ મુજબ ગુજરાત કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે રાષ્ટ્રીય મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે ૩૭,૦૦૦ જેટલા કેસો મૂકવામાં આવ્યા હતા જેમાં બેંક લેણા, ચેક રિટર્ન, મોટર અકસ્માત વળતરના અને સિવિલ કેસો એમ જુદી જુદી કેટેગરીના કેસો આવ્યા હતા.

આજના કુલ કેસોમાંથી ૬૦ ટકામાં સમાધાન થયા છે. આજે મોટામાં મોટો મોટર અકસ્માત વળતરમાં ધોરાજીમાં રૂ.૧.૧૫ કરોડનું સમાધાન થયું છે.

આ ઉપરાંત રાજકોટ હેડ ક્વાર્ટરમાં રૂ. ૬૫ લાખ અને રૂ. ૫૩ લાખની રકમનું વીમા કંપની સાથે સમાધાન બાદ ચેક વિતરણ કરવામાં આવ્યું હતું.

# નખત્રાણામાં બંધ રહેણાક મકાનમાંથી ₹ ૧.૨૦ લાખના દાગીનાની ચોરી

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: કચ્છમાં તસ્કર ટોળકીનો ત્રાસ યથાવત રહેવા પામ્યો હોય તેમ નખત્રાણા ગામમાં એક બંધ રહેણાક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૧,૨૦,૦૦૦ની ચોરી તેમજ ભચાઉ તાલુકાના કુંભારિયાની સીમમાં આવેલા ફાર્મ હાઉસમાંથી રૂ. ૩.૦૯ લાખની કિંમતના ખાદ્ય તેલના ડબ્બાઓની તસ્કરીને અંજામ આપ્યો હતો.

ઘરફોડ અંગે નખત્રાણાની રામેશ્વર પ્રાથમિક શાળા પાસે રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા દશરથ વજુભાઈ ધરજિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું હતું કે, ગત તા. ૨૧-૯ના રાત્રિના અરસામાં મુખ્ય દરવાજાને ક્ષતિગ્રસ્ત કરીને અંદર ઘુસેલા અજ્ઞાત શખ્સોએ તેમના ઘરમાંથી સોનાનો હાર કિં.રૂ.૧,૦૦,૦૦૦, ચાંદીના પગપાના કિં. રૂ.૧૨,૦૦૦,ચાંદીના બંગડિયા કિં. રૂ.૪,૦૦૦.તથા ચાંદીનો ઝુડો કિં.રૂ. ૪,૦૦૦ મળી કુલ રૂ. ૧.૨૦ લાખનો મુદ્દામાલ તફડાવ્યો હતો.

બીજી તરફ, કુંભારિયા ગામના સીમાડે આવેલા શુભમ ફાર્મ હાઉસમાં ગત તા. ૭-૧૨ના રાત્રિથી સવારના છ વાગ્યા સુધીના અરસામાં બનેલા તસ્કરીના બનાવ અંગે ખેતી સાથે જોડાયેલા હિતેશ જમનાદાસ વોરાએ નોંધાવેલી ફરિયાદને ટાંકીને ભચાઉ પોલીસે જણાવ્યું હતું કે, ફાર્મહાઉસના ગોડાઉનના તાળા તોડીને અંદર પ્રવેશેલા ત્રણ અજાણ્યા તસ્કરો સીંગતેલના ૧૫ લિટરના ૧૦૩ જેટલા ડબ્બા ઉઠાવી ગયા હતા. બંને ચોરીની ઘટનાઓમાં અજ્ઞાત તસ્કરોનું પગેરું દબાવવા પોલીસે તજવીજ આદરી છે.

# ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા. ૧૬થી ૧૮ ડિસેમ્બર સુધી ચાર જિલ્લાના અભ્યાસ પ્રવાસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત વિધાનસભાની અંદાજ સમિતિ તા. ૧૬ થી ૧૮ ડિસેમ્બર-૨૦૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને ગીર-સોમનાથ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

આ સમિતિ અભયારણ્ય અને મરીન નેશનલ પાર્ક સહિતના વિવિધ સ્થળોની મુલાકાત લઈને સામાજિક વનીકરણ, વૃક્ષારોપણ, દરિયાઈ સૃષ્ટિના જતનસંવર્ધન, એશિયાટિક સિંહોના વ્યવસ્થાપન સહિતના મુદ્દાઓ પર સંબંધિત અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે.

આ ઉપરાંત સમિતિના સભ્યો સ્થાનિક નાગરિકો સાથે વિવિધ મુદ્દાઓ પર સંવાદ કરશે તેમ, ગુજરાત વિધાનસભા સચિવાલયની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યા અનુસાર આ સમિતિ સંભવિત તા. ૧૬ ડિસેમ્બર, મંગળવારના રોજ જામનગર ખાતે આવેલા વનતારાની મુલાકાત લેશે. બીજા દિવસે તા. ૧૭ ડિસેમ્બરના રોજ દેવભૂમિ દ્વારકા ખાતે આવેલા મરીન નેશનલ પાર્ક અને પોરબંદરના બરડા અભ્યારણની મુલાકાત લેશે. પ્રવાસના અંતિમ દિવસ એટલે કે તા. ૧૮ ડિસેમ્બરના રોજ આ અંદાજ સમિતિ સોમનાથ મંદિર અને સાસણ ગીરની મુલાકાત લેશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.